પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સર્વલક્ષી સામયિક

કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી

ધીરુ પરીખ




કચ્છ મ્યૂઝીઅમમાંની મહાવીર સ્વામીની પ્રતિમા



ભૂજની રાજબાની વાવમાંથી મળેલી જૈન પ્રાચીન તીર્થંકરની પ્રતિમા

સપ્ટેમ્બર ૨૦૦૩ વર્ષ છોતેરમું

અંક ક્રમાંક : ૯ સળંગ અંક [illegible]



ચિત્રકાર] આદમનો ન્યાય તોળતા પ્રભુ [વિલિયમ બ્લેઈક

લંડનની ટેટ ગૅલરિમાંનું ૧૭" X ૨૧" નું આ ચિત્ર ઘણાં વર્ષો સુધી 'ઈલાઈજા ઈન ધ ફાયરિ ચેરિઅટ' શીર્ષકથી જાણીતું હતું. પરંતુ ૧૯૬૫માં શોધાયું કે આ ચિત્ર પર પેન્સિલના ઝાંખા અક્ષરોમાં આ ચિત્રનો વિષય શો છે તે લખ્યું છે. તદનુસાર આ ચિત્રને નવું ઉપરોક્ત શીર્ષક અપાયું. ઈલાઈજાના પ્રાચીન વિષયવસ્તુને સ્વીકારીને બ્લેઈકે આ ચિત્રમાં પયગંબરના અગ્નિમય રથને પ્રભુ ઈસુના ઝાળ નીકળતા ન્યાયાસનમાં પરિવર્તિત કર્યુ છે. ચિત્રમાંનો પ્રભાવક અને પ્રમુખ રાતો રંગ વિષયની ભયાનકતાને નિર્દેશ કરે છે. પુરાણકથાનાં પાત્રોને બ્લેઈકે પોતાની સર્જનાત્મક કલ્પનાને બળે એ જીવંત હોય તેવાં નિરૂપ્યાં છે. પ્રભુના જમણા હાથમાંનો ન્યાયદંડ જાણે આદમના વીખરાયેલા વાળવાળા નતમસ્તકને સ્પર્શી રહયો છે અને પાપની સજાનો જાણે એ સ્વીકાર કરી રહયો છે. ડાબી બાજુ રથના ઘોડાનું મસ્તક અને જમણી બાજુ વળેલું આદમનું મસ્તક એક સંવાદી સંરચનાનું નિર્માણ કરે છે. આ ચિત્ર ઈ.૧૭૯૫માં તૈયાર થયું હતું.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૬મું | અંક ૯

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

સપ્ટેમ્બર, ૨૦૦૩ ○ ૭૬મું વર્ષ ○ અંક ૯

સાંકળિયું

'કુમાર' સળંગ અંક ૯૦૯

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

વાચકો લખે છે

'કુમાર' જુલાઈ ૨૦૦૩ મળ્યું. દરેક લેખમાં વાંચવા માટેની વિશિષ્ટતા હોય છે. જોડણી શુદ્ધ હોય છે. 'કુમાર'ના મુખપૃષ્ઠ પર નદીકિનારાનું વજ્રેશ્વરી નજીકનું ચિત્ર આકર્ષક અને નયનરમ્ય છે. આપણા દેશમાં મહાત્મા થઈ ગયા. તેમની શિખામણ લઈને તેમને ગુરુ માનીને, તેમના આદર્શોને સહારે, જીવન સિદ્ધ કરનાર વિનોદચંદ્ર શાહનો પરિચય વાંચવા મળ્યો. આજે નેતાઓ પોતાના સ્વાર્થને લીધે પોતાની પદવી લેતા હોય છે. આજે વિનોદચંદ્ર જેવા મહાનુભાવો મળવા મુશ્કેલ છે. આમ, 'કુમાર' એક વાચનીય સામાજિક સામયિક છે.

-ઘનશ્યામ એચ. ભરૂચા, પો. મગનબાગ, લોઅર પરેલ, મુંબઈ.

*

'કુમાર' અંક જુલાઈ ૨૦૦૩ પૂઠાં-૨ પર માનેના તૈલચિત્રના શીર્ષકનો ઉચ્ચાર 'કાફે' નહીં પરંતુ 'કૅફે' હોવો જોઈએ.

બીજું, ચિત્રના વર્ણનમાં 'કૉફી પીતું પાત્ર', 'કૉફીનો મગ' એવા શબ્દપ્રયોગ કર્યા છે; પરંતુ ફ્રેન્ચ કૅફે એટલે માત્ર કૉફી પીવાનું સ્થળ નહીં પણ રેસ્ટરાં અથવા બાર પણ ખરું. પારદર્શક મગ, તેનો આકાર અને કદ, અને પીણાંના રંગ જોતાં તે કૉફી કરતાં બિયરના મગ હોવાનું વિશેષ લાગે છે.

કૉફીનું મૂળ અરબી શબ્દ 'કાહવા' - જેમાંથી બીજા કેટલાક શબ્દો ઊતરી આવ્યા - તુર્કી કાહવેહ; ફારસી કહબહ; ફ્રેન્ચ કૅફે; અંગ્રેજી કેફટિરિઅ, કેફીન (કૉફી/ચામાં રહેલું સ્ફૂર્તિદાયક રાસાયણિક દ્રવ્ય); ગુજરાતી કેફ, કેફી અને કાવો! - *નીલેશ મોદી, ટી-૩, કલ્યાણી, નવજીવન, અમદાવાદ-૧૩.*

*

અમેરિકામાં પ્રથમ પંદર દિવસનો અનુભવ : અહીં સૌપ્રથમ ધ્યાન પર આવે તેવી ટ્રાફિક બાબતની સમજ અને ગજબનાક શિસ્તબદ્ધતા તથા ધીરજ. લાલબત્તી, મોટા પહોળા રોડ પર દરેક લેન માટે અલગ અલગ ત્રણ લેન : ૭૦ માઈલથી ઉપરના માટે સૌથી ફાસ્ટ, ૭૦થી ૪૫ માઈલ સુધી વાહન ચલાવવું હોય તો બીજી લેન અને તેથી ઓછી ઝડપથી ચલાવવા માટે ત્રીજી લેન. આમ આવતાં અને જતાં વાહનો માટે કુલ ૬ લેન. ટ્રાફિક સિગ્નલને અવગણીને કોઈ વાહન લીટીની આગળ જાય જ નહીં. અજાયબ જેવી વાત કે કોઈ વાહન હોર્ન વગાડતું નથી. કોઈ રસ્તા વચ્ચે ઊભા રહી વાતોએ વળગતું નથી કે અચાનક વાહન પાછું વાળતું નથી. પાછું વળવું હોય તો તે માટે ટ્રાફિક ક્રૉસિંગ સુધી જઈને કોઈ પણ એન્ટ્રી કે પૉઇન્ટમાં જઈ વાહન પાછું વાળી રીટર્ન લેનમાં આવી જવાય. પેટ્રોલપંપ ઉપર ઑટોમેટિક પંપથી જાતે પેટ્રોલ ભરી લેવાનું, જેનું મશિનમાં બિલ નીકળે તે અંદર જઈને કાર્ડથી કે રોકડે ચૂકવવાનું. દરેક પેટ્રોલ પંપ એક મોટી રેસ્ટોરન્ટ ધરાવે છે, જેમાં અત્યંત ચોખ્ખાં ટૉઈલેટ તથા ચા, નાસ્તો અને તાત્કાલિક કામમાં આવે તેવી ગ્રૉસરી ઉપલબ્ધ. |ચા કપ ૧ ડૉલર, કૉફી કપ ૧ ડૉલર, બિસ્કીટ પારલે-જી ૪૦ સેન્ટસ.|

'કુમાર' મને અહીંયાં મળી રહે તેવી સગવડ મેં કરી છે. અમેરિકાના ઘર, વૉટર સપ્લાઈ, હૉટલો, મોંઘવારી, વૃદ્ધો, જાડી વ્યક્તિઓ, અપંગો, સ્વચ્છતા, ટી.વી. પ્રોગ્રૅમ, લોકોની રહેણી-કરણી, લાઈબ્રેરી, પોસ્ટઑફિસ, સરકારી ઑફિસ વગેરે ઘણી બાબતો ધ્યાન ખેંચે છે.

-ઈર્વિન (અમેરિકા)

*

ધ્યાનસ્થ વિષ્ણુ અને દશાવતાર :

નૉર્ટન સિમોન મ્યૂઝીઅમ (પસાડેના, કૅલિફોર્નિયા)ના એશિયન આર્ટ સિરીઝના પ્રથમ ગ્રંથમાં શ્રી પ્રતાપાદિત્ય પાલે ધ્યાનસ્થ વિષ્ણુ અને દશાવતારની પ્રતિમાનું વર્ણન આપ્યું છે. જુલાઈ ૨૦૦૩ના 'કુમાર'માં આદરણીય પ્રિયબાળાબહેનનો લેખ વાંચ્યો. ગમ્યો. તેથી એશિયન આર્ટ ઉપરના ઉપરોક્ત સૂચિપત્રમાં આપેલ વર્ણન 'કુમાર'નાં વાચકોને માટે લખી મોકલું છું.

હોયસળ સ્થાપત્ય પરંપરા મુજબના આ શિલ્પમાં બંને બાજુના સ્તંભો મકરાકૃતિ સહિત છે. તે સ્તંભોને જોડતી કમાન સુનિયોજિત, ચક્રાકારે ઉપરની તરફ જતી કમળ-પાંખડીઓ તેમજ કીર્તિમુખ મુકુટથી શોભે છે. આ કમાન ઉપર ભગવાન વિષ્ણુના દશ અવતારો ડાબેથી ક્રમશઃ મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ અને વામન એક બાજુ, અને બીજી બાજુએ પરશુરામ, રામ અને બલરામ, બુદ્ધ અને અશ્વારૂઢ કલ્કી અંકિત છે. ઊલટ-સૂલટ કમળપાંખડીઓયુક્ત



ડમરુ આકારના આસન ઉપર ભગવાન વિષ્ણુ પદ્માસનમાં બેઠા છે. બે હાથ પદ્માસન પર, યોગમુદ્રામાં છે. બંને હાથમાં બે-બે કડાં છે. પગમાં તોડા, હાથની-પગની આંગળીઓમાં વીંટી અને વેઢ છે. તમામ અલંકારો ખૂબ સુંદર કારીગરીવાળાં છે. બીજા બે હાથમાં જમણે સુશોભિત કમળ અને ડાબે હાથે ચક્ર ધારણ કરેલ છે. સ્તંભ ઉપર એક બાજુ શંખ અને બીજી બાજુ ગદા અંકિત કરેલાં દેખાય છે. કમલાસનની બંને બાજુ બે કમળપુષ્પો કોતરેલાં છે. યોગાસન વિષ્ણુની પ્રતિમાઓ કર્ણાટકમાં અને ઉત્તર ભારતમાં ખજૂરાહોમાં જોવા મળે છે. મૂર્તિવિધાનની દૃષ્ટિએ તેમજ શિલ્પાકૃતિની અલંકૃત શૈલીની પ્રતિમા વિરલ છે. ધ્યાનસ્થ અવસ્થામાં વિષ્ણુની મુખાકૃતિ, ભરાવદાર કપોલ અને ઊપસેલાં નેત્રોવાળી, યોગશક્તિની દ્યોતક બની રહે છે.

- કિરીટ ભાવસાર, ૪૫૨, વચલી શેરી, રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.

*

શ્રી લલિત શાહ(સુરેન્દ્રનગર)એ જે ગણિતગમ્મત જણાવી છે તે ગમ્મત છે જ નહિ. બીજગણિતની રીતે આમ જ થાય.

(૧) કોઈ બે સંખ્યા લો a અને b.

(૨) બંનેનો સરવાળો કરો a + b.

(૩) બંને સંખ્યાની બાદબાકી પણ કરો a - b.

(૪) step (૨) અને (૩) નંબરમાંના જવાબોનો સરવાળો કરો.

$a + b + a - b = 2a$ આ રકમ બમણી થાય જ ને ?

હવે નાનીમોટી સંખ્યામાં માનો a મોટી છે અને b નાની છે.

$a + b + b - a = 2b$ $a + b - (a-b)$

એટલે કે bથી બમણા $= a + b - a + b$

$= 2b.$

- શાંતિકુમાર મોદી, શ્રી ગુજરાત (રોલર) ફ્લોર મિલ્સ, વેજલપુર, ગોધરા (૩૮૯૦૦૧)

*

'કુમાર' જુલાઈ ૨૦૦૩માંની બોધકથા સંદર્ભે થોડુંક. નાનપણથી એક કથા સાંભળતા આવ્યા છીએ. એક સંતે નદી પાર કરતાં તણાતા વીંછીને જોયો. હાથમાં લઈ ઉગારવો - વીંછીનો સંતને ડંખ દેવો, વીંછીનું પાણીમાં પડવું ને તણાવું - ફરીથી સંત વીંછીને હાથમાં લે. - ફરીથી ડંખ દેવો.... ટૂંકમાં, વીંછીનું ડંખ દેવાનું ન છોડવું ને સંતનું વીંછીને ઉગારવાનું ન છોડવું.

આ કથાને શું કહીશું ? જો આ બોધકથા હોય તો 'કુમાર' જુલાઈની કથા બોધકથા કઈ રીતે હોઈ શકે ? આવા પ્રશ્નો મનમાં ઊઠ્યા. 'ખેડૂત અને સાપ'નો શરૂઆતનો દયાળુ ખેડૂત પાછળથી સાપના ત્રણ ટુકડા કરે, તેને તરફડતા જુએ એ વખતે એનું દયાળુપણું ક્યાં ગયું ? મારું અંતર આ કથાને બોધકથા કહેવાની ના પાડે છે. દયા-પ્રેમ એ તો કેવળ આપવાની ચીજ છે એને આપ્યા પછી અંતરમાં અનુભવાતો આનંદ-સંતોષ જ વારંવાર દયા-પ્રેમ આપવા પ્રેરે છે. સામેથી શું મળવું જોઈએ - મળે છે - મળશેની દરકાર દયાળુજનો-પ્રેમીજનો કરતા નથી.

- જયંતીભાઈ નાયી, ૧૩, જલારામ સોસાયટી, મહાવીરનગર, હિંમતનગર ૩૮૦૦૦૧. જિ. સાબરકાંઠા

*

'કુમાર'ના મુખપૃષ્ઠ પર '૭'નો શુભઅંક ! મહિનો ૭મો, અંક ૭મો, વર્ષ ૭૬, સળંગ અંક ૯૦૭ નજરને કવાયત કરવા મળી. નિર્મિશ ઠાકરની 'થાળે પડેલી જિંદગી' કવિના વિશાળ વ્યાપની પ્રતીતિ કરાવે છે. વિનોદચંદ્ર શાહનાં સંસ્મરણોથી 'રાખમાં જલે અંગારા'ની અનુભૂતિ થઈ. ભૂતકાળને વાગોળવો એ જ મહાસુખ એવું લાગે છે. લઘુકથા, બોધકથા, કથાકણ, ધ્યાનકથા વગેરેની અલગ પુસ્તિકા ના બને ? 'કુમાર'ને ફરી શુભેચ્છા. *- દિલીપ આર. શાહ, એમ-૫, ૨/૧૨, શાસ્ત્રીનગર - ૩૮૦૦૬૩, અમદાવાદ.*

*

મે-૦૩ના 'કુમાર'માં મારા વિશેનો લેખ આપે પ્રકાશિત કર્યો છે. આનંદ સાથે આભારની લાગણી વ્યકત કરું છું. 'કુમાર' જોયું. નવો લે-આઉટ, ચારરંગી મુખપૃષ્ઠ વધુ આકર્ષક લાગ્યું. બધા જ વિભાગો - એની વાચનસામગ્રી, ગુણવત્તા, સચિત્ર લેખો અને ખાસ તો છાપકામ + કાગળની ગુણવત્તા - ઘણી શ્રેષ્ઠતાઓ ખાસ ધ્યાન ખેંચે છે. 'ખોફ' વાર્તા જય ગજ્જરની, પ્રવીણ પંડ્યાનું એકાંકી, કલાસ્મૃતિ, ઍન ફ્રેન્કની રોજનીશી, મુક્તા ડગલીનો પરિચય વિશેષ ગમ્યો. *- પ્રજ્ઞા પટેલ, આત્મન્, ૧૯૮૭/૧, સેક્ટર - ૨ડી, ગાંધીનગર.*

*

'કુમાર' સળંગ અંક ૯૦૬ જૂન - ૨૦૦૩ ફિલ્માકાશ-૨૯માં 'ગુંજ ઊઠી શહનાઈ' વી, શાંતારામની ફિલ્મ નહોતી. (કદાચ વિજય ભટ્ટની હોઈ શકે.) *- ડી.જી.ઠક્કર, એ-૨૪, જલારામ આશીષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વે.) મુંબઈ - ૪૦૦૦૮૦.*

*

'કુમાર' સળંગ અંક ૯૦૬ જૂન - ૨૦૦૩ ફિલ્માકાશમાં 'ગુંજ ઊઠી શહનાઈ'એ ફિલ્મ વી. શાંતારામની નહોતી. વિજય ભટ્ટની હતી. *- પ્રશાંત ડી., માયા ચાલ, બાલ રાજેશ્વર રોડ, મુલુન્ડ (વે.) મુંબઈ- ૪૦૦૦૮૦.*

સંકલ્પ-વિકલ્પરહિત અજપા

રાધેશ્યામ શર્મા

ધર્મસમ્પ્રદાયમાં અને એમાંય હિન્દુ ધર્મમાં પ્રતિષ્ઠિત થયેલી વિધિરીતિઓના સંબંધમાં આ અજપા શબ્દ યોજાય છે. 'અજપા જાપ' એવો શબ્દપ્રયોગ સૌકોઈએ મોટે ભાગે સાંભળ્યો હશે, હિન્દુઓમાં જ રામનામ કે ગાયત્રી મંત્રનો મહિમા હોય છે એમ નહિ, બૌદ્ધધર્મની એક શાખામાં પણ અમિતાભ બુદ્ધનો જપ તરીકે ઉલ્લેખ આવે છે.

નામરૂપવિહોણા તત્ત્વને આકાર અને નામ આપવાની પ્રક્રિયા ભકિતવશ કે ભીતિવશ થઈ વ્યક્તિ-સમુદાયે ચલાવી છે. ઈષ્ટદેવને લક્ષ્ય કરતા ઈષ્ટ મંત્રો પ્રત્યેક ધર્મનું આગવું અને અનોખું સર્જન છે. ભકતો અને ભાવિકો નામજપની અંદર અલૌકિક આધાર, આશ્રય અને આશ્વાસન મેળવતા હોય છે.

નામજાપ કરનાર, જપ કરતાં કરતાં એવી દશાએ પહોંચે છે જ્યાં અવકાશમાં જપ કે મંત્ર ખોવાઈ જાય છે, ઉચ્ચારણ અટકી પડે છે, જે ઈષ્ટનું નામસ્મરણ ચાલતું હોય એનું રૂપચિત્ત કે વિચાર સ્થગિત થઈ સરી પડે છે અને ભાવિક ઉપાસક અજપા જાપની પરમ સહજ નિર્બીજ ધ્યાનસ્થ અવસ્થામાં પ્રવેશી જાય છે.

ચિત્તમાં ચલચિત્રની જેમં અવિરત ચાલ્યા કરતી બહુવિધ બહુરંગી રૂપછબીઓ તેમજ વિચારતરંગો સર્વથા શમી જાય ત્યારે જપ બાહ્ય દૃષ્ટિએ ચાલુ હોય કે તદ્દન બંધ હોય એ સાધક અજપા જાપની સ્થિતિમાં ઉપસ્થિત છે એમ કહી શકાય. આમ, અજપાની મનોદશા એક એવી વિશિષ્ટ માનસિક અવસ્થા છે જેની અંદર અનુભવનાર ભાવક અને અનુભવ એ અલગ અલગ ન રહેતાં અભિન્નપણે અભેદ થઈ વિલસે છે. સ્થૂલ દૃષ્ટિને 'ધાર્મિક' ના લાગે એવી અન્ય કાર્યક્ષેત્રની વ્યક્તિઓને પણ કોઈક અગમ્ય અકળ રીતે આવી નિર્વિચાર અવસ્થા સુલભ થાય છે, જેને પરંપરાગત ધાર્મિકો પ્રભુપ્રસાદ કે ઈષ્ટકૃપા કહે છે.

જપાનના કેનિન દેવાલયમાં રહેતા આચાર્ય મોકુરાઈએ એક અત્યંત કૃપાકાંક્ષી તરવરિયા તરુણ ટોયોને કહ્યું કે બે હાથની તાળીનો અવાજ તો તું સાંભળી શકે, પરંતુ એક હાથથી વાગતી તાળીનો અવાજ મને સંભળાવી શકે ?

શિષ્ય તો નમન પાઠવી ઊપડ્યો અને બીજા દિવસે હરખભેર પાછો આવ્યો. ગુરુએ કહ્યું,'સંભળાવ' અને શિષ્યે ગઈ કાલે જ સાંભળેલું ગૅઇશા ગાનારીનું સંગીત એક હાથ વડે વાદ્ય પર વગાડ્યું. મોં મચકોડી ગુરુએ અસંમતિ પ્રકટ કરીઃ 'આ નહિ ચાલે. એક હાથથી વાગતો અવાજ આ નથી.' શિષ્ય પાછો બીજી વાર આવ્યો ત્યારે પાણીભરેલી ઝારીમાંથી જળની ધાર ટપકાવતો કહે : 'આ બરાબર ?' ગુરુએ ચોખ્ખી ના સુણાવી દીધી.

> 'આ નહિ ચાલે, એક હાથથી વાગતો અવાજ આ નથી'!

પછી તો પવનના, ઘુવડના એવા પાંચ દસ પ્રકારના ધ્વનિઓ ગુરુજીને સુણાવ્યા પણ સફળ ના થયો. આમ ને આમ, એક વર્ષ શુદ્ધ અને સત્ય અવાજની ખોજમાં શિષ્ય મચ્યો રહ્યો. આખરે વિચારના માર્ગે કશું જ હાથ ના લાગતાં એ નિર્વિચારની, અનહદની હદે પહોંચી ગયો ને ગુરુ સમક્ષ બોલ્યો : 'હવે સંઘરેલું બધું જ સરી ગયું છે.'

વિચારવાને કશું બાકી બચ્યું નથી, અને ત્યારે ગુરુએ વાત્સલ્યથી કહ્યું કે એક હાથના ધ્વનિને હવે તું પામી ચૂક્યો છે !

સંકલ્પ-વિકલ્પરહિત આ અજપા ધ્યાનાવસ્થાની પ્રાપ્તિ એ જ મોટો આજનો ચમત્કાર ગણાય. □

અષાઢી હેલીમાં વન અને મારું મન/*ઉશનસ્*

(શિખરિણી • સૉનેટદ્વય)

૧. વિદ્યુતને ઝબકારે

અષાઢી હેલીમાં ગહન રજનીના તિમિરમાં
સુદૂરે બેઠો હું નગરઘર, ચ્હેરો વન તણો,
મથું છું જોવાને, કશું ન કવું હું; કેવળ સ્વનો !
સ્વનો જે લ્હેરાતા સ્ખલત તમરાના, સમીરમાં;

પડ્યા અંધારાના સઘન વચમાં પ્હાડ નિરખું :
પહાડો પોતે યે તિમિરજળના લોઢ સ્થગિત,
પડ્યા પોચા, કોચી પણ હું શકું સોયેથી નિશિત ;
શ્રુતિની આંખોથી અટકળબળે અગ્ર સરકું ;

ખૂંચે અંધારાના દગડ ઊખડ્યા પાયતળિયે ;
ખરી વેળાએ ત્યાં ઠીક જ થયું કે વીજળી થઈ,
ઝગી દાદૂરોની દગડદગમાં, કાંચળી મહીં,
વિસર્પી, હેલીના તગતગી ઊઠી વારિ સળિયે !

ભલું થાજો એનું : દીઠું વીજળીદોરે વન વીંધ્યું,
પરોવી મેં સાથે વીજથી મનમોતી પણ લીધું !

૨. તિમિર રગડામાં

વનો મૂળે થોડાં રવિકરહીણાં શ્યામ વરણાં
અને તેમાં પાછી ઋતુ પણ અષાઢી ઘનતણી,
વધારામાં રાત્રિ તિમિર; મુખ રેખા વન તણી
કળાયે ના ; કર્ણે કળું છું ઝરણાં માત્ર સ્વરનાં;

અહો, વર્ષે મેઘો મૂસળ સમ ધારે ઉપરથી !
વળી વર્ષે ગાઢાં નભથી અનરાધાર તિમિરો ;
દિસે સંધુ ડુબાડૂબ, તરુ તણાં મગ્ન શિખરો ;
બધું એકાકારે : વન-મનની રેખા જુદી નથી !

પૂરે અંધારાનાં ; નદીપટ છલોછલ્લ તમસે !
ચઢ્યા છે પ્હાડોને તિમિરથર જાડા મહીષ શા,
દિસે જે આળોટ્યા તમસરગડે કાદવફસ્યા ;
જશે ચોમાસુ તો; પણ શું ગિરિના પંકનું થશે ?

ખડા પ્હાડો ધૈર્યે, કરદમથરો જેવી જ ઘન
ચુમાસુ ધારા ક્ષાલત, ઝીલી રહી ભાદ્રલગણ.

ગોપી/*કનુભાઈ જાની*

હરિએ હરી
અધર પર ઠરી
વાંસની વીંધ
શ્વાસ-નિર્ઝરી
ગોપી એ
આનંદે ઊભરી !

નાદમાં ન્હાય
વાંસમાં વા'ય
કૃષ્ણકર સ્હાય
અંગુલિએ કેવી
ફરફરી !
ગોપી એ
આનંદે ઊભરી !

મટૂકી-માંય
દધિ છલકાય
વેચવા જાય
મટૂકી ભરી
લગી કાંકરી

ફૂટી ગાગરી
ગોપી તો
ગોરસ-ગોરસ-પરી !
ગોપી એ
આનંદે ઊભરી !

દૂર કૈં
મટુકીફોડણહાર
હસીહસી કરતો
વેણુવિહાર
હવામાં બહાર
કણેકણ
નાદનાદની ધાર
મહીં એ
ગોપી એકાકાર !
હવે, લો !
ગોપી થૈ બંસરી !
ગોપી એ
આનંદી બંસરી !

સંકેલાય છે/*નીતિન વડગામા*

(ગઝલ)

શ્વાસનાં વસ્ત્રોય સંકેલાય છે.
મર્મ જીવનનો પછી સમજાય છે.

આપણા સૌના પ્રયત્નો છે અહીં,
પણ પવનની પાળ ક્યાં બંધાય છે ?

પ્રશ્ન યુગોથી નિરુત્તર છે હજી,
કોણ છે એ ક્યાં જઈ સંતાય છે ?

એ ય સાચું, એ જ પાછું ચોતરફ
ટોચથી તળિયા લગી પરખાય છે !

કેદ દૃષ્ટિમાં ભલેને ના થતું,
રોમરોમે એ જ તો રેલાય છે !

કલમ બ્હાવરી થઈ/*ધીરુ પરીખ*

કવનમંદિરે પ્રભુ પધાર્યા
કલમ બ્હાવરી થઈ,
બધું ય, લખવું ભૂલી સામટું
'હરિ હરિ' લખતી ગઈ.

મીરાંને જેમ નટવર નાગર,
મૂર્તિમાં જ સમાણી;
એમ કલમને શાહી-સાગર
'હરિ'ની શબ્દ-કમાણી.
હવે જાત પરખઈ,
કલમ બ્હાવરી થઈ.

કર્યું-કારવ્યું કલમ ઉખેળે
વર્ષ-વર્ષની વહી,
ઉધાર પાસે કાવ્ય કેટલાં
જેમાં 'હરિ'-પદ નહીં !
લો, હરિ-હૂંડી ખતવઈ,
કલમ બ્હાવરી થઈ.

કોક/*રામચન્દ્ર પટેલ*

(વસંતમૃદંગ - સૉનેટ)

ને ચાલચાલ કરી.... આમ હું ગામ આવી
ઊભો : પડ્યું હતું બધું ચૂપ તૂટ્યુંફૂટ્યું -
કૈં કેટલુંક લઈ ટૂંટિયું ઊંઘરેટું
ઘોરે : કશું જ સમજાતું રફેદફે થયું
શા કાજ ? હું ઘડીક સ્તબ્ધ બની જ બેઠો.

મોભાર ઢાળ નળિયાં ઘર ભીંતભીંતડાં
બારી છજાં જમીન સાથ ઢળ્યાં : વળીયો
તે દંત દંત ઢગલા : ફળિયાં, મહોલ્લા
ઊપેઈ ખાર ચગળે, ધૂળ ધૂળ રસ્તા
ફાટે : ખરે ઘુવડઘૂક ક્યહીંક ઊંડે...
- અંધાર ગોથમડું ખાઈ પડે નજીક
ત્યાં ચન્દ્ર (પૂર્વ દિશની હળવાશ) ઊગ્યો.

આવી રહ્યું પકડી ફાનસ કોક લાગ્યું
શું ગામનું રૂપ કઢંગું ફટાક ભાગ્યું...?

'ક્યારેય નિવૃત્ત થયો નથી!' તેવો જીવનમંત્ર અપનાવી સદાય કર્મરત રહેનાર



વસંતભાઈ મહેતા

જયન્ત પંડ્યા


મથાળે આપેલી ઉક્તિ છે વસંતભાઈ મહેતાની. આજે ૮૯ વર્ષની ઉંમરે પોતાને નિવૃત્ત ન માનનારા વસંતભાઈનું પ્રાથમિક શિક્ષણ રાજકોટમાં થયેલું, એજન્સીની તાલુકા સ્કૂલમાં. આગળનો અભ્યાસ આૅલ્ફ્રેડ હાઇ સ્કૂલમાં. આ સ્કૂલમાં ગાંધીજી ભણેલા ત્યારે વસંતભાઈના પિતા ગાંધીજી સાથે એક જ વર્ગમાં ભણતા. મૅટ્રિકની પરીક્ષામાં કાઠિયાવાડ કેન્દ્રમાં એમનો નંબર બીજો, પરંતુ ઇંગ્લિશમાં એ સૌથી મોખરે. આને કારણે તેમને હર્બટ લેટૂસ સ્કૉલરશિપ મળેલી. મૅટ્રિક પછીનું પહેલું વર્ષ તે જમાનામાં પ્રીવિઅસ કહેવાતું. પ્રીવિઅસનો અભ્યાસ વસંતભાઈએ જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં કર્યો. તે પછી એમને વિજ્ઞાનના વિષયો લેવા હતા એટલે અમદાવાદની ગુજરાત કૉલેજમાં પ્રવેશ મેળવી મુખ્ય વિષય ગણિત અને ગૌણ વિષય વિજ્ઞાન રાખી બી.એસસી.ની ડિગ્રી મેળવી. પરંતુ એ પરીક્ષા પૂર્વે આંખમાં ઊભી થયેલી તકલીફને કારણે તેમને ઑપરેશન કરાવવું પડ્યું. ગણિત જેવો વિષય મુખ્ય હતો એમાં કોઈ વાંચે અને પોતે સાંભળે તેનાથી કંઈ દળદર ફિટે નહીં. આ સ્થિતિમાં પ્રથમ વર્ગ ન આવે તો ભણ્યું પણ નકામું. એટલે એ વર્ષમાં ડ્રૉપ લઈ બીજે વર્ષે પરીક્ષા આપવાનું વસંતભાઈએ મનોમન નક્કી કર્યું, પણ મહીકાંઠા એજન્સીમાં થાણેદાર તરીકે કામ કરતા એમના મોટાભાઈએ ડ્રૉપ ન લેવાની સલાહ આપી. તે વખતે મુખ્ય વિષય ગણિતમાં આઠ પેપર હતાં, વસંતભાઈ એમાંથી ચાર પેપરમાં બેઠા. એમની ધારણા એવી હતી કે બાકીનાં ચાર પેપરમાં એ નાપાસ થશે તો આપોઆપ બીજું વર્ષ મળશે. પણ નસીબ બે ડગલાં આગળ ચાલતું તેને પરિણામે નાપાસ થવાનું દૂર રહ્યું અને પાસ-ક્લાસ આવી મળ્યો ! એણે તો ઊલટાંની મૂંઝવણ વધારી મૂકી કે પાસ ક્લાસમાં બી.એસસી. થઈને કરું શું ? ફરી મોટાભાઈ વહારે ધાયા અને એલએલ.બી. કરવાની સલાહ આપી. ઉમેર્યું પણ ખરું કે વકીલાત સારી પડશે. એ સલાહ માથે ચઢાવીને વસંતભાઈએ અમદાવાદની એલ.એ.શાહ લૉ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. પાછળથી ગુજરાતના મુખ્ય ન્યાયમૂર્તિ બનેલા જસ્ટિસ મિયાંભાઈ અને જાણીતા ઍડવોકેટ નવીનચંદ્ર દેસાઈ તે સમયે પ્રોફેસરો હતા. વસંતભાઈ જ્યુરિસ્પ્રુડન્સમાં, આખી કૉલેજમાં પ્રથમ આવ્યા.

હવે યક્ષપ્રશ્ન એ થયો કે વકીલાત કરવી ક્યાં ? તેમના પિતાશ્રી રતિલાલ ઘેલાભાઈ મહેતા રાજકોટ રાજ્યના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરપદેથી નિવૃત્ત થયા પછી રાજકોટમાં રહેતા હતા. એમના ઘરની સામે હતું બૅરિસ્ટર પોપટલાલ ચુડગરનું મકાન. એમણે વસંતભાઈને પ્રૅક્ટિસ માટે તેમની સાથે જોડાવાનું કહ્યું. બાજુમાં ઢેબરભાઈ પ્રૅક્ટિસ કરતા હતા અને સામેના મકાનમાં જનાર્દન બક્ષી, જે પછીથી હાઇકોર્ટ જજ થયા હતા. એ ત્રણેમાંથી જેની સાથે રહીને વકીલાત કરવી હોય તો તેમ કરવાની છૂટ હતી. પરંતુ બૅરિસ્ટર ચુડગરના કહેણને કારણે તેમની સાથે રહીને વકીલાત શરૂ કરી. એવામાં, મહીકાંઠા ઍજન્સીમાં કામ કરતા મોટાભાઈએ સૂચવ્યું કે એ ઍજન્સીના ક્ષેત્રમાં વકીલાત માટે સારો અવકાશ છે. સાદરા એ વખતે મહીકાંઠા ઍજન્સીનું વડું મથક હતું. પોલિટિકલ ઍજન્ટની કોર્ટ, ડિસ્ટ્રિક્ટ પોલિટિકલ ઍજન્ટની કોર્ટ સાદરામાં હતી. જૂડિશલ કમિશનર અને સેશન્સ કોર્ટની બેઠક ત્યાં થતી. સાદરાથી નજીકનું સ્થળ ડભોડા. ડભોડામાં કોઈ લાયકાત ધરાવનાર વકીલ ન હતા. ડભોડા બાવીસ થાણાનું હેડક્વૉર્ટર હતું અને ત્યાં થાણેદારની કોર્ટ હતી. એટલે ડભોડામાં વકીલાત શરૂ કરાય તો સારી તક છે એવી સલાહ મળી, કેમ કે એમ કરવાથી ડભોડા, ઉપરાંત સાદરાના કેસો મળે અને રાજકોટમાં જૂડિશલ કમિશનરની કોર્ટમાં પણ જઈ શકાય. તેથી વસંતભાઈએ વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેઇટ્સ ઍજન્સીની સનદ મેળવી અને ડભોડામાં કામગીરી શરૂ કરી. આ વેસ્ટર્ન ઇન્ડિયાનાં રાજ્યોમાં કાઠિયાવાડ, સાબરકાંઠા ઍજન્સી અને પાલનપુરનો સમાવેશ થતો હતો. આ ત્રણે વિસ્તારોમાં વસંતભાઈ જઈ શકતા.

ઍજન્સીમાં સિવિલ અને ફોજદારી કેસોની ન્યાયિક હકૂમત મોટાં રજવાડાંને હસ્તક હતી; પરંતુ નાનાં રજવાડાંમાં કોર્ટ હતી નહીં તેથી નાનાં રજવાડાંના કેસો થાણેદારની કોર્ટમાં

આવે. તેની ઉપર અપીલ કરવી હોય તો ડેપ્યુટિ પોલિટિકલ ઍજન્ટની કોર્ટમાં જવું પડે. દીવાની દાવા હોય તો સિવિલ ડેપ્યુટિ પોલિટિકલ ઍજન્ટ પાસે જાય અને ફોજદારી દાવા હોય તો ડિસ્ટ્રિક્ટ ઍન્ડ સેશન્સ જજની કોર્ટમાં જતા. પોલિટિકલ દાવાઓ જેવા કે રજવાડાં વચ્ચે સરહદનો વિવાદ, સરહદી વિસ્તારની અન્ય તકરારો, જિવાઈનો પ્રશ્ન જેવી બાબતોમાં વકીલાત માટે ઠીક ઠીક અવકાશ હોવાને કારણે રાજકોટમાં સારા સારા બૅરિસ્ટરો હતા.

થાણેદારની કોર્ટમાં દીવાની અને ફર્સ્ટ ક્લાસ મૅજિસ્ટ્રેટ તરીકે ફોજદારી એમ બે પ્રકારના દાવા ચાલતા. વસંતભાઈને શરૂઆતના બેત્રણ મહિના મુશ્કેલી પડી, પરંતુ તે પછી સારા સારા દાવા મળવા લાગ્યા. આમ, ૧૯૩૮ થી ૧૯૪૫ સુધી વસંતભાઈએ ડભોડામાં વકીલાત કરી. ઍજન્સીના વહીવટમાં વકીલાતની દૃષ્ટિએ એમને સંતોષ થયો. ડભોડામાં ગ્રામજીવનનો અનુભવ મળ્યો. એકમાત્ર લાયકાત ધરાવનાર વકીલ તરીકે પ્રતિષ્ઠા મળી. રબારીઓમાં શિક્ષણની વ્યવસ્થા થાય તે માટે તેમણે સ્થાનિક કાર્યકરોનો સાથ લઈ કૃષિ-ગોપાલક વિદ્યાલય શરૂ કર્યું. વળી, ઠાકરડા તરીકે ઓળખાતી જાતિમાં દારૂનું વ્યસન અને કુરિવાજોનું ચલણ હતું. તેમનામાંથી ભાવનાશીલ યુવાનોનો સાથ લઈ ઠાકોરમંડળ શરૂ કર્યું અને તેનું પ્રમુખપદ સંભાળ્યું. ૧૯૩૭માં મુંબઈ રાજ્યમાં નવું પ્રધાનમંડળ આવ્યું તેના નશાબંધીના કાર્યક્રમનો અમલ કરવા 'નશાબંધી' મંડળ સ્થાપ્યું. આ નશાબંધી મંડળના ઉપક્રમે ઠાકોરભાઈઓએ દારૂના પીઠા સામે ચળવળ કરી અને પોલિટ્િકલ ઍજન્ટ પાસે તે બંધ કરાવ્યું. વકીલાત ઉપરાંત જાહેરજીવનનો અનુભવ વસંતભાઈને ડભોડામાં મળ્યો. તેને કારણે તે વખતના ડૉ. હરિપ્રસાદ દેસાઈ, પરીક્ષિતલાલ મજમુદાર તથા મોરારજીભાઈ દેસાઈ જેવા આગેવાનો સાથે પરિચય થયો. એક વાર મોરારજીભાઈ ડભોડા આવ્યા ત્યારે વસંતભાઈએ રબારી કાર્યકરોની સભા ગોઠવી અને ચા-પાણી માટે મોરારજીભાઈને બોલાવ્યા. મોરારજીભાઈ ગાયનું દૂધ પીતા એટલે તેમને ગાયનું દૂધ આપ્યું. તે વેળા એમણે કહેલું કે, 'કોઈક વાર લોકો મને છેતરે છે. ગાયનું દૂધ કહીને ભેંસનું દૂધ આપે છે પણ અહીં તમે બધા ગોપાલકો છો એટલે મને ખાતરી છે કે ગાયનું દૂધ જ મળશે.' એ સભામાં, રબારીસમાજમાં સારું કામ કરતા રામજીભાઈ નામના એક કાર્યકર આવેલા. રામજીભાઈ હેડ કૉન્સ્ટેબલ હતા. મોરારજીભાઈ જેવા કોંગ્રેસના નેતા સાથેની બેઠકમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરે તેમની વિરુદ્ધ લખાણ કરી તેમની બઢતી અટકાવી. ૧૯૪૮માં જ્યારે મોરારજીભાઈ પ્રધાનમંડળમાં આવ્યા ત્યારે વસંતભાઈએ તેમને પત્ર લખી રામજીભાઈની અટકેલી બઢતી તરફ ધ્યાન



ભાવનગરના કલેક્ટર હતા ત્યારે વડાપ્રધાન જવાહરલાલ નેહરુની સાથે

દોરી તેમને ન્યાય આપવા વિનંતી કરી. મોરારજીભાઈએ બઢતીની રુકાવટ દૂર કરી આપી.

સાતેક વર્ષની વકીલાત પછી, ૧૯૪૫માં વસંતભાઈએ વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય છોડી ઉદ્યોગક્ષેત્રે જવાનું પસંદ કર્યું. એનું મુખ્ય કારણ ૧૯૪૩થી બ્રિટિશ સરકારની નીતિમાં ફેરફાર તથા ઍજન્સીના વહીવટમાં આવેલો બદલાવ હતો. જે બદલાવ આવ્યો તેમાં નાનાં રજવાડાંને મોટાં સાથે ભેળવવાની યોજના હતી. એ યોજના અનુસાર વસંતભાઈના વકીલાતના ક્ષેત્રને બરોડા સ્ટેટ સાથે જોડવામાં આવ્યું. ઍજન્સીનો વહીવટ ઊઠીને વડોદરાને હસ્તક ગયો. આ સ્થિતિમાં વસંતભાઈને વડોદરા રાજ્યની સનદ લઈને વડોદરા રાજ્યમાં વકીલાત કરવી પડે અને ડભોડા છોડી મહેસાણા જવું પડે. આ એમને રુચ્યું નહીં. જોગનુજોગ, તે સમયે વાડીલાલ લલ્લુભાઈ મહેતા જે રોહિત મિલના ઍજન્ટ હતા તેમણે સી.ડૉક્ટરની કંપની શરૂ કરી તેમાંથી રોહિત મિલ ઊભી કરેલી. વાડીભાઈ કલોલમાં નવી મિલ શરૂ કરવા માગતા હતા કેમ કે કલોલ વડોદરા રાજ્યમાં હતું તે કારણે ઈન્કમ ટૅક્સના થોડા લાભ મળે. વાડીભાઈ એમના પિતા સાથે વસંતભાઈના ઘેર રહી ચૂકેલા. એ સંબંધને કારણે એમણે વસંતભાઈને સીધા સેક્રેટરી તરીકે લીધા, મૅનેજરની તાલીમ આપી અને આખી મિલનો વહીવટ સોંપ્યો.

૧૯૪૫થી ૧૯૪૮ સુધી વસંતભાઈએ રોહિત મિલમાં કામ કર્યું. નવી મિલનો વહીવટ એમને સોંપાયો હતો એટલે જમીન ખરીદવી, મશિનરી વસાવવી એ બધાં કામો નવેસરથી કરવાનાં હોવાથી સવારના દિલ્હી મેલમાં કલોલની આવ-જા રહેતી. સાથે સાથે નવી મિલનો વહીવટ કેમ ચલાવવો તેની જાણકારી પણ જરૂરી હતી. એનું જ્ઞાન અને અનુભવ રોહિત મિલમાં જનરલ મૅનેજરની ફરજ બજાવતા, મોરારજી દેસાઈના ભાઈ અંબુભાઈ દેસાઈ પાસેથી મળ્યાં. ઉદ્યોગ સાથેના સંબંધ દરમિયાન



તે સમયના ઉદ્યોગપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી સાથે

બે સારા અનુભવ થયા. વિશ્વ-વિગ્રહના એ સમયે અંકુશો ઘણા હતા. મિલ માટે રૂ ખરીદવું હોય તેમાં ટેકસ્ટાઈલ કમિશનરની પરવાનગી લેવી પડે અને કેટલી ગાંસડીઓનો જથ્થો આપવો એ કમિશનર નક્કી કરે. સમયસર ગાંસડીઓ ન છૂટી થાય તો કામ અટકી પડે. હવે એ જમાનામાં રોહિત મિલની બાંધણી વખણાતી. બાંધણી માટે મોટા તારનું રૂ જોઈએ. એમાં કમિશનર મર્યાદિત જથ્થો આપે અને જથ્થો ખલાસ થવા આવે એટલે ફરી માગણી કરવાની. જથ્થો પૂરો થવા આવ્યો હોવાને કારણે એક વાર વસંતભાઈએ તારથી માગણી મૂકી. ટેકસ્ટાઈલ કમિશનરે ૨૦૦ ગાંસડીઓ ત્રણ દિવસમાં ઉપાડી લેવાની શરતે મંજૂરી આપી. એમ કરવા માટે રૂપિયા ચાલીશ લાખ બૅન્કમાં જમા કરાવવા પડે. વાડીભાઈ તે દિવસોમાં પરદેશ ગયેલા. જનરલ મૅનેજર પણ હાજર નહીં. નિર્ણય લેવાનું વસંતભાઈને માથે આવ્યું. તેમણે ગાંસડીઓ મંગાવી લેવાનો નિર્ણય કર્યો. વાડીભાઈ પાછા આવ્યા ત્યારે સરપાવ આપ્યો કે નિર્ણય બરાબર હતો.

બીજો કિસ્સો એવો બનેલો કે તે દિવસોમાં વૉર રિસ્ક ઇન્શ્યોરન્સ - યુદ્ધના જોખમનો વીમો-લેવાનું ફરજિયાત કરવામાં આવેલું. તે અનુસાર માલના જથ્થા ઉપર, યુદ્ધના જોખમના વીમાની આકારણી રૂપિયા ૬૦ લાખ કરેલી. આ આકારણી સામે મિલ તરફથી કેસ લડવો પડે તેવી સ્થિતિ હતી. ટેકસ્ટાઈલ કમિશનર વકીલને રૂબરૂ હાજર થવા દેતા ન હતા એટલે મિલ વતી, મિલના સેક્રેટરી વસંતભાઈ એ કેસ દિલ્હી જઈને લડ્યા, અને ૬૦ લાખની જગ્યાએ ૨૦ લાખની આકારણી કરાવી શક્યા.

વસંતભાઈ ઉદ્યોગના ક્ષેત્રમાં હતા તે પૂર્વે, અગાઉ જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો તે ઍટેચમેન્ટ સ્કીમ દાખલ થઈ ચૂકી હતી. તે સંદર્ભે કાઠિયાવાડમાં તાલુકાદારોનો કેસ જૂડિશલ કમિશનરની કચેરીમાં લડવાનો હતો. એ આખો કેસ તૈયાર કરવામાં ઢેબરભાઈની સાથે જયસુખલાલ હાથી અને વસંતભાઈ હતા. બીજી બાજુએ, મહીકાંઠા ઍજન્સીના તાલુકદારોનો સાથ મેળવીને વડોદરા રાજ્યમાં તેમનો કેસ લડવાનું વસંતભાઈને ફાળે આવ્યું હતું. આમ, ઢેબરભાઈ સાથેનો પરિચય નિકટનો થયેલો. પછી તો ૧૯૪૫માં એ રોહિત મિલમાં હતા તે ત્રણ વર્ષના ગાળામાં દેશના રાજકારણમાં ફેરફારોના વાયરા વાવા માંડેલા. ભારતને સાંસ્થાનિક સ્વરાજ આપવાની જાહેરાત થઈ ચૂકી હતી. કૅબિનેટ મિશન ભારતની રાજકીય મડાગાંઠ ઉકેલવાના કામે લાગેલું. સરદાર વલ્લભભાઈ પટેલ પાસે રજવાડાંને લગતું સ્ટેઇટ્સ ડિપાર્ટમેન્ટ હતું. સરદારનું મંત્રાલય ઍટેચમેન્ટ સ્કીમ રદ કરે તે માટે, બધા તાલુકદારોની સંમતિ લઈને આગળ વધવાનું કામ ઢેબરભાઈએ વસંતભાઈને ભળાવ્યું અને વાડીભાઈને પત્ર લખ્યો કે આ રાષ્ટ્રિય કામ છે અને તેને માટે વસંતભાઈની સેવાઓની તેમને જરૂર છે. વાડીભાઈએ એક જ અઠવાડિયા માટે વસંતભાઈને મુક્ત કર્યા. એ એક અઠવાડિયામાં એમણે પાટણ, પાલનપુર, શિહોરી, કાંકરેજ ઇત્યાદિ બધા તાલુકદારોની સંમતિની સહી મેળવી. ૮મી જુલાઈએ તેમણે સરદારને મળીને આ સ્કીમ વિશેની કેફિયત રજૂ કરેલી. આમ, ઢેબરભાઈ સાથેનો સંબંધ વધારે દૃઢ બનેલો.

૧૯૪૮માં સૌરાષ્ટ્રનું નવું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારે ઢેબરભાઈએ નવી નીતિ નક્કી કરી આપતાં કહેલું કે નવા રાજ્ય માટે વહીવટીતંત્ર પણ નવું ઊભું કરવું પડે. એમાં જૂના વહીવટના માણસો આવશે જ, પરંતુ એમની જૂની મનોવૃત્તિ બહુ કામ નહીં લાગે. નવા રાજ્ય માટે નવું લોહી જોઈશે. આ દૃષ્ટિથી ઢેબરભાઈએ ઘનશ્યામભાઈ ઓઝા, ગુલાબરાય મંકોડી, જમનાદાસ શાહ તથા વસંતભાઈ મહેતાને ઈજન આપ્યું. તેમણે વાડીભાઈને પત્ર લખીને વસંતભાઈ માટે માગણી કરી. વાડીભાઈ પહેલાં તો ખચકાયા. વસંતભાઈને તેમની ઇચ્છા શું છે તેની પૃચ્છા કરી. વસંતભાઈએ કહ્યું કે દેશ હવે આઝાદ થયો છે, સૌરાષ્ટ્રનું નવું રાજ્ય બને છે અને ઢેબરભાઈની માગણી છે તથા રાજકોટ વતન છે. આ બધાં કારણે જવાનું મન થાય છે.

સૌરાષ્ટ્રના નવા એકમની શરૂઆત યુનિયન ઑફ સ્ટેટ્સથી થઈ. એનો દરજ્જો 'બી' વર્ગના રાજ્યનો હતો અને કચ્છનો 'સી' વર્ગનો. 'બી' વર્ગમાં રાજ્યના વડા રાજપ્રમુખ કહેવાતા તે પ્રમાણે જામસાહેબ રાજપ્રમુખ બન્યા. સૌરાષ્ટ્રનો સૌથી મોટો પ્રશ્ન સુગ્રથિત સરકારના અભાવનો હતો. ઍજન્સીનું તંત્ર ઍજન્સી પૂરતું મર્યાદિત હતું અને દરેક રજવાડાને પોતપોતાનું તંત્ર હતું. સુગ્રથિત રાજ્ય ઊભું કરવા માટે સંગઠિત તંત્ર જોઈએ. આ માટેનું જાહેરનામું ૧૫મી ઑગસ્ટની મધરાતે ૧૨ વાગ્યે બહાર પડવાનું હતું. ૧૦મી



પ્રથમ ગવર્નર શ્રી મહેદી નવાબ જંગ સાથે

ઑગસ્ટે ઢેબરભાઈએ કહ્યું,'આપણે એની તૈયારી કરી રાખવી જોઈએ.' તે વખતે પબ્લિક પ્રોસિક્યૂટર હતા પ્રતાપસિંહ જાડેજા. એ પોલીસ ખાતાના અમલદાર એટલે તંત્રનો અનુભવ પણ ખરો. એમને કહેવામાં આવ્યું કે ઍજન્સીમાં કોણ કોણ પોલીસ હતા અને કોણ ફોજદાર તેની યાદી તૈયાર કરો. પછી બનેસિંહજીને બોલાવીને કહેવામાં આવ્યું કે ઍજન્સીમાંથી ક્યા અમલદાર ઉપયોગી થશે તેની યાદી બનાવો. ૧૪મી ઑગસ્ટે, દરેક થાણામાં એક અમલદાર, એક સબ ઇન્સ્પેક્ટર અને દસ કૉન્સ્ટેબલોએ જઈને થાણાનો કબજો લેવો. પછી તો લોકોય તૈયાર હતા એટલે કાયદો-વ્યવસ્થાનો પ્રશ્ન ન રહ્યો. હવે સવાલ હતો મધ્યસ્થ સચિવાલય ખડું કરવાનો, હાઈ કોર્ટ, પબ્લિક સર્વિસ કમિશન અને વિધાનસભાનો. ઢેબરભાઈએ તટસ્થતાથી ગુણવત્તાને ધોરણે માણસોની પસંદગી કરી. હાઈ કોર્ટ માટે હરસિદ્ધભાઈ દિવેટિયાને બહારથી બોલાવ્યા. પબ્લિક સર્વિસ કમિશન માટે સર જનાર્દન માદનની પસંદગી કરી, સચિવાલય માટે મોરારજીભાઈને કહીને મુંબઈમાંથી બખલેને નિમંત્ર્યા અને ચીફ સેક્રેટરીનો કાર્યભાર સોંપ્યો. આમ, બે મહિનામાં આખું તંત્ર ઊભું કરવાનું કામ સૌરાષ્ટ્રે કર્યું. પછીનો સવાલ આર્થિક હતો. દરેક રજવાડાએ તેની તિજોરી ખાલી કરી નાખી હતી. લાખ્ખોની આવક ધરાવતા એક રાજ્યમાંથી ફક્ત ૧ રૂપિયો મળેલો. આમ, નાણાંનો પ્રશ્ન મૂંઝવનારો હતો. આ સ્થિતિમાં નાનજી કાળિદાસે લોન આપવાની ઑફર કરી. કોઈ રાજ્ય એક વ્યક્તિ પાસેથી લોન લે એ ઘટના કંઈક વિચિત્ર અને અપૂર્વ હતી.

રાજ્યનું વહીવટીતંત્ર ગોઠવ્યા પછી બીજો સવાલ જિલ્લાઓનું તંત્ર ગોઠવવાનો હતો. તેને માટે પણ બહારના માણસોની ભરતી કરી. દા.ત. બ્રિટિશ વહીવટમાં કામ કરતા જયકરને લાવી જામનગરના કલેક્ટર બનાવ્યા. વડોદરા રાજ્યના મહેસૂલ વિભાગના નાયબ સૂબા માને પાટિલને સુરેન્દ્રનગરના કલેક્ટર બનાવ્યા. તે પછી જૂના જિલ્લાઓને નવાં




મગનભાઈ દેસાઈ અવૉર્ડ એનાયત થયો ત્યારે

નામ આપવામાં આવ્યાં. જેમ કે ઝાલાવાડને બદલે સુરેન્દ્રનગર, હાલારને રાજકોટ, સોરઠને જૂનાગઢ અને ગોહિલવાડને ભાવનગરનું નામ મળ્યું. દેશી રાજ્યોનો કબજો લેવાનું કામ બાલકૃષ્ણ શુક્લ, નરેન્દ્ર બુચ આદિને સોંપ્યું. બાકી રહ્યું તાલુકાનું સ્તર. એમાં જૂની મનોવૃત્તિ અવરોધો ઊભા કરતી. જેમ કે જૂના ભાવનગર રાજ્યમાં ઉમરાળા તાલુકો ગણાતો, પરંતુ નવી રચનામાં એને તાલુકા તરીકે ચાલુ રાખવું પોસાય તેમ ન હતું. એમાં ઢેબરભાઈની સમાધાનવૃત્તિ સારાં પરિણામો આપતી. એમને ઉમરાળાને મહાલનો દરજ્જો આપતાં સૂચવ્યું કે અત્યારે વિઘ્નો ઓળંગી જવાનાં છે. વર્ષ પછી એ નિર્ણય રદ કરવો હશે તો થઈ શકશે.

આમ તો સૌરાષ્ટ્રનું જુદું રાજ્ય હોય એવી કલ્પના ન હતી. એમાં ઢેબરભાઈની દૃષ્ટિ સાફ હતી. એ કહેતા કે આપણે સૌરાષ્ટ્રનું જે કંઈ તંત્ર બનાવીએ તે આખરે તો ગુજરાત રાજ્યમાં ભળવાનું છે એટલે તાત્કાલિક જે પ્રકારનું તંત્ર જોઈએ તે ઊભું કરવું રહ્યું. સૌરાષ્ટ્રના નવા રાજ્યને જેટલો સમય મળ્યો તે ગાળામાં ગિરાસદારીની નાબૂદીનું મોટું કામ થયું. આને અનુષંગે લૅન્ડ રિફૉર્મ્સ ઍક્ટ, બારખલી ઍબોલિશન ઍક્ટ, એસ્ટેટ એક્વીઝિશન ઍક્ટ જેવાં ડ્રાફ્ટબિલ તૈયાર કરવામાં આવ્યાં. એમાં વડોદરા રાજ્યના કાયદાખાતાના મંજુલાલ દવેની સારી મદદ મળેલી. આ ઉપરાંત પણ ઐતિહાસિક મૂલ્ય ધરાવતાં કેટલાંક કામો થયાં પણ આ વ્યક્તિચરિત્ર સંદર્ભે અહીં જતાં કર્યાં છે. પરંતુ એ ધ્યાન ખેંચે એવી બાબત છે કે જમીન-સુધારણાના કાયદાઓના અમલ માટે સૌરાષ્ટ્ર રાજ્યે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું.

ગુજરાતનું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું તે વેળા વસંતભાઈ ભાવનગરમાં કલેક્ટર હતા. પરંતુ તે પછી ૧૯૬૨ થી ૧૯૬૫ દરમિયાન તેમની નિમણૂંક રજિસ્ટ્રાર ઑફ કો. ઑ. સોસાએટીઝ તરીકે થઈ. ૧૯૬૫ થી ૧૯૬૮ સુધી એમણે કમિશનર ઑફ સેલ્સ ટૅક્સનું પદ સંભાળ્યું. ૧૯૬૮ થી



વસંતભાઈના પુસ્તકના વિમોચન પ્રસંગે



કોમનવેલ્થ યુનિવર્સિટીની કાઉન્સિલના અધિવેશન પ્રસંગે

૧૯૭૨ દરમિયાન રાજ્યના સચિવ તરીકે શિક્ષણ, મજૂર અને સમાજકલ્યાણ ખાતાં તેમને હસ્તક હતાં. વસંતભાઈ શિક્ષણખાતામાં હતા ત્યારે કોઠારી કમિશનના હેવાલનો અમલ કરવાનું કામ તેમના હાથમાં આવ્યું. એમાં શિક્ષણની તરાહ બદલવાની હતી. તેને કારણે ફાજલ પડનારા શિક્ષકોનો પ્રશ્ન, અભ્યાસક્રમો ગોઠવવાનો પ્રશ્ન, શાળાઓનું માળખું બદલવાનો પ્રશ્ન અને કોઠારી કમિશને જેની ખાસ ભલામણ કરેલી તે વર્ક-ઍક્સ્પીરિઅન્સને દાખલ કરવાનો પ્રશ્ન જેવા પ્રશ્નો અગ્રસ્થાને હતા. એમાં વસંતભાઈની દૃષ્ટિએ સૌથી વિશેષ અગત્ય ટ્રાન્સફર કરી શકાય એવી તરાહ શોધવાનો હતો. આમાં ઘણી-ખરી શાળાઓ ખાનગી સંચાલન હેઠળ હતી તે કારણે તરાહ બદલવામાં સંચાલકોનો સહકાર મળ્યો. બીજી બાજુ કાર્યાનુભવ દાખલ કરવા માટે સરકારે મનુભાઈ પંચોળી 'દર્શક'ના અધ્યક્ષપદે એક સમિતિ રચી. આ સમિતિએ સારો હેવાલ તૈયાર કરીને આપ્યો. ત્રીજી બાબત તે, રાજ્ય સરકારે પહેલી જ વાર ૨૦ વર્ષનો પરસ્પેક્ટિવ પ્લાન તૈયાર કર્યો. તેમ છતાં પ્રાથમિક શિક્ષણ, આજેય આપણા બંધારણ પ્રમાણે મફત અને સાર્વત્રિક કરવું જોઈએ તે કરી શક્યા નથી. શિક્ષકોની તાલીમ વ્યવસ્થામાં ઉચિત સુધારો થયો નથી. અને છેલ્લે છેલ્લે, પાછળથી એવું પરિબળ વિકસ્યું કે જેને કારણે પગારો સુધર્યા, મોંઘવારી અને અન્ય ભથ્થાં વધ્યાં પરંતુ શિક્ષકના ઉત્તરદાયિત્વ વિશે કશું ન થયું.

અન્ય શિક્ષણવિદોની જેમ વસંતભાઈ પણ માને છે કે શિક્ષણક્ષેત્રે સરકારની સંડોવણી હોવી ન જોઈએ. આ વાત તેઓ જ્યારે ઇન્ડિયા ઍગ્રિકલ્ચરલ યુનિવર્સિટીના પ્રમુખ ચૂંટાયા અને આણંદમાં તેનું સંમેલન મળ્યું ત્યારે ભારતના તે વખતના વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈને કરેલી. ચર્ચા દરમિયાન મોરારજીભાઈએ, 'તમારા પ્રશ્નો શું છે?' એવો સવાલ કર્યો ત્યારે વસંતભાઈએ કહેલું કે યુનિવર્સિટીમાં સરકારની દરમિયાનગીરી ન હોવી જોઈએ. એમણે પૂછ્યું ક્યાં ક્યાં દરમિયાનગીરી થાય છે? જવાબમાં વસંતભાઈએ કહેલું - વાઇસ ચૅન્સેલરની નિમણૂક, સિન્ડિકેટની કામગીરી, અભ્યાસક્રમ નક્કી કરવો, નિમણૂકો આપવી જેવી બાબતોમાં યુનિવર્સિટીને શૈક્ષણિક સ્વાયત્તતા હોવી જોઈએ. આ બાબતો અંગે તેમણે તૈયાર કરેલો હેવાલ મોરારજીભાઈને આપેલો અને મોરારજીભાઈએ ધ્યાનમાં લેવાશે કહી હૈયાધારણ આપેલી. પરંતુ આજે તો સરકારનો પગપેસારો ઘણો વધી ગયો છે.

આજે વહીવટીતંત્ર પણ કહ્યાગરું બનીને ચાલે છે. એક પ્રસંગ યાદ કરતાં વસંતભાઈએ કહ્યું કે હિતેન્દ્રભાઈ મુખ્યમંત્રી હતા, ચોખાવાલા શિક્ષણમંત્રી અને વસંતભાઈ પોતે હતા શિક્ષણસચિવ. હિતેન્દ્રભાઈ સામે કૉંગ્રેસનું મંત્રીમંડળ ટકશે કે કેમ એવો પ્રશ્ન ઊભો થયો. એટલે પક્ષમાં નિર્ણય લેવાયો કે માધ્યમિક શિક્ષણ મફત કરવું. હિતેન્દ્રભાઈએ શિક્ષણખાતાના નાયબ સચિવને બોલાવી માધ્યમિક શિક્ષણ મફતની જાહેરાતની પ્રેસનોટ કાઢવા સૂચના આપી. નાયબ સચિવ વસંતભાઈ પાસે ગયા. વસંતભાઈએ કહ્યું કે, 'સરકારી હુકમ ક્યાં છે?' એમણે જવાબ આપ્યો કે 'ફાઈલ હિતેન્દ્રભાઈ પાસે પડી છે. પણ માધ્યમિક શિક્ષણ મફત કરવા માટેની નોંધ ચોખાવાલાએ માગી છે. મેં નોંધ તૈયાર કરી તેમાં સૂચન કર્યું છે કે રાજ્યને આથી ચાર કરોડનો બોજો પડે છે તે નાણા વિભાગને અનુકૂળ નથી. છતાં આમ કરવું હોય તો નાણાખાતાની સંમતિ લેવી જોઈએ. બીજું એ કે કસ્તૂરભાઈનો છોકરો મફત ભણે અને ગરીબમાં ગરીબ છોકરો પણ મફત ભણે એવું થાય તો માધ્યમિક શિક્ષણ રાજ્ય માટે બોજો થઈ પડે. સારો રસ્તો ગરીબ વિદ્યાર્થીને વધારે શિષ્યવૃત્તિ આપવાનો છે.' વસંતભાઈએ તે અંગે નોંધ તૈયાર કરી. ચોખાવાલાએ કહ્યું કે પક્ષનો નિર્ણય છે અને તમે આવી નોટ કેમ મૂકી? વસંતભાઈએ નાયબ સચિવને કહ્યું, 'હું જઈને હિતેન્દ્રભાઈને મળું છું.' એમને મળીને વસંતભાઈએ કહ્યું કે, 'આ નિર્ણય કૅબિનેટે લેવો જોઈએ. કૅબિનેટ મારી ઉપરવટ જઈ શકે, મુખ્યમંત્રી નહીં.' એમણે કહ્યું, 'વખત ક્યાં છે? કાલે

(અનુસંધાન પૃ. ૬૧૭ પર)

પ્રેમની ટેક્નોલૉજી

હરનિશ જાની

મારા દીકરાએ અમેરિકામાં મારી સેફ્ટી માટે સેલ ફોન ખરીદ્યો. આ ફોન રાંધવા સિવાય બધું જ કરી શકે છે. તદ્દન નવી ટેક્નોલૉજીથી ભરપૂર - નાનો તો એટલો કે બે વાર ખોવાઈ ગયો હતો અને બન્ને વખતે મારા ખમીસના ખિસ્સામાંથી મળ્યો હતો. મારા દીકરાએ સમજાવ્યું કે આનાથી 'ઇ-મેલ' પણ મોકલી શકાય. કૅલ્ક્યુલેટર પણ બની જાય. પર્સનલ સેક્રેટરીનું કામ પણ કરે. મેં પૂછ્યું કે, 'આનાથી સામી વ્યક્તિ જોડે ફોન થાય ખરો ?'

ટેક્નોલૉજી નવી છે. હું જૂનો છું. ટેક્નોલૉજી ભાગે છે. પાછળ હું ઘસડાઉં છું.

સેલફોન ગમે તેટલો નાનો બનાવે પણ બોલવા ને સાંભળવા છેડાઓને પહોંચવા મારા કાન કે મોઢું નજીક નથી આવવાનાં. ફોનની સાઇઝ કાંડા ઘડિયાળ જેટલી કરે તો પણ આપણને વાંધો નથી. પરંતુ ડાયલ કરવા માટે મારાં આંગળાંનાં ટેરવાં નાનાં થવાનાં નથી. લોકોને ચોપડીઓ અને છાપાં લઈને ટૉઇલેટમાં જતાં જોયાં છે. પરંતુ આ નવી પ્રજા વાતનો દોર તૂટે ના એટલા માટે હાથમાં સેલફોન લઈને બેસે છે !

હું અને મારી પત્ની રમા અમેરિકા મારા દીકરા અશોકને ત્યાં રહેવા આવ્યાં છીએ. અશોક ન્યૂ યૉર્ક શહેરમાં તેનો ઘરસંસાર માંડીને વરસોથી રહે છે. તેનાં ત્રણે બાળકો અમેરિકામાં જ જન્મ્યાં છે. મોટો ટીકુ ન્યૂ યૉર્ક યુનિવર્સિટીમાં ભણે છે. પહેલા વર્ષમાં છે. અઢાર વર્ષનો છે. બે દીકરીઓ છે. મોટી રિંકી ચૌદની છે અને કીકી સૌથી નાની નવ વર્ષની છે.

અગાઉ ઘણી વાર અમેરિકા ફરવા આવી ગયાં છીએ. પણ જ્યારથી મને હાર્ટઅટૅક આવી ગયો છે ત્યારથી મારા એકના એક દીકરાના જીવને શાંતિ આપવા અમે અમેરિકા આરામ કરવા આવ્યાં છીએ. તેની પત્ની ભાવના અમને ખૂબ પ્રેમ કરે છે અને દેખભાળ રાખે છે.

છેલ્લાં પાંચ વરસમાં જગત આખામાં ટેક્નોલૉજીએ દરેક ક્ષેત્રમાં છલાંગ મારી છે તે ૧૯૩૦માં જન્મેલા મારા જેવા માટે સમજવી સહેલી નથી. કૅલ્ક્યુલેટર વાપરું છું ખરો, પણ તાળો પેન્સિલથી ગણીને મેળવું છું.

તે દિવસે અમે સાથે જમવા બેઠાં. એમ બહુ ઓછી વાર બને છે. ટી.વી. અને કમ્પ્યૂટર એ ઠાકોરજીની ગરજ સારે છે. બન્નેની સામે ઘરમાંથી કોઈક તો કાયમ બેઠું જ હોય. મોટી દીકરી રિંકી બોલીઃ

'દાદાજી, તમે મારા ઈ-મેલનો જવાબ હજુ નથી આપ્યો.'

મેં કહ્યું, 'બેટા, શેના વિષે છે ? મને કહી દે.'

'મેં તમને સંદેશો મોકલ્યો છે.' તેણે લાડથી કહ્યું.

'મને જણાવને !'

'ના તમારે કમ્પ્યૂટરમાં જોવું પડશે !'

તે સાંજે મેં જ્યારે કમ્પ્યૂટરમાં મારો ઇ-મેલ ચેક કર્યો તો તેમાં રિંકીનો સંદેશો હતો કે 'દાદાજી આઈ લવ યુ' - વાહ, કહેવું પડે ! નવી પેઢી દાદાજીના આશીર્વાદ ઇન્ટરનેટ પર શોધે છે. સવારે ડાઇનિંગ ટેબલ પર આ વાત મારા મોંઢે કહી હોત તો !

કમ્પ્યૂટરે દુનિયા મારા ઘરમાં લાવી દીધી. અને ઘરને દુનિયાને બીજે છેડે પહોંચાડી દીધું. અશોક ન્યૂ યૉર્કની વૉલ સ્ટ્રીટ પર ઇન્વેસ્ટમેન્ટ બૅન્કર છે. લૉંગ આયલૅંડમાં મોટું ઘર છે. મારો અને રમાનો પણ જુદો રૂમ-બાથરૂમ છે. ઘરમાં બધું જ લેટેસ્ટ છે. વૉશિંગ મશિન-ડિશ વૉશર-માઇક્રોવેવ વગેરે સૌ સાધનો છે. ત્રણ તો કાર છે. ઘર તદ્દન અદ્યતન અને તેમાં દાદા-દાદી જેવાં ઍન્ટિક-પ્રાચીન પ્રાણીઓ પણ છે. મારા મગજમાં આ નવી ટેક્નોલૉજી પેસતી નથી. ડિશ વૉશરમાં બધાં કાચનાં વાસણો ધોઈને મૂકવાનાં. નહીં તો સહેજે કચરો હોય તો ડિશ વૉશરનું ફિલ્ટર બગડી જાય. કપડાં ધોતાં પહેલાં હાથથી ડાઘા કાઢીને વૉશિંગ મશિનમાં ધોવાનાં. જો હાથથી જ કામ કરવાનાં છે તો મશિનોનું શું કામ છે ? મારો દીકરો અશોક કસરત કરવા રોજ જીમનેશ્યમમાં જાય છે. કસરત કરવા કારમાં બેસીને જાય છે !

હું વિચારું છું કે જો ભાઈ, તારે કસરત જ કરવી હોય તો સીધો સીધો 'ચાલ'ને ! કારમાં બેસીને કસરત કરવા જવાતું હશે ! મૅકડોનલ્ડનાં ભજિયાં ખાવાં છે ? કારમાં જાઓ. બૅન્કમાંથી પૈસા ઉપાડવા છે ? કારમાંથી કરો. આ અમેરિકાએ શું ટેક્નોલૉજી જમાવી છે ! ડ્રાઇવ-ઇન-મંદિરો નીકળે તો નવાઈ નહીં - કારમાંથી બેઠાં બેઠાં દર્શન કરવાનાં અને અનુપ જલોટાની ટેપ સાંભળવાની. પાર્કિંગની જફા તો નહીં ?

મને એ નથી સમજાતું કે ઘર પાસે જ્યાં કાર પાર્ક કરીએ છીએ એને ડ્રાઈવે કહેવાય છે અને જ્યાં કારને ડ્રાઇવ કરીએ છીએ એને પાર્કવે કહેવાય છે.

મારા જમાનામાં જ્યારે હું હાઈ સ્કૂલમાં ભણતો હતો ત્યારે લેસન કરતાં લાલ-ભૂરી પેન્સિલની જરૂર પડતી તો હું મારા મિત્ર યોગેશને ઘેર એક માઈલ દોડતો જતો. ત્યારે મને ખબર નહોતી કે હું 'જોગિંગની એક્સરસાઈઝ' કરતો હતો. ઘેર યોગેશ ન હોય તો તેની બા સાથે વાતો કરતો અને બા કહે કે 'જા, બેટા આવ્યો છે તો મને દૂધ લાવી આપ.' આ રીતે વડીલો સાથે 'સોશયલાઈઝિંગ'નો ગુણ નાનપણમાં જ કેળવાયો. તેમાં યોગેશના મોટાભાઈ હાર્મોનિયમ વગાડતા હોય અને બેસાડીને પોતાનું ગીત સંભળાવે. તો ઠાવકું મોઢું રાખી કર્કશ સંગીત સહન કરવાનો ગુણ કેળવાયો, જેનો લાભ મેં આખી જિંદગી લીધો.

અશોકની પત્ની ભાવના મને અને રમાને માઈક્રોવેવના ફાયદા સમજાવતી હતી. જુદી જુદી વાનગીઓ કેવી રીતે માઈક્રોવેવ ઓવનમાં થાય તે પણ સમજાવ્યું. કેટલી મોંઘી છે એ પણ વાત કરી. મને થયું કે જો એને પૈડાં હોય તો રોડ પર ભાગે. ઘરમાં ભાવના સિવાય કોઈને ઓવન વાપરવાની બહુ ગમ નહોતી. તેમાં અશોકને તો ચા ગરમ કરવાનાં ફાંફાં હતાં. હું અને રમા તો ગૅસ વાપરતાં. મેં જોયું કે માઈક્રોવેવ ઓવન ખૂબ સગવડવાળી હતી. પરંતુ ભાવના પણ સવારનાં દાળભાત ભાતે ગરમ કરવા માટે જ વાપરતી. એનાથી વધુ કાંઈ રાંધવું હોય તો રાંધવાનં બાજુએ રહે અને તે માઈક્રોવેવ વાપરવાની સૂચનાઓનાં ચોપડી લઇને બેસી જતી.

આમ વિચારીએ તો છેલ્લાં પચીસ વરસની પેઢીને માઈક્રોવેવ ઓવન વિનાના જીવનનો ખયાલ જ ન હોય. મારો પૌત્ર ટિકુ કૉલેજની હૉસ્ટેલમાં રહે છે. સાથે નાનું રેફ્રિજરેટર, માઈક્રોવેવ ઓવન અને કમ્પ્યૂટર રાખે છે.

અમે કૉલેજમાં હતા ત્યારે કેરોસીનનો સ્ટવ વાપરતા. રાતે અઢી વાગે વાંચવા ઊઠતા ત્યારે ચા પીવાનો રિવાજ હતો. હવે તમે અઢી વાગે ઊઠો અને ચા માઈક્રોવેવ ઓવનમાં બનાવો તો બે મિનિટ થાય. જ્યારે સ્ટવ પર બનતી ચાને વીસ મિનિટ લાગે. આજે લાગે છે કે ચાથી ઊંઘ નહોતી ઊડતી, પરંતુ ચા બનાવવાની પ્રોસેસથી ઊંઘ ઊડતી હતી. બેત્રણ મિત્રો સાથે ચા બનાવવાની અને પીવાની જે મઝા હતી, તે આ બે મિનિટમાં ક્યાં હોય!

તે દિવસે અશોક કહે,'બાપુજી, તમને વીસીઆર ઑપરેટ કરતાં આવડે છે?'

મેં કહ્યું કે,'જોતાં આવડે છે. પણ રેકોર્ડ કરતાં નથી આવડતું.'

તો કહે કે,'વીસીઆર બજારમાંથી ગાયબ થઈ જાય તે પહેલાં શીખી જાવ. હજુ તક છે.'

પછી હસીને બોલ્યો, 'તમારા માટે પાંચ ડિસ્ક એકસાથે મુકાય એવું ડીવીડી પ્લેયર લીધું છે.'

મેં કહ્યું કે, 'એટલે હવે હું પાંચ ફિલ્મો - સૉફામાંથી ઊઠ્યા સિવાય, એક સાથે જોઈ શકીશ. નહીં ને!'

મનમાં વિચાર્યું કે આ તે મૉડર્ન ટેક્નોલૉજીનો ઉપકાર છે કે શાપ છે?

આ ડીવીડી ટેક્નોલૉજી થીએટરના મોટા સ્ક્રીનની તોલે આવે ખરી? મઝા ફિલ્મ જોવામાં નથી. મઝા ફિલ્મ જોવા જવાના પ્રસંગમાં છે. ખાસ તૈયાર થવાનું. બહાર હૉટલમાં જમવાનું. મિત્રોને મળવાનું અને ફિલ્મ જોવાની. શનિવારની સાંજ ઉત્સવમાં પરિણમે. પાછું ફિલ્મમાં આજુબાજુવાળાં હસે તો ક્યારે હસવાનું તે પણ સમજાય. થીએટરની ફિલ્મ એ સામાન્ય માનવી માટે સામાજિક પ્રસંગ બની રહે છે. ઘરનું 'ડીવીડી' આખા સામાજિક કુટુંબને ચૂપ કરી દે છે.

અશોકના ઘરમાં ડ્રૉઈંગરૂમમાં મનોરંજન માટે સ્ટીરિઓ સિસ્ટમ છે. પાંચસો પાંચસો ડૉલરનાં તો બે સ્પીકર છે. એક સ્પીકરમાં પાંચ જુદાં જુદાં નાનાં નાનાં સ્પીકર છે. એક સ્પીકરમાંથી શહેનાઈ સંભળાય, બીજામાંથી ઢોલનો અવાજ આવે અને ત્રીજામાંથી મંજીરા સંભળાય. જ્યારે તે મને સ્પીકર અને સ્ટીરિઓની ખૂબીઓ સમજાવતો હતો ત્યારે મેં તેને કહ્યું કે,'બેટા, આપણામાંથી કેટલા જણ - આ વાજિંત્રોનો અવાજ સ્પીકરમાંથી ક્યાંથી આવે છે તે સાંભળી શકવાના છે? અને મંજીરાનો અવાજ ક્યાંથી આવે છે એની આપણે ચિંતા શા માટે કરવાની?' મેં આગળ ચલાવ્યું: 'આપણામાંથી કેટલાના કાન તેજ છે? સ્પીકરમાં મગજમારી કરવા કરતાં ચોખ્ખું સંભળાય એવા કાન કરી આપો.'

અમારા વખતમાં ત્રણ મિનિટની રેકર્ડો હતી. તેમાંથી થઈ ૨૦ મિનિટની લૉંગ પ્લે. પછી આવ્યાં ૯૦ મિનિટનાં ટેપરેકોર્ડર. હવે આવી દોઢ બે કલાકની સીડી. અશોકે ત્રણસો સીડી એકમાં સમાવી શકે એવું ચેન્જર લીધું છે. એટલે કે તમે ત્રણ હજાર ગીતો સમાવી શકો. જ્યારે તમારે કોઈ ગીત સાંભળવું હોય તો પેલા ગીતનો લિસ્ટમાંથી નંબર શોધવાનો અને પછી જો સમય બચે અને ગીત સાંભળવાનો મુડ સચવાય તો ગીત સાંભળવાનું!

શોધખોળ રોજ થયા કરે છે. અમે બહાર ફરવા જઈએ છીએ ત્યારે અશોક અમને ડિજિટલ વીડિઓ કૅમરામાં ભરી દે છે. ૧૯૮૦માં અમે અમેરિકા આવ્યાં હતાં ત્યારે આઠ મિલિમીટરના મુવી કૅમરાથી ફિલ્મો લેતો. ભાવનાએ જણાવ્યું કે, તે મુવી કૅમરા અને પ્રોજેક્ટર તો ફેંકી દેવાં પડ્યાં. ફિલ્મ જ મળતી નથી. જૂનાં ટાઈપરાઈટર ફેંકી દીધાં. રિબન જ નથી મળતી. ઈનસ્ટમેટિક કૅમરા ફેંકી દીધા. રોલ જ નથી મળતા. બે કમ્પ્યૂટર ફેંકી દીધાં. નવાં હાર્ડડ્રાઈવ હવે બજારમાં છે.

તે દિવસે અશોક મારું જૂનું સેવન ઓ'ક્લોકનું રેઝર ફેંકી દેતો હતો. કહે કે, 'હવે બજારમાં જિલેટના એક સાઈડ પર બે કે ત્રણ બ્લેડવાળા રેઝર મળે છે.'

મેં તેને કહ્યું,'ખબરદાર, મારા અને મારા જૂના રેઝર વચ્ચે કોઈએ આવવાનું નથી. તમારે ટેક્નોલૉજી આગળ વધારવી છે ? તો મારા માથાના ખરતા વાળને અટકાવે એવી ટેક્નોલૉજી લાવો.'

માણસે આનંદપ્રમોદમાં કેટલી ટેક્નોલૉજી ઘુસાડી દીધી છે ! નોકરી અને ઊંઘનો સમય બાદ કરો તો દરેક પાસે ચાર પાંચ કલાક બચે છે. આમાં તમે ટીવીની ૫૦ ચૅનલો જોશો. દેશી સ્ટોરમાંથી લાવેલી 'હમ તો મહોબત કરેગા' નામની ફિલ્મ જોશો ? રવિશંકરનું કે માઈકલ જૅક્શનનું સંગીત સાંભળશો ? ભગવાનનો પાડ માનું છું કે અશોકને તથા ભાવનાને વાચનનો શૉખ નથી. નહીં તો વાંચત ક્યારે ? આ બધી રામાયણમાં ભગવાનનો તો પત્તો જ નહીં. તો તે માટે પંડિત જશરાજનાં ભજનો કારમાં વગાડી દેવાનાં.

માણસના શરીરની અમુક જ ક્ષમતા છે. સમયની પણ મર્યાદા છે. અને ટેક્નોલૉજી માટે આકાશ આખું ખુલ્લું છે. માણસ માટે ટેક્નોલૉજી છે, નહીં કે ટેક્નોલૉજી માટે માણસ.

મારી પૌત્રી કીકી, મને અને રમાને ખૂબ વહાલી છે. એ નવ વરસની દીકરીએ મને ઈન્ટરનેટથી પરિચિત કર્યો છે. કીકી અમારી સાથે રોજ સાંજે ચાલવા આવે છે. રસ્તામાં એના કાલા કાલા ગુજરાતી લવારા અમને ખૂબ વહાલા લાગે છે, મને મારી બ્લડપ્રેશરની ગોળીઓનો સમય યાદ કરાવે છે. મારા હાથમાં છાપું આપી જાય છે. અશોકનાં ત્રણે છોકરાં ખૂબ પ્રેમાળ છે. મારી પત્ની રમા બંને દીકરીઓને ટીવી પર રામાનંદ સાગરની 'રામાયણ' ગુજરાતીમાં સમજાવે છે. રામનો પ્રતાપ હોય કે પછી રમાનો પ્રેમ હોય, બંને અંગ્રેજીભાષી છોકરીઓ બધું સમજે છે.

ત્રણ ચાર દિવસથી કીકી માંદી રહે છે. છેલ્લા બે દિવસથી તો સ્કૂલે પણ નથી જતી. ભાવના તેમના અમેરિકન ડૉક્ટર સ્મિથની દવા કરે છે. આજે બપોરથી તો ખૂબ તાવ ભરાયો છે. મારો અને રમાનો જીવ ઊંચે ચઢી ગયો છે.મારાથી તો નાનાં છોકરાંઓનું દુઃખ નથી જોવાતું. મને અને મારી પત્ની રમાને રામાયણમાં ખૂબ શ્રદ્ધા છે. કોઈ પણ જાતની શારીરિક કે માનસિક આફત વખતે અમે 'સુંદરકાંડ'નું શરણ શોધીએ છીએ.

તે રાતે અશોકને અને ભાવનાને નચિંત સૂવાનું કહી, કીકીના રૂમમાં એની બેડ પાસે અમે દીવો પ્રકટાવીને રામાયણના 'સુંદરકાંડ'નું રટણ કરવા માંડ્યું. રમા વાંચે અને હું કીકીના માથે હાથ ઘસું. પછી હું વાંચું અને રમા હાથ ફેરવે. અમે ભગવાનમાં શ્રદ્ધા રાખી આખી રાત રામનામનું સ્મરણ કર્યું. મળસ્કે મેં રમાને પથારીમાં સૂવાનું કહ્યું અને હું એકલો કીકીના માથે હાથ ફેરવતો રહ્યો. રામનામ જપતો રહ્યો. મારી આંખ ક્યારે મીંચાઈ ગઈ તેની ખબર ન પડી.

સવારે આઠ વાગે, કોઈક મારા માથે હાથ ફેરવતું હતું. મેં જોયું તો કીકી મારી સામે જોઈને મને ઊઠાડવા પ્રયત્ન કરતી હતી. મારી અને એની આંખો મળી અને તે બોલીઃ'ગુડ મૉર્નિંગ, ડાડાજી', તેની આંખો હસતી હતી. મેં જોયું તો તાવ ઊતરી ગયો હતો.

ત્યાં ભાવના રૂમમાં પ્રવેશી તે બોલીઃ'અશોક, જો તો કીકી સરસ થઈ ગઈ ! જોયો, ડૉ. સ્મિથની દવાનો જાદુ !' ☐

બોધકથા

સતૂયુગ અને કલિયુગ સાથ-સાથમાં

મૂ.લે. સંત અમિતાભ — અનુ. રમેશ શાહ

પર્વતના શિખર પર બે મિત્રો બેઠા હતા. નામ પૂછતાં જણાયું કે એકનું નામ સતૂયુગ અને બીજાનું નામ કલિયુગ હતું.

નામ જાણતાં જ હું ચોંકી ઊઠ્યો. થયુંઃ બંને સાથે કેવી રીતે ? તમે બંને તો આપસમાં એકબીજાના વિરોધી છો ! સતૂયુગ હોય ત્યારે કલિયુગ નથી હોતો. કલિયુગ હોય ત્યારે સતૂયુગ નથી હોતો. હમણાં કલિયુગ ચાલે છે, સતૂયુગ નહીં.

તેઓ બંને એકસાથે બોલી ઊઠ્યા : 'અમારી અરસપરસમાં કોઈ વિરોધ નથી. અમે બંને સાથે હળીમળીને રહીએ છીએ. તમે જે યુગને સતૂયુગ કહેતા હતા ત્યારે પણ અમે બંને સાથે જ હતા, આજે પણ સાથે છીએ. સાથે રહેવામાં અમને કોઈ કષ્ટ નથી પડતું.'

મેં પૂછ્યુંઃ 'સહુ કહે છે કે અત્યારે કલિયુગ છે. આવું શાને કહે છે ?'

બંનેએ કહ્યુંઃ'એ તો બહાનું છે. બચાવ છે. સાચુકલા બની રહેવા માટે કોઈને પુરુષાર્થ કરવો નથી. અત્યારે કલિયુગ ચાલે છે, એમાં કોઈ વિશુદ્ધ અને પવિત્ર ન રહી શકે.' આવાં બહાનાબાજ લોકો માટે સદા કલિયુગ જ હોય છે. જે લોકો પવિત્ર રહેવા માટે પુરુષાર્થ કરતાં રહે છે એ લોકો બહાનાબાજ નથી હોતાં. એ લોકો માટે સદાયે સતૂયુગ જ હોય છે.

મેં કહ્યુંઃ'તમે બંને મળીને ઘોષણા કરો, અત્યારે સતૂયુગ પણ છે અને કલિયુગ પણ.' એમ કરવાથી લોકોની ભ્રમણા દૂર થશે અને પવિત્ર બનવા માટે ઉત્સાહ વધશે.'

તેઓ બોલ્યાઃ'એવી ઘોષણાની જરૂર નથી. પવિત્રતાની ચાહનાવાળા જાણે જ છે કે આ સતૂયુગ છે. અને એ સિવાયનાં બીજાંઓ પોતાની દૃઢ માન્યતા છોડે એ સમ્ભવ નથી.'

મેં કહ્યુંઃ'ચાલો ! સારું થયું. તમારા બંનેની મુલાકાતથી એટલું સ્પષ્ટ થયું કે સતૂયુગ અને કલિયુગ સાથેસાથે જ હોય છે. આ સારું થયું.'

જીવનનો ઉદ્‌ભવ

(એક વૈજ્ઞાનિક સર્વેક્ષણ)

૧. પૃથ્વી ઉપર જીવનનો ઉદ્‌ભવ

- ડૉ. જે. પી. ત્રિવેદી

જીવનના બંધારણીય ઘટકો પ્રોટીન્સ છે. મોટા ભાગના જીવોનાં પેશી/સ્નાયુઓ પ્રોટીન-આધારિત હોય છે. ઉત્સેચકો વિશિષ્ટ પ્રકારના પ્રોટીન છે, જે જીવનને ટકાવી રાખવા મધ્યવર્તી ભાગ ભજવે છે. આને કારણે જીવંત પ્રાણીઓ દ્વારા ભાગ ભજવ્યા વિના જીવનના રાસાયણિક ઉદ્‌ભવ માટેના કારણભૂત પ્રોટીન કેવી રીતે બને છે તે સમજવાના પ્રયત્નો થયા. પ્રોટીન સિવાયના એવા કેટલાયે અણુઓ પણ છે જેના વિના જીવન પાંગરી શકે નહિ; ડી.એન.એ. આવો એક જૈવ-અણુ છે.

પ્રોટીનના પ્રાથમિક બંધારણીય ઘટકો એમીનો-ઍસિડ છે. એમીનો ઍસિડ એકબીજા સાથે પેપ્ટાઇડ બંધ દ્વારા જોડાઈને પ્રોટીન બનાવે છે. આમ, નિર્જીવ પૃથ્વી ઉપર પ્રોટીન કેવી રીતે બન્યાં તે સમજવા પ્રથમ એમીનો ઍસિડ કેવી રીતે બન્યા હશે તે સમજવું જોઈએ. પ્રોટીનનાં બંધારણ ખૂબ જ જટિલ હોવા છતાં એમીનો ઍસિડ તો નાના કાર્બનિક અણુઓ છે અને જીવંત પ્રાણીઓમાં તો માત્ર ૨૦ જુદા જુદા પ્રકારના એમીનો ઍસિડ હોય છે.

જીવાવશેષ (fossils)નાં રેકર્ડ સૂચવે છે કે પૃથ્વી ઉપર જીવન લગભગ ૩૫૦ કરોડ વર્ષો અગાઉ શરૂ થયું. પૃથ્વીનો ગ્રહ આશરે ૧ અબજ વર્ષો અગાઉ બન્યો. પ્રાચીન ખડકોના અભ્યાસ ઉપરથી રશિયન જીવવિજ્ઞાની ઍલેક્ઝાન્ડર ઑપારિન એવા નિષ્કર્ષ ઉપર આવેલા કે એમીનો ઍસિડનાં મૂળભૂત તત્ત્વો કાર્બન, હાઇડ્રોજન, ઑક્સિજન તથા નાઇટ્રોજન આજે વાતાવરણમાં છે તેના કરતાં અતિપ્રાચીન યુગથી પૃથ્વી ઉપર જુદા જ આણ્વિય સ્વરૂપમાં હતાં. દા.ત. નાઇટ્રોજન જે અત્યારે વાતાવરણમાં વિપુલ પ્રમાણમાં આણ્વિય તરીકે રહેલો છે તે આદિકાળમાં એમોનિયા (NH_3) સ્વરૂપમાં હતો. વાતાવરણમાંનો કાર્બન મુખ્યત્વે મિથેન (CH_4) તરીકે હતો જે આજે કાર્બન ડાયોક્સાઇડ (CO_2) સ્વરૂપે વિપુલ માત્રામાં છે. ઑપારિને સૂચવ્યું કે, સાદા કાર્બનિક,, અણુઓ મિથેન, ઍમોનિયા, હાઇડ્રોજન તથા જળબાષ્પ સ્વરૂપે આદિ વાતાવરણમાં હશે જે વીજળીનાં તોફાનો, સૂર્ય તરફથી આવતાં પારજાંબલી (UV) કિરણો વગેરે ઊર્જાના સ્રોત દ્વારા સર્જાયાં હશે. લગભગ આ પ્રકારની સમજૂતી બ્રિટિશ જીવવિજ્ઞાની જે.બી.એસ. હાલ્ડેન પણ આપે છે. આ જીવનનો કથિત (putative) ઉદ્‌ભવ વાતાવરણમાંના કાર્બનિક પદાર્થોના સંશ્લેષણ દ્વારા થયો, જે છેવટે મહાસાગરોમાં એક પ્રકારના આદિકાલિક સૂપ (primordial soup)તરીકે વિકસ્યો. આને ઑપારિન-હાલ્ડેન સીનેરીઓ (દૃશ્યપટ, તખ્તો) કહે છે.

૧૯૫૦માં અમેરિકન રસાયણજ્ઞ હેરોલ્ડ યુરે તથા સ્ટેન્લી મિલર દ્વારા શિકાગો વિશ્વવિદ્યાલયમાં એક કાચના ઉપકરણમાં મિથેન, ઍમોનિયા, જળબાષ્પ તથા હાઇડ્રોજનનાં મિશ્રણને વારંવાર વીજવિભાર આપી, ઉપકરણ ઠંડું પાડી, તેમાં સંઘનિત થયેલા પાણીમાં ગ્લાયસીન (glycine) તથા ઍલૅનાઇન (alanine)જેવા સાદા એમીનો ઍસિડ સારા પ્રમાણમાં મેળવવામાં આવ્યાં. આ પ્રકારના સનસનીખેજ પ્રયોગો દ્વારા તેઓએ સાબિત કર્યું કે જીવનને શરૂ થવા માટે આવશ્યક કાર્બનિક અણુઓ આદિકાળમાં વીજ-ઝંઝાવાતો, જ્વાળામુખીઓ, ગરમી, પારજાંબલી પ્રકાશ વગેરે દ્વારા બન્યાં હશે. આ સમજૂતી અંગે હાલમાં ઠીક ઠીક શંકાઓ ઊઠી છે.

ઉપર દર્શાવેલા વાતાવરણમાં તો કાર્બનિક અણુઓ નષ્ટ થઈ જાય. આથી એક અન્ય સૂચન મુજબ સમુદ્રમાં ખૂબ ઊંડાઈએ જો આ એમીનો ઍસિડ બન્યાં હોય તો ગ્રહની સપાટી ઉપરનાં ઘાતક પરિબળોથી તેને રક્ષણ મળી રહ્યું હોય. ૧૯૭૦માં સ્વયંસંચાલિત અનુગભીર (bathymetric) સાધનને પૅસિફિક મહાસાગરના તળિયે ઉતારી અભ્યાસ કરતાં શોધાયું કે ત્યાં ગરમ ઝરાઓ હતા, જેમાંથી ખૂબ ઊંચા તાપમાને પાણી બહાર ફેંકાતું જેનું તાપમાન કેટલીક વાર તો ૩૩૦° સે.થી પણ વધુ હતું. [આટલી ઊંડાઈએ ખૂબ દબાણને લીધે પાણી પ્રવાહી સ્વરૂપે રહે છે.] આ ઝરાઓ જેને ઉષ્ણજલીય મુખદ્વાર (hydrothermal vent) કહે છે. તેમાં મહાસાગરનું પાણી પૃથ્વીના પેટાળમાં રહેલી તિરાડો તથા છિદ્રો દ્વારા ઊતરી ગયું હશે, જે પૃથ્વીમાં રહેલા મેગ્મા (ભૂરસ) દ્વારા ગરમ થઈને પેટાળમાંથી દબાણ હેઠળ પાછું ઉપર આવતું હશે. આવાં મુખદ્વારો જ્વાળામુખીની પ્રવૃત્તિ જ્યાં વધારે હોય ત્યાં સામાન્યતઃ જોવા મળે છે. દા.ત. મધ્ય-મહાસાગરીય ડુંગરધાર મુખદ્વારમાંથી બહાર આવતું પાણી ખનિજોથી ભરપૂર હોય છે. તે ધૂંધળું તથા અપારદર્શક ધુમાડા જેવું તેમાં રહેલા નાના નાના ખનિજ કણોની ભરપૂરતાને લીધે દેખાય છે. ૧૯૯૦માં શૉક દ્વારા સૂચવાયું કે એમીનો ઍસિડ તથા અન્ય કાર્બનિક અણુઓ મુખદ્વાર-પ્રણાલિમાં સંશ્લેષણ પામ્યાં હશે. ૧૯૯૪માં માર્શલે મુખદ્વાર પરિસ્થિતિને કૃત્રિમ રીતે બનાવીને એમીનો ઍસિડનું સંશ્લેપણ કરી બનાવ્યું.

નાસાના મેરિલૅન્ડમાંના ગોડાર્ડ સ્પેસ ફ્લાઇટ સેન્ટરના

જ્હોન કૉર્લિસ તથા સાથીઓએ આવાં ઉષ્માજલીય મુખદ્વારો શોધી કાઢ્યાં છે; આ મુખદ્વાર-ચીમનીઓ, છીપ, દરિયાઈ કૃમિઓ, જીવાણુ જેવાં અનેક જીવોથી ભરચક હતી. આ જીવો તેમનું પોષણ તથા ઊર્જા મુખદ્વારમાંથી નીકળતા જ્વાળામુખીય વાતાવરણમાં રહેલા સલ્ફરયુક્ત પદાર્થોમાંથી મેળવતાં હોય છે. આ ખૂબ જ આદિ વર્ગનાં (આદ્યજીવાણુનાં) પ્રતિનિધિ છે જે ઊંચા તાપમાનવાળા વાતાવરણમાં પણ સુગમતાથી રહી શકે છે તથા તેમને ઑક્સિજનની આવશ્યકતા હોતી નથી. (આદિ જીવો માટે ઑક્સિજનની આવશ્યકતા નહોતી તે સૂચક છે.) કૉર્લિસે સૂચવ્યું કે જીવન શરૂ થવા માટે આ આદર્શ સ્થાન હોવું જોઈએ. મુખદ્વારમાંથી નીકળતા બહિઃસ્રાવી વાયુઓ સાથે જ્વાળામુખીય વાયુઓ મિશ્ર થતાં તેમાં H_2, N_2, H_2S, CO તથા CO_2 જેવા સાદા રાસાયણિક પદાર્થો દ્વારા સંકીર્ણ કાર્બનિક પદાર્થો બની શકે. અહીં ઊર્જાના સ્રોત તરીકે મુખદ્વારમાંનું ઉષ્ણ પાણી પ્રાક્જૈવિક રસાયણ માટે ચાલક બળ તરીકે વર્તે છે. ખનિજ સ્વરૂપમાં વિપુલ માત્રામાં પોષક દ્રવ્યો પ્રાક્જીવોને પોષીને ટકાવી શકે. (અહીં યાદ રહે કે આજે પણ દરિયાઈ સૂક્ષ્મજીવો માટે અકાર્બનિક પોષક દ્રવ્યો અગત્યનાં ઘટકો છે.) જો આ દ્રવ્યો મુખદ્વારની અંદરના ભાગમાં રહ્યાં હોય તો કૉર્લિસના સૂચન મુજબ તેઓ પૃથ્વીની શિશુઅવસ્થામાંના કુદરતી ભીષણ ઉત્પાતો સામે રક્ષણ મેળવી શક્યાં હશે.

ગ્લાસગો વિશ્વવિદ્યાલયના ભૂસ્તરશાસ્ત્રીઓ અનુસાર લઘુ-મુખદ્વારો લોહમાક્ષિકનાં બનેલાં હોય છે અને તેમાંથી નીકળતાં પાણીનું તાપમાન ૧૫૦° સે.થી ઓછું હોય છે. આવાં લઘુમુખદ્વારો દરિયાના તળિયે બની શકે. તેનું રાસાયણિક વાતાવરણ સાદા કાર્બનિક અણુઓ બનાવવા માટે તથા એકબીજા સાથે જોડાવા માટે આદર્શરૂપ હોય છે. આમ, ઉષ્ણજલીય મુખદ્વારનો સીનેરીઓ આપણી કલ્પનાશક્તિ ઉત્તેજી રહે છે. આ અંગે વિસ્તૃત માહિતીનો અભાવ છે. જો કે ૨૦૦૦માં બિર્ગર રાસમુસેને રિપોર્ટ કર્યો છે કે ઑસ્ટ્રેલિયામાંના ૩.૨૫ અબજ વર્ષ જૂના જ્વાળામુખીમાંથી મેળવેલાં મોટાં ભારે સલ્ફાઇડ્સ સંચિતોમાં જીવાણુ જીવાવશેષ મળી આવ્યા છે. ગ્લાસગો વિશ્વવિદ્યાલયના કેર્ન્સ-સ્મિથ ઉપર દર્શાવેલ રાસાયણિક પરિકલ્પનાના આગેવાન પુરસ્કર્તા છે. તેઓ સૂચવે છે કે સૌપ્રથમ સ્વ-ગુણન પામતો જીવ કાર્બનિક અણુઓમાંથી ન બન્યો હોય પણ અકાર્બનિક સ્ફટિકોનો બનેલો હશે. ડી.એન.એ.નું દ્વિગુણન જે સિદ્ધાંત મુજબ થાય છે તેને મળતું આ સૂચન છે. કેર્ન્સ-સ્મિથ મુજબ સ્ફટિકો બીબાં (template) વડે સીધાં જ બનતાં જાય છે અને સ્ફટિકની બાજુઓ તેની ઉપર નવા સ્તરો બનવા માટે દિશાસૂચક માળખું પૂરું પાડે છે. તે મુજબ સ્વ-ગુણન પામતી મૃદ દ્વારા જીવન શરૂ થયું હશે. જર્મન વિજ્ઞાની ગુન્ટર વાખ્તરહાઉઝર આ સૂચનને અનુમોદન આપે છે. મોટા ભાગની જૈવરાસાયણિક પ્રક્રિયાઓમાં ઊર્જાનો પર્યાય ઇલેક્ટ્રૉન્સ છે. પ્રક્રિયાઓને એવા ઉત્સેચકોથી મદદ મળી રહે છે જે ઇલેક્ટ્રૉન્સ આપી શકતા હોય અથવા પ્રક્રિયકોમાંથી તેમને નિષ્કર્ષ કરી શકતાં હોય. વાખ્તરહાઉઝર લોહમાક્ષિકનું ઉદાહરણ આપે છે જેમાં FeS_2 ઇલેક્ટ્રૉનનો પ્રભાવી સ્રોત છે. આ સંયોજન લઘુમુખદ્વારનું ઘટક છે. લોહમાક્ષિક એક પ્રકારની બૅટરી માફક વર્તીને પ્રાક્કોષીય જીવોના ચયાપચયને ચાલક બળ પૂરું પાડતાં હશે. પ્રાક્કોષીય જીવોના કાર્બનિક અણુઓના બનેલા સ્તરો ખનિજની ધનવીજભારીય સપાટી સાથે જોડાયેલાં રહે છે. લોહ તથા તેનો અન્ય મુખ્ય સલ્ફાઇડ FeS આ ચયાપચયીઓ દ્વારા પ્રચ્છાદિત થઈને FeS_2માં પરિણમે છે, જેના પરિણામે ઇલેક્ટ્રૉન મુક્ત બને છે અને જીવોની ચયાપચય વિધિમાં વપરાય છે. જો વાખ્તરહાઉઝરે સૂચવેલા સપાટી ઉપરના ચયાપચયીઓ ખનિજની સપાટીથી છૂટા પડી મુક્ત બનતાં હોય અને તેમનાં કાર્બનિક ઝિલ્લીદાર સંરક્ષી કવચને બંધ કરી દઈને તેની ઉપર ખોળ (sac) બનાવી દે જેમાં લોહમાક્ષિકના નાના કણો અંદર કેદ થઈ જાય તો આવી પરિસ્થિતિ એક કાચો (અપરિષ્કૃત) કુદરતી પ્રકારનો જીવપ્રાક્કોષ - બનાવી શકે જેને તેની પોતાની જ બૅટરીઓ હોય.

સૌથી પુરાણા જાણીતા જીવો ઑસ્ટ્રેલિયાના જળકૃત ખડકોમાંથી (૩૬૦ કરોડ વર્ષ અગાઉનાં) મળ્યાં છે જેમાં અનેક કાર્બનિક પદાર્થો હતા. પ્રકાશવિશ્લેષણની વિધિઓ વિકસતી જવાના પરિણામે મહાસાગરમાં ઑક્સિજન બનતો ગયો. આ જીવો દ્વારા બનેલો ઑક્સિજન ૧૦ કરોડ વર્ષો સુધી મહાસાગરોમાં રહેલા લોહતત્ત્વ સાથે પ્રક્રિયા કરીને આજે મળી આવતાં લોહસંચિતોમાં ફેરવાયો. આમ, જ્યારે મહાસાગરોમાં આયર્ન ઑક્સાઇડ (કાટ) ખૂબ વધ્યો ત્યારે વધારાનો ઑક્સિજન વાતાવરણમાં ભળવા માંડ્યો; ઑક્સિજનની હાજરીથી સમુદ્રના કેટલાયે આદિ જીવોને તેમના ફરતે સંરક્ષી કવચ બનાવવાં પડ્યાં અને જે કોષો ઑક્સિજનયુક્ત વાતાવરણ સહી શકે તેવાં બનાવવાનાં પ્રક્રમો શરૂ થઈ ગયા. (ક્રમશઃ)

કચ્છમાં જૈનધર્મ અને કચ્છ મ્યૂઝીઅમનો જૈનસંગ્રહ

નરેશ અંતાણી

ભારતીય સંસ્કૃતિના પુરાતત્ત્વ, ,સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્યના વિકાસમાં કચ્છનું પ્રદાન અદકેરું છે. આપણા અતીતની ગવાહી આપતાં અનેક પ્રમાણો કચ્છમાંથી ઠેરઠેર પ્રાપ્ત થાય છે. ઇતિહાસનાં પાનાં વાંચતાં જાણવા મળે છે કે, હંમેશ યાયાવર ટોળાંઓ અને નિર્વાસિતોએ કચ્છને પોતાનું આશ્રયસ્થાન બનાવ્યું છે. છેક પ્રાગૈતિહાસિક કાળથી અર્વાચીન કાળ સુધી આ પ્રક્રિયા ચાલુ રહેવા પામી છે, જેને કારણે કચ્છ-પ્રદેશમાં એક અનોખી સંસ્કૃતિનું નિર્માણ થયેલું જોવા મળે છે. કેટલીય સંસ્કૃતિઓનો સુમેળ કચ્છમાં થયેલો છે. કચ્છમાં પણિઓ, અંધકો, ભોજો, નાગો, મૌર્ય, ક્ષત્રપો, આભીરો, સેન્દ્રકો, ચાવડાઓ, સોલંકીઓ અને છેલ્લે સમાવંશના જાડેજાઓએ રાજ કર્યું છે. આ જ કારણે કચ્છમાં અનેક જાતિઓ, જનજાતિઓ આવીને વસી છે. અનેક ધર્મ અને સંપ્રદાયો માટે કચ્છમાં સાનુકૂળ વાતાવરણ રહેલું છે.

જૈનધર્મનો પણ આવાં જ કારણોસર અને સાનુકૂળ વાતાવરણને કારણે કચ્છમાં વિકાસ અને પ્રસાર થયો છે. જૈનો અને કચ્છનો સંદર્ભ તપાસતાં જૈન આગમોમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે તે પ્રમાણે જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં ભરત ચક્રવર્તી દિગ્વિજયના વર્ણનમાં કચ્છનો નિર્દેશ છે. વળી, આવશ્યક સૂત્ર પરના સુર્ણમાં લખ્યા મુજબ કચ્છ અને કાઠિયાવાડના અભીરાજ જે આજે આહીરરાજ તરીકે ઓળખાય છે તેઓ જૈન પરિપાટીના હતા તેવો ઉલ્લેખ છે. ઈ.સ.ના પહેલા સૈકામાં વીરનિર્વાણ પછીનાં ૫૦૦ વર્ષ બાદ પ્લીની નામે ગ્રીક પ્રવાસીએ તેના ભારત-પ્રવાસનાં વર્ણનોમાં કચ્છને 'આભીરિયા' તરીકે વર્ણવેલ છે. તો ગુજરાતના સર્વપ્રથમ આભીરરાજ ઈશ્વરદેવના નામનો શિલાલેખ પણ કચ્છમાંથી પ્રાપ્ત થયો છે, જે સૂચવે છે કે ક્ષત્રપકાળમાં આભીરોનું આધિપત્ય હતું.

કચ્છના પ્રસિદ્ધ જૈન તીર્થધામ ભદ્રેશ્વર અને ભદ્રાવતી નગરી સંદર્ભે પ્રાચીન ધર્મકથાઓ તો કચ્છમાં ૨૪મા તીર્થંકર મહાવીરના સમયથી હોવાનું જૈનો સૂચવે છે.

આમ, કચ્છ પ્રદેશમાં જૈનોની વસતી પુરાતનકાળથી હોવાના નિર્દેશો મળે છે અને જૈનધર્મ પ્રત્યેની આસ્થાના રાજ-વહીવટનાં ઉદાહરણો પણ મળે છે. કચ્છમાં જૈનધર્મ ખાસ કરીને માંડવી, મુંદ્રા, ભચાઉ, રાપર, ભુજ અને અબડાસા તાલુકામાં વિશેષ કરીને પ્રસાર પામ્યો છે.

કચ્છમાં જૈનધર્મ અને જૈનસંઘે તીર્થંકરના ધર્મસંદેશને ફેલાવવા માટે પ્રયત્ન કરેલ છે. સમભાવનાના પ્રતીક ભગવાન તીર્થંકરના વિતરાગપણાની ભાવનાની સ્મૃતિને જનસમાજમાં જીવંત રાખવા માટે કચ્છમાં જિનેશ્વરનાં મંદિરો અને તીર્થોની પ્રતિષ્ઠા કરાઈ છે. જૈનધર્મની વિશેષતા એ રહી છે કે એ તપસ્યા-મય પંથ હોવા છતાં 'શુષ્ક પંથ' નથી. આ પંથે જીવનનાં વિવિધ પાસાંઓને સમૃદ્ધ કરવાનો ઉદાત્ત પ્રયત્ન કર્યો છે. આ વિવિધ પાસાંઓમાં ખાસ કરીને જિનાલયો અને સ્થાનકોએ બહુજન સમાજનું ધ્યાન ખેંચ્યું છે, વિશ્વનાં કળાપ્રેમીઓને આકર્ષિત કર્યાં છે. જૈન સ્થાનકોમાં પવિત્રતા સાથે અદ્ભુત કળાનો સમન્વય થયો છે. જ્યાં જ્યાં જૈનસમાજ સ્થિર થયો છે ત્યાં ત્યાં ઉપાસનાની આસપાસ કળા વણાયેલી જોવા મળે છે. જિનાલયો મુલાકાત લેવાનાં સ્થાન બન્યાં છે. આમ, કચ્છની ધરતી પણ જિનાલયો અને તીર્થોથી સુશોભિત અને ગૌરવશાળી બની છે.

કચ્છમાં ભદ્રેશ્વર વસઈ તીર્થ, જૈનતીર્થ, જૈનસમાજમાં નાની પંચતીર્થી તરીકે ઓળખાતાં મુંદ્રા, ભુજપુર, નાની તથા મોટી ખાખર, બિદડા આશ્રમ તથા માંડવી આશ્રમનાં જિન મંદિરો, મોટી પંચતીર્થી તરીકે જાણીતા સુથરી, કોઠારા, નલિયા, જખૌ અને તેરાના આલીશાન જિનપ્રાસાદો, કટારિયા તીર્થ સહિત બીજાં કેટલાંય જિનાલયો, કચ્છનાં નાનાંમોટાં નગરોમાં બંધાયેલાં દોઢસો જેટલાં જિનમંદિરો, પોશાળો, ધર્મસ્થાનકો, ઉપાશ્રયો અને જ્ઞાન શાળાઓ અને જ્ઞાનભંડારો કચ્છમાં જૈનધર્મની ધર્મ-પરાયણતાનું સુભગ દર્શન કરાવે છે.

કચ્છમાં જૈનધર્મની પ્રાચીનતા દર્શાવતાં અનેક પ્રમાણો અને જૈનધર્મનાં સિદ્ધાંતો, નીતિરીતિ દર્શાવતા અનેક ધાર્મિક ગ્રંથો ધરાવતા જ્ઞાનભંડારો પણ આવેલા છે. માંડવીમાં કેટલાય હસ્તલિખિત જ્ઞાન-ભંડારો વિદ્યમાન છે. કોડયનો હસ્તલિખિત ભંડાર તો તાડપત્રીય અને બીજા પત્રો માટે જાણીતો છે. કચ્છમાં ભૂજ વગેરે શહેરોમાં પણ જૈનધર્મના જ્ઞાન-ભંડારો છે. બિદડાના આશ્રમમાં છાપેલાં



જૈન તીર્થંકર પાર્શ્વનાથ

પુસ્તકોનો સમૃદ્ધ સંગ્રહ ખૂબ જ સારી રીતે સચવાઈ રહેલો છે. આ બધા જ્ઞાનભંડારોને સુરક્ષિત કરાવી વિદ્વાનો અને સંશોધકો તેનો મહત્તમ લાભ લઈ શકે તેવું આયોજન જૈન મહાજનોએ કરવાની જરૂર છે. જો આમ થાય તો કેટલુંય અપ્રકટ બહાર લાવી શકાશે.

જૈનધર્મના પ્રાપ્ત ગ્રંથો, હસ્તપ્રતો અને કળામય મૂર્તિઓનું એક સમૃદ્ધ સંગ્રહાલય પાલીતાણામાં છે. તો જૈન ધર્મને લગતા સંગ્રહો રાજ્યનાં મોટાં સંગ્રહાલયોમાં છે તે જ રીતે રાજ્યના સૌથી પ્રાચીન ભુજના કચ્છ-સંગ્રહાલયમાં પણ હસ્તપ્રતો, મૂર્તિઓ તથા અનેક નમૂનાઓ વગેરે સુંદર રીતે સચવાયેલાં છે. તાજેતરમાં ધરતીકંપમાં કચ્છ-સંગ્રહાલયને પણ વ્યાપક નુકસાન થયું હોવા છતાં તેના તમામ નમૂનાઓ સુરક્ષિત છે. કચ્છ-સંગ્રહાલયમાં જૈન-ધર્મને લગતા જે વિવિધ નમૂનાઓ છે તેમાં કળામય જૈન તીર્થંકરની મૂર્તિઓ, હસ્તપ્રતો, કાગળચિત્રો તથા અન્ય કાષ્ઠના નમૂનાઓનો સમાવેશ થાય છે.

આગળ જણાવાયું છે તેમ આભીરરાજ જૈન પરિપાટીનો રાજા હતો તે આભીરરાજનો ગુજરાતનો સર્વપ્રથમ સ્તંભ શિલાલેખ કચ્છના લખપત તાલુકાના દોલતપર ગામેથી ઈ.સ. ૧૯૬૭માં મળ્યો છે. થાંભલા જેવી ઊંચી શિલા પર કોતરવામાં આવેલ આ શિલાલેખમાં રાજા ઈશ્વરદેવનું નામ વાંચી શકાય છે. આ લેખ બીજી-ત્રીજી સદીનો છે, જે સૂચવે છે કે ક્ષત્રપકાળમાં આભીરોનું અસ્તિત્વ હતું. ડૉ. રસેશ જમીનદારનું માનવું છે કે, પશ્ચિમ ક્ષત્રપોના શાસનકાળમાં આભીરો વહીવટમાં ચાવીરૂપ ભૂમિકા ભજવતા હોવા જોઈએ. કચ્છ સંગ્રહાલયમાં સંગૃહીત આ લેખ સંગ્રહાલયના જૈનસંગ્રહોમાં સૌથી જૂનો સંગ્રહ છે.

કુલ ૨૪ તીર્થંકરોમાં પહેલા ઋષભદેવ અને છેલ્લા મહાવીર સ્વામીને માનવામાં આવે છે. આમાંના છેલ્લા બે ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ અને ચોવીસમા મહાવીર સ્વામી ઐતિહાસિક દૃષ્ટિએ અસંદિગ્ધ છે. તમામ તીર્થંકરોની પ્રતિમા એકસરખી લાગે પણ તીર્થંકરના બેસવાના આસનના કિનારાના અગ્રભાગની કોતરણીના મધ્યભાગમાં રખાતા ચિહ્ન (પ્રતીક) જેને જૈનધર્મ લાંછન તરીકે ઓળખે છે તે પરથી તીર્થંકરની ઓળખ કરી શકાય છે.

કચ્છ-સંગ્રહાલયમાં પણ ૨૪મા તીર્થંકર મહાવીર સ્વામીની બે પ્રતિમાઓ આવેલી છે. પ્રતિમાની બેસણી ઉપર અગ્રભાગે મધ્યમાં સિંહનું ચિહ્ન કોતરેલું છે. જે ચિહ્ન ૨૪મા તીર્થંકર મહાવીર સ્વામીનું છે. એકસો વર્ષ જૂની આ પ્રતિમામાં કળા અને ભાવનાનું સુભગ મિલન જોવા મળે છે. પદ્માસનાસ્થ આ પ્રતિમાનાં વિશાળ નેત્રોમાં શાંતિનો ભાવ નીતરતો જોઈ શકાય છે; જ્યારે તેના લાંબા કાન જ્ઞાનના સૂચક છે.

બનાસકાંઠામાંથી જૈનધર્મની ઘણી પ્રતિમાઓ કચ્છ-સંગ્રહાલયમાં રાખવામાં આવી છે. અગાઉનાં વર્ષોમાં ઉત્તર ગુજરાત અને કચ્છ



સંગ્રહણી સૂત્ર (જૈન હસ્તપ્રત ૧૯મી સદી)


વિસ્તારમાં એક જ કચ્છ-સંગ્રહાલય અસ્તિત્વ ધરાવતું હોવાથી બનાસકાંઠામાંથી મળેલ પ્રતિમાઓ આ સંગ્રહાલયમાં પ્રદર્શિત કરવામાં આવી હતી. આ પ્રતિમાઓના શિર પર નાગશીર્ષ ફેણની છાયા ધરાવતી ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથની પ્રતિમા ઉપર શેષનાગનું પરિકર, બે મોટી ચામરધારિણીની મૂર્તિઓ સાથે આ સંગ્રહાલયના પટાંગણમાં પ્રદર્શિત કરાઈ છે. પાર્શ્વનાથનું પાદચિહ્ન નાગ છે. આ એક જ તીર્થંકર છે, જેના શિર પર નાગની ફેણની છત્રછાયાથી તે દૂરથી ઓળખી શકાય છે. બાકી બધા તીર્થંકરો તેની બેસણી પરના લાંછનની મદદથી જ ઓળખી શકાય છે. પાર્શ્વનાથની સંગ્રહાલયમાં રહેલી આ પ્રતિમા ૧૨-૧૩મી સદીની છે.

સંવત ૧૩૦૦(ઈ.સ.૧૨૪૪)નું સુવ્રત સ્વામીનું બિંબ, માનપુરા(પાલનપુર)થી પ્રાપ્ત ઋષભદેવ તીર્થંકરની મસ્તકવિહીન પ્રતિમા ૧૮મી સદીની છે, જે સંગ્રહાલયના સંગ્રહને સમૃદ્ધ બનાવે છે.

આ સિવાય સંવત ૧૩૦૪ની જૈન પટ્ટીકા સહિત ભૂજની રાજબાની વાવમાંથી મળેલા જૈનધર્મનાં શિલ્પો અને નાની પ્રતિમાઓ સંગ્રહાલયને શોભાયમાન બનાવે છે.

જૈન ચિત્રશૈલીઓમાં મુખ્યત્વે ધાર્મિક વિષય કેન્દ્રસ્થાને રહેલો જોવા મળે છે. આ ચિત્રો દોચશ્મી (સામી દિશાના, આંખોના ડોળા બહાર પડતા હોય તેવા) હોય છે. જૈનચિત્રણમાં છત્રવાળો ઘોડો મુખ્ય પ્રતીક છે, જેને શક્તિ તરીકે ચીતરવામાં આવે છે. આ ઉપરાંત મહાવીર સ્વામીનાં સ્વપ્નો, યક્ષ-યક્ષિણીઓ અને જંબુદ્વીપ જેવાં ચિત્રો જોવા મળે છે. જૈનોની પ્રખ્યાત ચિત્રપોથીમાં કલ્પસૂત્રનાં ચિત્રોનો સમાવેશ થાય છે, જેમાં ૧૬મીથી ૧૮મી સદીનાં કલ્પસૂત્રો ભારે મૂલ્યવાન ગણાય છે. આજે પણ જૈન શ્રેષ્ઠીઓએ આવાં કલ્પસૂત્રોની નકલ કરાવતાં રહીને આ કલાને જાળવી છે.

કચ્છ-સંગ્રહાલયમાં પણ ૧૭મી સદીથી ૧૯મી સદી સુધીનાં આવાં જૈનચિત્રો, હસ્તપ્રતો, ચિત્રપોથી રાગમાળામાંનાં ચિત્રો આવેલાં છે, જે બહુરંગી જૈન શૈલીનાં ચિત્રો સુંદર અને મરોડદાર અક્ષરોથી દેદીપ્યમાન લાગે છે. વિ.સં. ૧૬૯૭ની સંગ્રહણી સૂત્ર હસ્તપ્રત, કટારિયા - કચ્છમાં લખાયેલી સુબોધ નામની પત્રી હસ્તપ્રત અને ૧૯મી સદીની સંગ્રહણી-સૂત્ર જોવાલાયક છે. આ ઉપરાંત અંજારમાંથી પ્રાપ્ત થયેલાં વિવિધ જૈનચિત્રોમાં પાર્શ્વનાથ પરની સર્પફેણને કેળના પાન જેવી વિશિષ્ટ રીતે



પૂજા-અર્ચના માટેનો દાબડો (અઢારમી સદી)

દર્શાવાઈ છે તે ચિત્ર અને આવાં બીજાં અનેક ચિત્રોથી કચ્છ સંગ્રહાલયનો જૈનચિત્રસંગ્રહ સમૃદ્ધ છે.

આપણે ત્યાં સૂર્યદર્શન વિના પાણી પણ નહીં પીવાની ટેક રાખનારી વ્યક્તિઓ જોવા મળે છે. આજે પણ ઘણા શૈવપંથીઓ, જૈનો, સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તજનો, વૈષ્ણવપંથીઓ અને અન્ય ધર્મો કે સંપ્રદાયના અનુયાયીઓમાં આવી ટેક પાળનારા જોવા મળે છે. જૈનધર્મના આવી ટેકવાળા માટે ઉપયોગી આવો જ એક પિત્તળનો ગોળાકાર ડબ્બો કચ્છ સંગ્રહાલયમાં છે. રાજસ્થાની શૈલીથી 'પંચ પરમેષ્ઠિ દર્શન'ને કલાત્મક ઢબે ચિત્રાંકિત કરતો આ દાબડો ૧૮મી સદીનો છે, જે બહુરંગી જૈન ચિત્રકલાનો એક ઉત્તમ નમૂનો છે.

'પંચ પરમેષ્ઠિ દર્શન'માં અરિહંત ફરતે ચાર તસવીરો સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ વચ્ચે પાલી ભાષામાં ચાર સૂત્રો અંકિત કરાયાં છે. (૧) ઓમ હ્રીમ નમો દર્શન, (૨) ઓમ હ્રીમ નમો જ્ઞાન, (૩) ઓમ હ્રીમ નમો ચારિત્ર્ય અને (૪) ઓમ હ્રીમ નમો તપ.

આ 'પંચ પરમેષ્ઠિ દર્શન'માં આસ્થા અને ભાવનાની ઝાંખી થવા ઉપરાંત એ એક ઉત્કૃષ્ટ નમૂનો છે જેના રંગ આજે પણ આશરે બે સદી પછી તરોતાજા રહ્યા છે.



સમય જાણવાની રેતઘડી

સામાન્ય જન જેને 'રેતઘડી' તરીકે ઓળખે છે એ રેતઘડીનો ઉપયોગ જૈન લોકો સામાયિક કરવામાં કરે છે. આ રેતઘડીમાંની રેતીની પાંચ વખત ઊથલપાથલ થતાં એક સામાયિક જેટલો સમય લાગે છે. આ રેતઘડીનો ૧૨મી કે ૧૩મી સદીમાં યંત્રથી ચાલતાં ઘડિયાળોનો જમાનો શરૂ થયો તે પહેલાં સમય જાણવાના સાધન તરીકે પણ ઉપયોગ કરવામાં આવતો. આ રેતઘડીને લોકભાષામાં 'કલાકશીશી' તરીકે પણ ઓળખવામાં આવે છે. કચ્છ-સંગ્રહાલયમાં રહેલી આવી એક રેતઘડી ૧૨૫ વર્ષ જૂની છે. આ યંત્રમાંની રેતીને ઉપરથી નીચે સરકતાં બરાબર ૨૮ મિનિટ ૫૬ સેકંડનો સમય લાગે છે. આજે પણ જૈનપરિવારો આવા ઘટીકા યંત્રનો ઉપયોગ સામાયિક માટે કરી રહ્યાં છે.

ભારતીય તાર-ટપાલ વિભાગે ઈ.સ. ૧૯૭૮ના વર્ષમાં ટપાલટિકિટોની 'સંગ્રહાલય શૃંખલા' બહાર પાડી હતી. આ માટે ભારતનાં ચાર મહત્ત્વનાં સંગ્રહાલયો પર પસંદગી ઉતારવામાં આવી હતી. જેમાં દિલ્હી, હૈદરાબાદ, મદ્રાસ અને ભુજના કચ્છ-સંગ્રહાલયનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ટપાલટિકિટો માટે આ સંગ્રહાલયોમાંની શ્રેષ્ઠ કલાકૃતિઓની પસંદગી કરવામાં આવી હતી, જેમાં કચ્છ-સંગ્રહાલય, ભુજના પ્રખ્યાત સાત સૂંઢવાળા ઐરાવત હાથીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

લાકડાની કોતરણી અને કાષ્ઠકલા માટે પ્રખ્યાત માંડવીના તપગચ્છ જૈનદેરાસરમાંથી કચ્છ-સંગ્રહાલયમાં મૂકવામાં આવેલો ઐરાવત ૧૯મી સદીનો એકસો વર્ષથી પણ જૂનો છે. કચ્છ-સંગ્રહાલયનો કાષ્ઠકલાનો આ એક ઉત્તમ નમૂનો છે. ૧૬૫ સેન્ટિમીટર ઊંચી, ૧૧૦ સેન્ટિમીટર પહોળી અને ૫૦ સેન્ટિમીટર લાંબી આ કલાકૃતિની ટપાલટિકિટની સૌથી ઓછી ૨૫ પૈસાની કિંમત રાખવામાં આવી હતી. અને તેની છપાઈ અન્ય ત્રણ ટપાલટિકિટો કરતાં વધારે સંખ્યામાં - પચાસ લાખની - સંખ્યામાં કરવામાં આવી હતી. આમ, ઐરાવત હાથીએ કચ્છ સંગ્રહાલયને અને કચ્છના જૈનધર્મને દેશ-પરદેશમાં વ્યાપક નામના અપાવી હતી. આ ટપાલટિકિટોનાં ફોલ્ડર, ફર્સ્ટ ડે કવર, સ્પેશ્યલ કન્સેશન સિઝન કાર્ડ વગેરેમાં પણ ઐરાવતને સ્થાન આપવામાં આવ્યું હતું.

હિન્દુધર્મ પરંપરામાં પુરાણોમાં ઐરાવતને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. સમુદ્રમંથન દરમ્યાન મળેલાં ચૌદ રત્નોમાં ઐરાવત હાથીનો સમાવેશ થતો હતો. ધવલ એવા ઐરાવતને ઈન્દ્રદેવનું વાહન માનવામાં આવે છે.

હિન્દુધર્મ પરંપરાની ઘણી માન્યતાઓને થોડા ફેરફાર સાથે જૈનધર્મમાં વણી લેવામાં આવી છે તે મુજબ જૈનધર્મની એક કથામાં ઐરાવત ઉપર વિરાજમાન ઈન્દ્રદેવ તીર્થંકરની પૂજા કરવા જઈ રહ્યા છે. આમ, ઈન્દ્રદેવ ઐરાવત ઉપર વિરાજમાન થઈ જેની પૂજા કરવા જાય તેવા તીર્થંકરની મહત્તા કેટલી ઉચ્ચસ્તરે પહોંચી જાય છે તે દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ઐરાવતની પ્રત્યેક સૂંઢના છેડે એકએક દેરી છે, જેમાં જિન પ્રતિમાઓ વિરાજેલી છે.

આમ, જૈનધર્મની મહાનતા રજૂ કરતો કચ્છ મ્યૂઝીઅમનો જૈનસંગ્રહ કચ્છ-સંગ્રહાલયનું નજીકના ભવિષ્યમાં શરૂ થનાર પુનઃનિર્માણનું કાર્ય પૂર્ણ થયા પછી પુનઃ નિહાળવા મળશે. ❒

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

જર્મનીમાં ચાર દશ્યો સર્વત્ર જોવા મળે - ઑટોબાનની કારો, કિલ્લાઓ અને વાઈનયાર્ડ. ૧૮૭૦ પહેલાં જર્મની બે ડઝનથી વધુ સ્વતંત્ર રાજ્યોમાં વિભાજિત થયેલું હતું. આમાંનાં કેટલાંક રાજ્યો વર્ષો પર્યન્ત એકમેક સાથે લડતાં રહેતાં. એમના રાજાઓએ અને અમીરોએ ઊંચા ડુંગરો પર બંધાવેલા કિલ્લાઓ આજે પણ પ્રવાસ કરતાં જોવા મળે છે. પ્રશિયા અને સેક્સની જેવાં મોટાં રાજ્યોના રાજાઓએ બંધાવેલા કિલ્લાઓ અને મહેલો પ્રમાણમાં સારી હાલતમાં છે. થોડાં વર્ષ પહેલાં એક આંતરરાષ્ટ્રિય પરિષદમાં મારો શોધપત્ર રજૂ કરવા હું બર્લિન ગયો હતો. ત્યારે મારાં યજમાન એવાં એક જર્મની મહિલા પ્રોફેસર મને ત્યાંથી થોડા કલાકને અંતરે આવેલા પ્રશિયાનો રાજમહેલ બતાવવા લઈ ગયાં હતાં. થોડી ઊંચી જગાએ વિશાળ મહેલ તેના જર્મન સ્થાપત્ય સાથે અકબંધ રહ્યો છે. તેની આગળ, નીચેની ભૂમિ પર પ્રભાવશાળી બાગ, એની લૉન, છોડની વાડો, સુંદર ફૂલો અને મોટાં વૃક્ષો તથા ફુવારાઓથી પ્રવાસીઓ માટે ઐતિહાસિક અને સુંદર સ્થાપત્યરચના તરીકે આ મહેલ ધ્યાન ખેંચતો રહે છે. તો રૂહાઈન નદીની ક્રુઝ લેતાં નદીની બંને બાજુએ પ્રમાણમાં કિલ્લા જેવા મહેલો એક વખતની આ યુદ્ધશૉખીન પ્રજાની યાદ આપે તે રીતે દેખાય છે. કેટલાક મહેલોમાંથી છૂપા રસ્તે રૂહાઈન નદીમાંથી પાણી લેવા, કે જરૂર પડ્યે નદીમાર્ગે યુદ્ધકીય અવરજવર કરવાના માર્ગોની યાદ અપાવતાં 'પૉઈન્ટ' પણ જોવા માટે સચવાયાં છે. (ભારતમાં કેટલાંય મોટાં અને ઊંચા ધોધનાં રમ્ય સ્થળો છે, તેમજ અવનવાં સ્થાપત્ય અને ઇતિહાસનાં રંગદર્શી પાનાં જેવા કિલ્લાઓ છે. દેખાવ કે કદમાં બકિંગહામ પૅલેસ અને બ્રુસેલ્સ કે જર્મનીના રાજમહેલોને સાધારણ પુરવાર કરે કે ગૌણ બનાવી દે એવા મ્હૈસુર, વડોદરા, ઇન્દોર, પતિયાલા અને રાજસ્થાનના પ્રભાવશાળી રાજમહેલો છે, પણ એમની આસપાસ એ મહેલોને ઉઠાવ આપે તેવો વિશાળ ઉદ્યાન સહિતનો પરિવેશ સચવાયો કે વિકસાવાયો નથી. તેને કારણે પ્રવાસનને રળી આપે એવા ઉદ્યોગ તરીકે તેનો વિકાસ થયો નથી.)

એ દિવસની ઢળતી બપોરે અમે જર્મનીના દક્ષિણ ભાગ તરફ વનરાજીના પ્રદેશમાં પ્રવેશ્યા. ત્યાં ડુબા નામના સ્થળે થોભ્યા. અહીં વિશ્વવિખ્યાત કકૂ ક્લૉક બનાવનાર મૂળ ઉત્પાદન અને વેચાણકેન્દ્ર છે. કલાકે ક્લાકે જે તે ઘડિયાળમાંથી બહાર આવીને ક્લૉક પ્રમાણે પંખીનો મીઠો કલસ્વર સંભળાવે, તેની યાંત્રિક બનાવટની ત્યાં નિદર્શન દ્વારા સમજ અપાય છે. અહીંના દરેક ઘડિયાળની સત્તાવાર નિષ્ણાતો દ્વારા ચકાસણી થાય છે અને પછી તેના સર્ટિફિકેટ બાદ, દરેક ઘડિયાળ વેચાય છે. ઘડિયાળો ૪૦ થી ૮૦૦ ડૉલરની આસપાસની કિંમતમાં બે વર્ષની ગૅરન્ટી અને અમેરિકામાં એને રીપેર કરનારા એમના ચાર એજન્ટો પણ છે. વળી, ઘડિયાળોના મ્યૂઝીઅમ જેવી એ દુકાનમાં જોવા આવનાર કે લેનાર પ્રવાસીઓથી એ ભરેલી રહે છે. અમે રૂહાઈન ફૉલ્સથી અને અન્યત્ર દુકાનોમાં કેટલીક આવા જ દેખાવની 'કૂક ઘડિયાળો' તરીકે વેચાતી જોઈ, જે ડુબા કરતાં થોડી સસ્તી વેચાતી. પણ તેની ગૅરન્ટી નહોતી અપાતી. વળી, અમેરિકામાં તેને રીપેર કરવાની વ્યવસ્થા છે કે નહિ તે પૂછતાં તેમણે ખભા ઊંચક્યા. આમ, ભારતની જેમ અહીં પણ મૂળ, સત્તાવાર બનાવટનું અનુકરણ હોય પણ એટલી બધી ભરોસાપાત્ર નહિ હોય તેવી ચીજો વેચાય છે ખરી.

બ્લૅક ફૉરેસ્ટ

ડુબાથી થોડા જ સમયમાં અમે વિશ્વવિખ્યાત બ્લૅક ફૉરેસ્ટ પ્રદેશમાં પ્રવેશ્યા. ખૂબ ઊંચા અને છેક ઊંડે સુધી જતાં સઘન વન માઈલો સુધી પથરાયેલાં છે. ઊંચાં ઑક વૃક્ષોથી છવાયેલા ડુંગરો પર ૧૬૦ કિ.મી. પર્યન્ત આ કાળાં-ઘેરાં વનો વિસ્તરેલાં છે. તે એટલાં ગીચ કે તેમાં રાઈડિંગ કરવા માગતા માટે કોઈ કેડી નથી. અને કેડી હોય તો તેની ગીચતાને કારણે તેમાંથી તેઓ રસ્તો કાઢી શકે નહિ. એવી ઘેરાશ-છાયાને કારણે તેઓ બ્લૅક ફૉરેસ્ટ કહેવાય છે. છ-સાત વર્ષ પહેલાં જર્મનીમાં અતિઔદ્યોગિક વિકાસ અને ઑટોવાહનોને કારણે હવાનું એટલું બધું પ્રદૂષણ થયું હતું કે તેને કારણે વછૂટતા ગૅસની રાસાયણિક પ્રક્રિયાને લીધે વાદળોમાંથી પાણી સાથે 'ઍસિડ રેઈન' (તેજાબી વરસાદ) પડતો. તેને પરિણામે ત્યાંની જમીન વનસ્પતિના ઉગાડ માટે નકામી બનવા માંડી. ખુદ બ્લૅક ફૉરેસ્ટનાં વૃક્ષો ઍસિડવર્ષાને કારણે બળીને સુકાવા માંડ્યાં. પહેલાં ૧૯૯૪માં હું જર્મનીમાં હતો, ત્યારે પણ ઍસિડ રેઈનનો પ્રશ્ન હજુ વિકટ રહ્યો હતો, એવું જાણ્યું હતું. પણ હવે તો એની અસરથી તે તદ્દન મુક્ત લાગ્યું. વચ્ચે વચ્ચે ફૉરેસ્ટના કેટલાક ભાગમાં મોટાં ઊંચાં વૃક્ષો



રાજા લુડવીગ બીજાનો ફેરિટેલ કિલ્લો

નહોતાં, પણ નવાં નાનાં પાઇન-સીડાર-ઑક વગેરે ઉગાડાયેલાં તે ઠીક ઊંચાં આવી ગયાં હતાં. અમેરિકાના પાઇન કરતાં અહીંનાં પાઇન તેની ડાળીઓની રચના અને તીણાં સળિયાળાં પાનની રચનાને મુદ્દે જુદાં દેખાય છે. અને ઢળતી ડાળીઓના વળાંકને કારણે છત્રી આકારના છત્રાકાર (અમ્બ્રેલા પાઇન) તરીકે પણ ઓળખાય છે. અહીંનાં સીડાર વૃક્ષોની ઊંચી ગુણવત્તાને કારણે તેનું લાકડું યુરોપનાં મોટાં મકાનો અને ધનિકોના ઘરનાં બારીબારણાં તેમજ ફર્નિચરના રૂપે સોહે છે. સૂર્યપ્રકાશને પ્રવેશબંધી ફરમાવતા ગાઢ વનના પરિવેશ સાથે રચાયેલી હેન્સન અને ગ્રેટેલની જાણીતી બાળવાર્તા આ વનને ખયાલમાં રાખીને લખાયેલી.

વિરોધાભાસ - એક પ્રતીક

ત્યાંથી સ્વિત્ઝર્લેન્ડમાં પ્રવેશવાનું હતું. બ્લૅક ફૉરેસ્ટ અને સ્વિત્ઝર્લેન્ડ વચ્ચેના લગભગ એક કિલોમીટરનો માર્ગ વટાવતાં છએક ધોધ જોયા. કેટલાક ધોધ પાંચથી છ સ્તરેથી, એક પછી એક કૂદકા મારતા હોય તેવા પહાડી ઢોળાવ પરથી જોરથી પડતા હતા. કાશ્મીરમાં નિશાત બાગમાં કારીગરોએ આકારેલ હોજ અને ઊભા ઢળતા કાસ્કેડનું સંકુલ છે. આ કાસ્કેડો કુદરતી રીતે એકમેકથી જુદી ભાતમાં કોતરાયેલા છે, અને ઉપરના હોજમાંથી તેની નીચેના હોજમાં એક એક કાસ્કેડ પર થઈને પાણી નીચેના હોજમાં પડે છે; અને દરેક કાસ્કેડની ભાત પ્રમાણે ઉપરથી પડતાં પાણીની ધારા આકાર પકડે. જ્યારે અહીં કુદરતે બનાવેલ 'કાસ્કેડ' હતા. કોઈ ધોધ પાસે વાદળો પહાડના મોટા ભાગને ઢાંકી દેતાં હતાં. કાળમીંઢ પાષાણ, સરકતા શ્વેત જળપ્રપાત અને બાકીના ભાગમાં લીલી વૃક્ષરાજીના પટ્ટાઓ; તો ઉપર પહાડ, નીચે નદી. પવન, બરફથી, ધોધથી કતરાયેલા ભૂખરા પહાડો (કૅન્યોન), સઘન વનો, કે કોઈ જગાએ પથરાયેલાં લીલાં ખેતરો. આવાં વિવિધ કે વિરોધી પરિબળોનો સંવાદ શ્રાવ્ય જ નહિ, પરંતુ દૃશ્ય પણ બન્યો હતો. કદાચ વિરોધાભાસો વિશેના ખયાલો એ આપણી, માનવબુદ્ધિની નીપજ છે ? અને કુદરત સમક્ષ તત્ત્વતઃ વિરોધાભાસોનો વિચાર જ અપ્રસ્તુત બની જાય છે !

બ્લૅક ફૉરેસ્ટથી સ્વિત્ઝર્લેન્ડના પ્રવેશમાર્ગ પર દિશાસૂચક અને નગરસૂચક થાંભલીઓ પરના નિશાનપટ્ટાઓ સુશોભનયુક્ત હતા. આવા નિશાનસ્તંભો અને ઘરો પર નાની આકૃતિઓ, પક્ષી કે માનવીની પ્રતિમાઓ, કે બીજી રચનાઓ અને ફૂલગુચ્છો કંડારીને મુકાયાં હતાં.

આ બંને દેશો વચ્ચે એક લાંબી ટનલ આવે છે. ટનલનો થોડો ભાગ જર્મન, તો થોડો ભાગ સ્વીસ હકૂમત નીચે છે. ૨૫ મિનિટમાં ચાર ટનલ આવી. તેમાંની એક ટનલ ૫,૫૦૦ ફૂટ ઊંચે છે. ૧૭ કિ.મી. લાંબી આ ટનલ એ યુરોપની સૌથી લાંબી ટનલ છે. કોચમાં બેસીને તે પસાર કરતાં લગભગ ૨૨ મિનિટ લાગી.

(ક્રમશઃ)

લ ફોન્તેનની બોધકથા

અનુ. સાંકળચંદ પટેલ

રીંછ અને માળી

એક પહાડી રીંછ હતું. દુર્ભાગ્યવશ તે કોઈક એકાંત જંગલમાં પોતાનું જીવન પસાર કરી રહ્યું હતું. તે લપાતું-છુપાતું રહેતું હતું.તે પાગલ જેવું થઈ ગયું હતું. જે લોકો સમાજથી તિરસ્કૃત થાય છે, તેમની બુદ્ધિ નષ્ટ થઈ જાય છે.

બોલવું એ સારું છે અને ચૂપ રહેવું એ તો એના કરતાં પણ વધુ સારું છે. પરંતુ વધારે પડતું બોલવું અને વધારે પડતું ચૂપ રહેવું, એ સારું ગણાતું નથી.

રીંછ રહેતું હતું એ જગાએ બીજું કોઈ જનાવર આવતું નહોતું. એથી રીંછ એકાંતને લીધે પોતાના જીવનથી કંટાળી ગયું હતું.

એ જ દિવસોમાં રીંછની નજીકમાં જ એક વૃદ્ધ માળી રહેતો હતો. તે પણ પોતાના જીવનથી અકળાઈ ગયો હતો. વૃદ્ધ માળીને ફળ-ફૂલ બહુ ગમતાં હતાં. પરંતુ બાગનાં એ ફળ-ફૂલ તેની સાથે બોલી તો શકતાં ન હતાં. આથી મૂંગા સાથીદારોની સાથે રહેતાં-રહેતાં તે થાકી ગયો હતો.

એક દિવસે સવારમાં જ તે એકાદ મિત્રની શોધમાં ચાલી નીકળ્યો. એ જ સમયે રીંછ પણ માળીની જેમ વિચારીને પોતાની પહાડી જગામાંથી ચાલી નીકળ્યું હતું.

માળી અને રીંછ બેઉ એક જ રસ્તા ઉપર ચાલી રહ્યાં હતાં. એક બાજુથી માળી આવી રહ્યો હતો અને બીજી બાજુથી રીંછ આવી રહ્યું હતું. સંયોગથી બંને એક વળાંકે ભેગાં થઈ ગયાં. માળી ગભરાઈ ગયો. પરંતુ હવે તે ભાગે પણ શી રીતે ? તેને કાંઈ સૂઝતું નહોતું. આવી પડેલા ખતરામાંથી બચવા માટે તે પોતાનો ભય પ્રકટ કર્યા વગર ઊભો રહે, એ જ એકમાત્ર ઉપાય હતો. અને તેણે એમ જ કર્યું. રીંછ જબરું ચાટુકાર ગણાય છે. તેણે માળીને કહ્યું:'મારી પાસે આવો !'

જવાબમાં માળીએ કહ્યું:'માલિક, મારું ઘર સામે જ છે. તમે મારે ઘેર પધારીને મારું ગ્રામ્ય ભોજન કરશો તો મને અત્યંત આનંદ થશે. મારા ઘરમાં ફળ અને દૂધ હાજર છે. આવું ભોજન મારા માલિક રીંછ માટે સાધારણ ગણાય, એ હું જાણું છું. પરંતુ જે મારી પાસે છે તે જ હું આપી શકું છું.'

રીંછે માળીનું નિમંત્રણ સ્વીકારી લીધું. બંને ગાઢ મિત્રો બની ગયાં અને સાથે રહેવા લાગ્યાં.

અનુભવીઓ કહે છેઃ 'અનાડીઓની સાથે મિત્રતા કરીને રહેવું એના કરતાં એકલા રહેવું એ સારું છે.'

રીંછ આખા દિવસમાં બે શબ્દ પણ બોલતું નહોતું. તેથી માળી ચૂપચાપ પોતાના કામે જઈ શકતો હતો. રીંછ પણ શિકાર કરવા જતું હતું અને શિકાર લઈને પાછું આવતું હતું. પરંતુ સૂઈ રહેલા માળીના મોં પરથી માખીઓને ઉડાડવી, એ રીંછનું મુખ્ય કામ હતું.

ફિલ્માકાશ-૩૨

૧૯૩૭માં ફિલ્મનિર્માણમાં ગુજરાતીઓનું પ્રદાન કેટલું ? કેવું ?

— રજનીકુમાર પંડ્યા —

૧૯૩૭માં બૉમ્બે ટોકીઝની બીજી બે ફિલ્મો આવી એમાં એક તો તેનું નામ સૂચવે છે તેમ 'પ્રેમકહાની' જ હતી. પ્રણયની વાતો આમ તો સર્વસામાન્ય અને સર્વમાન્ય વિષય જ કહેવાય, પણ તેને જો કોઈ નવા આયામ, નવા કોણથી નિરૂપવામાં ના આવી હોય તો પ્રેક્ષકો તેને પસંદ કરતાં નથી. બૉમ્બે ટોકીઝ જેવી માતબર સંસ્થાનું નિર્માણ હોવા છતાં બૉક્સ ઑફિસ ઉપર આ ફિલ્મ એટલા માટે જ માર ખાઈ ગઈ હતી, નહીંતર એમાં વાર્તા અને પટકથા નિરંજન પાલ જેવા કાબેલ લેખકનાં હતાં. બૉમ્બે ટોકીઝના કાયમી પગારપત્રક પર રહેતી મૂળ નાટકની અને ગુજરાતના નીચલા થરના ગણાતા સમાજમાંથી આવતી તારાબાઈ સોલંકીની એમાં બહુ લાંબી ભૂમિકા હતી.

પણ બૉમ્બે ટોકીઝ જેવી, સામાજિક ફિલ્મો જ બનાવતી સંસ્થાની ખરી કસોટી ૧૯૩૭ની ફિલ્મ 'સાવિત્રી'માં થઈ ગણાય. વિશેષ તો એટલા માટે કે એ મહાભારતની એક પૌરાણિક કથા ઉપર બનાવવામાં આવતી ફિલ્મ હતી અને તેના દિગ્દર્શક હતા ફ્રાંઝ ઑસ્ટીન, કે જેમને ભારતીય મહાકાવ્ય ગણાય તેવા મહાભારતના ઘટનાક્રમનું કોઈ જ જ્ઞાન ના હોય. અને કદાચ કથા તેમને કોઈ પણ રીતે સમજાવવામાં આવે તો પણ તેમાંથી વ્યક્ત થતાં જીવનમૂલ્યો, નૈતિકમૂલ્યો, પરંપરા, સંસ્કૃતિ અને પૌરાણિક કલ્પનોનું તેમને આમૂલ જ્ઞાન આપવું તો અશક્ય જ ગણાય. એમાં પણ આ કથાના તો એવા એવા વિશેષાંશો હતા કે બિન-ભારતીયને તો તાર્કિક રીતે ગળે ઉતરાવવા જ અસંભવ. સત્યવાનના જીવને લઈને સ્વર્ગને મારગે પરહરતા યમ, અને તેમને મનાવવા પાછળ પાછળ જતી સાવિત્રી એ કલ્પના જ જ્યાં તેમને ગળે ઉતરાવવી મુશ્કેલ હોય ત્યાં એની પાછળ રહેલી પતિપ્રેમની ઉત્કટતમ લાગણીના તત્ત્વને તો તેઓ પામી જ ના શકે. અને એમાં તેમનો વાંક પણ ના ગણાય.

પણ હિમાંશુ રાયનો ફ્રાંઝ ઑસ્ટીન પરનો વિશ્વાસ અડગ હતો. અને તે મહદંશે સફળ પણ થયો. ફ્રાંઝ ઑસ્ટીન કસોટી પર ખરા ઊતર્યા. ૧૯૨૩માં ઇટાલિયન કૉ-ઑર્ડિનેશનમાં બનાવવામાં આવેલી મૂક ફિલ્મ 'સાવિત્રી' તેમણે મંગાવીને જોઈ. દિવસો સુધી ભારતીય તથા દામ્પત્ય અને મૃત્યુની ફિલોસૉફીનાં પુસ્તકો તેમણે વાંચ્યાં. અને ભારતીય સતી એવી 'સાવિત્રી'ના વિચારને તેમણે આત્મસાત્ કર્યો. માત્ર બે કલાક અને સોળ મિનિટ ચાલે તેટલી લાંબી આ ફિલ્મ ટિકિટબારી ઉપર પણ સફળ રહી. ઑક્ટોબર ૧૯૩૭ના 'ધ મોશન પિક્ચર્સ મૅગઝીન'ના અંકમાં એનું પ્રશંસાત્મક અવલોકન પ્રકટ થયું. જેમાં 'સાવિત્રી' ફિલ્મમાં ભારતીય સ્ત્રીત્વનું સક્ષમ ચિત્રણ કરવામાં આવ્યું છે તેવો મત દર્શાવવામાં આવ્યો. દેવીકારાણી અને અશોકકુમાર આમાં સાવિત્રી અને સત્યવાન તરીકેની ભૂમિકામાં હતાં, પણ અશોકકુમાર કરતાં દેવીકારાણીના અભિનયની ગુણવત્તા ઊંચી આંકવામાં આવી.

૧૯૩૭માં ભારતીય ફિલ્મઉદ્યોગના બીજા એક અગ્રદૂત બાબુરાવ પેઈન્ટરની ફિલ્મ 'પ્રતિભા' 'શાલિની સિનેટોન'ના બૅનર હેઠળ આવી હતી. બાબુરાવ પેઈન્ટર પણ ખુદમાં એક મહાન હસ્તી હતા. તેઓ 'કલામહર્ષિ'ના વિશેષણથી જાણીતા હતા. અને તે વિશેષણને યથાર્થ ઠેરવે તેવી સહજ કલાપ્રતિભા તેમનામાં નાનપણથી જ હતી. પિતા કૃષ્ણરાવ મિસ્ત્રીનો સર્વકલાસ્પર્શી ઉન્મેષ તેમને જાણે કે વારસામાં મળ્યો હોય તેમ લક્કડકામ, શિલ્પ, ચિત્રકલા, યંત્રકલા, રંગમંચ-સજ્જા, વસ્ત્રસજ્જા એ બધાંમાં તેમની આંતરસૂઝ વડે તેમની સિદ્ધહસ્તતા હતી. ૧૮૯૦ના જૂનની ત્રીજીએ જન્મેલા બાબુરાવ પેઈન્ટરના પિતરાઈ ભાઈ આનંદરાવ પણ તેમના બરોબરિયા હતા. બંને ભાઈઓએ સાથે મળીને ફિલ્મ ઉતારવા માટે દેશી કૅમરા જાતે બનાવી જોયો હતો; અલબત્ત, તેમનાથી તેમને સંતોષ થયો નહોતો. અને આમેય મૂળભૂત રીતે તેઓ સવાક્ ફિલ્મોના હિમાયતી નહોતા. સ્ત્રી-પાઠ કોઈ પુરુષ ભજવે તે પણ તેમને પસંદ નહોતું. તેઓ માનતા કે સંવાદો બોલવાને કારણે અભિનય કરનારા આંગિક (મૂળભાવ, ચેષ્ટા વગેરે) તરફ ઉદાસીન થઈ જાય છે ને પુરુષો સ્ત્રી-પાઠ ભજવે તો તેમાં સ્ત્રી-જાતિના અસલી પ્રભાવનો અભાવ વરતાય છે.


ખેર, આવા બાબુરાવે ભાઈ આનંદરાવના ૧૯૧૬માં ન્યૂમોનિયાથી અકાળ અવસાન પછી બે વર્ષે પોતાની પહેલી મૂક ફિલ્મ 'સૈરંધ્રી' બનાવી હતી અને તેને પણ પોતે બનાવેલા કૅમરા



રણજિત કંપનીનો લોગો

વડે જ ફિલ્માવી હતી. આમ છતાં આ ફિલ્મ એટલી પ્રભાવશાળી બની આવી હતી કે લોકમાન્ય તિલક જેવા મહાન નેતા પણ એનાથી અંજાઈ ગયા અને બાબુરાવને સુવર્ણચંદ્રક આપીને તેમને 'સિનેકેસરી'નો ઇલ્કાબ આપ્યો હતો. 'સૈરંધ્રી'માં બાબુરાવ બે ખરેખરાં સ્ત્રી પાત્રોને લાવ્યાં. તેમનાં નામ હતાં ગુલાબબાઈ અને અનસૂયાબાઈ. પરદા માટે તેમનાં નામ આપવામાં આવ્યાં હતાં અનુક્રમે કમલાદેવી અને સુશીલાદેવી. અલબત્ત, ૧૯૨૦માં આ બંને મહિલાઓને ફિલ્મ જેવા હલકા ગણાતા વ્યવસાયમાં કામ કરવા બદલ નાતબહાર મૂકવામાં આવી હતી. પણ તેમ છતાં સ્ત્રીપાત્ર તો ખરેખરી સ્ત્રીએ જ ભજવવું જોઈએ તેવા આગ્રહને કારણે તેઓ બંને રસોઈ કરી આપવાને બહાને પણ તેમની કંપનીમાં જોડાઈ હતી, વાસ્તવમાં હતું પણ તેમ જ. પણ તેમનામાં થોડી પ્રતિભા જોઈને બાબુરાવે તેમને અભિનય કરવા માટે સમજાવી હતી. આના અનુસંધાને રસ પડે તેવી એક વાત એ પણ છે કે આવા જ વલણને કારણે બાબુરાવે ઘણી નવી પ્રતિભાઓ ખોળી કાઢી. સુથાર હોય કે રસોઈઓ, કંપનીમાં ગમે તે હેસિયતથી કામ કરતો હોય તો પણ તેનામાં જરાક ચમકારો જોતાની સાથે જ બાબુરાવ તેને અભિનયમાં જોતરી દેતા. અરે, ખુદ વ્હી.શાંતારામ પણ એ રીતે બાબુરાવ પેઇન્ટરની જ શોધ હતા. પોતાની મહારાષ્ટ્ર ફિલ્મ કંપનીમાં 'સબબંદર કા વેપારી' જેવું પરચૂરણ ટાંપાટૈયાંનું કામ કરતા છોકરા પર તેમની નજર પડી. કાંઈક વિશેષતા નજરમાં આવી હશે તે તરત જ ઝાઝી લપ્પનછપ્પન કર્યા વગર એને ૧૯૨૧ની ફિલ્મ 'વત્સલાહરણ'માં કૃષ્ણનો રોલ આપી દીધો. શાંતારામની અભિનય કારકિર્દીની શરૂઆત અહીંથી જ થઈ અને તેનો ખરો યશ આ બાબુરાવ પેઇન્ટરને જ.

ખેર,આવી શોધપ્રતિભાઓ ઉપરાંત અનેક કલાઓમાં માહિર એવા બાબુરાવ પેઇન્ટરની લાંબી રસપ્રદ કારકિર્દીની વાત તો અહીં અપ્રસ્તુત છે, પણ ઘોડા ઉપરથી પડી જવાને કારણે ૧૯૨૨ની આસપાસ તેમની વાચા ઉપર ગંભીર અસર પડી, જે જીવનભર રહી.



અભિનેતા સુરેન્દ્ર

ઘણી સફળ-નિષ્ફળ ફિલ્મો બનાવ્યા પછી ૧૯૩૭માં સવાક્ ફિલ્મોનો યુગ આવ્યા પછી બાબુરાવની



'જાગીરદાર'માં યાકુબ, મોતીલાલ અને ભુદો અડવાણી

કારકિર્દીનાં વળતાં પાણી થયાં. પણ આમ છતાં ૧૯૩૫માં હિન્દી ફિલ્મ 'ઉષા' બનાવી હતી, જે ખાસ ઝબકી નહીં. એ પછી પોતાની જ જૂની મૂક ફિલ્મ 'સાવકારી પાશ' જે મૂક ફિલ્મોના યુગમાં ૧૯૨૫માં ક્લાસિક ગણાઈ હતી. તેનું પુનર્નિર્માણ ૧૯૩૬માં સવાક્ મરાઠી ફિલ્મ તરીકે કર્યું. પણ તે પણ નિષ્ફળ જ રહ્યું. એ પછી આપણે જે સાલ ૧૯૩૭ની વાત કરીએ છીએ તેમાં ફિલ્મ 'પ્રતિભા'નું નિર્માણ કર્યું, જે આમ તો ફૅન્ટસિ પ્રકારનું ચિત્ર હતું. અમુક વર્ગમાંથી તો એ કમાણી કરાવી જ આપે. આમ છતાં એ સરિયામ ફ્લૉપ ગયું. બાબુરાવ પેઇન્ટરની લકવા મારી ગયેલી કારકિર્દી ફરી કદી જામી શકી જ નહીં. દાયકા પછી પોતાની જ શોધ એવા શાંતારામની કંપનીમાં તેમણે મરાઠી ફિલ્મ 'રામજોશી' (૧૯૪૭) દિગ્દર્શિત કરી જે ઘણી સફળ રહી. પણ તેમ છતાં તેઓ પોતાનું આગવું સ્થાન 'સ્ત્રી' ના બનાવી શક્યા. અંતે ૧૯૫૪ના જાન્યુઆરીની સોળમીએ કોલ્હાપુરમાં તેમનું અવસાન થયું.

૧૯૩૭ના વર્ષની ફિલ્મોની વાત કરતી વેળા આ વાતો જરા પ્રસ્તારથી લખવાનું કારણ ભારતીય ફિલ્મોદ્યોગના કેટલાક ધુરંધરોની ટૂંકી દાસ્તાન આપવા ઉપરાંત ગમે તેવો મહાન પ્રતિભાવંત સર્જક પણ બદલાતા સમયના વહેણમાં ઊભરી આવતા બીજા નવા સર્જકો આગળ, અને ખાસ તો સમયની તાસીર આગળ, કિનારે ફેંકાઈ જાય છે તે દર્શાવવાનો છે.

આપણે બંગાળી દિગ્ગજોની સાથે જ્યારે મરાઠી દિગ્ગજોની તુલનાત્મક વાત માંડીએ છીએ ત્યારે આપણા ગુજરાતી સર્જકોની વાત પણ આ સાલના સંદર્ભમાં છેડવી જરૂરી છે. ગુજરાતી નિર્માણની સંખ્યાની રીતે કોઈ પણ રીતે આ વર્ષે પાછા પડ્યા નથી, પરંતુ ફિલ્મની ગુણવત્તાની રીતે જોઈએ તો આપણે આપણું ગુજરાતી તરીકેનું જાત્યાભિમાન વચ્ચે લાવ્યા વગર તટસ્થ સમીક્ષાત્મક અભિગમ અપનાવવો જોઈએ. એ રીતે વિચારતા આપણે બંગાળ, મહારાષ્ટ્રના સમોવડિયા

ગણાઈએ એવું કોઈ નિર્માણ ૧૯૩૭માં તો આપ્યું નથી.

નાના નાના ગુજરાતી પ્રોડ્યૂસરો, જેવા કે વિઠ્ઠલદાસ પાંચોટિયા જેવા માત્ર લોકરંજકતાને લક્ષમાં રાખીને ખુદાઈ ખિદમતગાર જેવી ફિલ્મો બનાવનારાનો વિશેષ ઉલ્લેખ ના કરતા વિજય ભટ્ટ-શંકર ભટ્ટ કે ચિમનલાલ દેસાઈ (સાગર મુવીટોન)ની અને સરદાર ચંદુલાલ શાહ (રણજિત મુવીટોન)ની ફિલ્મોને લક્ષમાં લઈએ તો લગભગ દસેક ફિલ્મો આ વર્ષમાં મળી હતી. એમાં એકમાત્ર સાગર ફિલ્મ કંપનીની 'જાગીરદાર' જ્વલંત કહી શકાય તેવી સફળતાને પામી હતી; જ્યારે બાકીની ખાસ ધ્યાનાર્હ બની શકી નહોતી.

'જાગીરદાર'ની વાર્તા કોઈ સાહિત્યકારની નહોતી. બાબુભાઈ મહેતા નામના ફિલ્મ કથાલેખકની એ વાર્તામાં આગલા વર્ષની આ જ નિર્માણસંસ્થાની ફિલ્મ 'મનમોહન'નું સાવ અનુસંધાન તો નહીં પણ એના જેવા જ કથાઘટકોનું પુનરાવર્તન હતું. અમસ્તોય એ યુગ સામંતશાહીને પડકાર આપવાનો મિજાજ ધરાવતો હતો. એટલે કોઈ જમીનદાર-જાગીરદારની આસપાસ ગૂંથાતી વાર્તા સફળ થવાની ગેરંટી જેવી હતી. પ્રસ્તુત વાર્તામાં સુરેન્દ્ર નામે જાગીરદાર (અભિનેતા સુરેન્દ્ર) નીલા નામની યુવતી (બિલ્લો) સાથે ગાંધર્વ લગ્ન કરી લે છે અને એક સંતાનને પણ જન્મ આપે છે - ગુપ્ત એવા આ લગ્ન પછી સુરેન્દ્રનું એક જહાજી અકસ્માતમાં અવસાન થયાના ખબર મળે છે ત્યારે નીલાની હાલત સંતાન અવૈધ ગણાવાને કારણે ભારે કફોડી બની જાય છે. એ વખતે શ્રીપત (પાંડે) નામનો યુવક આવે છે અને તેની સાથે લગ્ન કરીને બાળકને મોટું કરે છે. ત્યાં અચાનક જ સુરેન્દ્ર જીવંત પાછો ફરે છે ને એ વખતે શ્રીપત અને સુરેન્દ્ર વચ્ચે નીલાને લઈને ટકરાવ થાય છે. એ દરમ્યાન ખલનાયક નારાયણપ્રસાદ (યાકુબ) શ્રીપતની હત્યા કરે છે અને એનું આળ સુરેન્દ્ર ઉપર આવે છે. જો કે એમની સમસ્યા હલ પણ થઈ જાય છે, કારણ કે પિતા-પુત્ર (સુરેન્દ્ર-મોતીલાલ) ભેગા મળીને દુષ્ટોને હાંકી કાઢે છે.

વાર્તા બેશક તીવ્ર આરોહ-અવરોહવાળી હતી અને એમાં સ્ત્રીની કલંકિત અવદશા, એના પરત્વે વારંવાર દર્શાવાતા માલિકીભાવ જેવા સહાનુભૂતિ પ્રકટાવનારાં તત્ત્વોનો નાટ્યાત્મક વિનિયોગ પણ થયો હતો. એટલે વાર્તાની પકડ સારી હતી, પણ ફિલ્મની સફળતાનું સાચું શ્રેય આપવું હોય તો અનિલ બિશ્વાસના સંગીતને અને પછી નવોદિત કહેવાય તેવા મહેબુબના દિગ્દર્શનને જ આપવું પડે. મોટા ભાગનાં ગીતો લોકજીભે ચડ્યાં હતાં. પણ સુરેન્દ્ર-બિલ્લોનું ગાયેલું ગીત 'પૂજારી મોરે મંદિરમેં આઓ' એ સફળતાનાં ઉચ્ચ શિખરો સર કર્યાં હતાં. આ ફિલ્મમાં ગીતકાર ઝીયા સરહદીએ પણ નાનકડી ભૂમિકા ભજવી હતી. અને છ ગીતો પણ લખ્યાં હતાં. પણ 'પૂજારી મોરે મંદિર મેં' ગીત તો પંડિત ઇંદ્રની રચના હતી.

ચિમનલાલ દેસાઈ અને અંબાલાલ પટેલની સાગર ફિલ્મ કંપનીના આધારસ્તંભો ઘણા સંગીન હતા અને એમાં આપણા ગુજરાતી સાહિત્યમાંધાતા કનૈયાલાલ મુનશી પણ એક હતા. બીજાઓમાં શરૂઆતમાં દક્ષિણ ભારતીય સર્વોત્તમ બદાની, એઝરા મીર, મહેબુબ તો ખરા જ. ઉપરાંત ઝિયા સરહદી, રામચંદ્ર ઠાકુર જેવા સમર્થો હતા. ચિમનલાલ લુહારના જોડાયા પછી થોડી સ્ટંટ ફિલ્મો પણ મહેબુબના દિગ્દર્શનમાં આ કંપનીએ બનાવી, જેમ કે 'ડેક્કન ક્વીન' (૧૯૩૬). એક જાણવા જેવી વાત એ કે આ બહુવિધ પ્રવૃત્તિવાળી ફિલ્મ કંપની તેની રાષ્ટ્રવાદી ડોક્યૂમૅન્ટરી માટે પણ જાણીતી હતી. પંડિત નેહરુ અને સુભાષબાબુ ઉપરની તેની દસ્તાવેજી ફિલ્મો (જેમાં એઝરા મીરનો સારો ફાળો હતો) ઘણી પ્રશંસા પામી હતી.

ખેર, સાગર ફિલ્મ સાથે ગુજરાતી સાહિત્યકાર જોડાયેલા હોવાથી આ વર્ષે ઘણી ગુજરાતી સાહિત્યકૃતિઓ પરની ફિલ્મો બની. ર.વ. દેસાઈની નવલકથા 'કોકિલા' ઉપરથી તે જ નામની સાગર કંપનીની ફિલ્મ સર્વોત્તમ બદામીએ દિગ્દર્શિત કરી અને મુનશીની નવલકથા 'કુલવધૂ' ઉપરથી પણ તે જ નામની ફિલ્મ બદામીએ દિગ્દર્શિત કરી. બંનેમાં સવિતાદેવી અને મોતીલાલની જોડી હતી. તો 'કોકિલા'માં તો શોભના સમર્થ પણ હતાં. સવિતાદેવી મુનશીજીનાં પ્રિય પાત્ર હતાં. તો શોભના સમર્થ આ ફિલ્મથી મોતીલાલની વધુ નજીક આવ્યાં. 'કોકિલા'ના સંગીતકાર હતા અનિલ બિશ્વાસ તો 'કુલવધૂ'ના હતા ગુજરાતી પ્રાણસુખ નાયક. જો કે બંનેમાંથી એકે ફિલ્મનાં ગીતો લોકપ્રિય થયાં નહોતાં. એક બહુ નોંધપાત્ર વાત એ છે કે આ જ વર્ષની ચિમનલાલ લુહારના દિગ્દર્શન અને ભાસ્કરરાવના સંગીતવાળી આ જ નિર્માણસંસ્થાની ફિલ્મ 'કૅપ્ટન કીર્તિકુમાર'માં કવિ ન્હાનાલાલના 'ઇન્દુકુમાર'માંથી અતિ-વિખ્યાત કાવ્ય 'એક જ્વાલા જલે તુજ નૈનનમાં, રસજ્યોત નિહાળી નમું હું નમું' લેવામાં આવ્યું હતું. માત્ર તેનું સરળ ભાષાંતર કરવામાં આવ્યું હતું. 'એક જ્યોતિ જલે તેરે નયનનમેં, રસજ્યોતિ નિહારી.' આમ છતાં ગીત લોકપ્રિય થયું નહોતું.

સાગર ફિલ્મ કંપનીની એક ફિલ્મ 'મહાગીત' પણ આ જ વર્ષે આવી અને તેમાં મુંબઈમાં પ્રથમ વાર પાર્શ્વ ગાયનનો પ્રયોગ કરાયાનું કહેવાય છે. ઊડીને આંખે વળગે તેવી હકીકત એ છે કે આટલી બધી સાહિત્યકૃતિઓ પરથી સાગર ફિલ્મ કંપનીએ ફિલ્મો ૧૯૩૭માં બનાવી છતાં સફળતા તો માત્ર

(અનુસંધાન પૃ. ૬૧૭ પર)

ભારતનાં રાજ્યોઃ ૨૬

છત્તીસગઢ


ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતની લગભગ મધ્યમાં આવેલ છત્તીસગઢ રાજ્યની રચના, ૧લી નવેમ્બર, ૨૦૦૦ના રોજ સંઘના ૨૬મા રાજ્ય તરીકે , મધ્યપ્રદેશનું વિભાજન કરીને કરવામાં આવી છે. આ નવા રાજ્યની રચના કરીને આદિવાસીઓની લાંબા સમયની માગણી પરિપૂર્ણ કરવામાં આવી. છત્તીસગઢ રાજ્યની દક્ષિણમાં આંધ્રપ્રદેશ, પૂર્વમાં ઓરિસા, નૈર્ઋત્ય (દ.પ.)માં મહારાષ્ટ્ર અને ઈશાન (ઉ.પૂ.)માં ઝારખંડ આવેલા છે. અગાઉના મધ્યપ્રદેશનાં ભૌગોલિક વિસ્તાર તથા વસતીનાં લગભગ ત્રીજા ભાગમાં છત્તીસગઢનો સમાવેશ થાય છે.

આ રાજ્યનો વિસ્તાર ૧,૩૫,૧૯૧ ચોરસ કિ.મી. તથા તેની વસતી ૨,૦૭,૯૫,૯૫૬ છે. રાજ્યની મુખ્ય ભાષા હિંદી છે અને તેનું પાટનગર રાયપુર છે. તેમાં ૬૫ ટકા સાક્ષરતા છે.

ઇતિહાસ: પ્રાચીન કાળમાં આ પ્રદેશ દક્ષિણ કૌશલ નામથી જાણીતો હતો. તેના વિષેના ઉલ્લેખો રામાયણ અને મહાભારતમાં પણ થયેલા જોવા મળે છે. ઈસવી સનની છઠ્ઠીથી બારમી સદી દરમિયાન સરભપુરિયા, પાંડુઆવંશી, સોમવંશી, કલચુરી અને નાગવંશી રાજાઓ આ પ્રદેશ ઉપર શાસન કરતા હતા. કલચુરીઓની રાજધાની ત્રિપુરીમાં (હાલનું તેવાર) હતી. ઈસવી સનના આઠમા સૈકામાં બુંદેલખંડના ચેદિપ્રદેશમાં તેમની એક શાખા સત્તાધાર બની હતી. તેમાં કોકલ્લ, શંકરગણ, લક્ષ્મણરાજ, ગાંગેયદેવ વગેરે પરાક્રમી રાજાઓ થઈ ગયા. તેમણે આસપાસના પ્રદેશો જીતી લઈને રાજ્યવિસ્તાર કર્યો હતો. કલચુરીઓએ છત્તીસગઢના પ્રદેશ ઉપર ઈ.સ. ૯૮૦ થી ૧૭૯૧ સુધી રાજ્ય કર્યું હતું. અંગ્રેજોના આગમન પછી રાયપુરનું મહત્ત્વ વધવા લાગ્યું. મધ્યપ્રદેશ રાજ્યની રચના ૧૯૫૬માં થઈ ત્યારે અલગ છત્તીસગઢ રાજ્યની માગણી થઈ ન હતી. સાઠીની મધ્યમાં છત્તીસગઢના અલગ રાજ્યની માગણી થઈ અને તે માટેની ચળવળ પણ શરૂ થઈ. આ પ્રદેશના કૉંગ્રેસના રાજ્યસભાના સભ્ય ડૉ. ખુબીચંદ બાઘલે સૌપ્રથમ વાર અલગ રાજ્યની માગણી કરી. શંકર ગુહિ નિયોગીએ 'છત્તીસગઢ મુક્તિ મોરચો' નામના રાજકીય સંગઠનની સ્થાપના કરી. તેમની ૧૯૯૧માં હત્યા કરવામાં આવી. પરંતુ ઝારખંડ અને ઉત્તરાંચલની માફક અહીં મોટા પાયા પર લોકઆંદોલન થયું ન હતું.

સરકાર: છત્તીસગઢ રાજ્યના વહીવટની સરળતા માટે તેને સોળ જિલ્લામાં વહેંચી દેવામાં આવ્યું છે. તેમાં બસ્તર, બિલાસપુર, દુર્ગ, રાયગઢ, રાયપુર, સરગુજા, મહાસમુંદ, જશપુર વગેરેનો સમાવેશ થાય છે.



આ રાજ્યની વિધાનસભાની સભ્ય-સંખ્યા ૯૦ છે. આ રાજ્યમાંથી ચૂંટીને ૧૧ સભ્યો લોકસભામાં તથા પાંચ સભ્યો રાજ્યસભામાં મોકલાય છે.

ખેતી: આ રાજ્યનાં ૮૦ ટકાથી વધારે લોકો ખેતી ઉપર કે ખેતી આધારિત વ્યવસાયો પર નિર્વાહ કરે છે. ખેતી હેઠળ રાજ્યની ૪૩ ટકા જમીન છે. રાજ્યમાં મુખ્ય પાક ડાંગર, ઘઉં, મકાઈ, મગફળી, કઠોળ અને તેલીબિયાં છે. રાજ્યના કુલવિસ્તારના ૪૫ ટકામાં જંગલો આવેલાં છે.

ઉદ્યોગો: ભિલાઈમાં આવેલ સ્ટીલનું કારખાનું ૪૦ લાખ ટનની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત રાજ્યમાં ખાનગી ક્ષેત્રમાં સ્પોન્જ આયર્નનાં આઠ કારખાનાં, ફેરો-ઍલોઇઝનાં ૧૩ કારખાનાં, ૧૨૫ સ્ટીલ રોલિંગ મિલ અને એક એચ.આર.સ્ટીલ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે.

ખનીજસંપત્તિ: ખનીજ સંપત્તિની બાબતમાં આ રાજ્ય ઘણું સમૃદ્ધ છે. દેશમાં પેદા થતું સ્ટીલ તથા સિમેન્ટનું ૨૦ ટકા આ રાજ્ય પેદા કરે છે. કાચું લોઢું, ચૂનાનો પથ્થર, ડૉલોમાઇટ, કોલસો અને બૉક્સાઇટનો વિપુલ પ્રમાણમાં અનામત જથ્થો છે. દેશમાં કલાઈની કાચી ધાતુ માત્ર આ રાજ્યમાં પેદા થાય છે. છત્તીસગઢમાં ઉત્ખનન કરવામાં આવતી અન્ય ખનીજોમાં હીરા, માણેક, કૉરેન્ડમ, સ્ફટિક, આરસપહાણ વગેરેનો સમાવેશ થાય છે. ૧૯૯૮-૯૯ની સરખામણીમાં બીજે વર્ષે કોલસો, ચૂનાનો પથ્થર તથા કાચા લોઢાના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. ખનીજોમાંથી રાજ્યને થતી વાર્ષિક આવક વધીને રૂપિયા ૪૫૫ કરોડ થવા જાય છે.

માર્ગો: રાજ્યમાં સડકમાર્ગોની કુલ લંબાઈ ૩૫,૩૮૯ કિ.મી. છે. તેમાંથી ૧૮૨૭ કિ.મી. લંબાઈના રાષ્ટ્રિય ધોરી માર્ગો ૨૦૭૪ કિ.મી.ના રાજ્યધોરી માર્ગો, ૩૦૯૫ કિ.મી.ના જિલ્લા માર્ગો તથા બાકીના ગ્રામમાર્ગોનો સમાવેશ થાય છે.

રેલવે: રાજ્યમાં ૧,૦૦૦ કિ.મી.ના રેલમાર્ગો આવેલા છે. રાયપુર, બિલાસપુર, દુર્ગ, રાજનાંદગાંવ અને રાયગઢ મહત્ત્વનાં રેલવે જંકશનો છે.

હવાઈમાર્ગો: પાટનગર રાયપુર ન્યૂ દિલ્હી તથા નાગપુર સાથે દરરોજનાં તથા મુંબઈ અને ભુવનેશ્વર સાથે સપ્તાહમાં ત્રણ ઉડ્ડયનોથી જોડાયેલ છે. બિલાસપુર, ભિલાઈ, રાયગઢ, કોર્બા, અંબિકાપુર, જશપુરનગર અને રાજનાંદગાંવમાં કામચલાઉ

ઍરસ્ટ્રીપ્સ છે.

ઉત્સવો: બસ્તર જિલ્લાના આદિવાસીઓ દશેરાનો તહેવાર ખૂબ ધામધૂમથી ઊજવે છે. છત્તીસગઢ રાજ્ય તેના વિવિધ તહેવારોની ઉજવણી માટે પ્રખ્યાત છે. લોકો પોલા, નવાખાઈ, દશેરા, દીપાવલી, હોળી, ગોવર્ધનપૂજા વગેરે તહેવારો શ્રદ્ધા, ઉત્સાહ તથા પારંપરિક રિવાજો અનુસાર ઊજવે છે.

પ્રવાસન: જંજગીર ચમ્પાના ખરોડનું શબરીમંદિર, શિવારીનારાયણનું નરનારાયણ મંદિર અને જંજગીરનું વિષ્ણુમંદિર મહત્ત્વનાં યાત્રાધામો છે. કેશકલની ખીણ, કંગરઘાટ રાષ્ટ્રિય ઉદ્યાન, કૈલાસની ગુફાઓ અને કુટુંબસરની ગુફાઓ પ્રાકૃતિક સૌંદર્યની બાબતમાં ઘણાં સમૃદ્ધ છે. રતનપુરનું મહામાયા મંદિર, ખુતલઘાટ જળપ્રપાત, મલ્હારનું દિંદનેશ્વરી દેવીનું મંદિર અને અચનકમાર અભયારણ્ય, રાયપુર પાસેનું ઉદન્તિ અભયારણ્ય, કોર્બા જિલ્લાના પાલિ અને કેન્દાઈ ધોધ આ રાજ્યના મહત્ત્વનાં પર્યટનસ્થળો છે.

ઊર્જા: કોર્બા ખાતેનું ૪૨૦ મેગાવાંટનું તાપવિદ્યુત મથક ભિલાઈ લોહ-પોલાદ સંકુલને તથા પાસેના ઍલ્યુમિનિયમનાં કારખાનાંને વિદ્યુત પૂરી પાડે છે. વધારામાં ભિલાઈ ખાતે ૯૦૦ મેગાવૉટનું તથા સિપત (જિ. બિલાસપુર) ખાતે પણ ૨૦૦૦ મેગાવૉટનું તાપવિદ્યુત મથક સ્થાપવામાં આવ્યું છે. આ ઉપરાંત અહીં સૂર્ય, પવન, બાયોગૅસ વગેરે જેવાં બિનપરંપરાગત ઊર્જાસ્રોતો મેળવવા વાસ્તે સઘન પગલાં ભરવામાં આવ્યાં છે.

આ રાજ્યનાં મોટા ભાગનાં લોકો હિંદુ ધર્મ પાળે છે. વળી, ખ્રિસ્તી, ઈસ્લામ, જૈન, શીખ વગેરે ધર્મ પાળનાર લોકો પણ વસે છે. અહીંનાં આદિવાસી લોકો બૈગા, કોરકુ, કોલ, કમર, મારિયા, ગોંદ વગેરે અનુસૂચિત જનજાતિનાં છે. દુર્ગ, રાયપુર, સરગુજા વગેરે જિલ્લા અવિકસિત હોવા છતાં ખનિજસંપત્તિ ધરાવતા હોવાથી ત્યાં વસતીવધારો થયો છે.

અહીંનાં જંગલોમાં સાગ, સાલ, પલાશ, તેન્દુ, હારા, પલારા, તાડ વગેરે વૃક્ષો ઊગે છે. સારી ગુણવત્તાવાળું સાગનું લાકડું અહીંથી મળે છે. લોકો તાડનાં વૃક્ષોમાંથી તાડી તથા સલ્ફી નામનો રસ મેળવે છે.

ઑગસ્ટ ૨૦૦૧માં આવેલ પૂરથી આઠ જિલ્લાનાં દસ લાખ લોકોને અસર થઈ હતી. તેનાથી ૨૫,૦૦૦ મકાનોને તથા રૂા. ૧૦ કરોડના પાકને નુકસાન થયું હતું. ❐

અનુસંધાન] વસંતભાઈ મહેતા [પૃ. ૬૦૨ થી

મારે રાજીનામું આપવું પડશે.' એમણે માધ્યમિક શિક્ષણ મફત કરવાની પ્રેસ-નોટ આપી દીધી.

પછી ગવર્નરનું શાસન આવ્યું. અઠવાડિયા પછી ગવર્નરનો સંદેશો આવ્યો. એમણે વસંતભાઈને આ શી રીતે થયું તેની પૃચ્છા કરી. વસંતભાઈએ કહ્યું કે,'મેં તો નોટ આપી છે. આ કરવા જેવું નહોતું છતાં થયું છે. આ રાજકીય નિર્ણય છે.' ગવર્નર શ્રીમન્નારાયણે આ માટે લીગલ ડિપાર્ટમેન્ટનો અભિપ્રાય જોઈએ, નાણાંખાતાની સંમતિ જોઈએ અને મંત્રીમંડળની સહી જોઈએ એવાં ત્રણ કારણોસર મફત માધ્યમિક શિક્ષણની દરખાસ્ત નામંજૂર કરી. આજે આવું કશું થઈ શકે કે કેમ તે વિશે શંકા છે !

૧૯૭૨માં નિવૃત્ત થયા પછી સદ્ભાગ્યે વસંતભાઈ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચૅન્સેલર થયા. તે પછી તે ક્યારેય નિવૃત્ત થયા નથી. કેમ કે ત્યાર બાદ તેઓ પે-કમિશનના સભ્ય બન્યા. સ્ટેટ બૅન્ક રિક્રૂટમેન્ટ બોર્ડ ચેરમૅન થયા. ૧૯૮૫ થી ૧૯૯૧ દરમિયાન આયુર્વેદ યુનિવર્સિટીમાં છ વર્ષનું વાઈસ-ચૅન્સેલરપદ છોડ્યા પછી તેઓ અખિલ ભારતીય વનૌષધિમંડળના પ્રમુખ થયા. તે પછી તેમણે ઍકેડૅમી ફૉર ડિવલપમેન્ટ ઍન્ડ રીસર્ચ ઈન આયુર્વેદ નામની સંસ્થા સ્થાપી. તેના સ્થાપક પ્રમુખ તરીકે હજુ ચાલુ છે. ૮૯ વર્ષની ઉંમરે પણ લોકહિતનાં કામો, શિક્ષણ અને સમાજનાં કામો, પૂરી નિસબતથી તેઓ કરે છે. આથી મોટી સિદ્ધિની એમને ઝંખના નથી. આવા નિષ્ઠાવાન, નિખાલસ, નમ્ર, સમાજસેવી કાર્યકર્તા અને કર્મચારીએ આપણા સમાજને ઉત્કૃષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ❐

અનુસંધાન] ફિલ્માકાશ-૩૨ [પૃ. ૬૧૫ થી

બિનસાહિત્યકારની વાતોવાળી ફિલ્મ 'જાગીરદાર'ને જ મળી. એક હિટ ફિલ્મ બનાવી આપવાનું બીડું ઝડપનાર ઍક્ટર યાકુબને પણ અજમાઈશ ખાતર ફિલ્મ 'સાગર કા શેર'નું દિગ્દર્શન સોંપવામાં આવ્યું, પણ એ ફિલ્મ તો ચાર જ દિવસમાં થીએટરમાંથી ઉતારી લેવી પડી.

બીજા ગુજરાતી નિર્માતાઓમાંથી રણજિત મુવીટોનની 'દિલફરોશ' અને પ્રકાશ પિક્ચર્સ (વિજય ભટ્ટ-શંકર ભટ્ટ)ની ફિલ્મો 'ચેલેંજ' અને 'હિઝ હાઈનેસ' નામની બે કૉસ્ચ્યુમ ફિલ્મો આવી હતી. 'ખ્વાબોં કી દુનિયા' નામની એક ફૅન્ટસિ પણ બનાવી હતી.

આ જ ગાળામાં વી.એમ.વ્યાસ (સનરાઈઝ પિક્ચર્સ)નો પણ ઉદય થયો. પણ તેમણે કોઈ નોંધપાત્ર ફિલ્મ બનાવી નહોતી. તેમણે તો વાસ્તવમાં ૧૯૪૧ પછી જ સાચી શરૂઆત કરી હતી. ૧૯૩૭ થી ૧૯૪૦નો સમય તેમને માટે તાલીમનો ગાળો હતો.

૧૯૩૮ સુધી પહોંચતાં સુધીમાં તો હિંદી ફિલ્મોદ્યોગમાં નિર્માતાઓની સ્પષ્ટ એવી ત્રણ શ્રેણીઓ નજરે પડવા માંડી હતી. પહેલી કે જે 'ટૉપ ક્લાસ'માં હતી ને એમાં પણ આગળ જવાના પ્રયત્નો કર્યે રાખતી હતી, જેમ કે ન્યૂ થીએટર્સ, બૉમ્બે ટોકીઝ, પ્રભાત. બીજી શ્રેણી મધ્યમ કક્ષામાં હતી. પણ તેમનું ધ્યાન પ્રથમ શ્રેણીમાં પહોંચવા ભણી હતું. પણ એમાં પોતાનું ઊંડું પ્રતિભાબળ અને વિશેષ તો મોટાઓની સ્પર્ધા આડખીલી-રૂપ હતી. જેમ કે મિનર્વા, રણજિત, સાગર, પ્રકાશ પિક્ચર્સ. ને ત્રીજી શ્રેણી એવા નિર્માતાઓની હતી કે જેમને માત્ર ધંધો કરીને બે પૈસા રળવામાં રસ હતો. સિનેમા તેમના માટે માત્ર ધંધો હતો, ધર્મ નહીં.

૧૯૩૮માં પણ ચિત્ર કંઈ ખાસ બદલાયું નહોતું. (ક્રમશઃ)

હું સચિન પહેલો

કૃષ્ણ પંડિત

પ્રિયાપ્રિય ક્રિકેટ ઘેલા/ઘેલીઓ, સંનિષ્ઠ બુકીઓ,ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના અનકન્ટ્રોલ્ડ મહાનુભાવોને મારાં પાયલાગણ...

આશરે બારેક માસ અગાઉનાં ઘણાંખરાં દૈનિકોએ, પ્રથમ પાને - હેડલાઈનમાં નીચે મુજબ સમાચાર છાપી, ભારતીય બૅટિંગ લાઈનનાં મનભરી વખાણ કર્યાં હતાં :

'ક્રિકેટના કાશી ગણાતા લૉર્ડ્ઝના મેદાન પર ઈંગ્લન્ડની ટીમે આપેલ ૩૨૫ રનના લક્ષ્યાંકને આંબી જઈ ભારતીય ટીમે મેળવેલ ઐતિહાસિક વિજય.'

હમણાં અઠવાડિયા પહેલાં, આજ દૈનિકોએ, ભારતીય મજબૂત બૅટિંગ લ ઈનના માથે માછલાં ધોયાં. સમાચારનું હેડિંગ નીચે મુજબ હતું:

'ન્યૂઝીલૅન્ડની ધરતી પર; યજમાન ટીમ સામે, તેમની ફાસ્ટ ટ્રૅક પર; ભારતીય બૅટ્સમૅનોએ પોળ કક્ષાનું - નિમ્નસ્તરનું બૅટિંગ પ્રદર્શન કરી પ્રતિસ્પર્ધી ટીમને વિજયની ખેરાત કરી; ઐતિહાસિક પરાજય મેળવો!'

આમ છાપાંની પ્રશંસા-અવહેલના, જય-પરાજય, સુખ-દુઃખ, દેખાવડી ને સારી પત્ની, સારો બૉસ, સારાં છોકરાં અને બેકાર પત્ની, નકામો બૉસ ને વંઠેલ છોકરાં ઈત્યાદિ બાબતો માણસના હાથમાં છે જ એમ કહી શકાય નહીં, એ રીતે ભારતીય બૅટ્સમૅનનું સારું બૅટિંગ અને ધાર્યું બૅટિંગ, એ બૅટ્સમૅનના હાથની વાત છે એમ કહી શકાય નહીં.

આપણા બૅટ્સમૅનો ધાર્યું જ નહીં પણ અણધાર્યું બૅટિંગ કરવાનો પાકો નિર્ણય લઈ; બૅટનું વજન પડતું હોવા છતાં; પીચ પર બૅટ લઈ જવું ફરજિયાત હોઈ, તે બૅટ સાથે જાય છે જ. તેમની મેદાની બૅટિંગક્ષમતા પુરવાર કરવાની, તેમને તક સાંપડે તે માટે તેમની કેટલીક પાયાની જે માગણીઓ છે તે બહુધા સંતોપાતી નથી. આમેય સારું બૅટિંગ કરવા સારુ, સારી બૅટિંગ પીચ, નબળા પોળકક્ષાના બોલરો તથા ધર્મશાળાના પગી જેવા ફિલ્ડરો તમો એમને આપો નહીં અને છતાંય કહો કે ,'ભારતીય બૅટ્સમૅનોએ નબળું બૅટિંગ કર્યું; પીચ પર મુદ્દલ ટક્યા નહીં!' આમ જુઓ તો આપણા બૅટ્સમૅન સેન્ચ્યુરી મિલની ધોતી જેટલા જ ટકાઉ છે. એટલે તે પીચ પર ટક્યા નહીં ને વળતી ટપાલ જેમ પાછા આવ્યા, ઈત્યાદિ ટીકાઓ બે બુનિયાદ છે. જ્યાં જ્યાં તેમની માગણીઓ સંતોષાઈ છે ત્યાં-ત્યાં ને ત્યારે ત્યારે તેમણે ધુઆંધાર બૅટિંગ કરી દેશનું નામ રોશન કર્યું છે જ.

પ્રિય વાચકો, મૅચ શરૂ થાય, તે રીતે મેં અહીં પ્રારંભમાં કલાક સુધી કૅમેન્ટેટર, જે રીતે ચલાવે છે, તે રીતે મેં અહીં પ્રારંભમાં ચલાવ્યું છે. હવે મારા ક્રિકેટ વિષેના ઐતિહાસિક ભૂતકાળની વાત માંડું છું. ઓછા પ્રકાશને લીધે બૅટ્સમૅનને બોલ ન દેખાય તેમ મેં રજૂ કરેલ આ 'ઝાંખી' લાગે તો જે રીતે અમ્પાયર મૅચ બંધ કરે, તેમ તમો તે વાંચવાનું બંધ કરી શકો છો.

મહાન ક્રિકેટરમાં હોવી જોઈતી, સઘળી ક્ષમતાઓ અને ક્ષતિઓ, મારામાં હતી ને છે. છતાં પણ, હું ભારતીય ક્રિકેટ ઈલેવનમાં કેમ ન હતો ? તથા અટાણે એ ઈલેવનમાં કેમ નથી ? અને જો નથી તો પછી ક્યાં ગુડાણો છું, ઈત્યાદિ બાબતે તમો અજબ પ્રશ્નો કરો તો તેના ગજબ જવાબો મારે દેવા જ પડે તે સારું હું સીધી બૅટિંગ શરૂ કરું છું. ક્રિકેટક્ષેત્રે મારો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો ત્યારે મને તડકો સહન થતો ન હોઈ હું ક્રિકેટની અંદર (મેદાન પર) રહેવાને બદલે, ઘણુંખરું બહાર (સ્ટેડિઅમમાં તથા મારા ઘેર) રહ્યો છું. કેટલાક મારા હિતશત્રુઓ કહે છે કે, 'ફાસ્ટ બોલરોની બૉડીલાઈન બોલિંગ થકી, માથું ભાંગવાને ડરે; હું દર્શક દીર્ઘામાં બેસી, પૉપકૉર્નના ભાવતાલ પૂછ્યા કરતો; પણ એમ નથી. મારા ઘરમાં મારી અડોશપડોશમાં, સમાજમાં ને મારી કચેરીમાં, આવી બૉડીલાઈન-લમણાફોડ બોલિંગ કરનારા અનેક પડ્યા છે. એ સહુની બોલિંગનો સામનો કરી, હું શતકના નિર્ધાર સાથે સાઠ વટાવી ચૂક્યો છું. મારી અદ્‌ભુત બૅટિંગના જે-જે, 'આઈ વિટનેસ' છે, તેમાંના મારા પિતાશ્રી, ગામ નાતે મારા કાકાશ્રી, સ્કૂલ નાતે મારા ગુરુજી વગેરે ગુજરી જઈ, ક્યાં જતા રહ્યા છે તેનો પત્તો, ખાતરીબંધ સરનામાને અભાવે હું મેળવી તેમને રજૂ કરી શકું તેમ નથી. મારી સાથે પ્રાથમિક શાળામાં ભણનારા, ભણતાં-ભણતાં રમનારા ને રમતાં-રમતાં ભણનારા, કેટલાક બાલદોસ્તો; ક્રિકેટમાંના ફેંકાઈ ગયેલા ખેલાડી જેમ ફેંકાઈને ક્યાં પડ્યા છે તેની પણ કોઈ આધારભૂત વિગત મારી પાસે નથી. જો હોત તો હું તેમને પણ રજૂ કરી શકત. આમ જે છે, તે આ છે.

'મેં જ સચિનને પ્રેરણા આપેલી એ બાબતે સચિન વિષેનો એક લેખ વાંચ્યા થકી મને હમણાં જ પાકી ખાતરી થઈ છે.' રણછોડ રોતલ, મનસુખ માવડિયો, પશો પાવલી, ધર્મો ઢેબરું, જગદીશ ને તભો, ઈત્યાદિ મારા ખાસ મિત્રો. રણછોડ રોતલના સગા કાકા અને મારા થોડાક દૂરના (આમ તો બે સ્ટમ્પ વચ્ચેની જગા જેટલા દૂરના) કાકા નામે પરસોત્તમ, અમદાવાદથી ક્રિકેટની કિટ્સ તેમની શાળામાંથી ચોરી લાવ્યા હતા કારણ, તે એક શાળામાં વ્યાયામ શિક્ષક હતા. તેમણે એ કિટ્સ અમારી રૂબરૂમાં ખોલી; એટલે તેમના સગા ભત્રીજા રણછોડે બૅટ વિષે પૂછ્યું, 'કાકા, આ ધોકો(કપડાં ધોવાનો) મારી બા હારુ લાયા ?'

પડખે ટીખળી સ્વભાવની રણછોડની બા ઊભી હતી, તેમણે જવાબ આપ્યો કે,' ના તારી કાકીને ધોઈ નાખવા હારુ લાયા છે !'

મૅચ વેળા તે સંદર્ભે પુલીસમૅનોને કશી લેવાદેવા ન હોવા છતાં , બિચારા કર્મઠ જીવો ડંડા લઈ, દર્શકદીર્ઘામાં ઊભા હોય, તેમ હું પડખે ત્યાં ઊભો હતો. મેં બાલસહજ ઉત્કંઠા, હોંશિયારી ને પ્રત્યુત્પનમતિ દાખવી કહ્યું કે,'રણછોડિયા, આ ધોકો નથી પણ ક્રિકેટનું બૅટ છે. જો આમ બૅટિંગ થાય ?' પરપોત્તમકાકા મારાથી પ્રભાવિત થઈ બોલ્યાઃ'તું ભારતીય ક્રિકેટનો લાલા અમરનાથ થઈ આપણા ગામનું નામ રોશન કરીશ.'

ટૂંકમાં, મેં સાડા ત્રણ વર્ષે બૅટ પકડ્યું, જેનાથી પ્રેરિત થઈ સચિને ચાર વર્ષે બૅટ પકડ્યું છે. હું સીનિઅર સચિન અથવા સચિન પહેલો ગણાઉં ને સચિન-જૂનિઅર સચિન અથવા સચિન બીજો તવારીખ પ્રમાણે ગણાય. કહેવાય છે કે,'આપણા ક્રિકેટપ્રેમીઓ પૈકી ૯૦% ક્રિકેટ વિષે કશું જાણતા નથી. અથવા જે કંઈ જાણે છે, તે કશા જ ઉપયોગનું નથી. તેવું જ ક્રિકેટ વિષેનું ઘોર અજ્ઞાન અમારામાં પ્રવર્તતું હતું.' આથી પરપોત્તમકાકાએ પ્રાથમિક સારવાર જેવી, પ્રાથમિક સમજણ આપી. પણ અમો બધા મોટી સર્જરીના 'ઇન્ડોર પેશન્ટ' જેવા હોઈ, તેમની સમજણ કપૂર, જેમ ઊડી ગઈ. આમ અમોએ પડોશના મહોલ્લાના પોપટ તથા બાબુ સાથે, ટૂંકી મસલત કરી, અમારી પ્રાથમિક શાળાના મેદાનમાં ફ્રેન્ડલી ને બદલે 'રાઈવલ મૅચ' ગોઠવી. આમેય અમારે બંને મહોલ્લાના રહીશોને, છોકરાંને, કૂતરાંને તથા ભેંસોને ઊભાં રહે બનતું નહીં. અમારા મહોલ્લાનું જે કાંઈ રાતે બહાર પડ્યું હોય તે બીજે દિ' સવારે એ પડોશના મહોલ્લામાં પગ કરી જાતે ચાલી જતું રહેતું. બીજે દિ' રાતે અમો એમના મહોલ્લામાંથી અમારું-તમારુંનો ભેદભાવ દેખાડ્યા સિવાય, ને સઘળું અમારે ત્યાં ઉપાડી લાવતા. આમ, અમારું ને તમારું ઝગડો પછી એવો તો ચાલતો કે, પડખેના રબારીઓના વાહમાંથી રાતે 'આ સઘળું તો અમારું છે દિયોર, અહીં કોણ ઠોકી લાવ્યું.' - એમ કહી તેમના ઘર ને મહોલ્લા ભેગું તે લોકો કરી દેતા. આ શૈશવી સંસ્મરણો, અત્યારે પણ મને યાદ એટલા માટે છે કે, અમારા એ 'મહોલ્લા મહાભારત' દરમ્યાન હું પૂર્ણ આવેગ, આક્રોશ ને જુસ્સાભેર ધસી ગયેલો ને લડેલો. જોકે એ દરમ્યાન કોઈએ મારો હાથ એવો વિચિત્ર ઍંગલથી મચકોડ્યો હતો કે, હજુ મારા હાથનો તે એવો ઍંગલ બદલાયો નથી. જો કે મચકોડાયેલા હાથને લીધે, હું ઈનસ્વિંગર તથા આઉટ સ્વિંગર સારી રીતે કરી શકું છું એમ ઘણાનું કહેવું છે. મચકોડાયેલા કાંડા ને હાથનો લાભ લઈ મેં ઘણાને શૂન્ય રને આઉટ કરી વરાળ સ્વરૂપ કરી નાખ્યા છે. ઘણાની ચકલી (બેલ્સ) ઉડાડી, ચકલી બનાવી દીધા છે.

કિટ્સ રણછોડની હોવાથી, બંને મહોલ્લાના ખેલાડીઓએ બંને ટીમના 'કૉમન' કૅપ્ટન તરીકે રહેવા રણછોડને દબાણ કર્યું. પરપોત્તમકાકાએ આપેલી સમજણ પ્રમાણે, રાજ્યનો વહીવટ ખાડે જાય ત્યારે બધો અપજશ મુખ્યમંત્રીને માથે જાય, તે પછી 'મુખ્યમંત્રીને હટાવો'ની ઝુંબેશ ચાલે ને મુખ્યમંત્રીએ અપમાનિત થઈ હટી જવું પડે, તે કરતાં પહેલાંથી હટી જવું ઉચિત છે. ઉપરાંત મેદાનમાં મારામારી થાય તો પણ વધુ માર કૅપ્ટનને પડે છે તેમ પરપોત્તમકાકાએ સમજાવ્યું હોઈ તેણે કૅપ્ટન થવાની ના ભણી દીધી.

તે પછી મારો વારો આવ્યો. મારા પિતાશ્રી અમારી શાળાના હેડમાસ્તર હતા. તથા આ શાળામાં સંગદિલ ભૂરાજી-ભૂંડાજી ઉર્ફે ભૈરવ નામનો એક પટાવાળો હતો. સ્કૂલમાં લાલિયાવાડી ચાલતી, તેનો સઘળો યશ મારા પિતાશ્રી તથા ભૂરાજીને અપાતો.

સમગ્ર શાળા વિદ્યાર્થીઓ તથા માસ્તરોનું આંતર-બાહ્ય, સ્થૂળ તથા સૂક્ષ્મ સંચાલન પિતાશ્રી તથા ભૂરાજી કરતા. પિતાજીની ધાક ભૂરાજી ઉપર ને ભૂરાજીની ધાક નેહાળિયાં તથા માસ્તરો ઉપર જબરી હતી. તે થકી નામદાર સરકારની માલિકીની નિશાળ બગીચો, મેદાન, મેદાનની વાડ ને શિક્ષણ ઈત્યાદિ સુરક્ષિત હતાં. ભૂરાજીને વિદ્યાર્થી તથા માસ્તરોની ઍલર્જિ હતી તે રીતે વિદ્યાર્થી તથા માસ્તરોને આ ભૂરાજીની ઍલર્જિ હતી. આ ભૂરાજી આસિસ્ટંટ હેડમાસ્તર જેવો હતો. તેનું કહેવું હતું કે, 'જે નેહાળમાં છોકરાં તથા માસ્તરો ન હોય તેને આદર્શ શાળા કહેવાય. ભાર વગરનું ભણતરને બદલે છોકરાં તથા માસ્તરો વગરનું ભણતર એ આદર્શ ભણતર કહેવાય.'

હેડમાસ્તરના સુપુત્રને નાતે મારો પ્રીવીલેજ રહેતો. આખાય ગામની ભૂંજેર શાળામાં રમવા ભેગી થતી તે ભૂરાજીના હાથનો પ્રસાદ લઈ ઘરભણી ભાગી છૂટતી. મારી પ્રેઝન્સ થકી મહોલ્લાના એક પણ છોકરાને 'મેદાની માર' ખાવો પડ્યો નથી. બાકી ભૂરાજી બાંગરો, પાવડાનો હાથો કે કોઈક માસ્તરનું ખાહડું લઈ વછૂટે પછી એ તાકોડીના નિશાનમાંથી ભાગ્યે જ કોઈ બચી શકે. મહાભારત યુગમાં એ હોત તો દ્રૌપદી સ્વયંવરમાં ખાહડા વડે માછલીની આંખ વીંધી દેખાડત. જો સાંપ્રત યુગમાં એ ભારતીય ઈલેવનમાં હોત તો, ગમે તેવા બૅટ્સમૅનની ગિલ્લી ઉડાડ્યા વગર રહેત નહીં.

આમ બધાએ, આ 'પ્રીવીલેજ'ની કદર કરવા સારું, મને કૅપ્ટન થવા ભલામણ કરી; મારી ટીમને ઐતિહાસિક વિજયો ભણી દોરી જવા સારુ, મેં હા-ના કરી, અનેક પ્રકારના તર્ક-કુતર્કનો સહારો લઈ, આનાકાની કરી પછી હું માની ગયો. 'માને તો મનાવી લેજો...... ને ન માને તો મારા વ્હાલાને વઢીને કહેજો'... આ જાણીતી પંક્તિ પ્રમાણે બંને ટીમના ઘણાખરા સભ્યો મારી સાથે મને મનાવવા સારુ વઢ્યા. આમ, આ વઢવાની વાત ભારે વણસી. તે થકી મારા તરફના મારા ગોઠિયાને સામેના પક્ષના

(અનુસંધાન પૃ. ૬૨૧ પર)

આવો રે આવો હો જીવણ આમના...

વીસમી સદીના ચાર અજાણ્યા ચમત્કારોમાંનો એક તે ખેડૂતનો સંત તરીકે પ્રાદુર્ભાવ. રાજસ્થાનના રાજારામ અને ઇડર રાજ્યના રામા ભગતનાં નામ તરત જ સાંભરે. બીજો ચમત્કાર તે ખેડૂતનો અક્ષરપ્રવેશ - ત્રણ 'પપ્પા': પેટલીકર, પન્નાલાલ અને પીતાંબર પટેલ. ત્રીજો ચમત્કાર રાજદ્વારી અને સહકારી ક્ષેત્રે પાટીદાર નેતાગીરીનો ઉદય. ચરોતરમાં ત્રિભુવનદાસ, ઉત્તર ગુજરાતમાં સાંકળચંદ પટેલ, માનસિંહ પૃથ્વીરાજ કે ગલબાકાકા. ચોથો ચમત્કાર સૌથી વધુ મહત્ત્વનો છે. ઊંઝામાં પાટીદારોની વ્યાપારક્ષેત્રે હરણફાળ. વાણિયો ખેતી કરતો થાય તો નવાઈ લાગે કે નહીં ? ત્યારે અહીં તો ખેડૂત વેપાર કરતો થઈ ગવો. પાટીદાર વાણિયો બની ગયો. શેઠ તરીકે ઓળખાવા લાગ્યો. પરાકાષ્ઠા તો ત્યારે આવી કે પામોલના આંજણાનો માંડ મૅટ્રિક લગી પહોંચેલો શીળીનાં ચાઠાંવાળો છોકરડો લોખંડબજારમાં પટાવાળાની નોકરી કરતાં કરતાં અચાનક 'જયહિંદ ઍગ્રિકો' જેવી ટોચની ફૅક્ટરીનો માલિક થઈ ગયો; અને કરસનભાઈ નામનો એક પટેલ યુવાન આપસૂઝથી 'નિરમા' જેવું ઘેઘૂર સ્વપ્ન સાકાર કરી શક્યો.

આ ચારેય ચમત્કાર ધરતીના છોરુંની ભવ્ય પુરુષાર્થગાથાના ચાર અધ્યાય છે. ગુજરાતમાં જ નહીં, સમગ્ર ભારતવર્ષમાં આ ઘટના એક યા બીજા સ્વરૂપે ઘટી છે. ઉત્તર ગુજરાતમાં એનો આવિર્ભાવ વિશેષ બોલકો લાગે, કારણ કે આ પંથક આ તમામ ક્ષેત્રે પછાત રહ્યો છે. બદલાતા સમય સાથે આવા ચમત્કારો પણ કોઠે પડતા જાય અને એમાં કશું રોમાંચક ન બચે, એ સમજી શકાય. પરંતુ જે સમયગાળામાં આ ઘટનાઓ બની, એની કલ્પના કરીએ તો એની ભીતરનું અદ્ભુત તત્ત્વ જરૂર આંબી શકાશે.

જીવણ માધા. પામોલ જેવા ચૌધરી બ્રાન્ડ ગામમાં એ સળેકડાં જેવા શરીરને કોઈએ ઓળખવાનીય દરકાર કરી હોત કે કેમ, એ પ્રશ્ન છે. ચૌધરી અમસ્તાય સામાન્ય માણસને તો ગણે જ નહીં. જીવણ માધાને એ જ કોમે 'જીવણલાલ શેઠ' કહીને હરખભેર ઊંચક્યા. એકલી પામોલ નહીં, આખી સત્યાવીસી એમના નામે તરી ગઈ. સત્યાવીસી જ કેમ, આખી આંજણી નાત. નહીંતર વળી અહીં અમદાવાદ-ગાંધીનગરમાં તળપદના મનેખ માટે પગ મૂકવાનું ય દોહ્યલું જ હતું ને !

આ વાત હમણાં નહીં સમજાય. પણ આવનારી પેઢીઓ એની નોંધ જરૂર લેશે. આંખો સામે બનતા બનાવોની ગરિમા આપણને ઓછા પ્રમાણમાં સ્પર્શતી હોય છે; નહીંતર કૃષ્ણ એમની હયાતીમાં જ ન પૂજાયા હોત ? ભગવાન રામચંદ્ર કે સીતાજી વિશે એમની જ અયોધ્યામાં પેલા ધોબીને કે મંથરાને ઉત્કૃષ્ટ આદરભાવ ન જાગ્યો હોત ? આપણે માણસ છીએ. એટલે માણસમાં હોઈ શકે તે બધી જ મર્યાદાઓ આપણને પણ નડે. જીવણભાઈ એ સંદર્ભે વ્યવહારમાં અત્યંત સામાન્ય રહીને અંદરથી લોકોત્તર પુરુષ બનતા રહ્યા. એમની પાસે સામાન્ય દેખાઈને અસામાન્યપણું સિદ્ધ કરવાનો જાદુઈ કીમિયો હતો. બહુ ઓછા માણસો એમને એ સ્વરૂપે ઓળખી શક્યા હશે. એમને ઓચિંતો જ, કોઈને કલ્પના પણ ન આવે એવો જબરદસ્ત 'બ્રેક' મળ્યો. લોખંડબજારમાં રાતોરાત છવાઈ જવાની તક મળી. એને એકલું કિસ્મત કહીશું તો એ પુરુષાર્થીને અન્યાય થવાનો સંભવ છે. એક આંખે પણ એ તરવરિયો તોખાર બજારની ઝીણામાં ઝીણી ગૂંચ ઉકેલી શકતો હતો. સમાજને એમની પહેલી ઓળખ 'ઉદ્યોગપત્ર' અવૉર્ડ નિમિત્તે થઈ. ત્યાં સુધી એ લગભગ અજાણ્યા હતા, એમ કહીએ તો ચાલે. રાષ્ટ્રપતિ દ્વારા સ્વનિર્ભર ઉદ્યોગકારોને અપાતું આ બહુમાન એક સાથે બે ચૌધરીઓને મળ્યું હતું. જીવણભાઈ કરતાં હેમરાજભાઈ સમાજસેવા-ક્ષેત્રે વિશેષ સક્રિય પણ હતા. પણ પછી જે દાનગંગાની સરવાણી શરૂ થઈ એમાં જીવણલાલ શેઠ છવાઈ ગયા. ધંધામાં હતા એથીય અદકેરા સાહસિક એ દાન કરવામાં હતા. એમને જાણે એનું વ્યસન વળગ્યું હતું - કર્ણની જેમ. એમના હાથ નીચે તૈયાર થયેલા ચૌધરી સમાજના અગ્રણી ઉદ્યોગપતિ અને હાલ ગાંધીનગર જિલ્લા પંચાયતના કર્ણધાર શ્રી હરિભાઈ કહે છે:'મામાએ અમને કોરા ચેક ફાડતાં શીખવાડ્યું.' ધંધામાં આંધળું સાહસ શીખવનાર મામાએ જ એમને લખલૂટ દાનના સંસ્કારો પણ વારસામાં આપ્યા લાગે છે. નહીંતર એકધારો આટલો રૂપિયો રેલાતો રહે, એ ય તે અમુક જ ગણ્યાગાંઠ્યા દાતાઓ દ્વારા, એ ધારીએ છીએ એટલું સહેલું તો નથી જ. માણસ પાસે લખલૂટ સંપત્તિ ભેગી થઈ શકે; પરંતુ એને કબીરકથન મુજબ 'દોનું હાથ ઉલેચવા'નું ઘણું અઘરું છે. જીવણલાલ શેઠ એ સંદર્ભે સાચા શ્રેષ્ઠી હતા. સંપત્તિનો સંચય કરીને એમણે ક્યારેય રાજીપો ન અનુભવ્યો હોત. એમણે એક હાથે મેળવેલો પૈસો બીજા હાથે લૂંટાવવામાં જ શ્રેય માન્યું. ને એમ કરીને વળતર સ્વરૂપે કોઈ પદપ્રતિષ્ઠા કે માનમરતબાની પણ અપેક્ષા ન રાખી. એમને ક્યારેય એનું મહત્ત્વ વસ્યું જ નહિ. ધાર્યું હોત તો શાસનકર્તાઓ અને અધિકારીઓ સાથેની ઓળખાણનો ઉપયોગ કરીને ઊંચાં પદો સુધી પહોંચી શક્યા હોત. માજી મુખ્યમંત્રી અમરસિંહ સાથેનો એમનો ઘરોબો જાણીતો હતો. હું એ બેઉને એકમેકની ઓળખ કરાવી આપીને બેઉ સાથે સલામત અંતર રાખવા લાગેલો. પરંતુ એ બે જણ તો 'મળેલા જીવ' જેવી

આત્મીયતા અનુભવતા હતા. આટલી નિકટતા છતાં જીવણલાલે ક્યારેય અમરસિંહ ચૌધરીને અણછાજતું કામ ચીંધ્યાનું યાદ નથી. કામ તો એમને ય પડતું હોય. પણ એ કઢાવવાની કળા એમને હસ્તગત હતી. જે પાણીએ મગ ચડતા હોય એ પાણીએ ચડવી દેવાના. મુખ્યમંત્રી સાથેની મિત્રતાને વટાવી ખાવાની વાત જ નહીં. જીવણલાલ છત્રીસની છાતી ધરાવનાર બડકમદાર મર્દ હતા. લૂંદો નાખ્યે કામ પતી જતું હોય તો નાહક લાખ રૂપિયાની લાગવગ શું કામ વાપરી નાખવી ? કાલે ઊઠીને કોઈ આપણા ઉપર ઉપકાર ચડાવ્યાનું કહી સંભળાવે એવો ખોટનો ધંધો કરાય જ નહીં. જીવણલાલ એ મુદ્દે ભારે મુત્સદ્દી.

પણ એમની એકંદર છાપ મુત્સદ્દી કરતાં વધારે તો ભોળા, માણસ તરીકેની હતી. હાડોહાડ સજ્જન. માનસરોવરનાં જળ જેવા નિર્મળ. અજાતશત્રુ. દુશ્મનનું ય સારું વાંછનારા. એમને ઘણાએ છેતર્યા હશે. જીવણલાલે કોઈને છેતરવાની સપને ય કલ્પના નહિ કરી હોય. ધંધો ધમધોકાર ચાલતો હતો અને લક્ષ્મીજીના ચારેય હાથ એમના ઉપર હતા, એ દિવસોમાં એમની સામે, એમના જ મેજ પર બેસીને કારખાનાના કારકુન-પટાવાળાને બીડી ફૂંકતા નજરોનજર મેં જોયા છે. એ ગામડાના માણસ હતા. એટલે એવી ‘એટિકેટ’ એમને આવડી જ નહીં. પેલો ત્રણ દોકડાનો મજૂર પણ એમની સામે અસલ મહેસાણી બોલીમાં દલીલ કરી શકતો. એમાં એમને અવિવેક જેવું લાગતું જ નહીં. બંગલામાં બધી જ અદ્યતન સાધન-સુવિધા હોવા છતાં, કલોલથી પાછા ફરીને એ રસોડાના બારણા પાસે ભોંય પર બેસીને મરચું ને રોટલો ખાઈ શકતા - અમારા જેવાઓની નજર સામે. શેઠાઈ જેવી વસ્તુ જ એમનામાં નહોતી પ્રવેશી. એ શેઠ ખરા, પણ દાનેશ્વરીના અર્થમાં. બાકી તો જીવણ માધા જ. એમની આ નિખાલસ વર્તણૂક જોઈ ગદ્‌ગદ થઈ જવાતું. કોઈને નિરાશ કરવાનું તો એ શીખ્યા જ નહોતા. માગનાર માગતાં મૂંઝાય એટલી હદે ઉદાર હતા. એમનું અખેપાતર ક્યારેય ખાલી થતું જ નહોતું. એમને નામની ક્યાં પડી હતી ? નામ તો ગામલોકો બળજબરીથી ચડાવી દેતા. પોતે આપીને વેગળા રહેતા. બીજાઓને આગળ કરતા. ખૂબ સમજણા. અત્યંત વિનયશીલ. સચિવશ્રી ઍચ.ઍમ.જોષીને સામે પગલે શોધી લાવ્યા. તમે નહીં તો તમારા પૂર્વજ. પણ પામોલના ગોર, એટલે અમારે મન પૂજવાપાત્ર. જીવ્યા ત્યાં સુધી જોષીસાહેબને આદરપૂર્વક ઊંચેરા આસને બેસાડતા રહ્યા. આવા ગુણગ્રાહી. એટલા જ લાગણીભીના. યોગાનુયોગ એમની શોકસભાના પ્રમુખસ્થાને પણ એ જ ઍચ.ઍમ.જોષી હાજર રહ્યા હતા. દિવંગત યજમાનની વિદાયવેળાએ ગોર મહારાજને शिवास्तु पन्थानः। કહેવું પડે ને !

એમને ખબર હતી કે પોતે ઓછું ભણેલા છે. એ વાતનો એમને છેલ્લે સુધી ખટકો રહ્યો. કદાચ એટલે જ એ શિક્ષણને સૌથી વધારે મહત્ત્વ આપતા રહ્યા. ચૌધરીસમાજમાં શક્તિ અપાર હતી. છોકરાઓ તો દૂર દેશાવર વેઠીનેય ભણે. પણ પેલી જોગમાયાઓનું કોણ બેલી થાય ? ભાંગ્યાના ભેરુ સરખા જીવણલાલ એમની વહારે ધાયા. ગાંધીનગર જેવી ગુજરાતની હૃદયસ્થલી પર ખૂંટી મારી દીધી ! એમણે વાવેલું એ બીજ આજે રાજધાનીની શોભા બની રહ્યું છે. ચૌધરી કન્યાવિદ્યાલયની જ સોડમાં કન્યામહાવિદ્યાલય પણ મહોર્યું. સ્વામી સચ્ચિદાનંદજીનાં પાવન પગલાં એ સરસ્વતી મંદિરમાં અનેક વાર થયાં છે. છેલ્લે એમના હાથે શેઠનું જાહેર સન્માન યોજાયું ત્યારે સૌને ખબર હતી કે હવે દીવો હોલવાવાની તૈયારી છે. એક કરોડ જેવી માતબર રકમ સમાજના ચરણે ધરીને એ જીવનવીરે એમની સ્વપ્નભોમકાને છેલ્લા જુહાર ભણ્યા. ત્યારે ઝીણી નજરે જોયું તો ખુદ સ્વામી જેવા સ્વામીની પાંપણ પલળી ગઈ હતી... એક મઘમઘતું વૃક્ષ ભરવસંતે સુકાઈ ગયું. ક્યારેક તંદ્રાવસ્થામાં એમનો ચહેરો તગતગતો ભાળું છું ને હોઠ લવી ઊઠે છે:‘આવો રે આવો હો જીવણ આમના... !’ ❐

અનુસંધાન] હું સચીન પહેલો [પૃ. ૬૧૯ થી

રાઈવલ ગોઠિયાપક્ષકારો વચ્ચે જબ્બર બોલાચાલી હો... હા... ને હોબાળો થયો. તે થકી નિદ્રાસને બેઠેલ ભૂરાજી જાગ્યો.


મારા અતિ અલ્પ ને પાર્થિવ પટેલ જેવાં ને જેટલાં શારીરિક ‘સ્ટેટેસ્ટિક’ હોઈ, બંને પક્ષકારોના ટોળામાં, એરંડાના ખેતરમાંના નાનકડા ચાડિયા જેમ હું દેખાતો ન હતો. તેથી ભૂરાજી બાંગરો લઈ છૂટ્યો. અમારામાંના ઘણાખરાનું ‘રનિંગ બિટ્‌વીન ધ વિકેટ’ ઘણું પુઅર છે. તેથી અમારી રનાઉટની શક્યતા વધારે છે. અમે રનાઉટ થઈએ, તે પહેલાં ભૂરાજીને ધોતિયાનો છેડો પગમાં ભરાતાં તે રનાઉટ થઈ પડ્યો. પરિણામે અમો સહીસલામત પીચમાં (મેદાન બહારી) પહોંચી ચૂક્યા. હું દોડ્યો નહીં. પરિણામે ભૂરાજીની નજરે હું પડ્યો. તે થકી તે ઊભો થઈ પાછો વળી ગયો. મેં બધા જ ખેલાડીને પરત બોલાવ્યા.

ત્યાં ઈશ્વરની અવકૃપા થકી, પિતાશ્રી પ્રકટ થયા. ધોરણ છની નવમાસિક પરીક્ષામાં ગણિતમાં મેં ધોળકું ધોળ્યું હતું તે થકી પિતાશ્રી મારી પર ભારે ક્રુદ્ધ હતા. વળી, ભણવાને બદલે, અહીં મેદાનમાં મને રમતો જોઈ, તે તેમનું ખાહડું કાઢી, મારી ભણી વછૂટ્યા. મારા પિતાશ્રીને ખાહડું લઈ વછૂટેલા જોઈ ભૂરાજીની હિંમત ખૂલી ગઈ, તે મારા પિતાશ્રીના સપોર્ટર તરીકે, પાવડાનો ધોકો લઈ, વછૂટ્યો. અમારામાંના ઘણાખરા રનઆઉટ થયા. હું ક્લીનબોલ્ડ થયો. તે જ ક્ષણે મેં ક્રિકેટને અલવિદા કરી દીધી.

જો કે ક્રિકેટનો મને અદ્‌ભુત ક્રેઝ છે કારણ કે ક્રિકેટમાં અદ્‌ભુત તત્ત્વો છે, જે ઘણાંખરાં ગહન છે ને સમજણની બહાર છે. તેથી તે મને મુગ્ધ કરે છે. જે બાબત મને મુગ્ધ કરે છે, તે મને અતિપ્રિય છે. ❐

ચેસ-કૉર્નર : કોયડો- ૩૧

કાળું



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો.

(White to play and mate in two)

મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Ka3,Rc7,Bd8,Nc6,Pa4**

કાળાં : **Kb6,Pa7**

આ કોયડો પ્રો. એ.આર.રાવે બનાવીને મોકલ્યો છે. બે પગલાંમાં મહાત કરનારો આ સહેલો miniature કોયડો છે.

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (e-mail - shaharpi@ hotmail.com) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ નવેમ્બર ૨૦૦૩ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના જુલાઈ ૨૦૦૩ના અંકમાં આવેલા કોયડા નં. ૨૯નો ઉકેલ :

(૧) Key move Qc7 છે. Threat 2. Qe5 #

જો...... Q x Q	(2) Rc2 #
જો...... Qc5	(2) Q x Q #
જો...... Qc4	(2) Q x Q #
જો...... B x P	(2) Qe5 #
જો...... Bb5	(2) Rc2 #
જો...... Pd6	(2) Qg7 #
જો...... Pd5	(2) Qg3 #

પ્રો. એ.આર.રાવ જણાવે છે કે કોયડામાં જો કાળો ઊંટ ન હોત તો આ પ્રમાણે જુદો ટચૂકડો ઉકેલ મળત. : 1. Q x Q, P x Q 2. Rc2 # પણ આવો દોષ ટાળવા માટે a4 ઉપર કાળો ઊંટ રાખ્યો છે તે બરાબર છે. રાજકોટના હર્ષદ દવે (જેમના અન્ય લેખો 'કુમાર'માં પ્રકટ થાય છે) જણાવે છે કે કાળી રાણી pin થવાથી તે ધોળા રાજાને શેહ આપવા અસમર્થ છે. તે જ કારણે તે e5 સિવાય અન્ય કોઈ જગ્યાએ જઈ શકતી નથી. હાથી pin થયેલો હોવા છતાં મજબૂત છે. લેખિકાને અભિનંદન આપતાં તેઓ જણાવે છે કે મહાતના વિવિધ પ્રકારો દર્શાવતો સુંદર કોયડો છે. ઝાલાવાડિયા જણાવે છે કે લેખિકા ચેસની સારી સેવા કરી રહેલ છે.

વાચકોએ નીચેના મુદ્રણ દોષો અંગે ધ્યાન ખેંચ્યું છે. (૧) Rg2 બે વાર છપાયું છે (૨) Ba8 ને બદલે Bg8 જોઈએ.

ઉપરોક્ત કોયડાનો ઉકેલ ૧૦ વાચકો તરફથી મળેલ છે જે પૈકી સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧)પ્રો. એ.આર.રાવ(અમદાવાદ),(૨)ઝેડ એલ. ઝાલાવાડિયા (અમદાવાદ), (૩) અજિત યાજ્ઞિક(મુંબઈ),(૪) હર્ષદ દવે (રાજકોટ), (૫) કલ્યાણભાઈ મુલિયા (સુરેન્દ્રનગર),(૬) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા), (૭) ગૌરાંગ જોશી (વેરાવળ)

-અર્પી શાહ

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

સને ૧૯૬૬ના દ્વારકાના ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રથી ત્યાં ૭૮૬ સાહિત્ય-રસિકોમાંના ઘણાનો સંપર્ક જળવાતો રહ્યો. તેમને કારણે અન્ય સાહિત્યકારોનાં જીવનમાંથી ઐશ્વર્યનાં દર્શન થયાં. એવા એક અનિરુદ્ધભાઈ બ્રહ્મભટ્ટ ! 'અખંડઆનંદ'માં ઋષિવાણી લખનાર 'પાર્થ' નામે લખતા ત્યારથી આકર્ષણ વધ્યું.

અમદાવાદમાં 'કુમાર'માં બુધવારે પુણ્યસ્મરણ બચુભાઈ રાવતને ત્યાંથી નીકળતાં તેઓ સામા મળી ગયા, ત્યારે તેમનું શરીર કૃષ થઈ ગયું હતું, પણ તેની આપણા સત્ત્વને સ્પર્શી જતી તેજસ્વી આંખોએ થોડી મથામણે મને ઓળખી કાઢ્યો. મને તેઓ હૉટલમાં લઈ ગયા. પોતે તો કાંઈ ખાવાપીવાના નહોતા પણ આતિથ્ય કરવાનો ઉત્સાહ પૂરો !


'મને આપ કાંઈક કહો ! આપે ઍરિસ્ટોટલના 'કાવ્યશાસ્ત્ર'નો સ્વાધ્યાય આપ્યો છે અને રિલ્કે વિષે પણ ! આપ જ ઋષિવાણી આપો છો. આપનો સાહિત્યને જીવી જવાનો અને પછી સર્જન નીપજે તે અભિગમ મને ખૂબ સ્પર્શી ગયો છે !'

'શું કરું, પુષ્કરભાઈ !' અનિરુદ્ધભાઈ હસીને બોલ્યાઃ 'મૃત્યુને સતત સામે રાખી પળેપળ જીવી જવાની ઋષિવાણી સૌ-કોઈ જાણે છે, પણ જીવનમાં ક્યાં ઉતારે છે ! મને તે અવસર મળી ગયો છે. લ્યૂકેમિયા હવે ગ્રસી જવાની તૈયારીમાં છે, એટલે ભગવાને હવે ક્ષણેક્ષણ જીવી જવા માટે સાધનાનો સુઅવસર આપ્યો છે !'

હું તેમની વાત સાંભળી થોડો ઝંખવાયો, પછી મારી ૨૦ વર્ષની ઉંમરે મૃત્યુના અનુભવમાંથી પસાર થયાની વાત જે મેં 'મૃત્યુની મહેક' પુસ્તકમાં પછીથી લખી છે તે કરી. મૃત્યુ અમૃતનું ઘર જ છે તે વાત તેમને સ્પર્શી ગઈ. પછી કહેઃ'મૃત્યુમાં પ્રવેશતાં પહેલાં જવાબદારીઓને થાળે પાડવાનો પ્રયત્ન કરું છું. મને મૃત્યુ

(અનુસંધાન પૃ. ૬૨૫ પર)

ઍન ફ્રૅન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર, ૨૪મી માર્ચ ૧૯૪૪

પ્રિય કિટી,

આજકાલ રાત્રે જમ્યા પછી ઘણી વાર હું પીટરના રૂમ પર ખુલ્લી હવા ખાવા જાઉં છું. રાતના અંધારામાં અર્થપૂર્ણ વાતો કરવી દિવસના અજવાળામાં કરવા કરતાં ઘણી સહેલી છે. બહારની દુનિયા નિહાળતાં પીટરની પડખે બેસવું એ પણ એક સુખદ અનુભવ છે. હું ઉપર જવા નીકળું એટલે વૅનડાન દંપતીને અને ડસેલ સાહેબને ટોણાં મારવાનો મોકો મળે છે. 'ઍન એના બીજા ઘેર જાય છે.' કે 'કોઈ સજ્જન પુરુષ રાતે લાઇટ બંધ કરીને યુવતી સાથે બેસી રહે એ યોગ્ય કહેવાય ?' આવાં ટોણાં ને ટપલાં વચ્ચે પીટર જે સતર્કતા બતાવે છે એનું મને ઘણું આશ્ચર્ય થાય છે. આવે વખતે, મમ્મીને તો ઘણુંય મન થાય કે ઍનને પૂછું કે શું વાતો કરો છો, પણ એમને જરા ડર લાગે છે, કે હું જવાબ જ નહિ આપું. પીટરના કહેવા પ્રમાણે આપણા તારુણ્યની એ બધાંને ઈર્ષ્યા આવે છે. એટલે એમના આ વિચિત્ર વર્તન તરફ ધ્યાન ન આપવું.

કોઈ કોઈ વાર મને બોલાવવા પીટર નીચે આવે છે પણ ત્યારે પરિસ્થિતિ સાવ જ વિચિત્ર થઈ જાય છે. કારણ કે એના ઘણા પ્રયત્નો છતાં શરમથી મોંને લાલચોળ થતાં એ રોકી શકતો નથી અને ઉપરથી શું બોલવું એની એને સમજણ પડતી નથી. સારું છે મને આવું કાંઈ થતું નથી નહિ તો હાલત કફોડી થઈ જાત.

સિવાય, માર્ગટ નીચે એકલી છે અને હું ઉપર પીટરની કંપની માણું છું એ વાતનું પણ મને દુઃખ છે. પણ એનો શો ઉપાય ? એ ઉપર આવે એનો મને જરાય વાંધો નથી, પણ ત્યાં એની હાજરી ક્યાંય જ બંધબેસવાની નહિ. ત્યાં પણ એણે તો બેસી જ રહેવું પડશે.

અમારી અચાનક જામેલી મૈત્રી વિષે પણ મારે ખૂબ કાંઈ સાંભળવું પડે છે. ગુપ્તનિવાસમાં હજી પાંચેક વર્ષ કાઢ્યાં તો આવનાર લગ્નપ્રસંગ વિષે ચર્ચા કેટલી વાર થાય છે એની તો ગણતરી પણ રાખવી મુશ્કેલ. આ મોટેરાંઓની આવી વાતો પર અમે બિલકુલ ધ્યાન આપતાં નથી. કારણ કે વાત પાયા વગરની છે. શું મમ્મી-પપ્પા પણ ભૂલી ગયાં કે ક્યારેક એ લોકો પણ યુવાન હતાં ? મને તો લાગે છે કે ભૂલી જ ગયાં છે. ગમે તે હોય પણ અમે ગંભીર બનીને વાતો કરીએ તો એ લોકો એને હસવામાં કાઢે છે અને અમે રમૂજી વાતો કરીએ તો એ જ લોકો ગંભીર બની જાય છે.

ભવિષ્યમાં અમે શું કરશું એની મને ખબર નથી કે પછી અમારી વચ્ચે વાતોના વિષય જ ખૂટી જશે, કોણ જાણે ? પણ સંબંધ આવો જ રહેશે તો વાતો વિના પણ અમે એકબીજાને માણી શકીશું. એક છે એનાં મમ્મી-પપ્પાનો વર્તાવ હવે સહન થતો નથી. કદાચ મારું વારંવાર ત્યાં જવું એમને પસંદ નથી. અમે શું વાતો કરીએ છીએ એ વિષે એમને કાંઈ જ ખબર નથી. અને એમને જો ખબર પડે કે અમે કેવી કેવી અંગત વાતો કરીએ છીએ તો શું થાય એનો વિચાર કર !

લિ. ઍન ફ્રૅંક

શનિવાર, ૨૫મી માર્ચ ૧૯૪૪

પ્રિયતમ કિટી,

આટલા સમયમાં મારામાં કેટલું બધું પરિવર્તન આવ્યું છે એની મને અત્યાર સુધી ખબર જ ન પડી. મારામાં ઘણું જ પરિવર્તન આવ્યું છે, મારે માટે બધું જ બદલાઈ ગયું છે. મારા અભિપ્રાય, મારી કલ્પના, મારો દૃષ્ટિકોણ. ઉપર ઉપરથી જોતાં કે અંદરથી જોતાં કશું જ પહેલાં જેવું નથી. અને હું વિશ્વાસની સાથે કહી શકું છું કે આ બધું જ પરિવર્તન સારા માટે છે. કારણ કે એ વાત સાચી છે. નાનપણના લાડકોડ પછી અચાનક મોટેરાંઓની ટીકાઓથી ટેવાવાનો કાળ મારે માટે અત્યંત કપરો કાળ હતો. અને એમાં દોષ મારાં મા-બાપનો છે. ઘેર હતાં ત્યાં સુધી હું આનંદથી રહું એવી એમની ઇચ્છા હતી જે બરોબર છે. પણ અહીં આવ્યા પછી એમની બધી જ વાતો મારે સ્વીકારી લેવી એવું વલણ યોગ્ય ન કહેવાય. અહીંના બધા જ સંઘર્ષો અને ઝગડાઓની બાબતમાં એમણે મને કેવળ એમની જ બાજુ કહી. એ બધાંમાં વાંક બંને પક્ષે અડધોઅડધ હતો એ સમજતાં મને ઘણી વાર લાગી. હવે મને સમજાય છે કે અહીં નાનાં-મોટાં બધાંએ ઘણા ગોટાળા કર્યા છે. વૅનડાન કુટુંબની બાબતમાં મમ્મી-પપ્પાએ ક્યારેય (ભલેને દેખાવ પૂરતું જ) નિરપેક્ષભાવે મૈત્રીસભર વર્તન કર્યું નહિ, આ એમણે મોટી ભૂલ કરી. આ બધું જ જવા દ્યો, મહત્ત્વનો મુદ્દો એ છે કે મને હું શાંતિ ઇચ્છું છું, નથી જોઈતા ઝગડા કે નથી કરવી કુથલી. આ પપ્પા અને માર્ગટ માટે સહજ શક્ય છે, પણ મમ્મીને એ માટે ઘણો પ્રયત્ન કરવો પડશે. શ્રી વૅનડાનને જીતવા તો સહેલા છે, એમની વાતોનો વિરોધ કરવાનો

નહિ. શાંતિથી સાંભળ્યે રાખો એટલે બસ વૅનડાન ખુશ. એ ક્યારેક ચીડવે કે મજાક-મશ્કરી કરે તો એનો જવાબ સામી મજાકથી આપવાનો. જ્યારે શ્રીમતી વૅનડાન સાથે વાત કરતાં તમે જો નિખાલસ હો અને ભૂલ હોય એ સ્વીકારી લેવા તૈયાર હો તો એટલું પૂરતું છે. એ પણ નિખાલસ છે અને પોતાની ભૂલ સ્વીકારવામાં એમને વાંધો પણ નથી, અને એ ભૂલો કરે છે પણ ઘણી. પહેલાં એમનો મારે માટે અભિપ્રાય સારો નહોતો પણ હવે એવું નથી. કારણ કે હવે હું મારા વિચારો એમને ગમે કે ન ગમે હું પ્રામાણિક્તાથી કહી દઉં છું. મને પ્રમાણિક અભિપ્રાયો વ્યક્ત કરવા ગમે છે. એક તો મને પોતાને સારું લાગે છે અને એથી વ્યક્તિ સાથેના સંબંધો સાચા અર્થમાં વિકસે છે.

કાલે જ શ્રીમતી વૅનડાન ક્લાઈમનને અમે ચોખા આપ્યા એ વિશે વાત કરતાં હતાં,'આપણે તો બસ આપ આપ જ કરીએ છીએ. પણ હવે મને લાગે છે કે ઘણું થયું. જ્યારે આપણને પણ એની એટલી જ જરૂર હોય ત્યારે આપણે શા માટે એમને આપી દેવું ?'

'ના, શ્રીમતી વૅનડાન,' મેં જવાબ આપતાં કહ્યું,'હું તમારી સાથે સંમત નથી. વાત સાચી છે કે ધારે તો ક્લાઈમન બહારથી ક્યાંકથી ચોખા મેળવી શકત. પણ એમને એ માથાકૂટમાં પડવું નહોતું એટલે આપણી પાસેથી લઈ ગયા. હવે આપણને આટલી બધી મદદ કરનારની ટીકા કરવી આપણને શોભે નહિ. ઠીક છે આપણે થોડા ઓછા ભાતથી ચલાવી લેશું. એમ તો પેટ ભરવા ચોળા પણ આપણી પાસે ઘણા છે.'

મારી વાત એમને ગળે તો ઊતરી નહિ. પણ છતાં એમણે જરા પીછેહઠ કરી લીધી. જે અલગ વાત છે.

ચાલો, હવે બસ કરું. હું ક્યાં છું, મારી જગ્યા કઈ છે, મને, ક્યારેક સમજાય છે તો ક્યારેક શંકા જાય છે. પણ મારે જેવા બનવું છે એવી એક દિવસ હું બની જ શકીશ એની મને ખાતરી છે. એમાંય હવે તો પીટરની દોસ્તી છે જે મૂંઝવણના સમયે મદદ કરી શકશે.

સાચું પૂછો તો પીટર મને ખરેખર કેટલો ચાહે છે એની મને ખબર નથી. એ પણ ખબર નથી કે અમે એકબીજાંને ચૂમી લેવા જેટલાં નજીક આવશું કે નહિ. પણ મારે ઉતાવળ નથી કરવી. વખત વખતનું કામ કરશે. મેં એક વાર પપ્પાને પૂછ્યું કે ,'હું પીટરને વારંવાર મળું છું એ એમને પસંદ છે ?' અને એમનો જવાબ હતો,'અલબત્ત !'

હું પીટરને મારા મનની વાતો ખૂબ સરળતાથી કહી શકું છું જેવું કે મેં એને એક વાર વાત કરી કે મારે તો લેખક બનવું છે. જરૂર પડ્યે અર્થોપાર્જન માટે નોકરી કરવી પડે તો પણ બાકી સમયમાં લેખનકાર્ય કરવું છે.

એમ તો નથી મારી પાસે પૈસા કે નથી સૌંદર્ય, નથી હું એટલી બુદ્ધિશાળી કે હોંશિયાર, પણ હું ખુશ છું અને મારે કાયમ ખુશ રહેવું છે. મારો સ્વભાવ પહેલેથી જ આનંદી છે, મને લોકો ગમે છે, હું દરેક વ્યક્તિ પર વિશ્વાસ મૂકું છું અને હું ઇચ્છું છું કે બધાં જ આનંદથી રહે.

લિ. તારી જ ઍન ફ્રૅંક

સોમવાર ૨૭મી માર્ચ ૧૯૪૪

પ્રિયતમ કિટી,

અમારી અજ્ઞાતવાસની કથામાં રાજકારણ ઉપર ઓછામાં ઓછું એક પ્રકરણ તો લખવું જ રહ્યું. જો કે અત્યાર સુધી મેં એ લખવાનું ટાળ્યું છે કારણ કે મને એમાં જરાય રસ નથી. પણ તોયે આજનો આ પત્ર એ વિષય ઉપર લખવાનું મેં ઠરાવ્યું છે.

અલબત્ત, આ વિષય પર ઘણા જુદા જુદા મતો પ્રવર્તે છે અને એમાં પણ યુદ્ધકાળે આ વિષય વારંવાર ચર્ચાય એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી. તો પણ રાજકારણ ઉપર આટલી બધી દલીલો કરવી એ તો નરી મૂર્ખતા જ છે ! જ્યાં સુધી બધા પોતપોતાના મત અને અભિપ્રાયમાં રાચતા હોય ત્યાં સુધી ભલેને રાજકારણ પર હસે, સમ ખાય, શરત મારે, ધૂંધવાય, કે ગમે તે કરે પણ એમને ક્યારેય દલીલો કરવાની હદે પહોંચવા દેવા નહિ. કેમ કે દલીલબાજી શરૂ થાય એટલે પરિસ્થિતિ કેવળ વણસે છે. બહારની દુનિયા સાથે સંપર્કમાં રહેલી વ્યકિતઓ અહીં એવા ઘણાય સમાચાર લાવે છે જે પાછળથી ખોટા ઠરે છે. પણ અમારા રેડિયોએ હજી સુધી ખોટા સમાચાર આપ્યા નથી. રાજકારણની બાબતમાં જૅન, મીપ, બેપ, કુગ્લર, ક્લાઈમન બધાંના મૂડ બદલાતા રહે છે. હા, એ બધાંના પ્રમાણમાં જૅનનો જરા ઓછો બદલાય.

પણ અહીં ગુપ્તવાસીઓનો મૂડ ક્યારેય બદલાતો નથી. અતિક્રમણ, હવાઈહલ્લા, ભાષણો વગેરે વગેરે વિષય પર અસંખ્ય ઉદ્ગારો જેવા કે અશક્ય !, અરે ભગવાન ! હવે આ શરૂ કરો છો તો અંત ક્યારે આવશે ? કમાલ છે, કામકાજ જોશમાં છે ! સાથે અનંત ચર્ચાઓ ચાલે છે. આશાવાદીઓ અને નિરાશાવાદીઓ - ને પાછા વાસ્તવવાદીઓ તો કેમ ભૂલાય - બધા જ પોતપોતાના મત અખૂટ ઉત્સાહથી રજૂ કરે છે. અને બાકી બધી જ બાબતોની જેમ દરેકને ખાતરી છે ને વિશ્વાસ છે કે સત્ય તો પોતે જ જાણે છે. પતિનો બ્રિટિશ લોકો પરનો વિશ્વાસ કોઈ પત્નીને ગુસ્સે કરે છે તો સ્વદેશની કુથલી સાંભળીને કોઈ પતિ પત્ની પર તૂટી પડે છે !

અને આમ ચાલ્યા કરે છે વહેલી સવારથી તે મોડી રાત સુધી. મજાની વાત તો એ છે કે કોઈને આનો થાક પણ લાગતો નથી. મેં એક યુક્તિ શોધી કાઢી છે બધાંમાં સ્ફૂર્તિનો સંચાર કરવાની. કોઈને ટાંકણી મારો તો કેવો તો કૂદકો મારી ઊઠે એવી

જ અસર મારી આ યુક્તિની થાય છે. એ યુક્તિ છે એક રાજકારણનો વિષય કાઢવાનો. બસ એકાદો પ્રશ્ન પૂછો, મત ટાંકો કે શબ્દોચ્ચાર કરો અને તમને ખબર પડે એ પહેલાં તો બધાં જ એ વિષય પર તૂટી પડ્યાં હોય !

જર્મન અને બીબીસીના અંગ્રેજી સમાચાર ઓછા પડતા હોય તેમ હવે તો હવાઈહલ્લાના વિશેષ સમાચાર શરૂ થયા છે. આમ તો આ સારી વાત છે પણ આની એક બીજી બાજુ છે. જર્મન-પ્રચારક મશીન જેમ ચોવીસે કલાક જૂઠાણું બકે રાખે તેમ બ્રિટિશ હવાઈ હુમલા પણ ચોવીસ કલાક ચાલુ જ હોય છે !

આને લઈને અહીં રોજ સવારે મોડામાં મોડો આઠ વાગ્યે જે રેડિયો શરૂ થાય એ રાતના નવ, દસ કે ઘણી વાર અગિયાર વાગ્યા સુધી ચાલુ જ હોય છે. જેનાથી એક વધુ સાબિતી મળે છે કે પુખ્તવયનાં લોકોમાં ધીરજ ઘણી હોય છે. સાથે સાથે એ પણ બતાવી આપે છે કે એ લોકોના મગજની જગ્યાએ કેવળ માંસના લોચા જ છે (આખું મગજ નહિ તો અંશતઃ કારણ કે હું કોઈનું પણ અપમાન કરવા માગતી નથી.) એક કે બે સમાચાર પત્રકો આખા દિવસ માટે પૂરતાં છે, પણ ના, આ પુખ્ત ઉંમરના મૂર્ખ લોકોને તો... જાવા દે, મારે જે કહેવું હતું એ તો મેં કહી દીધું છે ! કાર્યક્રમ પછી 'Music while you work' હોય કે ઈંગ્લન્ડથી પ્રસારિત થતો ડચ કાર્યક્રમ હોય કે પછી પ્રિન્સ ફિલિપ્સ બોલતો હોય કે રાણી વિલ્હેમીના ભાષણ કરતી હોય, બધા જ કાર્યક્રમને વારાફરતી એક શ્રોતા મળી રહે છે. મોટેરાંઓ જો જમતાં કે સૂતાં ન હોય તો બધાં જ રેડિયોને વીંટળાઈને બેસે છે ! હવે મને આનો કંટાળો આવવા માંડ્યો છે. છતાંય બધાંથી જુદી ન પડી જાઉં એટલા ખાતર પણ મારે આ પ્રવૃત્તિમાં ભાગ લેવો પડે છે ! જો કે વડીલોની વચ્ચે રહેવા માટે આ ટેવ પણ કાંઈ ખોટી નથી ! દાખલા તરીકે અમારા પ્રિય વિન્સ્ટન ચર્ચિલના ભાષણનું દૃશ્યઃ

રવિવાર રાતના નવ વાગ્યા છે. ચાની કીટલી એની ટીકોશી ઓઢીને ટેબલ પર ગોઠવાઈ ગઈ છે. અને એક પછી એક મહેમાન રૂમમાં દાખલ થાય છે. ડસેલસાહેબ આવીને રેડિયાની ડાબી બાજુએ વિરાજે છે, વૅનડાનસાહેબ એની સામે અને પીટર એની બાજુમાં. શ્રી વૅનડાન પછી મમ્મી અને એ બંનેની પાછળ શ્રીમતી વૅનડાન. છેલ્લી હરોળમાં હું અને માર્ગટ. ટેબલ પર પપ્પા બેસે છે. મને લાગે છે કે બેઠક-વ્યવસ્થાનું વર્ણન જરાય સ્પષ્ટ નથી પણ એનો વાંધો નહિ. પુરુષ વર્ગ સિગારેટ પીએ છે. સમાચાર સાંભળવાના તાણમાં પીટરે આંખો મીચી દીધી છે. મમ્મીએ ઘેરા રંગનો એક ગાઉન પહેર્યો છે અને શ્રીમતી વૅનડાન ઉપર જતાં વિમાનોની ઘરઘરાટી સાંભળીને થથરે છે. ઉપરથી ઊડતાં આ વિમાનોને ભાષણની પરવા નથી એ બધાં તો આનંદથી એરસેન તરફ ઊડતાં જાય છે. પપ્પા ચાની ચૂસકી લેતા બેઠા છે. બે બહેનોને શોભે એ અદાથી હું અને માર્ગટ એકબીજાંની સોડમાં બેઠાં છીએ. અમારા ખોળા પર લાંબું તાણીને માઉશી સૂતી છે. માર્ગટે માથામાં કર્લર પહેર્યાં છે ને મેં એક ચુસ્ત, ટૂંકો, નાનો નાઈટ-ડ્રેસ પહેર્યો છે. જોયું, વાતાવરણ કેટલું હૂંફભર્યું અને શાંતિમય લાગે છે. અને એવું જ છે. માત્ર હું આ ભાષણ ક્યારે પૂરું થાય એની ધડકતા હૃદયે રાહ જોઉં છું કારણ કે બધાં જે પોતાની જાત ઉપર કાબૂ રાખીને બેઠાં છે, બધાંની ધીરજની પરીક્ષા થઈ રહી છે... ક્યારે આ ભાષણ પતે ને ક્યારે મારી દલીલ શરૂ કરું. પેલો ઉંદર દરમાંથી બહાર આવે એ માટે બિલાડી પ્રયત્નો કરે કંઈક એવું જ દૃશ્ય અહીં નજરે પડે છે.

લિ. ઍન.

(ક્રમશઃ)

અનુસંધાન] જાણીતા માણસની અજાણી વાતો [પૃ. ૬૨૨ થી

માટે કોઈ ફરિયાદ ભગવાન સામે નથી ! આ થોડાં આયુષ્યને જીવનથી ભરી દેવા પ્રયત્ન કરું છું !' તેમની 'ભગવાન' કવિતા યાદ આવી 'મેં ક્યાં કશુંય ઈચ્છયું'તું તારી પાસે ?... ના, મારે કશુંએ ન જોઈએ ભગવાન !'

'મૃત્યુ તો મારું મિત્ર છે !!' અનિરુદ્ધભાઈની વાતોમાં વિષાદ નહોતો. શરીરની પીડા હતી, પણ વાણી થીરકતી નહોતી. મેં મૃત્યુને કહ્યું છે કે - 'ચાલ, આપણે ફરવા જઈએ -
ફરીને વિરમવા જઈએ.'

'અનિરુદ્ધભાઈ, સને ૧૯૬૧માં કલકત્તા સાહિત્ય પરિષદના અધિવેશનમાં પરિષદના અધ્યક્ષ પ્રબુદ્ધ સાહિત્ય વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી સાથે 'સ્વરૂપ' વિષે મને વાતો કરવાનો અવસર મળ્યો હતો. ત્યારે તેમણે આપના જેવી જ વાતો કરેલી તેનું મને સ્મરણ થાય છે !'

'સ્વરૂપ !' ભાગ્યે જ કોઈ સાહિત્યરસિક જીવને 'સ્વ' વિષે વિચારવાનું ન બને. અનિરુદ્ધભાઈએ કહ્યું:'વંદ્ય વિભુતિ' વિષ્ણુભાઈ સાથે મને તમે યાદ કરો છો તેનો આનંદ છે ! સ્વરૂપથી અજાણ છતાં જેને કારણે આ નામ અને રૂપ વિકસે છે, ચૈતન્યમાં વિકાસવિલાસ થાય છે, તેના વિવિધ સ્તરોમાં જીવી જવાની એક મજા છે.- સર્જન નીપજે છે ત્યારે એ 'સ્વ'નો એક 'ઝબકાર' છે તેનો મને રોમેરોમ અનુભવ થાય છે.'

વાર્તા થતી રહી. દ્વારકા ફરી આવવાનું નિમંત્રણ-વિષાદ ભર્યા હૃદયે સ્વીકારી અમે છૂટા પડ્યા. ત્યારે એમના શબ્દોના પડઘા અંતરમાં ગુંજતા હતા : 'મૃત્યુ સાથે - સામે રાખી જીવાય ત્યારે 'ક્ષણ'ને જીવી જવાય છે, એટલે શ્રદ્ધા છે કે મૃત્યુની ક્ષણ પણ જીવંત બની રહેશે.'

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

કેવી વિચિત્ર પૂર્વતૈયારી !

તા.૬-૧૦-૯૯. ગયે રવિવારે એક કાર્યક્રમમાં જઈ આવ્યો. થયું એવું કે પંદરેક દિવસ પર દૂરદર્શનમાંથી એક બહેનનો ફોન આવ્યો કે દર બુધવારે રાત્રે ૭-૧૫થી ૭-૩૦ સુધી 'આ અમારા ગુજરાતીઓ' કે એવા કોઈ નામની ૧૩ હપ્તાની સીરિઅલ મંજૂર થઈ છે અને તે માટે સુભાષ બ્રહ્મભટ્ટને મારો ઈન્ટર્વ્યૂ લેવો છે. મેં હા પાડી. સુભાષભાઈ ઘેર આવીને મળી ગયા. અને તેમના આમંત્રણ મુજબ હું , અમદાવાદની એચ.કે.આર્ટસ્ કૉલેજમાં રેકોર્ડિંગ માટે રવિવારે (૩જી ઑક્ટોબરે) બપોરના ૩-૩૦ વાગે પહોંચ્યો. ત્યાંના ચિત્ર-વિચિત્ર અનુભવની વાત હવે વાંચો.

હું ત્યાં પહોંચ્યો એટલે સુભાષભાઈ સાથે બહાર લૉબીમાં ખુરશીમાં બેઠો. તેના બધા જ ૧૩ હપ્તામાં આવતા ૧૩ 'મહાન ગુજરાતીઓ'ના ઈન્ટર્વ્યૂ એક દિવસે સવારના ૮-૩૦ થી સાંજના ૫-૩૦ સુધીમાં રેકોર્ડ કરવાનો પ્રોગ્રૅમ ગોઠવ્યો હતો. મારો વારો આઠમો હતો. સાતમાનું રેકોર્ડિંગ અંદર રૂમમાં ચાલું હતું. છઠ્ઠા પોતાની મોટરમાં ઘેર જતા હતા ત્યાં સુભાષ બ્રહ્મભટ્ટે તેને બોલાવ્યા અને મારી ઓળખાણ કરાવી. તે વડોદરા યુનિવર્સિટીના નાટ્ય વિભાગના માર્કંડ ભટ્ટ હતા. તે તો મારું નામ સાંભળી તરત જ મારી પાસે આવી નીચા નમીને મને પગે લાગ્યા. ૧૯૪૪ના બે માસના રાજકીય ઈટોલા કૅમ્પમાં તે હતા અને હું તે કૅમ્પનો શિબિરપતિ હતો ! શિક્ષકનું વિદ્યાર્થીકુટુમ્બ કેટલું વિશાળ હોઈ શકે !!

પણ પછી મારા રેકોર્ડિંગનો વારો આવ્યો. હું રૂમમાં ગયો. મારો ઈન્ટર્વ્યૂ લેનારે કેટલાક સવાલ તૈયાર કરી રાખ્યા હતા તે મને વાંચી સંભળાવ્યા, જેથી રેકોર્ડિંગ વખતે ચર્ચાનો મને પૂર્વાભાસ મળી રહે. તેનો એક સવાલ હતો,'વૈદ્યસાહેબ, તમારા સફળ વિદ્યાર્થીઓમાં એ.આર.રાવ અને વિક્રમ સારાભાઈ હતા....' મેં તેને કહ્યું કે,'ભાઈ એ.આર.રાવ તો મારાથી દસ વર્ષ મોટા, તે કૉલેજમાં લેક્ચરર થયા ત્યારે હું મૅટ્રિક પાસ પણ નહતો થયો. ડૉ. વિક્રમ સારાભાઈ મારી ઉંમરના. આ બેને મારા વિદ્યાર્થી ક્યાંથી બનાવ્યા ?' કેવી વિચિત્ર પૂર્વતૈયારી !

*

શિક્ષકની માયા

તા.૨૪-૧૦-૯૯. કાલે (સોમવારે) મારે વડોદરા જવાનું છે. મારી ૫,૬,૭ ધોરણમાં 'પ્રયોગ કરો અને વિજ્ઞાન શીખો' પદ્ધતિનો એક અખતરો વડોદરા તાલુકાનાં ૧૦ ગામોની શાળામાં, વડોદરાની 'શિશુમિલાપ' સંસ્થાએ કર્યો. તે અખતરો આગળ ચલાવવા માટે બીજી સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર લેવા, આવી સંસ્થાઓનું એક મિલન વડોદરા યુનિવર્સિટીમાં યોજ્યું છે. કાલે સવારે ૧૧-૦૦ થી ૪-૦૦ સુધી તેમાં જવાનો છું.

મંગળવારે બપોરે ગુજરાત ગણિત મંડળની માયા છે. આ વર્ષનું અધિવેશન ક્યાં ભરવું તે હજુ નક્કી નથી થયું, તેની વેતરણ કરવા મંગળવારે બપોરે ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગમાં મીટિંગ રાખી છે.

પણ બુધવારે તો સાવ જુદી જ માયા છે. ગુજરાત વિદ્યાપીઠના ચૅન્સેલર અને વાઈસ-ચૅન્સેલર વચ્ચે મતભેદ ઊભા થયા અને તે એટલી હદે વણસ્યા કે મામલો કોર્ટમાં ગયો. ગુજરાતના કેટલાક બુઝર્ગ ગાંધીવાદીઓને આ બધું ઠીક થતું લાગ્યું નહિ તેથી તેમણે સમજાવટથી વાતચીત કરી મતભેદનો ઉકેલ લાવવા લવાદ-પંચ રચવાની યોજના કરી. આ પંચની બેઠક બુધવારે સવારે ૧૧-૦૦ વાગે વિદ્યાપીઠમાં છે અને શિક્ષણ સાથે સંકળાયેલા એક ગાંધીજન તરીકે હું તે પંચનો સભ્ય છું !

ઉપર લખેલી માયા તો ગણિત-સંશોધન સાથે સીધી રીતે સંકળાયેલી નથી. પણ અમેરિકાની ડેન્વર યુનિવર્સિટીમાંથી પ્રકટ થતા સામયિક 'ફાઉન્ડેશન્સ ઑફ ફિઝિક્સ' (Foundations of Physics)માંથી એક પેપર (લેખ) મારા અભિપ્રાય માટે આવ્યો છે. ખાસ્સાં ૩૯ પાનાંનો એ પેપર છે. વળી, કેરળના એક વિજ્ઞાનીએ Cosmic Repulsion in Presence of Matter નામનો લેખ મારા અભિપ્રાય માટે મોકલ્યો છે. તે પણ ૧૭ પાનાંનો છે એટલે ગુરુવારથી ઇન્ડિઅન ઍકેડેમી ઑફ સાયન્સીઝની લખનઊ મીટિંગમાં આ બે પેપરો સાથે લઈ જઈશ અને ચાર દિવસમાં તે કામ પૂરું થશે.

તો આ છે નવા જમાનાના શિક્ષકની નવલી માયા !

*

ઉત્સવો - એકતાનું પ્રતીક

ભારતીય સમાજના ત્રણ મોટા સામાજિક ઉત્સવોઃ (૧) દિવાળી, (૨) મોહર્રમ, (૩) નાતાલ. અને આમ જુઓ તો આ ત્રણે ઉત્સવો ધર્મ સાથે સંકળાયેલા છે. દિવાળી હિન્દુઓનો ઉત્સવ, મોહર્રમ મુસ્લિમોનો ઉત્સવ અને નાતાલ ખ્રિસ્તીઓનો ઉત્સવ. છતાં સામાન્ય સંયોગોમાં તે ઉત્સવોની ઉજવણીમાં બધા જ સામેલ થાય. દિવાળીમાં હિન્દુઓ ફટાકડા ફોડે પણ ગુજરાતમાં તો આ ફટાકડા બનાવવા અને વેચવામાં મુખ્ય ફાળો મુસ્લિમોનો. વળી, ગુજરાતની એક વિશેષતા છે. દિવાળી પછી બેસતા વર્ષથી ગુજરાતનું નવું વ્યાપારી વર્ષ શરૂ થાય, ચોપડાપૂજન થાય, હિસાબ લખવાના નવા ચોપડા શરૂ થાય. અને આમાં ધર્મ વચ્ચે આડો ન આવે. દુકાનદાર કે વેપારી, હિન્દુ હોય કે મુસ્લિમ, શીખ હોય કે ખ્રિસ્તી, તેના હિસાબ માટે નવા ચોપડા બેસતાં વર્ષથી લાભપાંચમ સુધી તૈયાર થાય.

આમ, ગુજરાતમાં દિવાળીનો ઉત્સવ પ્રજાકીય એકતાનું પ્રતીક જ છે. એ જ રીતે મોહર્રમમાં તાજિયા ઠંડા કરવા નારીઓ માથે પાણી ભરેલાં બેડાં લઈને જાય છે અને તાજિયા નીચે પાણી ઢોળે છે. અને આમાં દરેક ધર્મની બહેનો ભાગ લે છે. મારું બાળપણ ભાવનગરમાં વીત્યું છે. મને યાદ છે કે મારા પિતાને અબ્દલ્લા પીર પર ખૂબ શ્રદ્ધા અમને લગભગ દર શુક્રવારે અને અબ્દલ્લા પીરનો પ્રસાદ મળે. ઘરમાં એવો રિવાજ પડી ગયો હતો કે સારેમાઠે પ્રસંગે અબ્દલ્લા પીરની માનતા માનીએ તો સૌ સારાં વાનાં થઈ રહે.

આપણા ઉત્સવ પ્રજાકીય એકતાના પ્રતીક બની રહ્યા છે. એ હકીકતનો યશ જાગૃત પ્રજામતને જાય છે.

*

૨૬ જાન્યુઆરીના ભૂકંપની ઘટના

તા.૩૦-૪-૨૦૦૧. જાન્યુઆરીની ૨૬મીએ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ભૂકંપના હળવા (૩.૧માપ)થી ભારે (૮.૫ માપના) આંચકા ઠેર ઠેર આવ્યા. પરિણામે પુષ્કળ જાનહાનિ થઈ અને એટલું જ મોટું મિલકતોને નુકસાન થયું. આજે એ વાતને ત્રણ મહિના થઈ ગયા. હવે જરા લોકોને કળ વળી હોય તેવું દેખાય છે અને તેથી છાપાંમાં એ દિવસોના કેટલાક રસપ્રદ પ્રસંગો આવવા માંડ્યા છે. આ રહ્યો એવો એક પ્રસંગ.

ભૂકંપમાં ત્રણ માળનું એક મકાન તૂટી પડ્યું છે. ત્રીજા માળનો એક બાજુનો ભાગ તો ધરાશાયી થઈ ગયો છે પણ તેની બીજી બાજુનો ભાગ ડગુમગુ ઊભો છે. તે ત્રીજા માળની અગાશીમાં એક યુવાન માતા તેના દોઢ માસનાં બાળક સાથે મદદ માટે ચીસ પાડતી ઊભી છે. નીચે પડી ગયેલાં મકાનોના કાટમાળ ઉપર એક ૧૬ વર્ષની છોકરી તેના પિતા અને બહેન ક્યાંય દટાયેલાં છે કે નહિ તે શોધી રહી છે. ઉપરથી પેલી યુવતીની ચીસ જ્યારે તેણે સાંભળી ત્યારે તે ૧૬ વર્ષની છોકરીએ ઉપર તરફ જોયું. તેને થયું કે આ માતા-બાળકને કઈ રીતે મદદ કરાય. એકાદ મિનિટમાં તો તેણે નક્કી કરી લીધું અને ઉપર રહેલી માતાને તેણે કહ્યું કે,'બાળકને સાડીમાં લપેટીને નીચે નાખો હું ઝીલી લઈશ.' માતાને તરત જ તો આ વાત ગળે ન ઊતરી. ત્રીજે માળથી ૪૦ ફૂટ નીચે પોતાનાં દોઢ માસનાં બાળકને ફેંકવાનું કઈ માનું મન માને ? પણ સંયોગોથી વિવશ માતાએ મન મનાવી લીધું; અને કુદરતની લીલા તો જુઓ, સાડીમાં વીંટેલું બાળક નીચે ઊભેલી છોકરીએ પોતાના હાથમાં ઝીલી લીધું !

આમ તો હિન્દી ફિલ્મમાંના કોઈ સીન જેવું લાગે. પરંતુ આ ફિલ્મી ગપસપ નથી. ધરતીકંપ વખતે બનેલી ઘટના છે.

*

છેલ્લું પાનું !

તા.૧૭-૭-૨૦૦૧. આ અઠવાડિક પત્રો કેવા અનાયાસે શરૂ થયા ? ૧૯૬૯ના ઑગસ્ટની ૧૬,૧૭ તારીખે પુત્રી સ્મિતા વધુ અભ્યાસ માટે અમેરિકા જવા નીકળી અને ૨૪મી ઑગસ્ટે મેં પહેલો કાગળ લખ્યો. એ પહેલા કાગળનો પહેલો પૅરૅગ્રાફ વાંચતાં આ પત્ર-પરંપરા કેમ ચાલુ રહી તેનો સ્હેજ અણસાર આવે છે. આ રહ્યો તે પૅરૅગ્રાફ.

'દર રવિવારે તમને કાગળ લખવાની મારે ટેવ પાડવી છે એટલે મનમાં થયું કે આ રવિવારથી જ શરૂ કરી દઉં. આમ તો હજુ 'ગઈકાલે' તો આપણે બધાં સાથે હતાં એટલે આજે કાગળમાં શું લખવું એવું મનમાં થાય ખરું. પરંતુ મારો કાંઈક સ્વભાવ એવો છે કે હું બધા સાથે ભળીને રહું છતાં બધાથી અલગ ઘણો રહું છું. કાંઈક વિરોધાભાસ જેવું લાગે છે, પણ એ સાચી વાત છે. આનો એક લાભ છે. 'ગઈકાલે' આપણે સાથે હતાં છતાં મારી પાસે તો આજે પણ તમને લખવાનું ઘણું મળી રહે છે.... '

હા, તો એમ વાત છે. મારા સ્વભાવના વિરોધાભાસે મને આ પત્રો લખવાની પ્રેરણા આપી અને તેથી મારા કુટુમ્બ સાથે મારી કડીરૂપ આ પત્ર-શ્રેણી બની. મારાં બાળકો અને કુટુમ્બીજનોએ એ પત્રો હોંશે હોંશે વાંચ્યા, પચાવ્યા અને સાચવ્યા પણ ખરા. આ પત્રાવલિએ મને તો મારા કુટુમ્બમાં રસ લેતો અને પ્રતિભાવરૂપે કુટુમ્બપ્રેમ મેળવતો કર્યો છે. - 'કુમાર'માં પ્રકટ થતાં 'પસ્તીનાં પાનાં' આટલાં બધાં લોકપ્રિય થયાં છે તેનું મુખ્ય કારણ પરસ્પર પ્રેમસિંચિત પત્રાવલિમાં તેનું ઉગમ એ જ હોઈ શકે. ▢

લઘુકથા

પત્રો

હસમુખ કે. રાવલ

(૧)

.... મળવા માટે જ તો ફેરા ફર્યાં હતાં. પણ આમ કેમ થાય છે ? સાથે હોઈએ ત્યારે દૂર સરકતાં લાગીએ છીએ ને દૂર હોઈએ ત્યારે પાસે સરકતાં લાગીએ છીએ. દસમી ડિસેમ્બરે, આપણી દસમી મેરેજ એનીવર્સરી... હું ન ભૂલતી હોઉં તો....

(૨)

.... હા ... સાચી વાત. મળવું છે... આવું છું.... ચોક્કસ...

(૩)

... લગ્નદિન ગયો. મિનિટે મિનિટ તારી સાથે ગાળી. પણ ન કૉલબેલ કે કાગડો... ભૂલકણા ! તારીખ ભૂલી ગયો હતો કે કામમાં દટાઈ ગયો હતો !....

(૪)

... તે દિવસે હું ય મિનિટે મિનિટ તારી સાથે જ હતો અને તારી સાથે જ રહેવા માગતો હતો એટલે... પત્ર લખજે...

▢

ભવનાથની એક સાંજ

નરોત્તમ પલાણ

એક સાંજે ભવનાથમાંથી બહાર આવીને રામરજુ બૂટ પહેરી રહ્યા છે, ત્યાં સોળ-સત્તર વર્ષનો ગોટા જેવો છોકરો તેમની પાસે આવીને કહે : 'માતાજી બોલાવે છે !'

'અરે પણ બચુ, તું ક્યારે આવ્યો ?'

રામના પ્રશ્નનો કંઈ ઉત્તર આપ્યા વિના બચુ દોડતોક ભવનાથમાં ગયો અને રામરજુ હજુ માતાજીનો ટેકરો ચડતા હતા ત્યાં સાથે થઈ ગયો !

'અરે ગોટાશંકર ! ક્યાં ગબડો છો એ તો કહો !'

રજુએ બચુને ઊભો રાખ્યો.

'મયારામબાપાના આશ્રમમાં હતો, હમણાં માતાજી ભેળો છું !'

બચુનું મોઢું સતત હસતું રહેતું !

'અને ધર્માલય તો સાવ ભૂલી જ ગયો !' રામ હસીને પૂછતો હતો : 'કેમ છે તમારું માંડણ કુંડલા ?'

'મજામાં !' બચુએ લ્હેરી અવાજમાં ઉત્તર વાળ્યો ને પૂછ્યું : 'જોસીફી કેમ છે ?'

'તારી ફીની ખબર કાઢવા તો તારે ધર્માલય આવવું પડે પણ હા, તારા ફુ ભારી લ્હેરમાં છે, રોજના દશ લાડવા ખાય છે !'

રામનું વાક્ય પૂરું થાય તેની સાથે જ રજુ બોલ્યો : 'અને માથે બે જોસીફીના !' પછી ઉમેર્યું : 'ધબ્બા !'

ત્રણે જણા હસતા હસતા ઉપર આવ્યા ત્યારે મંદિરનાં પટાંગણમાં આસન પાથરીને સંતસમાજ બેઠો છે ! સામા ઓટલા ઉપર માતાજી છે, બાજુમાં પરબવાવડીથી આવેલા સેલાણી સાંઈનાં કુટુમ્બી માઈસાહેબા અને પગ પાસે એક- તારો મેળવતા રહમતુલ્લા વારેવારે માતાજી સામું જોતા બેઠા છે. આ બાજુ આરામખુરશી ઉપર પડછંદ કાયા ધરાવતા કોઈ અજાણ્યા સાધુ, નજર સામે ઝૂકી રહેલી પીળી કરેણની ડાળને નિહાળે છે ! રામરજુએ આગળ આવી માતાજીને પ્રમાણ કર્યા ત્યારે સૌ કોઈએ આ યુવાનોને જોયા. કંઈક ઓછું દેખતાં માઈસાહેબા તરફ ફરીને માતાજી બોલ્યાં : 'રામરજુ આવ્યા છે !' માઈસાહેબના વૃદ્ધ ચહેરા ઉપર સ્મિતની રેખા પ્રકટી અને રામરજુને આવકારવા બેય હાથ લાંબા કરીને હવામાં આમ આમ કરી રહ્યાં ! બંને નજીક ગયા અને માઈસાહેબાના હાથ પોતાના હાથમાં લઈને ચૂમી લીધા !

'સત્તારશાની સેવા આ બેય લાડલાઓએ એવી કરી છે કે જ્યારે યાદ આવે ત્યારે દુવાથી અંતર ભરાઈ જાય છે ! મોતીબુ જેવી અમજદબાઈ અને પુનુ તો આશાદેવી છે !'

સત્તારશાહ જ્યારે જમાદાર વાડીમાં હતા ત્યારે માઈ સાહેબા થોડા દિવસો રહી ગયેલાં તેને યાદ કરતા બોલતા હતા : 'નર્મદાજી, આપને યાદ છે ! આપણે બીલખા હતા ત્યારે શર્માજીએ મેંદરડા મોકલેલાં ? પેલાં માતાજી ! મુંડિયા સ્વામીના શિષ્ય પાસે નસિહત સાંભળવાં ?' માઈસાહેબાએ માતાજીને એના નામથી બોલાવ્યાં અને થોડી વાર ચૂપ રહી વાત પૂરી કરી : 'એ માતાજીની સેવા રજુની અમ્મીજાને કરેલી !'

રજુ એકદમ ભાવુક બની ગયો !

'હા, હા કેટલાં વરસ થયાં !' નર્મદાજી સ્મૃતિનાં પડ ઉખેડે છે : 'આ જ સ્થળે આપણું મિલન થયેલું ! આ આખા ટેકરા ઉપર સીતાફળનું જંગલ હતું ! સીતાફળની મોસમમાં આપણે બીજું કંઈ ન ખાતાં યાદ છે ? પછી તો કેટલું રખડ્યાં ! શર્માજીએ દેહ છોડ્યો એને પણ દસ-બાર વરસ થઈ ગયાં અને મુંડિયાસ્વામીએ તો હજુ હમણાં બે વરસ પહેલાં !' માતાજી હજી યાદના ઝૂલે હતાં ત્યાં પેલા અજાણ્યા સાધુ બોલી ઊઠ્યા :

'મુંડિયા સ્વામી ? જો ડામારાળા ગાંવમેં થે ?'

માતાજી હસ્યાં : 'હા, એ જ ! ગામનું નામ ડમરાળા !' પછી બધા તરફ ફરીને કહે : 'સ્વામીજી બંગાળી છે. હિન્દી-ગુજરાતી ભેળું બોલે છે ! સ્વામી વિવેકાનંદ અને શ્રીઅરવિંદ ગિરનારમાં ક્યાં ક્યાં આવ્યા હતા તેની બહુ રસિક વાતો જાણે છે.' માતાજીએ પરિચય કરાવ્યો.

'મુંડિયા સ્વામીકો શ્રીઅરવિંદ મિલે થે !' આરામ ખુરશીમાં સરખા બેસતાં સ્વામીજી કહે : 'યહાં જૂનાગઢમેં, ભવાની સ્થળમેં!' બધાં એક કાને સાંભળી રહ્યાં !

'ઈ.સ. ૧૯૦૦ કે આસપાસ કે વર્ષોમેં ચારુદત્ત, શ્રીઅરવિંદ કો યહાં લાયે થે ! ચારુદત્ત બહુત બડે અફસર થે ઔર રાજ કે મહેમાન થે. શાયદ યહાં કે લોગ જિન્હે 'છપનિયા દુકાળ' કહતે હૈ વો સમય થા, કુછ તાંત્રિક બારિશ કે લિયે ભવાની કો બલી દેતે થે ! શ્રી અરવિંદને અનુભવ કિયા કે ભવાનીકી યહ સાધનાસે તનમનમેં ઉષ્મા તો આ જાતી હૈ, બારિશ આયેં યા ન આયેં !' સ્વામીજી મોટા અવાજે હસી રહ્યા, તેમની સાથે સૌ હસ્યા ! 'ગિરનાર કા યહ અનુભવ પીછે સે બંગાલમેં કામ આયા, વહાં ક્રાન્તિકારીઓ કા 'ભવાની દલ' શ્રીઅરવિંદને બનાયા !' સ્વામીજી તાળી પાડીને ફરી વાર જોરથી હસ્યા !

'શ્રીઅરવિંદને તાંત્રિકોમાં ઊંડો રસ હતો, કેમ ?' માતાજીએ પૂછ્યું.

સ્વામીજી બોલ્યાઃ 'હા, યહી સિલસિલેમેં વો મુંડિયા-સ્વામીસે મિલે થે ! કહાં ઉસકા પત્તા નહિ ઔર યહ ભવાનીસ્થલ ભી કહાં હૈ પત્તા નહિ !'

'જુઓ, સ્વામીજી ! તાંત્રિક સાધના તો અહીં અનેક સ્થળે

થાય છે, જેમાં ગિરનાર ઉપરનું કાળકા, પાછળ પાંડવગુફા, તાંતણિયો અને જોગણિયાનું નવદુર્ગાથાનક મુખ્ય છે ! માતાજી જાણકારી આપતાં હતાં : 'મુંડિયાસ્વામી તો અત્યારે આપણે બેઠા છીએ એ જ સ્થાનમાં ગુપ્તવાસ કરવા આવતા, કેમ માઈ ?'

માઈ ધ્યાનમાંથી એકદમ જાગ્યાં અને આંખો ખોલીને કહે : 'હં, એમણે મત્સ્યવેધ અહીં જ સિદ્ધ કરેલો !' વળી આંખો મીંચી ગયાં. રામરજુ એકબીજા સામે જોવા લાગ્યા એટલે માતાજી કહે: 'મત્સ્યવેધ એટલે શ્વાસોચ્છ્વાસ ઉપર કાબૂ મેળવવો, તંત્ર-સાધનામાં શ્વાસ અને ઉચ્છ્વાસને બે માછલાં કહેવામાં આવ્યાં છે !' પછી હસતાં હસતાં ઉમેર્યું : 'એમ કહેવાય છે કે તાંત્રિકો મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મિથુનનું સેવન કરે છે આ મદ્ય એટલે આનંદસમાધિ, માંસ એટલે શરીરમાં પેદા થતા સ્થૂળ ભાવનું ભક્ષણ અને મત્સ્ય એટલે શ્વાસોચ્છ્વાસ ઉપર કાબૂ !'

'ઓહ !' રામથી ઉદ્ગાર સરી પડ્યો.

'બાકીનાં બે શું ?' રજુ ગૂંચવાતો ગૂંચવાતો બોલ્યો.

'મુદ્રા અને મિથુન !' માતાજીએ હસીને ઉત્તર વાળ્યો : 'સવારથી સાંજ સુધી આપણા મન ઉપર સારી-નરસી છાપ પડ્યે રાખે છે ને ? કોઈ ગ્રંથ વાંચીએ કે સાંભળીએ તેની છાપ પડે, નાટક જોઈએ તો એની છાપ પડે, બરાબરને ? આ બધી છાપમાંથી મનને મુકત કરવું તેનું નામ મુદ્રા ! હવે સાંભળો પાંચમો 'મકાર'. મિથુન એટલે આમ તો સ્ત્રીપુરુષનો સંગ પણ સ્ત્રી એટલે ક્રિયા અને પુરુષ એટલે જ્ઞાન - આ બેનો યોગ એટલે મિથુન ! મિથુન થાય તો જ્યોત પ્રકટે !' માતાજી હસતાં હતાં ! માઈસાહેબા પણ હસવા લાગ્યાં અને રજુ તરફ ફરીને કહે : 'રજુપુનુના યોગથી રોશની પ્રકટી છે ને ?' 'બધા હસતા રહ્યા, જ્યારે રામરજુ અને નાનકડો બચુ આશ્ચર્યથી એકમેક સામે જોતા હતા ! માતાજી એકદમ બચુ તરફ જોઈને કહે : 'તારે લગ્ન કરવાનાં છે, સમજ્યોને ? અધ્યાત્મની ઝંખના થઈ કે તુરત ભાગી ન નીકળાય, જા પાછો માંડણકુંડલા અને સંસાર માંડ !' માતાજી સાથે ફરી બધા જોરજોરથી હસવા લાગ્યા ! હસતાં હસતાં જ માઈ કહે : 'બેટા રામ, તારી શક્તિદેવી !' હસવાનું ચાલું હતું : 'શું કહો છો સ્વામીજી, તેમ 'હસતાં હસતાં જ માતાજીએ પૂછ્યું !'

'સબ અચ્છા ઔર સચ ! શ્રીઅરવિંદને અપની સાધના કે લિયે દો ત્રિકોણ કા આયોજન કિયા હૈ, વહ યહી સંકેત હૈ !' સ્વામીજીએ જોરથી તાળી પાડી અને હસ્યા. રામે જોયું કે આ અવાજથી બાજુની વેલઘટામાં બેઠેલી ચકલીઓ ફૂરરર કરતી ઊડી ! સૌની નજર ચકલીઓ પાછળ આકાશમાં ગઈ ? ઉનાળાની ખુશનુમા સાંજ ઢળતી હતી, અંબાજીની ટૂક સાવ માથે આવી ગઈ હોય એમ અનુભવ થતો હતો.

'ઔર સૂનો ! 'મુંડિયા' એટલે ન દાઢી, ન ચોટી ?' વળી એક મોટું હાસ્યનું મોજું બધા ઉપર ફરી વળ્યું ! 'આજકલ જો મુસ્લિમલીગ ઔર હિન્દુમહાસભાકી પ્રવૃત્તિ ચલ રહી હૈ, વહ મનુષ્યકી આસૂરી શક્તિકા આવિર્ભાવ હૈ ! જબ જબ કોઈ દિવ્ય ચેતના સક્રિય હોતી હૈ, આસૂરી તુર્ત પ્રબલ હો જાતી હૈ !' બધા એકદમ ગંભીર બની ગયા ! રામરજુની આંખો ફાટી રહી ! 'આજ તકકે મનુષ્યકા એક કદમ આગે ઉઠા વહ ગાંધી હૈ, શ્રીઅરવિંદકી ચેતના ગાંધીમેં સક્રિય હૈ, જો પૃથ્વી પર દિવ્યજીવન લાને કે લિયે પ્રવૃત્ત હૈ ! શ્રી અરવિંદ કહેતે હૈ કિ આદ્ય શંકરાચાર્યજી હો યા મહંમદ પયગંબર સાહબ વહ મનુષ્ય દેહમેં થે ઔર યહી ઉનકી મર્યાદા હૈ ! તંત્ર સાધના તન સે હી હોતી હૈ, મર્યાદા હૈ ! ક્યું કી તન તન હી હૈ ! ઈસ હિસાબસે પૃથ્વી પર કા આજ દિન તક કા કોઈ ભી ધર્મ પૂર્ણ નહિ હૈ ! દાઢી, ચોટી, મૂછ, પૂછ સબ જાના હી ચાહીએ ! યહ પશુતા હૈ, નિમ્ન કોટિ હૈ, ઈનસે જિતના ઉપર ઊઠે, દિવ્યતા ઉતની હી નજદીક હોગી !' સ્વામીજી આંખો મીંચીને અંદર ઊતરી ગયા. તળેટીમાં કોઈ સ્થળેથી શંખ ફૂંકાયો ! રામરજુબચુ અનુભવ કરે છે કે એક શીતળતા નીચે ઊતરી રહી છે, આકાશ વધુ ને વધુ ઊંડું બન્યે જાય છે ! શંખનાદ સાવ પાસે ને પાસે, અંદરથી પ્રકટીને જાણે તળેટીમાં ફેલાય છે !

શું ક્રિયા ? શું જ્ઞાન ? એક સાચું જીવન મનુષ્ય ઝંખે છે, જ્યાં માત્ર તન્મયતા હોય ! રામરજુબચુ પણ આંખો મીંચીને ધ્યાનમાં સર્યા ! કપડાં ઉતાર્યા ભેળાં જ હિન્દુમુસલમાન ઊતરી ગયા ! ચામડી ઉતાર્યા ભેળી જ રંગ અને વંશની અલગતા નાશ પામી ! મન, ચિત્ત, પ્રાણ : દ્વારની ભીતર દ્વાર ! માત્ર જીવન! ◻

ધ્યાનકથા

શાશ્વતી પર્વ - ભીતરની ઊર્જાનું ઓવરફ્લોઈંગ

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવા અને સૂફીસંત બુધાજી અન્યોન્ય આત્મીય મિત્રો. ક્યારેક અચાનક સૂફીસંત બુધાજી ગુરુ બજુવાને ખાસ મળવા આશ્રમમાં દોડી આવે. બુધાજીને આગમના દરવાજામાં પ્રવેશતાં જુએ કે તરત જ બજુવા તેમનું અહોભાવથી સ્વાગત કરવા સામે દોડી જાય. બજુવાનાં ચરણો પકડી લે તો બુધાજી બજુવાનાં ચરણોમાં માથું નમાવી દે. બંને એકમેકને ભેટી પડે. પછી બજુવા બુધાજીનું બાવડું પકડીને તેમને આગમના બગીચામાં દોરી જાય. બગીચામાં એકાદ ઘટાદાર વૃક્ષ નીચે બંને સામસામે બેસી જાય. બંને સાવ મૌન. બસ એકમેકને અચરજથી ટગર ટગર જોયા કરે. બંને એકમેક સામે જોતાં મંદ મંદ હસ્યા કરે. પવનમાં લહેરાતો પ્રકૃતિનો ભૈરવી આલાપ ઉભયના મૌનને વધુ ને વધુ પ્રગાઢ બનાવતો રહે. અડધો-પોણો કલાક બંને વચ્ચેનો મૌન સંવાદ ચાલે. પછી બંને એકમેકને તાલી આપતા ખડખડાટ હસતા ઊભા થઈ જાય. બગીચાના વૃક્ષની ડાળીએથી દ્રાક્ષ તોડીને બજુવા બુધાજીના હસતા મોંમાં મૂકી દે તો બુધાજી પણ બજુવાના હસતા હોઠની વચ્ચે દ્રાક્ષ સરકાવી દે. શરાબનો નશો ચઢ્યો હોય એમ લથડિયાં ખાતા બંને લીલાઘાસની લોન ઉપર દોડવા માંડે. લથડિયાં ખાતા બુધાજી નીચે પડી જાય તો હાથ પકડીને બજુવા તેમને ઊભા કરે; ઉભયના ખડખડાટ હાસ્યના પડઘાથી સમગ્ર પરિવેશ તરબતર થઈ જાય.

થોડી વાર પછી બગીચામાં સૂર્યનારાયણના પ્રવેશની સાથે જ વૃક્ષોનાં પાંદડે પાંદડે જાણે દીવા ઝળહળવા માંડે ! ડાળીઓ વચ્ચે ઝાલરનો ગુંજારવ, ને પવનનો શંખધ્વનિ ! ને પ્રકૃતિદેવીની આરતી ઉતારતાં ઉતારતાં બજુવા અને બુધાજી એકમેકના હાથમાં હાથ પરોવીને ગોળ ગોળ ઘૂમતા નાચવા માંડે. ઉભયના પગમાં સૂફીઓનો નશો, ને ઉભયની અંગભંગિમાં મીરાંની મસ્તી. ઉભયના નર્તનનાં આવર્તનોમાં ચો તરફ વિસ્તરતી જાય સહસ્ત્ર રંગોની રંગોળીઓ !

નાચતાં નાચતાં થાકી જાય એટલે પાછા બંને બાંકડા ઉપર સામસામા બેસી જાય. આકાશમાંથી ફૂલોની વર્ષા થઈ રહી હોય એમ બંને ઉપર વૃક્ષો ઉપરથી ફૂલો પડવા માંડે. એ ફૂલો વીણી વીણીને ખોબો ભરીને બજુવા બુધાજી તરફ ફેંકવા માંડે, તો બુધાજી બજુવા તરફ. અચાનક બંનેની આંખોમાંથી આંસુની ધારા વહેવા માંડે ! બજુવા બુધાજીનાં આંસુ લૂછવાની ચેષ્ટા કરે તો બુધાજી બજુવાનાં આંસુ લૂછવાની ચેષ્ટા કરે ! પણ અરસપરસ એકબીજાને આંસુ લૂછવા તો ન જ દે !

પછી બંને વચ્ચે શરૂ થઈ જાય પકડદાવની અને અરસપરસ 'સ્ટૉપ' આપવાની રમતો. ક્યારેક બજુવા બુધાજીને પકડવા તેની પાછળ દોડે, તો ક્યારેક બુધાજી બજુવા પાછળ. જાણે એકમેકને આખેઆખા લૂંટી લેવા કેમ ન માગતા હોય !

પકડદાવ રમતાં રમતાં થાકી જાય એટલે બંને વચ્ચે શરૂ થઈ જાય એકમેકને 'સ્ટૉપ' આપવાની રમત. સ્ટૉપ આપતાં પહેલાં બજુવા ઈશારાથી બુધાજીને ચેતવી દે, તો બુધાજી બજુવાને ચેતવી દે. પછી આકાશને હાથ લંબાવીને બથમાં લેવાની ચેષ્ટા કરતા બુધાજીને બજુવા ઈશારાથી સ્ટૉપ કહીને સ્ટૅચ્યૂ બનાવી દે, તો ધરતીને બથમાં લેવાની ચેષ્ટા કરતા બજુવાને બુધાજી ઈશારાથી સ્ટૉપ કહીને સ્ટૅચ્યૂ બનાવી દે ! બંને ધ્યાનની પરાકાષ્ઠારૂપ સ્ટૅચ્યૂની અવસ્થામાં ! તેમની સાથે સાથે પંખીઓ, વૃક્ષો ને સમગ્ર પરિવેશ-પર્યાવરણ પણ 'સ્ટૅચ્યૂ' બનીને ઊંડા મૌનમાં સરી પડે. બધું જ મૌનમય... બધું જ મૌનમાં એકરસ... બધું જ મૌનમાં એકાકાર... ચો તરફ અનાહદના નાદની ધૂપ સુગંધ, ફરી વળે. ચો તરફ આનંદ રસની એકધારી હેલી... ચોતરફ આલોકના પ્રકાશનું નર્તન...

*

એ જ દિવસે સાંજના ગુરુ બજુવા આગમના ફળિયામાં ખુરશી ઉપર ચૂપચાપ બેઠા હતા, ત્યારે પોતાનો અહોભાવ વ્યક્ત કરતા કેટલાક શિષ્યો એકીસાથે બોલ્યાઃ 'ગુરુદેવ ! આજે વહેલી સવારના બગીચામાં આપની અને બુધાજીની મસ્તીભરી ચેષ્ટાઓ જોઈને અમે બધા પણ અત્યંત રોમાંચિત થઈ ગયેલા. કેટલી બધી બાળસહજ આપની ઉભયની ચેષ્ટાઓ હતી, ને છતાં કેટલી બધી વિરાટ ! આપની ચેષ્ટા-ક્રીડા સાથે જાણે સમગ્ર સમષ્ટિ પણ રાસ લઈ રહી હોય એવી અમને પ્રતીતિ થયેલી. એ વખતે આપ બંનેનાં દર્શનથી ખરેખર અમે પણ ધન્ય થઈ ગયા છીએ !!'

સ્પષ્ટતા કરતાં ગુરુ બોલ્યાઃ 'મિત્રો ! સાચું કહું ? તમે લોકો અમારી ઉભયની ચેષ્ટાઓનાં નહીં, પણ એ નિમિત્તે માત્ર તમારી પ્રતિક્રિયાઓનાં જ દર્શન કરી શક્યા છો !'

'અમારાં દર્શનને આપ પ્રતિક્રિયાઓ કહો છો ? હજુ પણ આપની અને બુધાજીની છબીઓ અમારી આંખોમાં જ...' શિષ્યોએ વિનમ્રભાવે દલીલ કરી.

ગુરુ બજુવા બોલ્યાઃ 'અમને અમારી ઉભયની ચેષ્ટાઓ અત્યારે યાદ પણ નથી. એ બધું જ અત્યારે, આ ક્ષણે ભૂલાઈ ગયું છે, ને તમે અમારી ચેષ્ટાઓને યાદ રાખીને બેઠા છો. જે તમે યાદ રાખો છો, એનું મૂલ્ય પ્રતિક્રિયાઓથી વિશેષ નથી હોતું ! દર્શન તો ચિત્તના આકાશને ખાલી કરી દે છે. દર્શનની સ્મૃતિ નહીં સુરતિ હોય !' ને ગુરુએ જરા રહી ઉમેર્યુંઃ 'ઘણુંબધું યાદ રાખવામાં આજે માણસ એક શબ્દને ભૂલી ગયો છે. તે શબ્દ છે - 'દર્શન'. દર્શન એ જ ઉત્સવ ને એ જ મહારાસ !'

(આથમતાં અજવાળાં - ૨૦)

મારું ગામ

ભગીરથ બ્રહ્મભટ્ટ

મારું ગામ એટલે ગાંધીનગર જિલ્લાનું નાનકડું ગામ નાદરી. સાવ છેવાડાનું ગામ. ચારેક દાયકામાં તો એની સિકલ જ બદલાઈ ગઈ છે. ભોળી કોઈ ભરવાડણ બ્યૂટી પાર્લરમાં જઈ આવે, પછી એ કેવી લાગે ? એવું જ કૈંક થયું છે મારા ગામનું ! - સમગ્ર ગુજરાતના ગ્રામજીવનમાં જે પલટો આવ્યો છે એની મારે વાત નથી કરવી, પરંતુ એની ખરી અસલિયતની વાત કહેવી છે.

મારા ગામની આસપાસ નરવું કુદરતનું કામણ હતું. હતાં આસપાસ ખેતરો જ ખેતરો. લીલાંછમ્મ ઝાડવાં, ગામને કાંઠે હતું તળાવ.... ન મળે દુકાન, ન મળે ઘંટી. સગવડને નામે મીંડું. વીજળીનું તો નામેય નહિ. પાણી પણ બાવન હાથના ઊંડા કૂવામાંથી સિંચીએ. જીવનનો ખરો આધાર જ ચોમાસુ. ગામ આખું કુદરતને આધારે જીવે. આઠમ-અગિયારસે ભજનો પણ થાય. મહાદેવ-મંદિર ઘરડાં લોકોથી ઊભરાય. જુવાનિયા ભાગોળે ભેગા થઈ પટલાઈ કૂટે.... પછી તો અંગ્રેજોનું રાજ્ય, રેલવેનું આગમન, ઔદ્યોગિક ક્રાન્તિના છાંટા મારા દૂર દૂરના એ ગામને પણ એવા લાગ્યા કે ધીમે ધીમે પરિવર્તન આવી ગયું. કેટલાંય કુટુંબો તો શહેરભણી દોડી ચાલ્યાં... જે ભણ્યા એ તો ગયા... ગામને છોડીને જાણે ! જે અર્ધભણેલ હતા એમની સ્થિતિ વચ્ચેની થઈ, અપડાઉન કર્યા કરે. રોજી માટે શહેરમાં જાય અને સાંજે ગામમાં પાછા આવે. અભણ હતા એ ગામમાં જ રહ્યા. એ દિન પ્રતિદિન વધુ ને વધુ ગરીબ થતા ગયા... ગામમાં સમાજના ધારાઓ જળવાતા રહ્યા. બારમાં-તેરમાં કરતા રહ્યા અને લગન ટાણે ભાત પણ ભરતા રહ્યા. એ બધા ગામને ખીલે બંધાયેલા. સમાજના બંધનમાં રહે. બહારવાળાને તો કોણ પૂછે ? ને કોઈ કહે પણ શું ?

ત્યારે તો ગામમાં કોઈને ત્યાં લગ્નપ્રસંગ હોય ત્યારે આખું ગામ એક થઈ જતું. મહેમાનો 'વાહવાહ !' બોલી ઊઠતા.... એકબીજાને ટેકો કરતા, અને અવસરો ઉકેલતા. ગામમાં દિવાળી-હોળીના તહેવારોમાં પણ ગજબનો ભાવ !! હવે તો એ બધું જ રુટિન થઈ ગયું છે. આખા ગામને જ પરિવાર માની લેવાનો... પરિવારની વ્યાખ્યા જ હવે તો બદલાઈ ગઈ છે. રોટલા અને દાળ મળે એટલે ભયો ભયો. શાક ક્યાં હતાં ? ઘંટી જ નહોતી, જાતે દળવું પડતું.... મને યાદ છે હું મારી બાના સાથે ખિલડો પકડીને ઘંટી દળતો-દળાવતો.... ત્યારે રોટલા થતા... એ રોટલાય મીઠા લાગતા હતા. ને વગડો પણ વહાલો લાગતો હતો.

ખેતરમાં કે ઓરડા-ઓશરીમાં રોટલાની મજા તો કેવી ! હેય, માટીમાં પલાંઠી વાળીને બેસવાનું, પાણીનો કળશ્યો બાજુમાં હોય, હાથ ખંગાળીને, રોટલાનો ટુકડો કરી મોંમાં મેલતાં પ્હેલાં પૂંછડી હલાવતા પાસે જ ઊભેલા કૂતરાને કટકો આપવાનો.... રોટલાની સાથે મરચું હોય, લસણની ચટણી હોય અથવા લાલ મરચાં વાટ્યાં હોય.... કઢી કે દાળ હોય... બત્રીસ વાનગીનાં ભોજન બાજુ પર રહી જાય એવો સ્વાદ એમાંથી મળતો ! ગૉળનું દડબું કે ડુંગળીનો દડો લટકામાં રહેતાં... તાવડીમાં ઘડેલા રોટલા ખાવાના હવે એ દિવસો પૂરા થઈ ગયા... લોકકવિએ કહ્યું છે : ધ્રાંગધ્રાના પાણાની ઘંટી હોય, દીઘાડિયા ગામના કુંભારે બનાવેલી તાવડી હોય, ગોલાસણી ગામની વાડમાંથી વીણી લાવેલાં અડાયાં છાણાં હોય અને મેરુપરની રજપૂતાણીએ મધરાત્રે ઊઠીને મધુર સૂરે પ્રભાતિયાં ગાતાં ગાતાં બાજરો દળ્યો હોય ઈમાંથી ધોબોક લોટ લઈ કથરોટમાં નાખી, મસળી, મીઠું નાખી પીંડો બાંધ્યો હોય. ઈ પીંડો હાથમાં લઈ મા જેમ પહેલા ખોળાના દીકરાને હેતથી હુલાવતી હોય ઈમ બે હાથની હથેળિયું વચ્ચે રમાડતાં રમાડતાં રોટલો ઘડી તાવડીમાં નાખી ત્રાંબિયા જેવો શેડવ્યો હોય, ત્યારે રોટલામાં લીલવણી ઝાંય તગી ઊઠે. ઈ રોટલાની કોપરી કાઢી લઈ પછી ઘી નાખ્યું હોય... ભાઈ ભગવાન ખાવા ઊતરે !! કોઈનેય કોઈનો રોટલો ભારે નહોતો પડતો.

દળણાં દળવાં, ખાંડવું, ઝાપટવું, ઊપણવું, સંચવું, સીવવું કેટકેટલી ક્રિયાઓ થતી ! ગામના કૂવેથી પાણી સિંચવાનો થાક નહોતો લાગતો ત્યારે. એય દસ-બાર બેડાં પાણી ખેંચવું પડે તો શું થઈ ગયું ? બાઈયું-બેનું હરખભેર છાણ-વાછીદાં અને પાણી-પાણિયારાં કરે. કપડાં-વાસણ તો વાતવાતમાં થઈ જાય - ઢોર માટેનાં ખાણ ચઢવવાનાં હોય એ તો પાછું અલગ !! આટલાં બધાં કામની વચ્ચે પણ છોરાં-ઢોરાં અને વારતહેવારનો મહિમા પણ સચવાતો. કથાવારતા અને દાનપુણ્ય પણ થાય.... અને ધરમકરમ પણ થતાં રહે. એકમેકને સાચવે. મદદ કરે. પરિવાર-જીવન હસતું રહે... સંયુક્તજીવન ઝાઝું જોવા મળે.... વગડો વ્હાલોપાં કરે અને રામજી રખોપાં કરે.

સમાજના વ્યવહારો જ એવા કે જડબેસલાક રીતે સૌ પાળે. સવર્ણોમાં કોઈ નાતરું ન કરે. કોઈ દીકરી વિધવા થાય તો આખી જિંદગી વૈધવ્ય ગાળવું પડે.... અને કેટકેટલું સાચવવું પડે.... ગ્રામજનો તો એવાં કે સ્હેજ સ્હેજમાં વહેમાય અને વાંધા-વચકા પાડે. સાસુ બેઠાં હોય ને વહુએ જીભ ન ચલાવાય. સસરાજીના રૂમમાં ન જવાય, અને જવું હોય તો ખાસ્સો ઘૂમટો તાણવો પડે... ગરબે ઘૂમવું પડે. મહેમાન-પરોણાને ઘરના મોભા પ્રમાણે સાચવવા પડે. ભરત-ગૂંથણ અને સીવવા કરવાનું પણ ખરું જ, પિયરનો

પક્ષ ના લેવાય, પિયરિયાં પ્રત્યે બહુ ન ખેંચાવાય નહિ તો... 'વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ...'નો ઘાટ થાય.

શીતળા સાતમને 'ટાઢી હાતમ' અને જન્માષ્ટમીને 'ગોકળઆઠમ' નામે ઓળખતા. એવી લોકવાયકા ચાલતી કે 'ટાઢી'ને દહાડે શીતળામાતા પધારતા અને ચૂલામાં આળોટતાં જેથી ઘરમાં સુખ-સમૃદ્ધિ વધે અને અન્નના કોઠાર ભરેલા રહે. એ ટાઢી રખ્યા (રાખ) શરીરે ચોળતાં વરહ આખું તાવ-તરિયો ભાગી જતા. ચૂલા સાથે વણાયેલી આ નિર્દોષ લોકભાવના ઘરમાં ચૂલાનું માહાત્મ્ય વધારતી ! મોભ્ભો જાળવતી ! આજે ગૅસના ચૂલા કેવા અણોહરા લાગે છે !

સવર્ણો વાઘરીને, હરિજનને, ભંગીને અસ્પૃશ્ય તો માને જ, પણ એમને નિશાળમાં પ્રવેશવા પણ ન દે, ગાંધી માત્માના આવ્યા પછી એટલો ફેર પડ્યો કે એ બધા ભણતા થયા.

કોઈ માંદુંસાજું હોય તો બાધાઓ રખાય. ભૂવાઓ બોલાવાય. દવાખાનાં હતાં જ ક્યાં ? દાણા દેખાડાય. તાવ હોય કે વા હોય, 'હાર્ટ અટૅક' જેવો શબ્દ જ ક્યાં હતો ? એને તો ત્યારે 'ઑઝટ'માં આવી ગયો - 'મા એ ઑઝટમાં લીધો' - એમ કહીને ઓળખતા હતા. વિજ્ઞાનનો વિકાસ નહોતો ત્યારે અંધારું પણ રળિયામણું લાગતું હતું એમ અજ્ઞાન પણ !!

મારા ગામને એકાએક પાંખો ફૂટી કે શું ? કેટલું બધું પરિવર્તન ? અરે, બધું બદલાઈ રહ્યું છે ! ઘણું બધું બદલાઈ ગયું છે. એનું મૂળ કારણ નવું ગાંધીનગર. આ જગ્યાનો વળી ભાવ કોણ પૂછતું હતું ? પણ જ્યારથી ગાંધીનગરે જ્યાં જ્યાં - જેવડો જેવડો હાથ લંબાવ્યો ત્યાં ત્યાં ત્યારથી બધું જ પરિવર્તિત....!!

રેલવે આવ્યા પછી મારા ગામથી નીકળીએ તો ગાડી પકડવા ઉનાવા-વાસન ચાલતા જવું પડતું. કેટલું દૂર હતું !! કેટલી બધી જમીન પડતર રહેતી ! રાત્રે આઠ વાગ્યે તો ઉનાવા તરફની સીમમાં જતાં બીક લાગતી બીક. મહોલ્લામાંય માટીનાં ઘર હતાં, એટલે સંડાસ-બાથરૂમની વ્યવસ્થા બહાર રહેતી. હવે તો એક પછી એક એમ બધાં ઘર ઈંટો ચૂનાનાં થવા આવ્યાં છે. ઘેરઘેર સંડાસ-બાથરૂમની વ્યવસ્થા થઈ ગઈ છે. જ્યાં કૂતરાં બેસતાં એ જગ્યાએ બાંકડા નંખાયા છે. ગામની ભાગોળ પણ બદલાઈ ગઈ છે. ક્યાં ગઈ ધૂળિયા ચોકમાં ઊભેલી લીમડી ? પીપળો પણ કેમ એકલો-અટૂલો !! પહેલાં તો પીપળા નીચે કેટકેટલાં માણસો હકડેઠઠ બેસતાં !! હવે તો ગામમાંય એસ.ટી. આવે છે, અને તે પણ સાઠ વખત... પહેલાં તો કોઈને દવાખાને લઈ જવું હોય, કે કોઈની ખબર જોવા જવું હોય ત્યારે પાકી ઉપાધિ થઈ રહેતી ગામમાં તો દવાખાનું હોય જ ક્યાંથી ?

વાસણિયા મહાદેવ જવું હોય તો ત્યારે કેટલું બધું ચાલવું પડતું !! ઉનાવા થઈને નીકળતા. વચ્ચે 'કિયારી' આવતી. 'કિયારી'ની બધાને બીક. કિયારી આવે એટલે સૌ વટેમાર્ગુ છોકરાંને કેડ્યમાં નાખી, ચૂપચાપ ચાલ્યાં જાય. આજુબાજુ ઘટાટોપ જંગલ, ખેતરો સુક્કાં, લાંબી વાટ અને વાટમાં કાંટા !!

વચ્ચેની કિયારી વિશે જાતજાતની અફવાઓ. કોઈ કહેતું ત્યાં મોટો જિન રહે છે. કોઈ કહેતું ત્યાં ભૂત રહે છે. કોઈ કહેતું અમારી પાછળ થયેલો !! 'કિયારી' તો કહેવાતું. મૂળ તો 'ક્યારી' શબ્દ હશે ! બોલીમાં તો 'ચારી' એમ પણ કહેતા....

એ કિયારીનું નામ પડે એટલે આખું ગામ સ્તબ્ધ !!! એ કિયારી વટાવીને વાસણ ગામે જવું પડતું, અને વાસણની સીમમાં રાયણ-બોરડી-બાવળનાં વૃક્ષો નીચે ગામચરે એક મોટું મહાદેવનું મંદિર હતું. એ મંદિરે દર જન્માષ્ટમીએ મોટો મેળો ભરાતો. એ મેળામાં આસપાસનાં ગામડાઓમાંથી લોકો આવતાં. હવે તો વાસણિયા મહાદેવ સીધા જવાય છે. પાકો રસ્તો થઈ ગયો છે. ગાંધીનગરના પ્રતાપે વાસણિયા મહાદેવનો રસ્તો વધારે ધમધમતો થઈ ગયો છે. પહેલાં તો કેટલું મોટું બીડ !! બીક લાગે એવો ભેંકાર વગડો !! રાયણો કપાઈ ગઈ છે. બોરડીઓ પણ ક્યાં રહી છે ! આંબા ઉપર પણ કરવત ફરી વળી છે. અહીં વૃક્ષોનું નિકંદન ગાંધીનગરે કાઢ્યું છે. જો કે એ આળ એની ઉપર ન આવે એટલે વધુ વૃક્ષો વાવવા-ઉગાડવાની ઝુંબેશ પણ હાથ ધરી છે. હવે વાસણિયા મહાદેવ જવા માટે કે ઉનાવા જવા માટે 'ક્યારી' જવું પડતું નથી. મને 'કિયારી' યાદ છે - આ એક સ્મરણ. એ કિયારી વટાવીએ પછી દવાખાને પહોંચી શકાય...

ત્યારે અમે નિશાળમાંથી સીધા ભાગી ગયેલા અને કિયારી જઈ બેઠેલા. આગલા દિવસે ગામમાં એક ભુવાએ કહેલું કે જાઓ બધો માલ તો કિયારીએ છે - અમે એનો અર્થ શોધવા કિયારી પહોંચેલા પણ....

ખરા બપોરે અમને અંદરથી બીક લાગતી હતી પણ એકમેકની હૂંફે અમે ત્યાં પહોંચેલા... 'કિયારી'નો ડર તો ખરો પણ દેખાવા ન દીધો. અમે ત્યાં કશુંય નહોતું જોયું પણ ગામમાં જઈ જે ગપ ચલાવેલી.... લોકો તો કહેવા લાગ્યા - 'સાવ સાચી વાત....' ખોટી માન્યતાઓનો જન્મ કેવી રીતે થાય છે એની અમને ખબર પડી ગઈ હતી.

હવે તો ગામમાં ક્યાંય કોઈને ત્યાં નથી સુંડલા, નથી મજૂસ, નથી ઘંટી, નથી વલોણાં, નથી રવૈયો, નથી નેતરાં, નથી કોઠાર... હવે તો ગામ પણ શહેરને ચાળે ચઢ્યું છે અને વરણાગી બની બેઠું છે. મારા ગામમાં હું જ અજાણ્યો થઈને જાઉં છું ત્યારે મારામાંથી સહજ ઉદ્ગાર નીકળી પડે છે ક્યાં ગયું મારું પેલું ગામ ? □

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

વિલિયમ મરિસ

વિલિયમ મરિસની ત્રિવિધ પ્રતિભા હતી. સાહિત્ય-સર્જક તરીકેની, કલાકાર તરીકેની અને સમાજ-સુધારક તરીકેની. સર્જક તરીકેની આરંભની કારકિર્દીમાં તેનો કાવ્યસંગ્રહ 'ધ ડિફેન્સ ઑવ્ ગીનીવર ઍન્ડ અધર પોએમ્સ' ઈ.સ. ૧૮૫૮માં પ્રકાશિત થયો. અલબત્ત, એક પ્રયોગથી વિશેષ એનું મહત્ત્વ નથી. એમાં માનસ-સંચલનો છે, તરંગો છે, ઊર્મિ છે.... વૃત્તાન્ત છે ને એવું બીજું ઘણું છે. પણ વૃત્તાન્તમાં એની શક્તિ છે એનો હજી એને અંદાજ આવ્યો નથી. કોઈ ચિત્રકારની એ કૃતિ હોય તેમ લાગે. શબ્દોથી જાણે એ મોહિત થયો હોય તેવા શબ્દો તેણે સંગીતકારની હેસિયતથી પ્રયોજ્યા છે. એમાં 'ધ બ્લૂ ક્લોઝેટ', 'ધ વિન્ડ', 'ધ ટ્યૂન ઑવ્ સેવન ટાવર્સ' જેવી રચનાઓ ભલે માત્ર મનોહર બુટ્ટા જેવી છતાં એના નિજી અવાજની નીપજ છે. કાવ્યસંગ્રહનો મુખ્ય રસ એ કેવી શક્તિથી અને આંતરસૂઝથી જૂની લોકકથાઓને કે મધ્યકાલીન રોમાન્સોને રજૂ કરે છે તેમાં છે.

આરંભનાં વર્ષોમાં એણે કાર્લાઇલ અને રસ્કિનનો પ્રભાવ ઝીલ્યો હતો; અને રોઝેટીની પ્રારંભિક કાવ્યરચનાઓએ પણ તેનામાં રોમાંચ જગાવ્યો. એક નવા જ પ્રકારનું સૌંદર્ય તેને તેમાં જોવા મળ્યું.

'ડિફેન્સ ઑવ્ ગીનીવર' પછી તેની પ્રયોગાત્મક્તાનો સમય પૂરો થયો. એને પોતાના સર્જનની દિશા સૂઝી. એની સર્જક તરીકેની શક્તિ વૃત્તાન્તાત્મક કૃતિઓમાં સારી પેઠે ખીલી ઊઠી. 'ધ લાઇફ ઍન્ડ ડેથ ઑવ્ જેસન' અને 'ધી અર્થલી પૅરૅડાઇસ' એ બે કૃતિઓમાં મધુર ઊર્મિઓ અને મોહકતા ખાસ ધ્યાનપાત્ર બની છે. એમાંય જેસનની કથા સારી એવી લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકી. જ્યારે 'ધી અર્થલી પૅરૅડાઇસ'માં વિશ્વની સુંદર કથાઓના તાણાવાણા ગૂંથીને એમાંથી એક અનોખી કૃતિ રચી છે. એમાં ગ્રીસની મજાની તરંગયુક્ત રચનાઓ ફ્રેન્ચના આકર્ષક રોમાન્સ-પ્રસંગો, નૉર્થ પ્રદેશની ઊર્મિ પ્રધાન દંતકથાઓ - આ બધાનું સંયોજન તેણે પોતાની આગવી પ્રતિભાથી કર્યું છે.

મરિસને ઈંગ્લન્ડની પ્રચલિત સંસ્કૃતિમાં રસ નથી, બલકે એના પ્રત્યે તિરસ્કાર છે. એને ગમે છે મધ્યકાલની સંસ્કૃતિ. એને ચૉસર પ્રિય છે, અને સ્પેન્સર પણ. એની જ પરંપરામાં એની ગતિ છે. મરિસનું દૃષ્ટિબિંદુ મધ્યકાલીન છે. 'ધી અર્થલી પૅરૅડાઇસ' પણ એની બીજી એક કૃતિ 'લવ ઇઝ ઇનફ'માં પ્રકટ થાય છે. જૂના 'મોરલિટી પ્લે'નો આધાર લઈને તેને આધુનિક લેબાશમાં રજૂ કરવાનો તેનો આ આભાસ. અલબત્ત, એને એ અસરકારક બનાવી શક્યો નથી. એમાં નાટ્યત્મક અંશો તે ખીલવી શક્યો નથી. પણ એમાં જે ઊર્મિકો છે તેનો આસ્વાદ માણવા જેવો ખરો.

મરિસનાં અનેક પુસ્તકોમાં એક 'ન્યૂઝ ફ્રૉમ નો વ્હેર' (૧૮૯૧) ખાસ નોંધપાત્ર છે. એના ગદ્ય લખાણનો એમાં સુંદર નમૂનો મળે છે. એમાં ૨૧મી સદીના ઈંગ્લન્ડનું તેણે કલ્પનાચિત્ર રજૂ કર્યું છે : એ ઈંગ્લન્ડમાં રેલવે અને કારખાનાં નહિ હોય, મોટાં નગરો નાનાં ગામડાંમાં વિભક્ત થઈ ગયાં હશે, પ્રકૃતિ અગાઉની જેમ સુંદર અને પ્રદૂષણરહિત હશે. સર્વત્ર સુંદરતા, સાદગી અને મમતા પ્રવર્તતાં હશે. કોઈની પાસે ખાનગી મિલકત નહિ હોય અને પરિશ્રમ આનંદદાયક અને મરજિયાત રીતે થતો હશે. કોઈ સામ્યવાદી દેશનું ચિત્ર આલેખાયું હોય તેવો ખયાલ આ પુસ્તક રજૂ કરે છે. આખું ય ચિત્ર બેહૂદું લાગે છે પણ પોતે જે પ્રકારની વ્યવસ્થામાં શરૂથી વધારે સુખ માણતો હોય એવી વ્યવસ્થા તેણે આલેખી છે.

મરિસની બીજી એક કૃતિ 'અ ડ્રીમ ઑવ્ જહોનબૉલ' ઈ.૧૩૮૧ના ખેડૂતોના વિદ્રોહની ભૂમિકા પર રચાયેલી કથા છે. એમાં ખેડૂતોની પ્રવૃત્તિઓનો, એમની એષણાઓનો વૃત્તાન્ત તેણે પ્રસ્તુત કર્યો છે. અલબત્ત, આખું ચિત્ર સુરેખ બની શક્યું નથી. મરિસની અન્ય સાહિત્યકૃતિઓમાં 'સિગર્ડ ધ વૉલ્સન્ગ' જાણીતી છે. એણે વર્જિલના મહાકાવ્ય ઇનીડનો અનુવાદ પણ ઈ. ૧૮૭૫માં પ્રકટ કર્યો છે. પણ મધ્યકાલીન ગાથાઓને આકારવામાં તેની સર્જકતા ઠીક કામિયાબ બની છે. સિગર્ડની કથા એ રીતે મરિસની વિશેષતાની દ્યોતક છે.

રોમાન્સની મધ્યકાલીન કથાઓના અભ્યાસીને સહેજે સમજાશે કે સાહસ માટેનો રાગ, કાલ્પનિક સૃષ્ટિમાં રઝળવાનું આકર્ષણ, અને વિશાળ પ્રકૃતિમાં ધબકતું સુંદર માનવજીવન તેમજ નહિ કશી ઉપાધિ, કલેશ - એવી રોમૅન્ટિક સૃષ્ટિનું સર્જન એ મરિસનો રોમાન્સકાર તેમજ કવિ તરીકેનો વિશેષ છે. મરિસને પ્રતીતિ છે કે આમાંનું કશું ઈંગ્લન્ડની પ્રચલિત યંત્રવાદી સંસ્કૃતિમાં સિદ્ધ થઈ શકે તેમ નથી. આપણે એમ પણ કહી શકીએ કે એનાં પાછળનાં વર્ષોમાં લખાયેલ ગદ્યકાવ્યાત્મ 'સાગા'ઓ સુંદર, રસાળ અને સંગીતમય શૈલીમાં છે. એ કથાઓનું આકર્ષણ અનિશ્ચિતતા - અચોક્કસતામાંથી ઉદ્‌ભવે છે.

મરિસમાં એના જમાનાની વિકૃત અને માનવસંહારક સંસ્કૃતિ પ્રત્યે જે રોષ પ્રકટ્યો તેના પ્રત્યાઘાતમાંથી જાણે કે તેની રોમાંચક કથાઓ ફૂટી નીકળી છે. મરિસને પ્રાચીન આઇસલૅન્ડ સાહિત્યમાં પણ ખૂબ આકર્ષણ હતું. નોર્સપ્રજાની ખડતલ અને

સાદગીભરી જિંદગી, જે લોકકથાઓમાં (saga)માં પ્રતિબિંબિત થતી હતી તેનાથી તે મુગ્ધ હતો અને એનો એક ખયાલ બંધાયો હતો કે ઈંગ્લન્ડની પ્રચલિત ભ્રષ્ટ સંસ્કૃતિ માટે એ નવો સંદેશ આપી શકે તેમ છે. એણે નોર્સની કવિતાના અનુવાદો અને અનુકરણોય કર્યાં, અને એનો વિશેષ એ બધાંમાં બરાબર પ્રકટ થયો છે.

રોમાન્સ, સાગા વગેરેમાં એની મનભર પ્રવૃત્તિ છતાં કલા અને કસબમાં તેની કામયાબીને તેણે આંચ આવવા દીધી નહિ. ઈ. ૧૮૯૦માં તેણે 'કેમસ્કોટ' (kelmscott) પ્રેસની સ્થાપના કરી અને એમાં એણે પોતાની આગવી મુદ્રણકળાથી અવનવી ડિઝાઈનો રચીને પોતાની કૃતિઓને અને મધ્યકાલીન રોમાન્સોને નવી આભા આપી. મરિસનો કલા પ્રત્યેનો ઉત્સાહ એને કલાના પ્રયોજનના ખયાલ તરફ આકર્ષી ગયો. કલાનો ઉપયોગ સ્વચ્છ-તંદુરસ્ત ઉત્પાદનો માટે સામાજિક પરિસ્થિતિઓ કેવા પ્રકારની હોય તે વિશે તેનું વિચારચક્ર ચાલતું રહ્યું. રસ્કિનનો, સામાજિક અને આર્થિક સમસ્યાઓના નિરાકરણ માટે કલાનો જે અભિગમ હતો તેને મરિસે વિકસાવ્યો. રસ્કિનની જેમ જ ઔદ્યોગિક સંસ્કૃતિને તે ધિક્કારતો હતો. એ સંસ્કૃતિએ દેશની સમગ્ર પ્રજાનું નૂર કેવું હણી લીધું હતું અને કેવા વર્ગભેદ નિર્માણ કર્યા હતા તેની તેને પ્રતીતિ થઈ હતી એટલે જ તેનું ચિત્ત એ સંસ્કૃતિમાંથી છટકી મધ્યકાલીન શિલ્પકલા, લોકકથા તરફ ખેંચાતું રહ્યું હતું.

ઔદ્યોગિક ક્રાંતિ થઈ તે સમયના ગાળાથી માંડીને ધીરેધીરે ઈંગ્લન્ડ યંત્રવાદમાં કેવું ખૂંપતું જાય છે તેનો તેને સ્પષ્ટ અંદાજ હતો. એમાંથી જ તે રાજકારણ અને અર્થકારણના અભ્યાસમાં ઊંડો ઊતરતો ગયો અને પરિણામે એક પ્રતિબદ્ધ સમાજવાદી તરીકે તે ઊપસી આવ્યો. ઈ. ૧૮૮૩થી એના જીવનના અંત સુધી તે પ્રથમ તો 'સોશ્યલ ડેમક્રૅટિક ફેડરેશન'નો સમર્થક બની રહ્યો અને તે પણ ઈ. ૧૮૪૦ થી ૧૮૯૦ સુધી 'સોશ્યલિસ્ટ લીગ' નો ટેકેદાર બની રહ્યો. અલબત્ત, એનું મધ્યકાલીનત્વ એક તરફ અને સમાજવાદ બીજી તરફ - એ બેનું સંયોજન એક વિરોધાભાસ ગણાય, પણ એના યુગની એ ખાસિયત અથવા તો લાક્ષણિકતા હતી.

મરિસે એનાં વ્યાખ્યાનો અને લેખોમાં - અલબત્ત પોતાની વિશિષ્ટ રીતિએ જે - તેજસ્વી વિચારો રજૂ કર્યા તે બહુધા રસ્કિને અગાઉ પ્રસ્તુત કરેલા વિચારો જ હતા. એનું 'ધ ડેકોરેટિવ આર્ટ્સ' વિશેનું ઈ. ૧૮૭૭માં આપેલું અને ઈ. ૧૮૮૨માં 'હોપ્સ ઍન્ડ ફિઅર્સ ફૉર આર્ટ'માં પ્રસિદ્ધ થયેલું. તેમાંના મુખ્ય વિચારો રસ્કિનના 'ધ સ્ટોન્સ ઑવ્ વેનિસ'માં 'ગથિક'ના પ્રકરણમાં પ્રકટ થયેલા જ વિચારો છે. મરિસે એ પુસ્તકની કેટલીય વાર સાદર પ્રશંસા કરી હતી.

મરિસને વિક્ટોરિયન મૂડીવાદી પ્રત્યે ભારોભાર તિરસ્કાર હતો. વિજ્ઞાનના સંદર્ભમાં તે કહે છે : તેનું કાર્ય ચીમનીઓના ધુમાડા અટકાવવાનું અને ઔદ્યોગિક અવશેષો દ્વારા પ્રસરતા પ્રદૂષણને રોકવાનું છે. મરિસનો દૃઢ અભિપ્રાય છે કે 'Art made by the people for the people as a joy for the maker and the user.' અને આ સ્થિતિ જો દેશમાં સામાજિક સુવ્યવસ્થા હોય તો જ શક્ય છે. એના જીવનનાં છેલ્લાં વર્ષોમાં રાજકારણમાં એ ખાસ સક્રિય બન્યો. વિક્ટોરિયનયુગમાં રાજકારણમાં અત્યંત વ્યસ્ત કદાચ મરિસ જ હશે. અને મહત્ત્વની બાબત તો એ છે કે એની રાજકીય વિચારધારાએ એક આખી પેઢી પર પ્રભાવ પાડ્યો- એમાં જ્યોર્જ બર્નાર્ડ શૉ પણ ખરા જ. (ક્રમશઃ)

'કુમાર'નાં લવાજમ ભરવાનાં સ્થળ

(૧) મૅગેઝીન વર્લ્ડ, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧
(૨) વિજય મૅગેઝીન વર્લ્ડ, ૬૨, કલ્યાણભુવન, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
(૩) સૌરભ પુસ્તક ભંડાર, ૬૧૫, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
(૪) એજ્યુકેશન એમ્પોરિયમ, ૩૬, ઉમિયાનગર, જળ ચોક, પાટણ - ૩૮૪ ૨૬૫
(૫) રવીન્દ્ર બુક હાઉસ, સંગીતા ફ્લૅટ્સ, ચંદ્રનગર સોસાયટી, વાઘોડિયા રોડ, વડોદરા.
(૬) વિજય એસોસિએટ્સ, ૨૩૧, ડૉ. ડી.એન. રોડ, કૉમિસેરિએટ બિલ્ડિંગ, પહેલો માળ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧
(૭) ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ., સંસ્થા વસાહત, રાવપુરા, પો.બૉ.નં.૧૦, વડોદરા-૩૯૦૦૦૧
(૮) ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ., ૧-૨, સેન્ચુરી બજાર, પહેલા માળે, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
(૯) અક્ષરભારતી, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

તા. ૧-૮-૨૦૦૩ થી તા. ૨-૯-૨૦૦૩ દરમિયાન

'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. શ્રી રેખાબહેન એમ. દોષિત (અમદાવાદ)	રૂ. ૫,૦૦૦
૨. શ્રી ગુણવંતભાઈ વશી (વલસાડ) (સ્વ .મૃદુલાબહેન વશીની સ્મૃતિમાં)	રૂ.૧,૦૨૫
૩. શ્રી દીપક બી. દવે (મુંબઈ)	રૂ. ૧,૦૦૧
૪. શ્રી જયંતીભાઈ ડી. કનખરા (જામનગર)	રૂ. ૯૯૯
	રૂ. ૮,૦૨૫

અતીતમાં અવગાહન

[તાજેતરમાં સ્વિત્ઝરલૅન્ડથી જેમનાં અસ્થિ તેમના વતન ગુજરાતમાં લાવવામાં આવ્યાં તે ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માનો વિસ્તૃત જીવન પરિચય આજથી ૫૫ વર્ષ પહેલાંના 'કુમાર'ના સપ્ટેમ્બર ૧૯૪૮ના અંક ક્રમાંક નં. ૨૯૭માં આપેલો તેમાંના થોડાક અંશ.]

ગુજરાતે જે અનન્ય વિભૂતિઓ હિંદને ચરણે ધરી છે તેમાં હિંદી સ્વાતંત્ર્યના અરુણોદય કાળની વિપ્લવ પ્રવૃત્તિના સંચાલક અને આજીવન લડવૈયા શ્યામજી કૃષ્ણ વર્માનું સ્થાન ઘણું ઊંચું છે. તેમનો જન્મ ઈ. ૧૮૫૭ના ઑક્ટોબરની ૪થીએ કચ્છના માંડવી ગામમાં એક ગરીબ ભણશાળી કુટુંબમાં થયો હતો. શાળામાં દાખલ થયા ત્યારથી જ શાળાના અભ્યાસની સાથે તે સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કરવા લાગ્યા અને બંને દિશામાં આશ્ચર્યજનક પ્રગતિ કરીને ૧૮ વર્ષની નાની વયે જ સંસ્કૃત અને અંગ્રેજીમાં ભારે નૈપુણ્ય મેળવ્યું. તેમની આ તેજસ્વી બુદ્ધિમત્તાને કારણે શેઠ છબીલદાસ લલ્લુભાઈએ ઈ. ૧૮૭૫માં પોતાની પુત્રી ભાનુમતીનાં તેમની સાથે લગ્ન કર્યાં.

એ કાળે પોતાના સંસ્કૃત જ્ઞાનને કારણે તે સંસ્કૃતના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન પ્રો. મોનીએર વિલિયમ્સ સાથે પરિચયમાં આવ્યા. તે શ્યામજીની વિદ્વત્તાથી એવા તો મુગ્ધ થઈ ગયા કે તે શ્યામજીને ઑક્સફર્ડમાં પોતાના સહાયક તરીકે લેવા તૈયાર થયા. પ્રો. વિલિયમ્સ પરની પોતાની છાપ ઘેરી કરવા શ્યામજીએ અખિલ હિંદમાં પ્રચારયાત્રા કરવાનું ઠરાવી સંસ્કૃતમાં ભાષણ કરી તેમણે ત્યાંના વિદ્વાનોનાં મન હરી લીધાં. સર્વ સ્થળેથી સંસ્કૃતની ગાઢ વિદ્વત્તા માટે વિદ્વાનોની પ્રશંસા મેળવી.


વિલાયતથી બૅરિસ્ટર થઈ આવી દીવાન બન્યા ત્યારે

ઈ. ૧૮૭૯ના એપ્રિલમાં ઈંગ્લન્ડ ગયા. શ્યામજીએ ઑક્સફર્ડની બેલિયલ કૉલેજમાં નામ દાખલ કરાવ્યું. કૉલેજના અભ્યાસ સાથે સાથે અંગ્રેજ વિદ્યાર્થીઓને સંસ્કૃત શીખવવાનાં ટ્યુશનો પણ તે કરતા. ૧૮૮૩માં તેમણે ઑક્સફર્ડના ગ્રૅજ્યુએટની ઉપાધિ સગૌરવ મેળવી. ૧૮૮૧માં તેમણે 'હિંદની લેખન-કળાની શરૂઆત' એ વિષય પર રૉયલ એશિયાટિક સોસાએટી સમક્ષ ભાષણ આપી સૌને મુગ્ધ કર્યાં અને ૨૬ વર્ષની વયે તો ઑક્સફર્ડના પ્રથમ હિંદી સ્નાતક તરીકે જ નહિ પણ સંસ્કૃતના પ્રખર પંડિત તરીકે જગતભરમાં સર્વત્ર નામના મેળવી.


શ્યામજી કૃષ્ણ વર્મા અંતિમ દિવસોમાં

૧૮૮૪માં ઈનર ટેમ્પલની બૅરિસ્ટરની પદવી મેળવી ૧૮૮૫ના જાન્યુઆરીમાં હિંદ પાછા આવ્યા. શ્યામજીએ અજમેરની એજન્સી કચેરીમાં વકીલાત શરૂ કરી. ઈનર ટેમ્પલના એ બૅરિસ્ટરને ધીકતી કમાણી સાધવામાં કાંઈ વાર ન લાગી. થોડાં વર્ષોમાં તો શ્યામજી અજમેર મ્યુનિસિપાલિટીમાં ચૂંટાયા. ૧૮૯૨ની આખરમાં શ્યામજીએ ત્રણ વર્ષ માટે ઉદેપુરની દીવાનગીરી લીધી. ૧૮૯૫માં ૧૫૦૦ના પગારે ત્રણ વર્ષને માટે જૂનાગઢના દીવાન તરીકે શ્યામજીની નિમણૂક થતાં ઉદાર મહારાણાએ એમને એક વર્ષની પૂરા પગારે રજા આપી. અને ભવિષ્યમાં ગમે ત્યારે આવવાની છૂટ આપી. જૂનાગઢ તે કાળે ખટપટથી ખદબદતું હતું. ત્યાં જામી પડેલી નાગર નોકરશાહીએ સત્તાનો જાણે ઈજારો જ રાખ્યો હતો. લાંચરુશવત તથા ચશમપોશીનો પાર નહોતો. પણ શ્યામજીએ આવતાં વેંત જ કડક હાથે કામ લેવા માંડ્યું. આથી રાજ્યના નોકરિયાતો તથા નાગર અધિકારીઓ તેમના દુશ્મન બન્યા અને શ્યામજી વિરુદ્ધ કાવત્રું કરવા લાગ્યા.

પણ આ દેશી રાજ્યની ખટપટનાં બાર વર્ષના અનુભવે શ્યામજીનું મન ખાટું કરી મૂક્યું, અને ૧૮૯૭માં શ્યામજીએ ભાનુમતી સાથે હિંદનો કિનારો સદાને માટે છોડી દેવાનો નિર્ણય કર્યો. શ્યામજીને ૧૮૯૭માં સરકારના દમન સામે મર્દાનગીથી ઝૂઝનારા તિલક માટે વધુ આદર પેદા થયો. એણે રાષ્ટ્રની તૂટતી હરોળને ટેકો આપવા બીજો માર્ગ લેવાનું નક્કી કર્યું. તે માર્ગ એટલે ઈંગ્લન્ડમાંથી હિંદા સ્વાતંત્ર્યની લડત ચલાવવાનો. ૧૯૦૭માં પોતાના પત્ર 'ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટ'માં લખતાં શ્યામજીએ એ વસ્તુને સ્પષ્ટ કરી છેઃ 'કાદવમાં પગ મૂકવા અને પછી ધોવો એના કરતાં કાદવમાં પગ જ ન મૂકવો એ બહેતર છે, દુશ્મન સરકારના હાથે પકડાવું અને કશું ય કાર્ય કરતાં અટકી જવું તે નરી મૂર્ખતા છે. પરદેશી સત્તાની ધૂંસરીમાંથી પોતાના દેશને આઝાદ કરવા ઈચ્છતો કોઈ પણ હિંદી સલામત નથી એવી અમારી પાકી ખાતરી થઈ છે.'

શ્યામજીએ નોંધ્યુંઃ 'બ્રિટન અને હિંદના રાજકીય સંબંધોથી હિંદમાંનાં હિંદીઓ બ્રિટિશ અમલ પ્રત્યે કેવી લાગણી ધરાવે છે એની બ્રિટનને જાણ કરે એવા નિષ્ઠાવંત હિંદી દુભાષિયાની બ્રિટનમાં ખાસ

જરૂર છે... હિંદને માટે સિફારસ કરવાની અમારી ફરજ છે અને અમારું ગૌરવ પણ છે.' આ પત્રિકાને હિંદ અને ઈંગ્લન્ડમાં સારો આવકાર મળ્યો. આ પત્રિકા દ્વારા શ્યામજી બ્રિટિશ સત્તા પર કડક પ્રહારો કરતા અને બ્રિટિશ લખાણોનો જ આધાર લઈ બ્રિટિશ જુલમ અને દમન પુરવાર કરતા.

શ્યામજીએ ૧૯૦૫ની ૧૮મી ફેબ્રુઆરીએ 'ઇંડિયન હોમરૂલ સોસાયટી'ની સ્થાપના કરી ખુદ ઈંગ્લન્ડમાં હોમરૂલનો ઝંડો ફરકાવ્યો. આ પછી શ્યામજીનું ત્રીજું અને મહત્ત્વનું કાર્ય 'ઇન્ડિયા હાઉસ'ની સ્થાપનાનું હતું. શ્યામજીની શિષ્યવૃત્તિ લઈ આવતા હિંદી વિદ્યાર્થીઓને રંગભેદને કારણે ઈંગ્લન્ડમાં રહેવા-ખાવાનો ઘણો ત્રાસ થતો. આ મુશ્કેલીઓ દૂર કરવા તેમણે લંડનના આરોગ્યપ્રદ વિસ્તાર ગણાતા હાઈગેટ વિભાગમાં ત્રણ માળનું એક મકાન લઈ ત્યાં 'ઇન્ડિયા હાઉસ'ની સ્થાપના કરી.

કોઈ ને કોઈ નિમિત્ત ઊભું કરી હિંદી યુવકોને યુરોપમાં લાવી તેમની રાજકીય દૃષ્ટિ અધિક વ્યાપક અને ઉદ્દામ બનાવવાનો શ્યામજીનો હવે એક ધંધો થઈ પડ્યો. આમ, શ્યામજીએ હિંદનાં ઊગતાં ઉદ્દામવાદી બળોને પણ એકઠાં કરવાનું કામ આરંભ્યું. 'ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટ'માં પ્રકટ થતા શ્યામજીના નિર્ભય ને જહાલ વિચારોએ ઘણાને આકર્ષ્યા હતા. ન્યૂ યૉર્કથી પ્રકટ થતા 'ગૅલિક અમેરિકન' અને 'આઈરિશ રીપબ્લિકન' પત્રો પણ 'સોશ્યૉલૉજિસ્ટ'માંના શ્યામજીના લેખોને સાભાર ઉદ્‌ધૃત કરતા અને એ રીતે આયર્લૅન્ડ અને હિંદમાં ચાલતાં બ્રિટિશ દમનનો તથા હિંદની આઝાદીની લડતનો વાચકોને ખયાલ આપતા....

બ્રિટનના 'લંડન ટાઈમ્સે' શ્યામજી પર પ્રહાર કર્યા અને તુરત જ આ પોકારનો પડઘો આમની સભામાં પડ્યો હતો. આમ સભામાં 'બળવાખોર શ્યામજી તથા તેમના 'ઇન્ડિયન સોશ્યૉલૉજિસ્ટ' વિશે કડક પ્રશ્નોત્તરી થઈ. હવે શ્યામજીના મનમાં બ્રિટિશ સરકારની દાનત વિષે કોઈ પણ જાતની શંકા ન રહી. બ્રિટિશ કેદખાનું, નિંદ્ય એવી શરણાગતિ અથવા ઝડપથી ભાગી છૂટવું - આ ત્રણ જ વિકલ્પો એમની સામે દેખાતા હતા. શરણાગતિ સ્વીકારે એવા એ સ્વમાન-વિહોણા ન હતા. 'હિંદ સિવાયના સર્વ દેશના કચડાએલાઓને આશ્રય આપતા' કહેવાતા એ દેશને શ્યામજીએ છોડી દીધો અને પારિસ ચાલ્યા ગયા. આ નવી આઝાદીનો ઉપયોગ શ્યામજીએ હિંદમાંની બ્રિટિશ હકૂમત સામે વધુ જલદ પ્રહાર કરવામાં ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટમાં પ્રચાર શરૂ કર્યો. આવા જહાલ પ્રચારથી બ્રિટિશ સરકાર એટલી તો ડરી ગઈ કે તેણે હિંદમાં તેની આયાત અને વેચાણ સામે પ્રતિબંધ મૂક્યો.

૧૯૦૭ની ૧લી જુલાઈએ 'ઇંડિયા હાઉસ' સાથે સંબંધ ધરાવતા એક હિંદી જુવાન મદનલાલ ધીંગરાએ હિંદી કચેરીના કર્મચારી કર્નલ સર વીલિયમ કર્ઝન વાઈલીનું ખૂન કર્યું. બ્રિટિશ જનતા એથી ખળભળી ઊઠી. સતત ક્રાંતિના વિચારો ફેલાવતા શ્યામજી પર એ ષડ્‌યંત્રના યોજક તરીકે ધ્યાન કેન્દ્રિત થાય એ સ્વાભાવિક હતું. ધીંગરા પ્રકરણની પરિસમાપ્તિ થાય તે પહેલાં જ બ્રિટિશ સરકારે લંડનમાં થતા સર્વ હિન્દી પ્રચારને દબાવી દેવાનાં કડક પગલાં લીધાં. પણ ધીંગરાના મુકદ્દમા ને ફાંસીનું ગંભીરમાં ગંભીર પરિણામ તો એ આવ્યું કે 'ઇંડિયા હાઉસ'ના અંતની ઘડીઓ ગણાઈ ચૂકી.


ભાનુમતી શ્યામજી કૃષ્ણ વર્મા

પારિસમાં રહ્યેરહ્યે 'સોશ્યૉલૉજિસ્ટ' દ્વારા શ્યામજીનો ઉગ્ર પ્રચાર તો ચાલુ જ હતો. ત્યાં ૧૯૧૪માં યુરોપના વાતાવરણમાં યુદ્ધ ગુંજવા લાગ્યું. શ્યામજીએ તો તણખલા પરથી જ હવામાનની દિશા જોઈ લીધી અને વસંતઋતુમાં પારીસ છોડી દઈ એમણે જીનીવા મુકામે સ્થાન જમાવ્યું, જ્યાં તે જિંદગીના આખરી દમ લગી શાંતિપૂર્વક રહ્યા. શ્યામજીને સંપૂર્ણ વિશ્વાસ હતો એવા એના ઓળખીતાઓ તથા મિત્રોએ વિશ્વાસઘાત કર્યો અને હિંદની આઝાદીની લડતને છેહ દીધો. એની અસર હેઠળ શ્યામજીનું હૈયું ભાંગી ગયું. છતાં, ૧૯૧૮ના અંતમાં શ્યામજીને પ્રેસિડેન્ટ વુડરો વિલ્સનમાં શ્યામલ આકાશની એક ઉજમાળી રેખા જણાઈ. 'નાની પ્રજાઓની આઝાદી', 'કોઈ મુલક ખાલસા નહિ', 'રાષ્ટ્રસંઘ' વગેરે સૂત્રથી શ્યામજી મંત્રમુગ્ધ બન્યા અને તેમની આંખે આ સૂત્રોના ઉચ્ચારે આશાનું આંજણ આંજી દીધું.

પછી તો નિરાશા અને નાઉમીદે શ્યામજીને બરાબર ભીંસમાં લીધા. ઉમ્મર પણ વધતી હતી. આમ, રાજપ્રકરણીય કામમાંથી વાનપ્રસ્થને કારણે શ્યામજી પોતાની આર્થિક સ્થિતિ પર વધુ ધ્યાન આપવા લાગ્યા. ૧૯૩૦ની શરૂઆતમાં તેમની તબિયત લથડી. એમની મૂળની આંતરડાંની બીમારી આ વખતે ઘણા ગંભીર સ્વરૂપે આવી અને સર્વ કોઈએ આશા છોડી દીધી. ભાનુમતીને ખાટલા પાસેથી દૂર ન જવાનું એમણે કહ્યું. અંતે એમણે ૧૯૩૦ના માર્ચની ૩૧મીએ સાંજના છ વાગ્યે દેહ છોડ્યો. સેન્ટ જ્યૉર્જના સ્મશાનમાં એમના દેહનો અગ્નિસંસ્કાર થયો. એ જ જગાએ એમની ભસ્મને દાટવામાં આવી.

શ્યામજીના મૃત્યુ પછી ત્રણ જ વર્ષે તેમની જીવનસંગિની ભાનુમતીનું પણ મૃત્યુ થયું. ભાનુમતીનો અગ્નિદાહ પણ શ્યામજીને જે સ્મશાનમાં દેવામાં આવ્યો હતો ત્યાં જ દેવાયો અને ભસ્મ પણ ત્યાં જ દાટવામાં આવી. તેમની તથા શ્યામજીની સ્મૃતિને સંઘરતી એક તખ્તી ત્યાં મૂકવામાં આવી છે જેના પર માત્ર આટલું જ લખ્યું છે :

શ્યામજી કૃષ્ણ વર્મા : ૧૮૫૭-૧૯૩૦

ભાનુમતી શ્યામજી વર્મા : ૧૮૬૨-૧૯૩૩ ❐

કંકાવટી

સોરઠની સિંહણ

મહાત્મા ગાંધીએ કદાચ મીઠાની કણીની આ પ્રચંડતાને પ્રમાણીને જ દાંડીના દરિયાકિનારેથી ચપટી ભરી હતી અને એની પાછળ આખો મહાસાગર ઘૂઘવી ઊઠ્યો...

દેશના મર્દમૂછાળા તો મૂછે હાથ નાખીને સત્યાગ્રહના મેદાનમાં ઊતર્યા, પણ જેણે ચૂડલીઓ પહેરી'તી એ લલનાઓ પણ મેદાને પડી... અમે જેની પાસેથી મીઠાના સત્યાગ્રહના કાળનાં સંભારણાં ઝીલી રહ્યાં હતાં એ દેવીબહેન પટ્ટણી, ઉંમર વર્ષ ૯૪. રહેવાસી સાવરકુંડલા મુકામ બંગલા વાડીના. દેવીબા, ઉંમર વર્ષ બાવીસની, સાવરકુંડલાના પ્રભુલાલ ભટ્ટની એકની એક લાડકી દીકરી. મો. ક. ગાંધીના મીઠાના સત્યાગ્રહ માટે કછોટો વાળે છે. બ્રિટિશરોની રેલગાડીઓના ડબ્બામાં દેશી રાજ્યોની હદમાંથી મીઠાની ગાંસડીઓ બાંધીને ધોલેરા અને બરવાળાની હદમાં ઠાલવે છે.

સવારનો કૂકડો બોલે ત્યાં તો એજન્સીની બજારોમાં ચોરેલું મીઠું વેચાવા માંડે:'લ્યો, નમક લ્યો...! લ્યો સબરસ !'

અંગ્રેજ અમલદારોની આંખમાં મીઠું આંજી દેતી એકવીસની ઉંમરની દેવીબહેન પટ્ટણી... પિતા પ્રભુલાલ ભટ્ટ, માતા જમનાબહેન. છ વર્ષની હતી ત્યારે ધામધૂમથી પિતાએ શાળામાં ભણવા બેસાડી... સ્કૂલના માસ્તર સાહેબે મારી પાટીમાં એકડો લખી દીધો અને ઘૂંટવાની આજ્ઞા કરી. 'પણ સાહેબ ! મને ઘૂંટવાનો કંટાળો આવે છે.' વિદ્યાર્થિની બોલી ગઈ અને સાહેબનો મિજાજ ગયો. 'મારી સામે કેમ બોલી ?' અને મારવા માટે આંકણી લીધી અને છોકરીએ દફતર હાથમાં લીધું:'મારે આવું નથી ભણવું.'

દેવી નામની આ બાળકી ઘેર આવતી રહી. પિતાએ માત્ર સ્મિત કર્યું અને પછી ઘેર ભણાવવાની વ્યવસ્થા કરી. સંસ્કૃત સારી રીતે સાધ્ય બન્યું. બંગાળી પણ શીખી લીધું. ઝંડુ ભટ્ટજીના સંબંધી કુટુંબના ગણપતરામ પટ્ટણી સાથે અઢારની ઉંમરે દેવીબહેનનાં લગ્ન થયાં... પિતા પ્રભુલાલ ભટ્ટ 'નવજીવન' મંગાવતા. 'નવજીવન' હૃદયથી વાંચવું શરૂ કરેલું. મન અને અંતર મહાત્મા ગાંધીના સત્યાગ્રહ સુધી વારંવાર પાંખો વીંઝે પણ



સાસરુ જામનગરના રાજવૈદ ઝંડુ ભટ્ટ રાજરસમની છાંયાનું. કુટુંબમાં રાજમહેલની જ છાપ... ઓઝલ અને પડદાના ચુસ્ત નિયમો. વહુવારુથી પગની પેની પણ કોઈને બતાડી શકાય નહીં, જ્યારે ગાંધીના સત્યાગ્રહમાં તો ખુલ્લા મોઢે, ખુલ્લા સાદે સૂત્રો પોકારવાનાં, પોલીસની લાકડીઓ કે ગોળી પણ ખાવાની....! પણ રજા ? ઘર બહાર નીકળવાની રજા કયાં મળે ? કોણ આપે ? દેવીબહેને હિંમત કરીને પતિ ગણપતરાય પાસે વાત મૂકી અને પતિએ સંમતિ આપી દીધી.

દેવીબહેન ગાંધીજીને મળવા અમદાવાદ સાબરમતી આશ્રમે ગયાં, પોતે સત્યાગ્રહમાં જોડાવા માગે છે એવી ગાંધીજીને વાત કરી. થોડી પળો પછી કહ્યું:'તમે ખાદી પહેરીને આવો... ખાદી પહેર્યા પછી સત્યાગ્રહની વાત સમજાય.' ખાદીનો સ્પર્શ દેવીબહેનને ત્યાગ, તિતિક્ષા અને સમર્પણના મેદાનમાં ખેંચી ગયો અને ધોલેરા સત્યાગ્રહમાં લાઠીનો માર ખાવા લઈ ગયો. અને સત્યાગ્રહના મહાગ્રંથમાં દેવીબહેનનું નામ પ્રથમ મહિલા સરદાર તરીકે લખાયું...

આ સત્યાગ્રહમાં કરાચીથી પણ બહેનો આવી'તી. કોઈની સાથે છોકરાં હતાં, કોઈને ઘેર છોકરાં. કરાચીનાં રોંચબહેન તો એની સવા વરસની બાળકી સાથે અઢી વરસની જેલસજામાં આવ્યાં'તાં. બાળકી બચ્ચારી દૂધ વગર ટળવળે. જેલના સુપરિન્ટેન્ડેન્ટ અડવાણીસાહેબ હતા. રોંચબહેનને કહે:'તમે માફી માગો તો તમને સજામાંથી મુક્તિ આપીએ.'

'માફી શબ્દ અમારા માટે અત્યારે હરામ છે, સાહેબ !' સવા વર્ષની બાળકીની મા બોલી:'અમે તો સત્યાગ્રહી. અમારા મોઢામાં રામ શોભે, હરામ નહીં.'

'આઝાદી મળ્યા પછી જ્ઞાતિમાં તમારાં માન સન્માન...?'

'માન સન્માન શાનાં ?' દેવીબહેનનો ચહેરો તતડી ઊઠ્યો:' આ કાંઈ તેમનો માનસન્માનનો ધંધો હતો ? પણ જ્ઞાતિની વાત કરું તો એ દુ:ખદ છે... વરા પ્રસંગોમાં મારે જમવા-કારવવા જવાનું થાય તો મને જુદી બેસાડતાં... મારા હાથનું કોઈ પાણી પીવા રાજી નૈં... પતિનો પૂરો સાથ હતો એટલે આવી વિટંબણાઓ વચ્ચે સ્વસ્થ રહેવાતું... બાકી મારી સેવાની દેશસ્તરે નોંધ લેવાણી જ હતી. સ્વ. શામળદાસ ગાંધીએ એમના 'વંદે માતરમ્' દૈનિકમાં મને 'સોરઠની સિંહણ'નું બિરુદ આપેલ.

૯૪ વર્ષનાં દેવીબહેન પટ્ટણી અત્યારે સાવરકુંડલામાં જ વસે છે અને છેલ્લાં ઘણાંબધાં વર્ષોથી ફક્ત દૂધછાશ પર જ છે - અનાજ નથી લેતાં.

('ફૂલછાબ'માંથી ટૂંકાવીને) –*નાનાભાઈ જેબલિયા*

*

ચહેરાની ચમક: હળદર, ચણાનો લોટ અને દહીંની પેસ્ટ બનાવીને અડધી કલાક ચહેરા પર લગાવી રાખો. પછી હૂંફાળા પાણીથી ચહેરો ધોઈ નાખો. ચહેરો ચમકી ઊઠશે અને ખીલ પણ દૂર થઈ જશે.

અડકો દડકો

કજિયો મૂળમાંથી કાઢ્યો !

એક વાર બે બિલાડીઓ વચ્ચે રોટલાનો કજિયો થયો.

એક કહે : 'હું આખો રોટલો ખાઉં !' બીજી કહે : 'હું આખો ખાઉં !'

કજિયો જજ સાહેબ પાસે આવ્યો.

જજ હતો પપૂડો વાંદરો.

પપૂડો કહે : 'બોલો, કજિયો મૂળમાંથી, કાઢવો છે કે થોડોઘણો રાખવો છે ?'

બંને બિલાડીઓએ કહ્યું : 'કજિયો તો મૂળમાંથી જ જાય એ સારું !'

જજે કહ્યું : 'તમે બહુ સમજુ બિલાડીઓ છો. બિલાડીઓના પંચે તમને માનપત્ર આપવું જોઈએ.'

બંને બિલાડીઓએ કહ્યું : 'પણ પંચ એવું ક્યાં સમજે છે ?'

જજે કહ્યું : 'સમજશે. અહીંનું પત્યા પછી તમે પંચને વાત કરજો.'

બેઉ બિલાડીઓ રાજી થઈ. કહે : 'વાહ, જજસાહેબ કેવા ભલા છે !'

પછી પપૂડા જજે રોટલો હાથમાં લીધો અને તેને ફેરવી ફેરવીને જોઈ તેની પરીક્ષા કરી કહ્યું : 'બહેનો, તમારો કંઈ જ વાંક નથી, વાંક બધો આ રોટલાનો છે. એ જ કજિયાનું મૂળ છે.'

આમ કરી રોટલાના બે ટુકડા કરી એક જમણા ગલોફામાં ઘાલ્યો ને બીજો ડાબા ગલોફામાં. થોડી વારે બિલાડીઓ જુએ તો રોટલો ગુમ !

જજ કહે : 'જુઓ, બહેનો, હવે તમારા કજિયાનું મૂળ રહ્યું નથી, તમે ઘેર જઈ શકો છો અને પંચ પાસે માનપત્રની માગણી કરી શકો છો.'

બેઉ બિલાડીઓ એકબીજીની સામે જોઈ રહી.

જજસાહેબે કચેરી બરખાસ્ત કરી.

*

બે બિલાડીઓ વચ્ચેનો રોટલાનો કજિયો પતાવ્યા પછી પપૂડો વાંદરો કહે : 'વાહ, હું કેવો મોટો જજ છું ! હું જાતે પરખ કરી કજિયાનું મૂળ શોધી કાઢું છું અને કજિયો મૂળમાંથી જ દૂર કરું છું. ધરતી પર મારા જેવો કોઈ જજ થયો નથી અને થશે નહિ !'

આમ મનમાં ફુલાતો પપૂડો નદીકિનારે ફરતો હતો અને પૂંછડી વડે મોં પર બેસતી માખીઓ ઉડાડતો હતો. એવામાં એના કાને કોઈનો કજિયો સંભળાયો. એક જણ કહેતું હતું કે 'તું મને સલામ કર, હું જમાદારની લાઠી છું, બીજો જણઃ'હું ફોજદારનો ચાબુક છું. તું માત્ર લાઠી છે, હું લાઠી કરતાં વધારે છું.'

કજિયો ઘડીકમાં ખૂબ વધી ગયો.

પપૂડાએ મોટા અવાજે કહ્યું : 'અરે ભાઈ ચાબુક, અરે બહેન લાઠી, તમે લડો છો કેમ ? આ જજસાહેબ અહીં ઊભા છે એ જુઓ છો કે નહિ !'

તરત જ લાઠી અને ચાબુક જજ સાહેબની સામે આવી ઊભાં ને બોલ્યાં : 'જજ સાહેબ, અમારામાં કોણ મોટું અને કોણે કોને સલામ કરવી એ કહો !'

જજે કહ્યું : 'હું કજિયાને મૂળમાંથી કાઢવાવાળો જજ છું, હું જાતે પરખ કર્યા વિના ચુકાદો આપતો નથી.'

બંને જણે કહ્યું : 'તો પરખ કરો ખુશીથી. અમારી તાકાતની પરીક્ષા કરો !'

જજે કહ્યું : 'બેઉની સાથે પરીક્ષા કરીશ. હું આ ઊભો, તમારામાં કેવું કૌવત છે તે દેખાડો.'

ફટાક કરતો ચાબુક પડ્યો જજ-સાહેબની પીઠ પર !

તે જ પળે લાઠી પડી તેમના ટાલિયા માથા પર !

બરડો ચિરાઈ ગયો, માથું ફાટી ગયું; જજસાહેબ, બેભાન થઈને પડ્યા નીચે !

લાઠીએ અને ચાબુકે કહ્યું : 'જજ સાહેબ, અમારામાં કોણ ખોટું ? કોણે કોને સલામ કરવી ?'

કોઈ જવાબ મળ્યો નહિ.

ત્યારે બેઉએ કહ્યું : 'ચાલો આપણે બેઉ સાથે એકબીજાંને સલામ કરીએ.'

એ પ્રમાણે બેઉ એકબીજાંને સાથે સલામ કરી પોતપોતાને રસ્તે પડ્યાં.

- *રમણલાલ સોની*

*

ફૂલ તારું નામ શું છે ?

એક હતું ફૂલ.. કળીમાંથી તાજું જ ખીલેલું એ ફૂલ સાવ બચુકડું અને નમણું હતું.

ફૂલની પાંખડીઓ તો કોમળ અને મખમલ જેવી લીસી હતી.

વાયરાની લહેરે ફૂલ તો મજાનું ડાળી પર ઝૂલવા માંડ્યું. ડાળી આમતેમ ઝૂલે, ને ફૂલને બહુ મજા પડે.

ફૂલની નજર સૂરજ પર પડી ગઈ. એ હરખનું માર્યું બોલી ઊઠ્યું : 'સૂરજદાદા, સૂરજદાદા ! મારે તમારી પાસે આવવું છે !'

સૂરજદાદા હસવા લાગ્યા. બોલ્યાઃ 'નહીં'.

ફૂલ કહે : 'ના, દાદા, મારે તો આવવું જ છે.'

સૂરજ કહે : 'મારી પાસે ના અવાય, તું તારે ડાળી પર હીંચ્યાં કરને !'

ફૂલ તો હઠે ચડ્યું. એ કહે : 'દાદા, હું તો તમારી પાસે આવીશ !'

થોડી વારમાં જ સૂરજદાદા વાદળ પાછળ સંતાઈ ગયા.

મોટું પહાડ જેવડું ધોળું વાદળ, ને એની પાછળ સૂરજદાદા સંતાઈ ગયા ! ફૂલનું મોઢું તો ચઢી ગયું. એ બોલ્યું : 'જાઓ, મારે તમારી પાસે આવવું ય નથી ને બોલવું ય નથી !'

ફરી થોડી વાર થઈ ને એક પતંગિયું ઊડી આવ્યું. પતંગિયાની મજાની પાંખ જોઈને ફૂલની આંખો ચમકી ઊઠી એ બોલ્યું : 'પતંગિયાભાઈ ! મને તમારી આ

રંગબેરંગી પાંખો આપો ને !'

પતંગિયું કહે : 'કેમ ભાઈ, તમારે વળી મારી પાંખોની શી જરૂર પડી ?'

ફૂલ કહે : 'મારે ઊંચે ઊંચે આકાશમાં ઊડવું છે !'

પતંગિયું હસવા લાગ્યું : 'બહુ ઊંચે ઊડવાથી તો મારી આ પાંખો થાકી જાય, અરે ! બહુ વાયરો વાય તો વળી તૂટી ય જાય, હું તમને મારી પાંખો નહીં આપું !'

ફૂલ તો એકદમ રોવા જેવું થઈ ગયું.

પતંગિયું કહે : 'ફૂલભાઈ, તમે રડશો નહીં. જુઓ, એમ કરો તમે સમડીબહેનની પાંખો લઈ લ્યો, એ બહુ ઊંચે ઊડી શકે છે !'

ફૂલ બોલ્યું : 'વારું, હું સમડીબહેનને મળું છું !' ફૂલે સાદ પાડ્યો, ને સમડીબહેન આવી પહોંચ્યાં. એ બોલ્યાં : 'નાના ટબૂકડા ફૂલભાઈ, બોલો શું કામ પડ્યું અમારું !'

ફૂલ કહે : 'સમડીબહેન, તમારી પાંખો મને આપશો ?'

સમડી વિચારમાં પડી ગઈ. એ બોલી : 'પાંખોનું તમારે વળી શું કામ છે ?'

ફૂલ કહે : 'અમારે ઊંચે ઊંચે આભલામાં ઊડવું છે !'

સમડીને ભારે અચંબો થયો, એ કહે : 'આભે જઈને શું કરશો ?'

ફૂલ હસતું હસતું બોલ્યું : 'સૂરજદાદાને મળવા જવું છે મારે !'

સમડી તો આ સાંભળીને ખૂબ હસી. એ બોલી : 'ફૂલભાઈ, તમે તો મૂરખ છો. સૂરજદાદા પાસે તો વળી જવાતું હશે. એં.... એમનો તાપ તો બાળી નાખે એવો છે, હા !...'

સમડીના બોલ સાંભળીને ફૂલનું મોં પડી ગયું. એ તો રડવા લાગ્યું.

ફૂલને રડતું જોઈને સમડી બોલી : 'ફૂલભાઈ, તમે ચાંદામામા પાસે જાઓ. એ ખૂબ મજાના છે.'

ફૂલ કહે : 'પણ મારી પાસે પાંખો ક્યાં છે ?'

સમડી કહે : 'ફૂલભાઈ, મારી પાંખોથી છેક ચાંદામામા પાસે તો ક્યાંથી પહોંચાય ? તમે એમ કરો, રૉકેટ લઈને ઊપડી જાઓ.'

ફૂલને તો સમડીની વાતમાં કંઈ ઝાઝી ગતાગમ ન પડી. સમડી ઊડી ગઈ. એ ઊંચે આકાશ ભણી તાકી રહ્યું. સૂરજદાદા તો હજુ ય વાદળો પાછળ સંતાકૂકડી રમી રહ્યા હતા. ઘડીકમાં દેખાય, ને ઘડીકમાં વાદળ પાછળ છુપાઈ જાય.

ફૂલની નજર ચાંદામામા પર પડી ગઈ. ધોળા દહાડે ઝાંખા દેખાતા ચાંદામામા તો ચાંદીના ઘસાઈ ગયેલા સિક્કા જેવા સાવ ફિક્કા ફિક્કા લાગતા હતા. એમને જોઈને ફૂલ હસી પડ્યું. ને બોલ્યું : 'ચાંદામામા, મારે તમારી પાસે આવવું છે !'

ચાંદામામા કહે : 'અહીં ના અવાય, ફૂલ દીકરા !'

ફૂલ કહે : 'કેમ ના અવાય, મામા ?'

ચાંદામામા કહે : 'અહીં તો હવા ય નથી કે કંઈ કહેતાં કૈં ખાવા-પીવા ય નથી !'

ફૂલ કહે : 'તો તમે આટલા રૂપાળા રૂપાળા શાથી લાગો છો ?'

ચાંદામામા કહે : 'અમે સૂરજના પ્રકાશને લીધે આટલા રૂપાળા લાગીએ છીએ...'

થોડી વારમાં ચાંદામામાય વાદળની પાછળ સંતાઈ ગયા.

ફૂલ તો પાછું રડવાં જેવું થઈ ગયું.

થોડીક વાર પછી એક નાની બચુકડી છોકરી આવી. છોકરી તો ફૂલની સામે ટગર ટગર કરતી જોઈ રહી હતી.

ફૂલ બોલ્યું : 'કેમ છે ? સારું છે ?'

છોકરી રૉફમાં બોલી : 'શું ધૂળ સારું છે ? જ્યારે જુઓ ત્યારે મમ્મી હોમવર્ક કરવાનું કહ્યાં કરે છે ! પપ્પા ટીવી જોવા દેતા નથી...'

ફૂલ હસી પડ્યું.

છોકરીનું મોં તો હજુય ફુલાઈ ગયેલું દેખાતું હતું.

ફૂલ કહે : 'બેબી, તને હવામાં ઊડતાં આવડે છે !?'

છોકરી તો પગ પછાડતી, મોં મચકોડતી ઘરમાં દોડી ગઈ.

ફૂલ ફરી પાછું રડવા જેવું બની ગયું. એણે ઊંચે જોયું તો સૂરજદાદાની આગળથી વાદળો ખસી ગયાં હતાં.

સૂરજદાદાની લાંબી મૂછો, મોટી મોટી આંખો, અને મજાનું રાતુંપીળું મોં મરક મરક હસી રહ્યું હતું. એ બોલ્યાઃ 'એ ય બચુકડા ફૂલ તારું નામ શું છે ?'

ફૂલ તો સૂરજદાદાનો સવાલ સાંભળીને વિચારમાં પડી ગયું.

'એય, ટિનકુડા ફૂલ, કેમ ચૂપ થઈ ગયું ?' ફૂલ શો જવાબ આપે ? એને તો એનું નામ જ યાદ નહોતું. હવે ?

ફૂલે તો આજુબાજુની ડાળીઓ સામે જોયું. એકબે ફૂલ કાન દઈને સાંભળતાં હોય તેમ એની સામે જોઈ રહ્યાં હતાં. શું એમને ય પોતપોતાનાં નામ યાદ નહીં હોય ? ફૂલે બીજાં ફૂલોને પૂછ્યું : 'લ્યા, તમને તમારું નામ યાદ છે ?'

બધાંય ફૂલો બાઘા જેવું મોં કરી એની સામે જોઈ રહ્યાં. એ શું જવાબ આપે ? ફૂલ તો રોવા લાગ્યું. મોટાં મોટાં ઝાકળનાં બિંદુ જેવડાં આંસુડાં એની આંખોમાં આવી ગયાં.

સૂરજદાદા એને રોતું જોઈને હસી પડ્યા; એ કહે : 'બસ, તને તારું નામે ય યાદ નથી ?'

ફૂલ કહે : 'ના, દાદા !'

ફૂલ બોલ્યું : 'બોલો, શું કરું દાદા !'

સૂરજદાદા કહે : 'જો, પેલો નાનકડો હૉજ છે. હૉજમાં પાણી છે. તું જા ને એ પાણીમાં તારું મોં જોઈ આવ !'

'મારે વળી પાણીમાં મોં જોવાની શી જરૂર છે ?'

સૂરજદાદાએ ટહુકો કર્યો હોય તેમ વહાલથી કહ્યું : 'એય, મજાના બચુકડા

(અનુસંધાન પૃ. ૬૪૫ પર)

❀કલાવાર્તા❀

વિશ્વના મહાન ચિત્રકારો-૨૦
વિલિયમ બ્લૅઇક

'I am under the direction of messengers from heaven' એવું વિધાન કરનાર કવિ ચિત્રકાર વિલિઅમ બ્લૅઇકનો જન્મ ૧૭૫૭ના નવેમ્બરની ૨૮મીએ લંડનમાં થયેલો. બ્લૅઇકને નાનપણથી જ ચિત્રકલા તરફ ખૂબ લગાવ હતો. હૉઝિયરીનો વ્યવસાય કરતા એના પિતા તરફથી બ્લૅઇકને ચિત્રકલામાં આગળ વધવા સારુ પ્રોત્સાહન મળતું રહેતું. એની દસ વર્ષની વયે પિતાએ એને હેન્રિ પાર્શની ચિત્રશાળામાં પ્રવેશ અપાવ્યો. અહીં એ પ્રશિષ્ટ શૈલીનાં પ્લાસ્ટર કાસ્ટની પ્રતિકૃતિઓ બનાવતો રહેલો. ઍન્ગ્રેવર જેમ્સની વર્કશૉપમાંય એણે થોડો વખત કામ કરેલું. અહીં એ ઍન્ગ્રેવિંગ તથા એચિંગની કલાઓ શીખ્યો. પછી તો એ ઍન્ગ્રેવિંગનો નિષ્ણાત બની ગયો અને જૅકબ બાયન્ટનું પુસ્તક ' New System of Mythology' વાંચવા મળ્યું. આ પુસ્તક દ્વારા એને પ્રાચીન ધર્મો તથા ધાર્મિક કથાઓ વિષે ઘણી જાણકારી પ્રાપ્ત થઈ. એણે ગૉથિક સ્થાપત્યકલા તથા શિલ્પકલાનોય અભ્યાસ કર્યો.

એની પચીસ વર્ષની વયે એણે એક માળીની અભણ કન્યા સાથે લગ્ન કર્યાં. બ્લૅઇકનો નાનો ભાઈ અચાનક બીમારીમાં પટકાયો. એની સારવારમાં બ્લૅઇક પંદર દી સુધી ઊંઘેલો નહીં. ભાઈના આત્માને, દેહ ત્યજીને સ્વર્ગ ભણી પ્રયાણ કરતો પોતે જોયેલો, એમ બ્લૅઇક કહેતો. ભાઈના આત્મા સાથે દેવદૂતો સાથે વાતો કરતો રહેતો, એને દુનિયાદારીનું ઝાઝું ભાન નો'તું. એ એના કાલ્પનિક વિશ્વમાં રાચતો રહેતો. એના વિચારો ક્રાન્તિકારી હતા. એ ધાર્મિક વૃત્તિનોય ખરો.

૧૭૮૮ના અરસામાં બ્લૅઇકે Illuminated Printing ક્ષેત્રે પ્રયોગો આરંભ્યા. દિવંગત ભાઈના આત્માએ એને દેખા દીધી. પ્રિન્ટિંગની સસ્તી રીત પોતાને, ભાઈના આત્માએ શીખવી એમ એ કહેતો. રૉબર્ટના આત્માએ શીખવાડેલી ટૅક્નિક મુજબ એણે પોતાનાં કાવ્યો 'Songs of Innocence'ની પ્રતો છાપેલી. એનાં 'Songs of Experiences' માં હતાશાનો સૂર વરતાય છે.



વિલિયમ બ્લેઇક


૧૭૯૨માં બ્લૅઇક પૉલૅન્ડ સ્ટ્રીટનું મકાન ખાલી કરીને લેમ્બર્થમાં રહેવા ગયો. અહીં લતાથી રચાયેલ માંડવામાં બેસીને એ મિલ્ટનનું મહાકાવ્ય 'Paradise Lost' વાંચતો, અહીંનાં પાંચ વર્ષના વસવાટ દરમિયાન એણે ઘણી રંગીન પ્રિન્ટો તૈયાર કરેલી. પ્રિન્ટ મેકર તરીકે બ્લૅઇકનું કૌશલ્ય 'God Judging Adam'ની પ્રિન્ટમાં સુપેરે પ્રકટ થયું છે.

કવિ વિલિયમ હેલી (Hayley)એ લખેલ કૂપરના જીવનચરિત્ર માટે પ્રિન્ટિંગ પ્લેટો તૈયાર કરવાનું બ્લૅઇકને આપેલું ને એ માટે સસેક્સમાંના પોતાના નિવાસે રહેવા એણે આ કલાકારને નિમંત્રણ પાઠવેલું. બ્લૅઇક હેલીના નિવાસે રહેવા ગયેલો. ત્યાંનો મનોહારી દરિયાકિનારો તથ સુરમ્ય પ્રાકૃતિક સૌંદર્ય પણ એને ભૂચિત્ર સર્જવા લોભાવી શકેલાં નહીં. એને ત નિર્બંધ કલ્પનાવિહારમાં રાચવું હતું અ ઘટાદાર વૃક્ષોની ટોચો પર વસતી 'Daughters of Inspiration' સાથે ગોઠડ માંડવી હતી ને વેલીઓ, વૃક્ષોની ઘટામ પરીઓ વસે છે, એમ એ માનતો. એ પરીની સ્મશાનયાત્રામાં એ સામેલ પણ થયેલો, એમ એણે એક મહિલાને કહેલું.

એણે લખેલ કાવ્ય 'Milton' એને દેવદૂતોએ લખાવેલું એમ બ્લૅઇક કહેતો. કવિ મિલ્ટનની સહાય પણ એને આ કાવ્યના સર્જનમાં મળેલી એવું ય એ જણાવતો. 'Milton' તથા 'Jerusalem' કાવ્યો માટે એણે એચિંગ્સ તૈયાર કરેલાં. એની ૪૫ની વયે બ્લૅઇક લંડનમાં રહેવા આવી ગયો. અહીં એ ૧૭ વર્ષ રહ્યો. એની આર્થિક સ્થિતિ બહુ સારી નો'તી. એનું કામ વખણાતું ઝાઝું, પણ વેચાતું ઓછું. લંડનમાં એ ભૂચિત્રકાર જોન લીનેલ (Linnel) તથા સૅમ્યુઅલ પામરના સંપર્કમાં આવ્યો. પામર બ્લૅઇકનો ભારે પ્રશંસક હતો. એણે લખેલ 'Book of Job' માટે એણે બ્લૅઇક પાસે ૨૨ એન્ગ્રેવિંગ કરાવેલાં. કવિ દાન્તેના 'Divine Comedy' મહાકાવ્ય માટે પણ



વેસ્ટમિન્સ્ટર એબી તથા તેનું સ્મારક



ફ્રેન્ચ ક્રાંતિ (૧૭૮૯)

પામરે આ કલાકાર પાસે ચિત્રો કરાવ્યાં.

છેવટ સુધી બ્લૅઇક સર્જન કરતો રહેલો. એણે ૧૦૦ ડિઝાઇનો તથા ૭ પ્લેટો તૈયાર કરેલી. એક ચિત્ર દોરતાં, એની નજર એની પત્ની પર પડી. ચિત્ર દોરવાનું એક કોરે મૂકીને એ પત્નીનું વ્યક્તિચિત્ર દોરવા મંડી પડેલો. આ વ્યક્તિચિત્ર એનું છેલ્લું સર્જન હતું. કમનસીબે એ આજે ઉપલબ્ધ નથી.

બ્લૅઇક માટે કહેવાય છે કે 'He painted his poems and wrote his pictures.' એની કલ્પનાશક્તિ અપરંપાર હતી. એ જેટલા મોટા ગજાનો કવિ હતો એટલા મોટા ગજાનો ચિત્રકાર પણ હતો. એણે એનાં કાવ્યો તથા ચિત્રો માટે આગવાં તાજગીભર્યાં પ્રતીકો પ્રયોજ્યાં.

બ્લૅઇકનાં ચિત્રોમાં સ્પષ્ટતા અને સરળતા છેવટ સુધી જળવાઈ રહેલાં. જો કે, એનાં ગૂઢવાદી ચિત્રો ક્યારેક દુર્બોધ બની જતાં. શરૂનાં એનાં ચિત્રોમાં માઈકલેન્જેલો તથા રાફેલનો પ્રભાવ વરતાય છે. વેસ્ટ મિન્સ્ટર ઍબીની મુલાકાતે એનામાં મધ્યકાલીન સ્થાપત્ય-કલામાં રસ જગાડ્યો.


કવિ, ચિત્રકાર તથા પ્રિન્ટર તરીકે બ્લૅઇકની મૌલિકતા ધ્યાનાકર્ષક છે. એ એનાં કાવ્યોને તાંબાની પ્લેટ પર કંડારી, એમાં અવનવી ડિઝાઇનો ઉમેરતો રહેતો. પછી ઍસિડનો ઉપયોગ કરીને બીબું તૈયાર કરતો. એનાં કાવ્યોની ભાષા તથા કલ્પનો મધ્યયુગીન હોય, પણ એ બધાંમાં રજૂ થતું દર્શન એનું પોતાનું આગવું હોય. બીબાંની મદદથી એનાં કાવ્યોની નકલો એ સ્વયં તૈયાર કરતો. આ નકલો પર પેન કે બ્રશ વડે જલરંગોથી એ ડિઝાઇનો રચતો. એનાં કાવ્યોની દરેક નકલ ભિન્ન હોવાની. એ જાતે બનાવેલું પિગમેન્ટ વાપરતો. પિગમેન્ટ બનાવવાની રીતે એને સેન્ટ જોસેફે (ઈસુના પિતા) શીખવેલી, એમ એ કહેતો.

૧૭૯૫ના અરસામાં આ કલાકારે વિશાળ કદનાં ૧૨ ચિત્રો સર્જ્યાં. આ ચિત્રો ઉત્કૃષ્ટ ફૉર્મ, ઉત્તમ પોત તથા મૌલિક કલ્પનાને કારણે એનાં શ્રેષ્ઠ ચિત્રોમાં સ્થાન પામ્યાં છે. ચિત્રોના વિષયો એણે બાઈબલ, શેક્સ્પિયર તથા મિલ્ટનમાંથી લીધા છે. 'કરુણા' ચિત્રની પ્રેરણા એને શેક્સ્પિયરના નાટક મૅકબેથમાંથી સાંપડેલી. Satan, Sin and Death ચિત્રનો પ્રેરણાસ્રોત મિલ્ટન હતો.

બ્લૅઇક કલ્પનાવિહારી હતો, કલ્પનાની શક્તિ માનવને દુન્યવી બંધનોમાંથી મુક્તિ અર્પે છે એમ એ



કરુણા (૧૭૯૫) : જલરંગી આ ચિત્ર શેક્સ્પીઅરના નાટક 'મેકબેથ'માંની 'કરુણા, નવજાત શિશુ શી નિર્વસ્ત્ર' એ પંક્તિ પરથી તૈયાર કર્યું છે.



ડેન્ટિના મહાકાવ્ય 'ડિવાઇન કોમેડિ'ના ત્રીજા ખંડ 'પેરેડિસો'માં બીઆટ્રિસ ડેન્ટિને સંબોધે છે, તે પ્રસંગને આલેખ્યો છે. મુકુટધારી જમણી તરફનાં બે પાત્રો છે બીઆટ્રિસ અને ગ્રિફિન, જે ઈસુ અને દેવળનાં પ્રતીક બને છે. વળી, જે અન્ય ત્રણ સ્ત્રીઓ દર્શાવી છે તે ખ્રિસ્તીધર્મના ત્રણ પાયાના સિદ્ધાંતો આશા, માનવપ્રેમ અને શ્રદ્ધાને સૂચવે છે. ચિત્રને જમણે ખૂણે કવિ ડેન્ટિને દર્શાવાયા છે. ૧૮૨૪-૨૭ દરમિયાન તૈયાર થયેલું આ રંગીન ચિત્ર લંડનની ટેટ ગેલરિમાં છે.

માનતો. એનાં કેટલાંક કલ્પનો ચિરંજીવ બની ગયાં છે. પ્રકાશની સંરચનામાં બ્લેઈક રેમ્બ્રાનેય ટપી જાય છે, એમ રસ્કિન કહે છે. બ્લેઈકનાં ચિત્રોમાં પ્રકાશ ઝળહળતો, ઝબૂકતો લાગે.

આ કલાકારે એનાં છેલ્લાં વર્ષોમાં કવિ દાન્તેની 'Divine Comedy' પર આધારિત સાત પ્લેટો ને સો ડિઝાઈનો રચી. આ ડિઝાઈનોના ઊજળા રંગોમાં સર્જકનો ભિન્ન મિજાજ પ્રકટ થાય છે. આ ડિઝાઈનોમાં બ્લેઈકની સર્જનપ્રક્રિયા ચરમસીમાએ પહોંચી છે.

બ્લેઈક એનાં ચિત્રોમાં નિરૂપાયેલાં પાત્રોના કેશની ફાંકડી માવજત કરે છે. એ માનવદેહને ખૂબ સરળતાથી કેન્વાસ પર ઉતારે છે.આકાર અને પોત વચ્ચે એ વિરોધ સર્જે છે. આ સર્જક એક ઉત્તમ કોટિનો ચિત્રકાર હોવા ઉપરાંત ગણના પાત્ર કવિ, એન્ગ્રેવર, ડિઝાઈનર તથા પ્રિન્ટ-મેકર પણ હતો.

બાઈબલમાંથી પ્રેરણા લઈને બ્લેઈકે સર્જેલ ચિત્ર 'God Judging Adam'માં એણે દૈવી પાત્રો પૂરાં આવેગથી ચીતર્યાં છે. આ પાત્રો સાચકલાં લાગે એવાં નિર્માયાં છે. આવું કૌશલ્ય અગાઉ અન્ય કોઈ કલાકાર દાખવી શક્યો નથી.

'The Ancient of Days' ડિઝાઈન બ્લેઈકે પોતાના કાવ્ય 'Europe' માટે રચેલી. આ ડિઝાઈનની પ્રિન્ટ ખૂબ લોકપ્રિય બનેલી. એની સીડીના છેક ઉપલા પગથિયે એને દેખાયેલા દૃશ્ય પરથી એણે આ ડિઝાઈન બનાવેલી.

Nebuchadnezzar ચિત્રમાં સર્જક, માનવમાં રહેલી પાશવિતાનું નિરૂપણ કરે છે. બેબીલોનના આ રાજવીને માનવ સમાજમાંથી જાકારો દેવામાં આવેલો. જંગલમાં એ બળદોની જેમ ઘાસ આરોગીને પોતાનો નિર્વાહ કરતો રહેલો.

Newton ચિત્રોમાં ન્યૂટનને બુદ્ધિવાદમાં રહેલાં ભયસ્થાનોના પ્રતીક તરીકે રજૂ કરે છે. ચિત્રમાં ન્યૂટનને પોતે દોરેલ રેખાકૃતિમાં લીન થઈ ગયેલ દર્શાવાયો છે. વિભાજક દ્વારા સમગ્ર જીવનનું માપ કાઢી શકાય એમ ન્યૂટન માનતો.

Glad Day ચિત્ર સર્જવાનું બ્લેઈકને શેક્સ્પિયરના નાટક 'Romeo and Juliet'માંથી સાંપડેલી. આ ચિત્ર 'Dance of Albion' તરીકે પણ ઓળખાય છે. ચિત્રમાં Albion ઈંગ્લન્ડની અસ્મિતાના પ્રતીકરૂપે રજૂ થાય છે.

The Simoniac Pope ચિત્ર આ કલાકારને કવિ દાન્તેની 'Divine Comedy' વાંચતાં સ્ફુરેલું. આ કાવ્યમાં બ્લેઈકને કવિની અલૌકિક કલ્પનાનાં ઉડ્ડયનો માણવાનાં મળતાં. દેવળમાં જુદા જુદા હોદ્દાઓ પર વ્યક્તિઓની નિયુક્તિ નાણાં લઈને કરવા બદલ પોપ નિકોલસ ત્રીજાને એનાં પાપોની શિક્ષારૂપે એને આગના કૂવામાં ઊંધે મસ્તકે લટકતો દર્શાવ્યો છે આ કલાકારે.

The Body of Abel Found by Adam and Eve - આ ચિત્રમાં બ્લેઈકે આદમના પુત્ર કેઈનને, પોતાના સગા ભાઈ આબલની હત્યા કરીને ભાગતો દર્શાવ્યો. આ જ વિષયને લક્ષીને ચિત્રકારે The Ghost of Able નામે નાટક પણ લખેલું. ચિત્રમાં આદમ તથા કેઈનના ચહેરા પરના ભાવો કેવા સબળ અને સચોટ રીતે નિરૂપાયા છે !



ક્રોધિતમુદ્રામાં આદમ

'Beatrice Addressing Dante' ચિત્રમાં કલાકારે ગ્રીફીન (ગરુડના મસ્તક અને પાંખો તથા સિંહના શરીરધારી પ્રાણી) તથા બિઆટ્રીસને અનુક્રમે ઈસુ તથા દેવળનાં પ્રતીકો તરીકે નિરૂપ્યાં છે. ત્રણ સ્ત્રીઓ આશા, માનવપ્રેમ તથા શ્રદ્ધાનાં પ્રતીકો છે. ચિત્રમાં જમણા ખૂણે બ્લૅઇકે કવિ દાન્તેને ગોઠવી દીધો છે.

The Inscription over Hell Gate ચિત્રમાં કવિ વિર્જિલને દાન્તેને નર્કના દ્વાર તરફ દોરી જતો કલાકારે દર્શાવ્યો છે. આ રચના પણ દાન્તેના મહાકાવ્ય પર આધારિત છે.

બ્લૅઇકનાં છેલ્લાં દસેક વર્ષની પ્રવૃત્તિઓની માહિતી ઉપલબ્ધ નથી. એનું નિધન ૧૮૨૭ના ઑગસ્ટની ૧૨મી તારીખે થયું. બાન્ટિલ ફીલ્ડમાં આવેલી એની કબર પર એનું નામ સો વર્ષ પછી અંકિત થયેલું. - *હરિત પંડ્યા : નટુ પરીખ*

— કલાવૃત્ત —

કૈલાસ દેસાઈનાં દશ્યચિત્રો

જાણીતા કલાકાર અપૂર્વ દેસાઈનાં પત્ની અને યુવા કલાકાર કૈલાસ દેસાઈએ તેમનો ત્રીજો જળરંગી દશ્યચિત્રોનો શો થોડા સમય પૂર્વે અમદાવાદની કન્ટેમ્પરરી આર્ટ ગૅલરિમાં યોજાયો. તેમનાં પૂર્વેનાં બે પ્રદર્શનોનાં દશ્યચિત્રો વાસ્તવદર્શી શૈલીમાં તથા તૈલરંગોમાં સર્જાયાં હતાં. તેમાં તેમની કલાત્મક પ્રતિભાનાં દર્શન થયાં હતાં. સૌન્દર્યશાસ્ત્રીય દષ્ટિએ પણ તે ચિત્રો સંતર્પક હતાં.

કૈલાસે નૈનિતાલ, કોસાની, સાપુતારા, માઉન્ટ આબુ, ચરોતરના ધર્મજ જેવાં સુંદર સ્થળોની મુલાકાત લઈ તેમનો પ્રકૃતિ પરત્વેનો પ્રેમ હંમેશાં જીવંત રાખ્યો છે તથા આ સ્થળોનાં સૌંદર્યને તેમણે તેમનાં આકર્ષક જળરંગી દશ્યચિત્રોમાં રૂપાયિત કર્યું છે. વર્તમાનમાં તેઓ ધર્મજની એચ.એમ.પટેલ ઈંગ્લિશ મીડિઅમ સ્કૂલમાં ડ્રૉઈંગ અને પેઈન્ટિંગ શીખવે છે.

કૈલાસનાં તાજેતરનાં જળરંગી દશ્યચિત્રો જોતાં લાગે છે કે એક આશાસ્પદ કલાકાર તરીકે તેમણે પોતાનો વિકાસ કર્યો છે. તેમનાં જળરંગો પારદર્શી અને તેજસ્વી છે. તેઓ સાચે જ તેમની વૈયક્તિક શૈલી વિકસાવી રહ્યા છે. વેટ ઈન વેટ પદ્ધતિથી થયેલાં આ જળરંગી દશ્યચિત્રોમાં ઝડપી, હિંમતભર્યા બ્રશસ્ટ્રોક્સ છે, રંગોની ફેલાતી પારદર્શિતા અને પ્રવાહિતા છે. ફેલાતા અને ઓગળતા રંગો અદ્‌ભુત દશ્ય-અસરો સર્જે છે. અહીં માનવપાત્રની સંપૂર્ણ ગેરહાજરી છે. જ્યાં જરૂરી હોય ત્યાં જ જૂજ રેખાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે, છતાં રંગોની અહીં મિજબાની છે.



સૂરજ રામાવતની વ્યક્તિચિત્ર કૃતિ


મોટા ભાગનાં દશ્યચિત્રોમાં અસ્પષ્ટ રીતે રંગોનાં મોટાં કદો જેવાં વૃક્ષોનું ત્વરિત આલેખન છે. આ ચિત્રો રંગદર્શી વાતાવરણ નિષ્પન્ન કરે છે લાગે છે કે આપણે ભીનાં જળરંગો અને રૂપોમાં ભીંજાઈ રહ્યા છીએ.

કલાકાર સૂરજ રામાવત

૧૯૫૦માં જન્મેલા સૂરજ રામાવતે સી. એન. મહાવિદ્યાલયમાં ડ્રૉઈંગ અને ચિત્રકલામાં ડિપ્લોમા પ્રાપ્ત કર્યો. તેમણે ભારતીય સંગીત મહાવિદ્યાલયમાંથી સંગીતશિક્ષણ મેળવ્યું. નાટ્ય પપેટ્સના સર્જન સાથે તેઓ સંકળાયેલા છે. પ્રાણિક હીલિંગ તથા યોગાસનની તાલીમ લીધી છે.



કૈલાસ દેસાઈનાં જળરંગી દૃશ્યચિત્રો



જૂના ઇસ્તંબુલની ધાર્મિક ઇમારત

કલાચિત્ર શિક્ષકનો બહોળો અનુભવ ધરાવે છે. ૧૯૮૬થી સાબરમતીની પાવર હાઉસ પ્રાથમિક શાળામાં કલાશિક્ષક તરીકે કાર્યરત છે. તે પૂર્વે તેઓ ટેક્સટાઇલ ડિઝાઇનર - કલાકાર તરીકે અમદાવાદની કૅલિકો મિલ્સમાં તથા ભોપાલના ટેક્સ્ટાઇલ કૉર્પોરેશનમાં તેમની સેવાઓ આપી ચૂક્યા છે. તેમણે સર્વાંગી બાળ-વિકાસ ક્ષેત્રે વર્ષોથી નોંધપાત્ર પ્રદાન કર્યું છે. બાળચિત્રકલા ક્ષેત્રે તેમના વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રિય બાળ-ચિત્રકલા સ્પર્ધાઓમાં સુવર્ણ તથા રજત મેડલો મેળવવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. અનેક કલાશિબિરોમાં તેમણે ભાગ લઈ ચિત્રસર્જન કર્યું. ખાસ તો વેસ્ટ ઝોન કલ્ચરલ, ઉદેપુર દ્વારા યોજિત બાલોત્સવ, ૧૯૮૭માં જ્યારે અમદાવાદમાં ઉજવાયો ત્યારે સાબરમતીના ગરીબ વિસ્તારમાં તેમણે ત્રણસો બાળકો માટે ચિત્રકલાની તાલીમ-શિબિર યોજી તેમની પાસે ચિત્રસર્જન કરાવી તેમનાં ચિત્રોનું સંસ્કાર કેન્દ્રમાં પ્રદર્શન યોજ્યું. ૧૯૮૭માં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન આયોજિત સ્થાનિક ચિત્રકારોના પ્રદર્શનમાં તેમની કૃતિ 'માણેકચોકની મૂતરડી'ને ઇનામ પ્રાપ્ત થયું. ૧૯૯૦માં લોકશૈલીનાં રમકડાંના સર્જન માટે પચાસ બાળકો સાથે તેમણે તેમની શાળામાં કાર્યશિબિર યોજી. સાક્ષરતા, પર્યાવરણ, વ્યસનમુક્તિ જેવા મહત્ત્વપૂર્ણ વિષયો પર તેમણે બાળશિબિરો યોજી. ૧૮મો આંતર-રાષ્ટ્રિય બાળમહોત્સવ તુર્કસ્તાન દ્વારા ૧૯૯૬માં યોજવામાં આવ્યો ત્યારે તેમણે ૨૦ બાળકો તથા પાંચ પ્રતિનિધિઓ સાથે રોમાનિયા, ઇસ્તંબુલ, બુખારેસ્ટ, આબાન્ટ, બૂચ્છા જેવાં સ્થળોની મુલાકાત લીધી અને ત્યાં ભારતીય લોકનૃત્યો તથા સંગીત રજૂ કર્યાં.

હમેશાં ગતિશીલ તથા પ્રવૃત્તિમય રહેનાર સૂરજ રામાવતે બાળચિત્રકલાક્ષેત્રે સતત નોંધપાત્ર પ્રદાન કરતા રહેતા હોવા છતાં સર્જનકાર્ય ચાલુ રાખ્યું છે. તેમણે અસંખ્ય ત્વરાલેખનો, સારી એવી સંખ્યામાં સર્જનાત્મક જળરંગી તથા તૈલરંગી સંરચનાઓનું સર્જન કર્યું છે. તેમની રચનાઓ પ્રધાનપણે આકૃતિપ્રધાન છે. તેમની કારકિર્દીની શરૂઆતમાં તેમણે કેટલાંક સુંદર ભાવવાહી વ્યક્તિચિત્રો બનાવ્યાં. ત્વરિત એકબીજામાં મળતી સબળ જાડી-પાતળી રેખાઓમાં તેમણે એક સુંદર ભાવવાહક પોર્ટ્રેટ સર્જ્યું છે. વિશ્વશાંતિને પક્ષીઓ તથા ડાળીઓના વેગીલી, સબળ જાડી રેખાઓ દ્વારા સર્જાયેલી સંરચનામાં તેમણે અસરકારક સફળ રીતે રૂપાયિત કરી છે. તુર્કીમાં ઇસ્તંબુલની ઐતિહાસિક સ્થાપત્ય ધરાવતી ઇમારતો તથા ત્યાંનાં દૃશ્યોનાં જળરંગોમાં સુંદર, આકર્ષક સંયોજનો સ્થળ પર જ તૈયાર કર્યાં. ૧૯૯૬માં ઇસ્તંબુલ શહેરનું એક સુંદર જળરંગી સંયોજન બે કિનારાને જોડતા પુલ પરની વાહનોની અવરજવર, સામે કિનારે ઐતિહાસિક ઇમારતો, પાણીમાં સ્ટીમરોને કલાત્મક રીતે દર્શાવે છે. તેમાં પરિપ્રેક્ષ્ય ઉપરાંત વાતાવરણનો અનુભવ થાય છે. 'બળદની જોડી'ના આલેખનમાં મક્કમ બળકટ, ત્વરિત, જાડી રેખાઓ તથા ઊભેલાં બંને કૃતિઓમાં ભારતભવન, ભોપાલમાં સંગૃહીત કૃતિ 'સ્પેસ - ૨' તથા ઇનામવિજેતા કૃતિ 'માણેકચોકની મૂતરડી' ખાસ નોંધપાત્ર છે.

- બંસીલાલ દલાલ

કલાસ્મૃતિ

સંતૂરવાદક પંડિત શિવકુમાર શર્મા

અમદાવાદ શહેરમાં આજથી લગભગ ૩૫ વર્ષ પહેલાં, ભદ્રના વિસ્તારમાં ઍડવાન્સ સિનેમાગૃહ અંગ્રેજી ફિલ્મો રજૂ કરવા માટે મશહૂર થયેલું. આ સિનેમાગૃહોમાં તે વખતે, ફિલ્મ શરૂ થતાં પહેલાં તેમજ મધ્યાન્તરમાં એક ખાસ પ્રકારની રેકર્ડ વગાડવામાં આવતી તે લગભગ એકાદ વર્ષ સુધી ચાલુ રહી હશે જેમાં બાંસુરી, ગીટાર અને સંતૂરની ધૂન વાગતી ત્યારે પ્રેક્ષકો જાણે કે કાશ્મીરની ઘાટીઓમાં પહોંચી ગયા હોય તેવી અનુભૂતિ થતી. પછી તો રસિક દર્શકોએ તપાસ કરી અને રેકર્ડઝના કલાકારોનાં નામઠામ પ્રાપ્ત કર્યાં. તેમાં બાંસુરીવાદક હતા શ્રી હરિપ્રસાદ ચૌરસિયા, ગીટારવાદક હતા અમદાવાદના શ્રી બ્રિજભૂષણ કાબરા અને સંતૂરવાદક હતા શ્રી શિવકુમાર શર્મા. તે સમયે ટેપરેકૉર્ડર પ્રચારમાં નહોતું. ઑડિઓકસેટ્સ પણ ઉપલબ્ધ નહોતી. માત્ર ગ્રામોફોન, રેડિયોગ્રામ અને રેકર્ડ્ઝ મળતાં. સંગીત-રસિયાઓ એ ઉપરોક્ત કલાકારોની રેકર્ડ નામે 'કૉલ ઑફ ધ વેલી' સારા પ્રમાણમાં વસાવી. આમ, સંગીત જગતમાં સંતૂરના અવાજની ધૂનોનો લોકોને પ્રથમ પરિચય થયો. આજે તો સંતૂરવાદ્ય અને તેના વાદક શ્રી શિવકુમાર શર્માએ, જેમ બિસ્મિલ્લાહખાં સાહેબે શહનાઈને પહોંચાડી હતી તેટલી ઊંચાઈએ સંતૂરની વાદ્યકલાને પહોંચાડી દીધી છે.

પંડિત શિવકુમાર શર્માનો જન્મ સન



૧૯૩૯માં જમ્મુમાં થયો હતો. તેમના પિતા પંડિત ઉમાદત્ત શર્મા, જમ્મુકાશ્મીરના રાજ્યના વિદ્વાન સંગીતજ્ઞ હતા. તેઓએ સંગીતની શિક્ષા-દીક્ષા બનારસના પંડિત રામદાસ પાસેથી પ્રાપ્ત કરી, તેમજ તે સમયે બડે ગુલામઅલી ખાં સાહેબ જેવાઓ સાથે સંગત કરી હતી. શ્રી શિવકુમારે સંતૂરની તાલીમ લેતાં પહેલાં, પાંચ વર્ષની ઉંમરથી ગાયન અને તબલાવાદનની તાલીમ લીધી હતી. આ સમયે તેમના પિતા અને ગુરુવર્ય સાવ જ અજાણ્યા એવા સંતૂર વાદ્ય ઉપર સંશોધન કરી રહ્યા હતા. તેમજ આ વાદ્યની અનેકાનેક સંભાવનાઓ માટે પ્રયત્નશીલ હતા. કારણ કે રૂઢિવાદી સંગીત સમાજે સંતૂરને પ્રમુખ વાદ્યોમાંથી બાકાત ઘોષિત કર્યું હતું. શ્રી શિવકુમાર જ્યારે ૧૭ વર્ષના હતા ત્યારે તેમને પ્રથમવાર સન ૧૯૫૫માં મુંબઈના હરિદાસ રાષ્ટ્રિય સંગીત સમારોહ કાર્યક્રમમાં સંતૂર વગાડવાનો અવસર પ્રાપ્ત થયો. જ્યારે શિવકુમારનો ક્રમ આવ્યો ત્યારે જ્ઞાની સંગીતકારોને લાગ્યું કે આ કલાકાર સંતૂર જેવાં વાદ્યોમાંથી રાગ-રાગિણીઓ કેવી રીતે પ્રસ્તુત કરી શકશે. જ્યારે શિવકુમારે સંતૂરના તારો ઉપર અખરોટની ડંડીઓની મદદથી વગાડવાનો પ્રારંભ કર્યો ત્યારે થોડાક જ કલાકોમાં ઉપસ્થિત સંગીતપ્રેમીઓ ઝૂમી ઊઠ્યા.

પંડિત શિવકુમારની આજની સફળતા પાછળ, તેમને ખાસ્સો સંઘર્ષ કરવો પડેલો છે. પ્રથમ તો, સંતૂરને કશાકના ટેકા ઉપર મૂકીને વગાડવું કે અન્ય કોઈ રીતે, જેથી તેમાંથી ખાસ પ્રકારની ગુંજ પેદા થઈ શકે. ખૂબ જ પ્રયત્ન તેમજ અભ્યાસ બાદ, તેમને અર્ધપદ્માસનની બેઠકથી સંતૂરને ખોળામાં મૂકીને વગાડવાની રીત અનુકૂળ થઈ. ત્યારથી આજ દિનપર્યંત આ રીતે જ તેઓ સંતૂર વગાડે છે. શ્રી શિવકુમાર જ્યારે પોતાનું નસીબ અજમાવવા મુંબઈ આવ્યા ત્યારે કફોડી હાલતમાંથી પસાર થવું પડેલું. એક સમય એવો કે ગજવામાં માત્ર એકાદ આના જેટલી રકમ હોય અને ભૂખ્યા રહીને સમય કાઢવો પડતો. નાનામોટા કાર્યક્રમોમાં સંગત કરવા માંડી. ફિલ્મોમાં સહવાદક તરીકેનાં કામ કર્યાં. આમ, શાસ્ત્રીય સંગીતની દુનિયા તેમજ ફિલ્મી સંગીતની દુનિયામાં કામ કરતાં, પંડિત હરિપ્રસાદ ચૌરસિયા સાથે સ્વતંત્ર-સંયુક્ત રીતે ફિલ્મમાં સંગીત-સર્જનનું કામ મળ્યું. સંગીતકાર શિવ-હરિના નામે ફિલ્મ 'સીલસીલા'માં તેમની સંગીત-ધૂનો અને ગીતોએ ખૂબ જ લોકપ્રિયતા પ્રાપ્ત કરી. ત્યાર બાદ 'ચાંદની', 'લમ્હે', 'સાહેબા' જેવી ફિલ્મોમાં સંગીત આપીને જાણીતા થયા.

અંગ્રેજી ભાષામાં સ્નાતક તેમજ અનુસ્નાતક થયેલા પંડિતજી ઘણા ઉતાર-ચઢાવ જોયા બાદ સાધનસંપન્ન થઈને મુંબઈમાં સ્થાયી થયા છે; છતાં પોતાના વતનને ભૂલ્યા નથી. વર્ષમાં એકાદ વાર તેઓ પરિવાર સાથે જમ્મુ-કાશ્મીર જતા હોય છે. અમેરિકા, કૅનૅડા, બેલ્જિઅમ, ફ્રાન્સ અને ઈંગ્લન્ડ જેવા દેશોમાં લગભગ ૫૦થી વધારે કાર્યક્રમો તેમણે આપ્યા છે. સન ૧૯૬૭માં ઈરાનમાં 'શિરાજ-મહોત્સવ'માં નિમંત્રણ પામેલા તેઓ એકમાત્ર પ્રથમ ભારતીય કલાકાર હતા. પંડિતજીને પ્રતિષ્ઠિત 'સંગીત-નાટક અકાદમી'નો અવૉર્ડ ઉપરાંત દેશ-વિદેશના ઘણા અવૉર્ડ્ઝ તેમજ સન્માન પ્રાપ્ત થયાં છે. આજે શ્રી શિવકુમાર શર્માનું સ્થાન વિશ્વના જાણીતા કલાકારોમાં ગણાય છે. તેમના સંગીતની રૅકર્ડ્ઝ ઑડીઓ-વીડિઓ-સીડી વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત છે અને વેચાય છે, જેમાં 'કલર્સ ઑફ સ્ટ્રીંગ્સ', 'ફીલિંગ્સ', 'હિપ્નોટિક સંતૂર' ઉપરાંત - શ્રી ચૌરસિયા સાથેની જુગલબંદી 'પર્પલ ઍન્ડ ગોલ્ડ', 'મેલડીઝ ઑફ રોમાન્સ' વગેરે જાણીતી લોકપ્રિય રચનાઓ ગણાય છે.

– ગજેન્દ્ર શાહ

અનુસંધાન] અડકોદડકો [પૃ. ૬૩૯ થી

ફૂલ, જા અને પાણીમાં તારું મોં તો જો, જરા !'

ફૂલ કહે : 'દાદા, આ હમણાં જ જઈને હૉજમાં મારું મોં જોઉં છું, બસ !'

અને ફૂલ તો ઊપડ્યું - હૉજની પાસે. હૉજનાં ચોખ્ખાં અને શાંત જળમાં ફૂલ-ભાઈએ પોતાનું મોં જોયું.

ફૂલભાઈને ભારે અચંબો થયો; એ બોલ્યું : 'ઓત્તારી, મારું મોં તો અદ્દલ સૂરજદાદાના મોં જવું છે ! વાહ ભૈ વાહ !' સૂરજદાદા હસ્યા. એમની લાંબી મૂછો ફરફર કરતી હલી ઊઠી. ફૂલ તો સૂરજ-દાદા સામે એકીટસે જોઈ રહ્યું. જોતું જ રહ્યું.

સૂરજદાદા સવાર, બપોર અને સાંજે જેમ જેમ ખસતા જાય તેમ તેમ ફૂલ તો એમને જોયા જ કરે. જોયા જ કરે.

સૂરજદાદાએ છેક સાંજે પાછું ફરી પૂછ્યું : 'ફૂલ, તારું નામ ?'

ફૂલ આ વખતે રોયું નહીં. એ તો મરક મરક હસવા લાગ્યું.

સૂરજદાદાએ કહ્યું : 'દીકરા, તારે મારી પાસે આવવાની જરૂર નથી. હું જ તને મળવા રોજ સવારે આવી પહોંચીશ હોં !'

ફૂલ બોલ્યું : 'પણ દાદા મારું નામ કહો ?'

'તારું નામ સૂરજમુખી !' અને આમ કહેતા સૂરજદાદા આથમણી દિશામાં છુપાઈ ગયા.

– રમેશ ત્રિવેદી

'કુમાર'ના સ્થાપક તંત્રી રવિશંકર રાવળ વિષેની વેબસાઇટ

'કુમાર'ના સ્થાપક તંત્રી અને ગુજરાતના કલાગુરુ સદ્ગત રવિશંકર મ. રાવળ વિશેની વેબસાઇટ એમના અમેરિકાસ્થિત સુપુત્ર કનક રાવળે તૈયાર કરીને ઇન્ટરનેટ પર સુલભ કરાવી છે. 'કુમાર'પ્રેમીઓ માટે તે ઉપકારક, આસ્વાદક તથા આવકારદાયક લેખાશે. પ્રસ્તુત વેબસાઇટ નીચે પ્રમાણેના નામથી શરૂ થઈ છે :

www.ravishankarmraval.org

સાહિત્યસંપર્ક

સામાન્ય માનવીની સંવેદનાના લેખક

સદ્‌ગત દિલીપ રાણપુરા

દિલીપ રાણપુરાનો જન્મ : ૧૪-૧૧-૧૯૩૧ના રોજ થયેલો. જીવનના પ્રારંભનાં વર્ષોમાં અનેક સંઘર્ષ વેઠી પુરુષાર્થ થકી પ્રાથમિક શાળાના શિક્ષક અને પછી



આચાર્ય થયા. કાર્યક્ષેત્ર સુરેન્દ્રનગર જિલ્લો રહ્યો. પોતાને હંમેશાં લોકોની વચ્ચેથી અને પ્રસિદ્ધિથી દૂર રાખતા આ લેખકે માત્ર ૨૨ વરસની ઉંમરથી વાર્તા લખવાનું શરૂ કર્યું, જે 'માણસાઈનું રુદન'. રાજકોટના 'જીવનપ્રકાશ'ના દીપોત્સવીમાં તે છપાઈ. પછી ક્યારેય દિલીપભાઈની કલમે પોરો ખાધો નહિ, કારણ કે તેમની પાસે માત્ર અનુભવોનું જ ભાથું હતું અને તેમની કલમમાં ઈમાનદારીપૂર્વક તે રજૂ કરવાની તાકાત હતી.

સાવ સીધાસાદા માણસ. વાતો કરે ત્યારે એમ જ લાગે કે આ ખરેખર પ્રાથમિક શાળાના આદર્શ શિક્ષક છે. વાણી અભિવ્યક્ત થતી જાય અને સાંભળનારને એવું પ્રતીત થયા વગર રહે નહિ કે આ માણસ સાચું બોલી રહ્યા છે અને સાચી વાતો કહી રહ્યો છે. જેવું જીવતા, બોલતા, લખતા તેવું જ અનુભવ્યું છે. તેમની પહેલી નવલકથા 'સૂકી ધરતી, સૂકા હોઠ' ઈ.સ. ૧૯૬૭માં આવી. પછી તો અધધધ તેમની કલમમાં જાદુ હતો, સત્યનો, અનુભવનો, વાસ્તવિકતાનો અને તે પણ સામાન્ય વર્ગના માનવીની સંવેદનાને રજૂ કરવાનો.

મૃત્યુ માટે તત્પર થયા ત્યાં સુધી લખ્યા જ કર્યું. છાપાનાં કૉલમો તો ખરી જ, એટલે નિયમિત લખવું જ રહ્યું. જનસત્તા, સમભાવ, મુંબઈ સમાચારમાં રવિવારે માત્ર પ્રસંગચિત્રો જ આવે, અને તે પણ જીવનમાંથી જ વીણેલાં, એટલે વાચકને પોતાની જ વાતો લાગે. અત્યારના કહેવાતા શ્રીમંત વર્ગની, ઝાકમઝોળની બનાવટી રીતે જિવાતા જીવનની વાતો ક્યારેય લખી નથી. કદાચ કોઈ ધારાવાહી નવલકથા 'રમત' જેવી લખાઈ ગઈ તો અફસોસ પણ કર્યો છે અને કહ્યું છે કે સમયની ગમે તે માગ ઊભી કરવામાં આવી હોય પણ હું આવું નહિ લખી શકું. તેઓએ હંમેશા અભાવથી પીડાતાં ગામડાનાં માનવીઓને નિહાળ્યા. પરિણામે અમીરાત અને દૂષણો વચ્ચે જીવતો સમાજ જોયો. અને તે જ અભિવ્યક્ત કર્યો. 'આંસુભીનો ઉજાસ' તો ગામડામાં અભયવ્રત લઈને બેઠેલા દેવરાજ નામના યુવકની વાત સર્વ યુવકની ઝંખના બની રહે તેવી અદ્‌ભુત નવલકથા છે એટલે જ ચાર પુનઃમુદ્રણને પામી છે. 'મીરાંની રહી મહેક' મૃત્યુ સામે ઝઝૂમનારની કથા તો 'ઘરથી ઘર' નાયિકા વગરની છતાં હજુ પણ સત ક્યાંક ક્યાંક પ્રકટ્યા કરે છે તેની કથા તો ૧૬ હયાત આદર્શ પ્રાથમિક શાળાના શિક્ષકોની સત્યકથાઓ તેમની યશકલગી છે. તેઓએ ૪૧ જેટલાં પ્રસંગકથાઓ, સંસ્મરણકથાઓ, રેખાચિત્ર, ચરિત્રનિબંધ, બોધકથાઓ, લોકજીવન ને પ્રણયકથાઓ જેવા વિષયનાં પુસ્તકો આપ્યાં છે. જે હરતાંફરતાં માનવીઓના હૃદયને સ્પર્શે તેવાં ચરિત્રો છે. આ ઉપરાંત ૫ નવલિકાસંગ્રહ અને ૪૩ નવલકથાઓ તો ખરી જ.

તેઓ ચાલતા જ રહે, અવલોકતા રહે અને જોયેલા-માણેલા પ્રસંગોને આલેખતા રહે. એટલે રવિવારે પૂર્તિમાં આવતાં પ્રસંગો કે ક્યાંય સામયિકોમાં આવતી વાર્તાઓ વાંચવી ગમે જ. તેઓ હંમેશાં સામાન્ય માનવીને અભિવ્યક્ત કરતા રહ્યા એટલે સામાન્ય માનવીના વાચક રહ્યાં. ગુજરાતી સાહિત્ય પરિષદ ત્રણ પારિતોષિક, કાનજી ધનજી સુવર્ણ ચંદ્રક કે કલકત્તામાં બે વખત મળે સન્માન વગેરેની વાતો તેઓ ભાગ્યે કરતા. માત્ર લખવું, જોયું-જાણ્યું, સંબોધ તેને કલમ દ્વારા વિસ્તારવું એ જીવનમંત્ર તેઓ આચરીને આવી પડેલ પીડાકારી મૃત્યુને પણ પચાવી ગયા.

તેઓએ 'તરફડાટ'માં લખ્યું છે કોઈના મૃત્યુનો શોક લાંબો સમય ટકતો નથી, શોકનું કારણ તો માત્ર વિખૂટા પડવાનું છે. જે સતત ચાલતું ચક્ર છે તેના માટે શોક શો ? જે નિત્ય સત્ય છે તેનો સ્વીકાર કરવો જ રહ્યો. તેનો પણ હરખ કરવાની ક્ષમતા કેળવવી. એવું જ તેઓ જીવ્યા અને અંતને (મૃત્યુ : તા.૧૫-૦૭-૨૦૦૩) પણ આવકાર્યો. તેમની કલમ દ્વારા તેઓ આજે પણ આપણી સમક્ષ વાતડાહ્યા માનવી તરીકે બેઠા છે તેનો આનંદ માણવો રહ્યો તે જ તેમને આપેલી સાચી અંજલિ. *- પ્રા. સુરેશ. મ. શાહ*

પ્રાપ્ત પ્રકાશનો

ગુજરાત સાહિત્ય અકાદમી (જૂની વિધાનસભા ભવન ત્રીજે માળ, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭)નાં પ્રકાશનો : *સહરાની ભવ્યતા* (રેખાચિત્રો સંગ્રહ) લે. રઘુવીર ચૌધરી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ.૫૦. *સુદર્શન ગદ્યગુચ્છ-૨* (મ.ન. દ્વિવેદી સાહિત્ય શ્રેણી-૬ :સમાજ, શિક્ષણ અને રાજ્ય) લે. મણિલાલ નભુભાઈ દ્વિવેદી, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૫૦૪, રૂ.૧૮૦. *Coral Island (1946-1956)* (અનુવાદ-કાવ્યસંગ્રહ) લે. નિરંજન ભગત, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૮૦, રૂ. ૫૫. *વિનોદિની નીલકંઠના નિબંધો* (શિષ્ટ પુસ્તક પ્રકાશન શ્રેણી-૧૬) લે. વિનોદિની નીલકંઠ, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૫૦. *સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીત સંચય* (ગુજરાતી ગીતનો

સંગ્રહ) સંપાદન : ડૉ. ચન્દ્રકાન્ત શેઠ અને હરિકૃષ્ણ પાઠક, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૪૬૦, રૂ. ૨૫૦.

<u>ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.</u> (૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨, ૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬)નાં પ્રકાશનો : *આનંદ પુરુષ* (સ્વામી આનંદવિશેષ) સં. સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું , પૃ. ૩૭૬, રૂ. ૨૫૦. બિપિન પરીખ (સમગ્ર કવિતા) : *મારી, તમારી, આપણી વાત :* (કાવ્યસંગ્રહ) લે. મકરન્દ દવે, સંપાદન : ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૩૦૦, રૂ.૨૦૦. *મકરન્દ-મુદ્રા* (મકરન્દ દવે વિશેષ) લે. મકરન્દ દવે, સંપાદન : સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૪૫૬, રૂ. ૩૦૦. *જાપાનીઝ હાઈકુ* (અનુવાદસંગ્રહ) અનુવાદ-આસ્વાદ-સંકલન : યજ્ઞેશ દવે, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૮૦, રૂ.૫૦. *એક માણસનું નગર* (કાવ્યસંગ્રહ) લે. શ્રીકાન્ત શાહ, ફુલસ્કેપ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૧૨૦. *અગડંબગડં* (લેખસંગ્રહ) લે. દિનેશ કોઠારી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૭૨, રૂ. ૪૦. *સ્વામીએ... મારું સપનુ ભરી દીધું...* (કાવ્યસંગ્રહ) લે. વિષ્ણુ પાઠક, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૭૨, રૂ. ૬૦. *ક્ષણ સમીપે ક્ષણ દૂર દૂર*(કાવ્યસંગ્રહ) લે. ભાનુપ્રસાદ પંડ્યા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૨૮, રૂ.૮૦. *રેશમી ઋણાનુબંધ (મારી બારીએથી-૨૨)* લે. સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૨૦, રૂ. ૭૦. *અનામિકા* (ટૂંકી વાર્તાસંગ્રહ) લે. નીલેશ રાણા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૬૮, રૂ.૧૦૦.

<u>રન્નાદે પ્રકાશન</u> (૫૮/૨, બીજે માળે, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧)નાં પ્રકાશનો : *અનંતની આરપાર : કલ્પના ચાવલાની જીવનઝરમર* (જીવનચરિત્ર) લે. મનહર મોદી-હરીશ નાયક, ડબલ ક્રાઉન, કાચું પૂઠું, પૃ. ૫૬, રૂ. ૬૦. *તારો અવાજ* (કાવ્યસંગ્રહ) લે. હર્ષદ ત્રિવેદી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ.૩૫. *છનાકાકાના છબરડા* (બાળસાહિત્ય) લે. ફિલિપ ક્લાર્ક, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ.૨૫. *એકવીસમી સદીનાં હાલરડાં* (બાળસાહિત્ય) લે. હરીશ નાયક, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૬૪, રૂ.૬૫. *સાન્નિધ્ય* (અવલોકન) લે. અભિજિત વ્યાસ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૨૦, રૂ. ૭૫. *શાળોપયોગી અભિનય ગીતો* (બાળસાહિત્ય) લે. પોપટલાલ મંડલી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૦૪, રૂ. ૫૫. *શાળોપયોગી પ્રાર્થનાપોથી* (બાળસાહિત્ય) લે. પોપટલાલ મંડલી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૨૦, રૂ.૬૦. *આકાશની એક ચીસ* (ટૂંકી વાર્તાઓ) લે. પન્ના ત્રિવેદી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૩૫. *મહેંદી છાયું આકાશ* (ગઝલસંગ્રહ) લે. અશોક બારોટ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૨૦, રૂ. ૬૦. *તરસ* (ગઝલસંગ્રહ) લે. પંકજ દરજી'શિલ્પી', ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૬૦. *મહેશ યાજ્ઞિકની ૨૬ વાર્તાઓ* (ટૂંકી વાર્તાઓ) લે. મહેશ યાજ્ઞિક, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૩૩૬, રૂ.૧૭૦. *બહિષ્કાર* (એકાંકી) લે. મોહન પરમાર, ક્રાઉન સાઈઝ, પાકુ પૂઠું, પૃ. ૧૮૨, રૂ.૯૫. *શોધ-પ્રતિશોધ (ભાગ-૧/૨)* (નવલકથા) લે. મહેશ યાજ્ઞિક, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૪૪૦ + ૪૮૦ રૂ. ૪૬૦. *સ્વગતપર્વ* (કાવ્યસંગ્રહ) લે. રમેશ પારેખ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૭૨, રૂ.૧૧૦. *ચિલિકા* (નિબંધસંગ્રહ) લે. યજ્ઞેશ દવે, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૧૭૨, રૂ. ૧૦૦. *હેલો, સૂર્યા* (વાર્તાસંગ્રહ) લે. હરીશ નાગ્રેચા, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૨૦૮, રૂ.૧૦૫. *બાપા વિષે* (જીવનચરિત્ર) લે. લાભશંકર ઠાકર, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ.૨૦૦, રૂ. ૧૨૫. *શિક્ષણ : સર્વાંગિણ વિકાસની કેડી (શિક્ષણ)* લે. હિંમતભાઈ મહેતા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ.૧૪૪, રૂ. ૧૦૦. *અભર્તુકા(અર્થાંતર)* (નવલકથા) લે. રશ્મિ શાહ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૩૭૬, રૂ.૧૯૦. *મંથન*(નવલકથા) લે. ડૉ. મોહનભાઈ પંચાલ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૨૦૮, રૂ. ૧૦૫. *કાલગ્રસ્ત* (નવલકથા) લે. મોહન પરમાર, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૧૪૪, રૂ. ૭૫. *મોરનાં આંસુ* (નવલકથા), લે. પન્ના અધ્વર્યુ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૮૮, રૂ.૪૫. *રેશમ ડંખ* (ભાગ - ૧-૨) (નવલકથા) લે. મહેશ યાજ્ઞિક/ આતિશ કાપડિયા, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૪૪૮ + ૪૧૬, રૂ. ૪૫૦. *આઈ ડોન્ટ નો સર* (કાવ્યસંગ્રહ) લે. લાભશંકર ઠાકર, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૭૨, રૂ. ૪૫. *છે* (કાવ્યસંગ્રહ) લે. લાભશંકર ઠાકર, ડિમાઈ સાઈઝ, કાચું, પૂઠું, પૃ.૯૦, રૂ. ૬૦. *છે પ્રતીક્ષા* (કાવ્યસંગ્રહ), લે. લાભશંકર ઠાકર, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૯૨, રૂ.૫૫. *ભીતરની ભીતરની ભીતર* (કાવ્યસંગ્રહ) લે. મુકુન્દ પરીખ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૭૨, રૂ. ૪૫. *તરબતર* (કાવ્યસંગ્રહ) લે. રમેશ શાહ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ.૫૫. *આઠો જામની દિલદારી : દોર ત્રીજો (મુક્તકો)* લે. મનહર 'દિલદાર', ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૮૮, રૂ. ૫૦. *B2 - બિટ્ટુનું બલિદાન* (બાળસાહિત્ય) લે. લાભશંકર ત્રિવેદી, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ.૫૦. *ચૂંટેલાં* (આરોગ્ય) લે. વૈદ્ય જાદવજી શાસ્ત્રી, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૦, રૂ. ૧૪૦. *રોગી-નીરોગી* (આરોગ્ય) લે. વૈદ્ય જાદવજી શાસ્ત્રી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૧૨, રૂ.૫૫. *આરોગ્યધન*(આરોગ્ય) લે. લાભશંકર ઠાકર, ક્રાઉન સાઈઝ. પાકું પૂઠું, પૃ.૨૦૮, રૂ.૧૦૫. *સાહેબ, મને સાંભળો તો ખરા !* (શિક્ષણ) લે. ડૉ. મોહનભાઈ પંચાલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ.૨૦૦, રૂ.૧૪૦. *તમે તમારા બાળકને ઓળખો* (શિક્ષણ) લે. ડૉ. મોહનભાઈ પંચાલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ.૧૯૨, રૂ.૧૪૦. *વિદ્યાવાડીનાં ફૂલ* (શિક્ષણ) લે. ડૉ. મોહનભાઈ પંચાલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ.૧૫૨, રૂ.૧૨૦. *મલકની માયા* (નિબંધસંગ્રહ) લે. મણિલાલ હ. પટેલ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૧૫૨, રૂ.૮૦. *ટાંકણીનો છોડ* (વાર્તાસંગ્રહ) લે. મનીષી જાની, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૨૦, રૂ.૬૦. *ચુમ્મા કા બદલા* (હાસ્યવાર્તાઓ), લે. ખોડભાઈ પટેલ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૧૮૪, રૂ.૯૫.

કાલાખ્યાન (આખ્યાન) લે. ચિનુ મોદી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૩૦, રૂ.૩૦. *ઝાકળ માગે સૂરજ*(નવલકથા) લે. રશ્મિ શાહ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૧૮૪, રૂ.૯૫. *માણસને માણસ તરીકે જુઓ* (પ્રેરકલેખો) લે. ફાધર વર્ગીસ પોલ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૧૨, રૂ.૭૦. *હાથની હોડી* (કાવ્યસંગ્રહ) લે. હર્ષદ ચંદારાણા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૦૮, રૂ.૭૦. <u>*અન્ય પ્રકાશકોનાં પ્રકાશનો*</u>: *અરધી સદીની વાચનયાત્રા:* સંપાદક મહેન્દ્ર મેઘાણીનાં પસંદ કરેલાં પાંચસો જેટલાં લખાણો છસ્સો પચીસ પાનાંના આ ગ્રંથમાં સમાવાયાં છે. ડિમાઈ સાઈઝ, પાકા પૂઠાના આ ગ્રંથની કિંમત રૂ. ૩૦૦થી વધુ થાય પણ લોકમિલાપ ટ્રસ્ટે, (સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧) એ ગ્રંથ રૂ. ૭૫માં + રૂ.૨૫ પોસ્ટેજ = રૂ. ૧૦૦માં સુલભ બનાવ્યો છે. *મહાપ્રજ્ઞ-દર્શન:* અવિરત આઠ દાયકાથી અહિંસા તથા અનેકાન્તના આલોકમાં ઝળહળતી પ્રજ્ઞાના આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણના સમન્વયથી સુવાસિત વિદ્યાતપનું સારદોહન *- એક જૈનાચાર્યના અર્ધશતાબ્દીના ચિંતનનું સમગ્ર વિશ્લેષણ,* લે. ડૉ. દયાનન્દ ભાર્ગવ, અનુ. ડૉ. યોગેન્દ્ર પારેખ, પ્રકાશક: અનેકાન્ત ભારતી પ્રકાશન, ઈ-૨, ચારુલ, સહજાનંદ કૉલેજ પાસે, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૩૯૦, રૂ.૨૦૦. *યાત્રાપર્વ* (કાવ્યસંગ્રહ) લે. કૃષ્ણાદિત્ય, સુનિતા ચૌધરી, પ્ર. રંગદ્વાર પ્રકાશન, ૧૫, યુનિવર્સિટી પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૯૬, રૂ.૬૦. *હું અને મારાં પ્રહસંગો*(હાસ્યરચનાઓ) લે. ડૉ. કિરીટ વૈદ્ય, પ્ર. શ્રીમતી આશા વૈદ્ય, 'ઋગ્વેદ', અરમાન ફ્લૅટ્સ સામે, હીરાભાઈ કન્યાશાળાની બાજુમાં, વલ્લભ વાડી, મણિનગર, અમદાવાદ-૩૮૦-૦૦૮, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૭૨, રૂ.૭૫. *હું અને મારાં પ્રહ-સાધનો* (હાસ્યરચનાઓ) લે. પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૫૨, રૂ.૭૫. *કફનધારી ક્રાંતિકારીઓ:(૧) વીર શહીદ સરદાર ભગતસિંહ*:પૃ. ૪૮, રૂ. ૧૮. (૨) *પ્રચંડ પુરુષાર્થી ચંદ્રશેખર આઝાદ* : પૃ. ૬૪, રૂ.૨૪. (૩) *મહાન દેશભક્ત શ્યામજી કૃષ્ણ વર્મા* : પૃ. ૫૬, રૂ.૨૧. (૪) *આદ્ય ક્રાંતિકારી વાસુદેવ બળવંત ફડકે*: પૃ.૪૮, રૂ.૧૮. (૫) *પ્રથમ મુસ્લિમ શહીદ અશફાક ઉલ્લાખાં* : પૃ.૬૦, રૂ.૨૨. (૬) *કવિહૃદય ક્રાંતિકારી રામપ્રસાદ 'બિસ્મિલ'* : પૃ. ૫૨, રૂ. ૨૦ (૭) *ક્રાંતિકારીઓના પ્રેરક વીર સાવરકર*: પૃ.૭૨, રૂ. ૨૭. ઉપરનાં સાત પુસ્તકોના લેખક : મોતીભાઈ મ. પટેલ ને રવીન્દ્ર અંધારિયા, દરેક ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, સેટના રૂ.૧૫૦. *મેઘાણી ચરિત* (સાહિત્યકાર મેઘાણીનું સર્વ પાસાંને પ્રગટ કરતું સંપૂર્ણ ચરિત) : લે. કનુભાઈ જાની, પ્ર. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, એચ.એલ. કૉલેજ ઑફ કૉમર્સ હૉસ્ટેલ કમ્પાઉન્ડ, કૉમર્સ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૮૦. *પરલોકનો પૈગામ* (લેખો) લેખક-સંપાદક : જમનાદાસ કોટેચા, પ્ર. પોતે, માનસ પ્રદૂષણ નિવારણ કેન્દ્ર, જોરાવરનગર-૩૬૩૦૨૦. ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ.૨૫૬, રૂ.૧૫૦. *સામા પૂરનો તરવૈયો* (રમણ પાઠકની જીવન છબી) લેખક સંપાદક પ્રકાશક ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૭૬, રૂ.૫૦. *બટુભાઈ ઉમરવાડિયાનું શેષ સાહિત્ય* (શ્રી બટુભાઈ ઉમરવાડિયાનું ઈ. ૧૯૨૦ થી ૧૯૩૬ દરમિયાન જે સાહિત્યસર્જન જુદાં જુદાં સામયિકોમાં વેરવિખેર હતું એને એકત્રિત કરી, ગ્રન્થસ્થ બનાવી આ ગ્રંથમાં પ્રકટ કર્યું છે.) સંપાદિકા : પ્રા. માધુરી બટુભાઈ ઉમરવાડિયા, પ્ર. પ્રા. મધુરી બટુભાઈ ઉમરવાડિયા અને કુટુંબીજનો, સી/૪/૩૩, ગોયેલ ઈન્ટરસિટી, ટી.વી.ટાવર સામે, ડ્રાઈવ-ઈન રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૪, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૫૨૦, રૂ.૧૨૦. *મેઘસુન્દર* (કાવ્યસંગ્રહ) પલ્લવી ભટ્ટ, પ્ર. ડૉ. પલ્લવી ભટ્ટ, અભીપ્સા, ૨૨, ગોકુલ સોસાયટી, સાંઈનાથ રોડ, પેટલાદ - ૩૮૮૪૫૦, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૫૨, રૂ.૬૦. *કૂંપળ* (લલિતનિબંધ) લે.પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ.૬૦. *કાવ્યગત* (વિવેચન સંગ્રહ) લે. બિપિન આશર, પ્ર. પોતે, બી-૭, આલા સેન્ચ્યુરી, કાલાવડ રોડ, રાજકોટ-૫, ડિમા સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ.૧૨૫. *સાંપ્ર સહચિંતન ભાગ-૧૪* (લેખસંગ્રહ) લે રમણલાલ ચી. શાહ, પ્ર. શ્રી મુંબઈ જૈન યુવ સંઘ, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રો મુંબઈ-૪૦૦૦૦૪. ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું પૃ.૧૭૨, રૂ. ૮૦. *ગીતાવિમર્શ* (ગીત વિષયક લેખો) લે. નાથુભાઈ ડોડિયા, પ્ર આર્ય સમાજ, નવાડેરા, ભરૂચ, ડિમાઈ સાઈઝ કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ.૧૦. *કલમ-* (જુલાઈ ૨૦૦૧ થી જાન્યુઆરી ૨૦૦૨ દરમ્યાન રચિત કૃતિઓનો સંગ્રહ) સંપાદન પ્રકાશક : કલમ લેખિકા-મંચ,૪, લલિતકુંજ સોસાયટી, વિ.૧, નવરંગપુરા, અમદાવાદ. ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ.૫૦. સર્જન કરીએ સુખ-શાંતિનું લે. પ્ર. કિશોર હરિભાઈ દડિયા, ૩૧-૩૨, 'એ' વિંગ, શાન્તિ વન, ત્રીજો માળ, બોરીવલી(વેસ્ટ) મુંબઈ-૪૦૦૧૦૩. ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૩૬, કિંમત જણાવી નથી. *અસરગ્રસ્તોનો અવાજ*(ભૂકંપ પછીની રાહત કામગીરી) લે. મિહિર ૨. ભટ્ટ, હિમાંશુ કીકાણી, હસમુખ સાધુ, પ્ર. ડિઝાસ્ટર મિટિગેશન ઈન્સ્ટિટ્યૂટ, ૪૧૧, સાકાર-૫, નટરાજ સિનેમા, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૬૪, કિં. જણાવી નથી. *પ્રકૃતિ સિદ્ધાંત* (પ્રકૃતિ ચિંતન) લે. જિતેન્દ્ર તલાવિયા, પ્ર. પર્યાવરણ અને સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ, 'પ્રકૃતિઘર', રાજકમલ ચોક પાસે, અમરેલી, ડિમાઈ સાઈઝ, પૃ. ૩૬, કિંમત જણાવી નથી. *મા સરસ્વતીની આરાધના*(સરસ્વતી માતાના ઉપાસકનો આચારવિચાર) લે. ડૉ. મણિભાઈ અમીન, પ્ર. જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૬૪, રૂ.૧૦. *અવનીનું અમૃત મધ* (મધ-વિષયક માહિતી) લે. વૈદ્ય વજુભાઈ વ્યાસ, માધવ ચૌધરી, ગણેશભાઈ ડાભી, અજિત પોપટ, દેવાંશુ દેસાઈ, પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ.૧૦. *ચોમાસાનું વહાલ* (કાવ્યસંગ્રહ) લે. પ્ર. નિરંજન મ. દેસાઈ 'अमीदान' 'અમીદાન',

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]




આપણે પહોંચ્યાના, વાવડ હોય છે;
આપણે ક્યારેય પણ નીકળ્યા નથી .
- નયન દેસાઈ



અમથું જરીક બારણું ખુલ્લું થયું અને
શેરીનો રસ્તો ઘર મહીં ટોળે વળી ગયો.
- કૈલાસ પંડિત

મુ.પો. હનુમાન ભાગડા, વાયા વલસાડ-૩૯૬૦૦૧. ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, કિંમત જણાવી નથી. *ગીતા દર્શન* (મૂળ અંગ્રેજીમાં): લે. મહાદેવ દેસાઈ, અનુ. જયન્ત પંડ્યા, પ્ર. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૩૮૦૦૧૪, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ.૫૦. *અજાણ્યો જણ* (કાવ્યસંગ્રહ) લે. વિષ્ણુ પટેલ, પ્ર. વિષ્ણુ આઈ. પટેલ,૧, કલ્પવૃક્ષ સોસાયટી, ચાણસ્મા રોડ, પાટણ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ.૫૦. (૧) *સાદ આપે છે તમને તમારું વતન* (સ્વાતંત્ર્ય વિષયક લેખો-કાવ્યો) લે. ગુલામ અબ્બાસ 'નાશાદ', પ્ર. કોઠારી પ્રકાશન ગૃહ, ૬૪, ગાંધી રોડ, પુલ નીચે, અમદાવાદ - ૩૮૦૦૦૧, (૨) *ચાંદામામા કંઈ વાત કહોને* (કાવ્યસંગ્રહ), (૩) *ખંડિત અસ્મિતા* (કાવ્યસંગ્રહ) દરેકના લે. પ્ર, ઉપર મુજબ, દરેક ક્રાઉન સાઈઝ, દરેકની કિંમત રૂ.૩૦, પૃ. (૧) ૬૪, (૨) ૫૬, (૩) ૭૨. *સમયની હથેળીમાં સફળતાના સાથિયા* : સંકલન : પ્રા. અરવિંદ પી. મહેતા, પ્રાપ્તિસ્થાન : ડૉ. પી.પી.મહેતા અને શ્રીમતી એચ.પી.મહેતા ચૅરિટેબલ ટ્રસ્ટ, ૩૬, અરુણોદય પાર્ક, સૅન્ટ ઝેવિયર્સ કૉર્નર, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૮, કિંમત જણાવી નથી. *અઉમ્ સદ્ અક્ષર નમઃ* (ગઝલ-કાવ્યસંગ્રહ) લે. જગદીશ આર. પટેલ, 'નારકર' પ્ર. કાલિદાસ સ્મૃતિ, ૨/૭, દરબાર નગર, વેડ રોડ, સુરત-૩૯૦૦૦૪, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૩૪, રૂ.૬૦. *કિરણો ઢળતા સૂરજનાં* (કાવ્યસંગ્રહ) લે. જમિયત પંડ્યા 'જિગર' પ્ર. અર્જુનભાઈ. જ. પંડ્યા, ૮-એ, રામકૃષ્ણ કો.ઑ.હા.સો. મંગળ પાર્ક પો.ઑ.ની બાજુમાં, ગીતામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૬૮, રૂ.૭૫. *નદીની મોકળાશ કાંઠા વચ્ચે* (અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય સામેના અવરોધોની ચર્ચા) લે. રચના નાગરિક, પ્ર. માનવવિકાસ ટ્રસ્ટ, ૯, મહાકાન્ત કૉમ્પ્લેક્ષ, વી.એસ.હૉસ્પિટલ સામે, અમદાવાદ - ૩૮૦૦૦૬, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૮૦, રૂ. ૫૦. *આચારિ સબ જગ મિલા* (રમણ પાઠકનો વિચાર વિશેષ) લે.પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ.૮૦, રૂ.૪૦. *સર્પ સંદર્ભ :* (ગુજરાતના સાપ વિશે માહિતી) લે. અજય મ. દેસાઈ, પ્ર. પ્રકૃતિ મિત્ર મંડળ, 'પ્રકૃતિભવન', અમૃતવાડી સોસાયટી પાસે, સ્ટેશન રોડ, દાહોદ-૩૮૯૧૫૧, ડિમાઈ સાઈઝ, પાકું પૂંઠ, પૃ.૧૯૬, રંગીન ચિત્રો ૭૧, રૂ.૧૭૦. □

બેલૂર અને હળેબીડ
દેશાટન-૫૫



ભારતનાં મંદિરોની વાસ્તુકલા ત્રણ શૈલીમાં ઉપલબ્ધ છે. મંદિરનું ભૂમિસ્થળ, ગર્ભગૃહ અને તેની ઉપર કુંભાકાર શિખર એવું સ્વરૂપ હોય છે. કર્ણાટકમાં આવેલા બેલૂરમાં ચેન્નકેશવ મંદિર અને હળેબીડનાં હોયસળેશ્વર, કેદારેશ્વર વગેરે મંદિરો દક્ષિણની શૈલીનાં અને ઉત્તર-દક્ષિણ બંને શૈલીનાં જોવા મળે છે.

હોયસળ રાજાઓની પુરાણી રાજધાની બેલૂર અને હળેબીડમાં રાજાઓની સૌંદર્યપ્રેરક અભિરુચિ અને હોયસળ શિલ્પકલાની કલાત્મક પ્રતિભા ઘણી ઊંચી છે. કર્ણાટકમાં વાસ્તુકલા શૈલી બહુપ્રકારે આયોજિત થઈ હતી. હોયસળ રાજવંશના રાજ્યકાળમાં વિશિષ્ટ સ્વરૂપમાં વિકાસ પામેલી. એ સમયનાં મંદિરો, તીર્થો શ્રેષ્ઠ મૂર્તિકલા અને શોભનકારી અલંકરણોથી વિભૂષિત છે. મૂર્તિની બેઠક પુષ્પ-વેલથી અલંકૃત છે. ગર્ભગૃહ તો તારાંકિત હોય છે. અંદરના સ્તંભો કલાત્મક આકૃતિઓથી શોભાયમાન છે. મંદિરના બહારના ભાગની દીવાલો પણ કલાત્મક મૂર્તિઓથી અલંકૃત છે. આ મંદિરોના સર્જનમાંનાં અતિપ્રવીણતા અને પરિશ્રમ આશ્ચર્યજનક છે.

બેલૂરથી ૧૬કિ.મી.ના અંતરે હળેબીડનું શિવમંદિર આવેલું છે. બેલૂરના ચેન્નકેશવ મંદિરની રચના પછી ૧૦ વર્ષે જ આ મંદિરની રચનાનો પ્રારંભ થયો હતો, પરંતુ ૮૦ વર્ષ સુધી પણ એ પૂરું બંધાઈ રહ્યું ન હતું. એટલે આજે પણ એ અપૂર્ણ છે, પરંતુ એમાં શિલ્પકલા તો સર્વોચ્ચ સિંહાસને બિરાજી છે. ('યોગક્ષેમ'ને આધારે)



તું અહીં આવે પછી, ઓ શ્યામ સત્વરથી બને;
શિલ્પ પોતાનું શી રીતે એક પથ્થરથી બને.
એક ફાયા જેમ મઘમઘતો રહે કાને, શ્રીકૃષ્ણ
સૂર એવો આપજે જે લયના અત્તરથી બને.
બારી ખોલે એ જ ઘરનું ભાગ્ય ખૂલે, સાંભળે
વર્ષા રૂપે વાણી મોકલવાનું ગિરધરથી બને.

('હાથની હોડી'માંથી) - હર્ષદ ચંદારાણા

અમૂલખભાઈ ભટ્ટને રાજ્યનો ગૌરવ પુરસ્કાર

ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે સંગીત, નૃત્ય અને નાટ્યક્ષેત્રે દીર્ઘકાલીન પ્રદાન બદલ ગૌરવ પુરસ્કાર આપવામાં આવે છે. ઈ. ૨૦૦૦નો રાજ્યનો ગૌરવ પુરસ્કાર નાટ્યક્ષેત્રે દીર્ઘકાલીન પ્રદાન કરવા બદલ રાજકોટના બાળનાટ્યકાર શ્રી અમૂલખભાઈ ભટ્ટને આપવામાં આવ્યો છે.

તેમનો જન્મ તા. ૨૨-૧૨-૧૯૩૨ના રોજ ગઢડા (સ્વામી)માં થયો હતો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ભાવનગર અને રેલવે સ્ટેશનો નજીકની શાળાઓમાં લીધું. સૌથી વધુ ભાવનગરમાં રહેવાનું બન્યું.

કિશોરાવસ્થામાં ધોળા-ઢસા-લીલીયા- ભાવનગરમાં ભવાઈઓ જોવામાં તેમને ખૂબ આનંદ આવતો. ભાવનગરમાં પ્રભાતકળા મંડળ - શ્રી હરિભાઈ ભટ્ટના જૂની રંગભૂમિના 'લવકુશ', 'ભક્ત સુરદાસ', 'કાદુ મકરાણી', 'વડીલોના વાંકે', 'રા' ખેંગાર' જેવાં નાટકો જોવાની પણ તેમને તક મળી.

નવરાત્રિમાં રેલવે ક્વાર્ટરના ફળિયામાં બાળકો ભવાઈના વેશ ભજવતાં. હાથમાં છબી લઈને પુરબિયાના વેશની રમત રમતાં. ભાવનગરમાં હાઈ સ્કૂલના અભ્યાસ દરમિયાન જ્ઞાતિના યુવામંડળો રચીને તેઓ નાટકો કરતા. દરમિયાન કલાગુરુ ધરમશીભાઈ પાસેથી તેમણે નૃત્યની પ્રાથમિક તાલીમ પણ મેળવી.



૧૯૫૩-૫૪માં અમૂલખભાઈને રાજકોટ આવવાનું થયું. ૧૯૫૪માં સૌથી પહેલાં 'ઈશ્વરે ઘર બદલ્યું' નાટકમાં નૃત્યકારની વિશિષ્ટ ભૂમિકા ભજવવાની શરૂઆત તેમણે કરી. 'સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમી'ની સ્થાપના થતાં પ્રથમ કથકલી નૃત્યની છ મહિના તાલીમ મેળવી અને તે પછી નાટકના અભ્યાસની તાલીમ મેળવી. ત્રણ વર્ષના અભ્યાસ દરમિયાન રંગભૂમિ-ક્ષેત્રના મધુકર રાંદેરિયા, દત્તુ પટેલ, પ્રાણસુખ નાયક જેવા કલાસાધકોનાં વ્યાખ્યાનો- વિચારો-

જાણવા મળ્યા.

અકાદમીના અભ્યાસકાળ દરમિયાન 'શેતલને કાંઠે', 'ધન્ય સૌરાષ્ટ્ર ધરણી', 'મનુની માસી', 'નેતા-અભિનેતા', 'આજ અને કાલ' જેવાં નાટકોમાં વિવિધ ભૂમિકાઓ કરી, તો સાથોસાથ નૃત્યનાટિકા 'ગજાસુરવધ', 'સૌરાષ્ટ્રદર્શન', 'કૃષ્ણલીલા', વગેરેમાં પણ તેમણે ભૂમિકાઓ કરી.


તેમણે ૧૯૫૫થી રેડિયો દ્વારા નાટકોમાં વિવિધ ભૂમિકાઓ ભજવી અને નાટ્યલેખનની શરૂઆત કરી. ૧૯૬૫થી રામકૃષ્ણ આશ્રમ - વિરાણી સ્કૂલમાં ભણતાં બાળકો પાસે નાટકો તૈયાર કરી મંચન કરવાની શરૂઆત કરી. તેમના પ્રથમ એકાંકીસંગ્રહમાં આપેલાં 'નચિકેતા', 'નિમાઈ', 'સસ્પેન્સ', 'કોઈ તો અમને ઓળખો' - જેવાં નાટકો આ સંસ્થાનાં બાળકોએ ભજવ્યાં.

૧૯૭૯માં તેમણે 'ચિલ્ડ્રન થીએટર'ની સ્થાપના કરી. આ સંસ્થા દ્વારા ગુજરાતમાં સૌપ્રથમ પદ્ધતિસરની નાટ્યતાલીમનું શિક્ષણ આપવાની શરૂઆત કરી. દરમિયાન બાળકો માટે નાટકો લખાતાં ગયાં અને ભજવાતાં ગયાં. ૧૯૮૫માં 'શિશુમાંગલ્ય ટ્રસ્ટ'ની સ્થાપના કરી અને નાટ્ય ઉપરાંત અન્ય સાંસ્કૃતિક હેતુ-લક્ષી પ્રવૃત્તિઓ શરૂ કરી. ૧૯૮૭થી ગુજરાત કક્ષાની બાળનાટ્ય સ્પર્ધામાં ચિલ્ડ્રન્સ થીએટરનાં બાળકોએ 'લાડકવાયાં', 'કોરા કાગળના કટકા', 'સસ્પેન્સ', 'ગંદા હાથ રળિયામણા' રજૂ કરી રાજ્યકક્ષાની અંતિમ સ્પર્ધામાં પહેલા - બીજા ક્રમે વિજેતા બની શ્રેષ્ઠ અભિનયનાં ઇનામો મેળવ્યાં. તેમણે રાજકોટમાં પ્રથમ વખત બાળનાટ્ય શિબિરનો પ્રારંભ કર્યો. ૧૯૮૭થી ૨૦૦૦ સુધીમાં ગુજરાતનાં વિવિધ શહેરોની સંસ્થાઓમાં કુલ ૪૮ નાટ્ય-શિબિરોનું આયોજન કરીને ૨૦૦૦ બાળકો, ૮૦ શિક્ષકો અને ૫૦ યુવાનોને નાટ્યની તાલીમ આપી મહત્ત્વનો ફાળો આપ્યો છે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત સંગીત નાટક અકાદમી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા આયોજિત નાટ્ય સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે તેમણે સેવાઓ આપી છે. ('નાંદીકાર' માંથી ટૂંકાવીને) ❐

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનું અમૃતપર્વ

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયની સ્થાપના ૧૯૨૮માં થઈ. ૨૦૦૩નું વર્ષ એ સંસ્થાનું અમૃતપર્વ છે. ગૂર્જરના સ્થાપકો શંભુભાઈ જગશીભાઈ શાહ અને ગોવિંદભાઈ જગશીભાઈ શાહે ૧૯૨૦ના દાયકાની અધવચ્ચે ગાંધીસાહિત્ય અને ઇતર સાહિત્યની ફેરીથી શરૂઆત કરેલી. પરંતુ 'ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય' નામ રાખીને ૧૯૨૮થી પ્રકાશન-વ્યવસાય શરૂ કર્યો. એ પછીનાં પંચોતેર વર્ષમાં આ સંસ્થા આપણી ભાષાની પ્રથમ હરોળની પુસ્તકપ્રકાશન સંસ્થા બની રહી છે.



અમૃતપર્વના ઉપલક્ષ્યમાં શનિવાર, તા. ૨૬મી જુલાઈ, ૨૦૦૩ને દિવસે અમદાવાદના ભાઈકાકાભવન ખાતે (જુઓ ઉપરનો ફોટો)ભવ્ય ત્રિદલ કાર્યક્રમ યોજાયો. એને 'ત્રિદલ' કહ્યો, કારણ કે એમાં ત્રણ ઉપક્રમોને સાંકળી લેવામાં આવ્યા હતા : (૧) જ્ઞાનપીઠ અવૉર્ડ વિજેતા મૂર્ધન્ય કવિશ્રી રાજેન્દ્ર શાહનું અભિ-વાદન; (૨) શ્રી ધીરુબહેન પટેલને ધૂમકેતુ નવલિકા પુરસ્કાર અર્પણવિધિ; તેમજ (૩) ઉત્તમ સર્જક ગુણવંતરાય આચાર્યની જન્મશતાબ્દી નિમિત્તે થયેલા બે સંપાદનગ્રંથોનું લોકાર્પણ.

પ્રારંભમાં શ્રી શ્યામલ મુનશીના પ્રાર્થનાગાન બાદ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શ્રી મનુભાઈ શાહે સ્વાગત-પ્રવચન કર્યું હતું. પ્રવચનમાં જ એમણે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયની વિકાસરેખા નિરૂપી હતી.

ત્યાર બાદ પુસ્તક અને અમૃતપર્વ-પ્રતીક દ્વારા મહેમાનોનો સત્કાર કરાયો હતો. કવિશ્રી રાજેન્દ્ર શાહનું શાલ આદિ વડે અભિ-વાદન કરાયું હતું.

પ્રા. ભોળાભાઈએ ખૂબ જ ટૂંકા પ્રવચનમાં શ્રી રાજેન્દ્ર શાહના સર્જન વિશે વાત કરી. 'ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની'ના કાવ્ય સાથે કવિશ્રી આવ્યા અને કાવ્ય-આકાશ પર એ છવાઈ ગયા. પરંતુ 'નિરુદ્દેશે' કાવ્ય એમની સમગ્ર કાવ્ય-યાત્રાનું ભરતવાક્ય છે.

પોતાના આ અભિવાદનથી જાગેલા ભાવોની અભિ-વ્યક્તિરૂપે શ્રી રાજેન્દ્રભાઈએ પણ ખૂબ જ ટૂંકું પણ અર્થઘન પ્રવચન કર્યું. એમણે પોતાનું ઘડતર કરનાર બે વ્યક્તિઓને અંજલિ આપી હતી. પ્રથમ એમનાં માતા, જેમણે મંત્ર આપ્યો : 'આપણે સિંહબાળ.' શ્રીમન્નનૃસિંહાચાર્યજીની કૃતિ 'ત્રિભુવન-વિજયી ખડ્ગ'માંથી બે પંક્તિઓ માતા વારંવાર સંભળાવતાં :

'હે વીર, સિંહસુત, કાયર ના થવાય;
જે હો પરિસ્થિતિ તે ધીરજથી જિરવાય.'

ત્રિદલના બીજા ચરણરૂપે પ્રા. ચિમનલાલ ત્રિવેદીને હસ્તે નવલકથાકાર-વાર્તાકાર શ્રી ધીરુબહેન પટેલને ધૂમકેતુ નવલિકા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. એ એનાયત કરતાં પ્રા.

ચિમનલાલ ત્રિવેદીએ આ પુરસ્કારની ભૂમિકા જણાવવા સાથે શ્રી ધીરુબહેનના વાર્તાસંગ્રહ 'જાવણ'નો અને તેમના અનેકક્ષેત્રીય પ્રદાનનો મહિમા કર્યો હતો. શ્રી ધીરુબહેને જણાવ્યું કે વાર્તા વાંચવી અને સાંભળવી એ મુગ્ધતાનું લક્ષણ છે. અમે નાનપણમાં ધૂમકેતુની વાર્તાઓ મુગ્ધતાથી વાંચતાં. એકબીજાંની સાથે આનંદપૂર્વક એ વાર્તાઓની ચર્ચા કરતાં. આવા મહાન લેખકના નામ સાથે જોડાયેલું ઇનામ મળતાં અદકો આનંદ થાય છે.

ધૂમકેતુના જ સમકાલીન અને આપણા અગ્રણી નવલકથાકાર ગુણવંતરાય આચાર્યની જન્મશતાબ્દી ઈ.સ. ૨૦૦૦માં ઊજવી હતી. એમના વિષેના અભ્યાસલેખોનાં બે સંપાદનો પ્રા. ધીરુભાઈ ઠાકરને હસ્તે લોકાર્પિત થયાં. એ પ્રસંગે ગુણવંતરાયનાં સુપુત્રી શ્રી વર્ષા અડાલજાએ લાગણીસભર પ્રવચનમાં કહ્યું હતું કે એક જિંદગીમાં કરી શકાય એથી ઘણું વધારે કામ એમણે કર્યું છે. એમની દરિયાઈ, ઐતિહાસિક નવલકથાઓ વિષે પણ જોઈએ તેટલી નોંધ લેવાઈ નથી. એમણે કેટલીક પહેલ કરી હતી, એની બહુ ઓછાને ખબર છે. દાખલા તરીકે, આજે પત્રકારત્વમાં ઈન્વેસ્ટીગૅટિવ જર્નાલિઝમનો ભારે મહિમા છે. પરંતુ ગુણવંતરાયે ગુજરાતી પત્રકારત્વમાં ઈન્વેસ્ટીગૅટિવ જર્નાલિઝમ છેક ત્રીસીના દાયકામાં શરૂ કરેલું.

કાર્યક્રમના અધ્યક્ષ, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પ્રા. રઘુવીર ચૌધરીએ ગુણવંતરાય આચાર્યની ખાસ વિશેષતાઓ દર્શાવી હતી. ગુલામીની પ્રથા સામેની એક ગુજરાતીની કથા એમણે લખી તે નોંધપાત્ર છે. પત્રકારત્વના વ્યવસાયને કારણે તેઓ પોતાનાં લખાણોને ઘૂંટી ન શક્યા, પરંતુ એમનાં લખાણોમાં સર્જકતા છે, સર્જન માટેનો આંતરિક ધક્કો છે. પ્રા. ચૌધરીએ શ્રી ધીરુબહેન અને શ્રી રાજેન્દ્રભાઈના સર્જનના વિશેષો પણ દર્શાવ્યા હતા. એમણે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અને એના સંચાલકો શ્રી મનુભાઈ તથા એમના પરિવારજનોની સન્નિષ્ઠાની પ્રશંસા કરી હતી. ☐

વૃદ્ધાવસ્થામાં વ્યાયામ

વૃદ્ધાવસ્થામાં શરીર કાર્યક્ષમ રહે એ માટે થોડી કસરત કરવી જરૂરી છે કેમ કે તેથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે. વધારે સમય સુધી કે રોજ ન થઈ શકે તો અઠવાડિયામાં બે દિવસ કસરત કરવી. એથી સ્નાયુઓ સક્રિય રહે છે. કસરત તમારી શક્તિ પ્રમાણે ઈચ્છા હોય ત્યારે છતાં બની શકે તો સવારે ખાલી પેટે કરવી. વળી, એક કસરત પૂરી થયા બાદ જ બીજી કસરત શરૂ કરવી.

કસરત કરતી વખતે મનને ઉલ્લાસભર્યું રાખો. જો તમારી પાસે પૂરતો સમય હોય તો માલિશ કર્યા પછી કસરત કરવાનું રાખો, ત્યાર બાદ અડધા કલાકે હળવું ભોજન કરવું. ભોજનમાં પ્રોટીનનું પ્રમાણ ઓછામાં ઓછું દસ ગ્રામ હોવું જોઈએ.

ઉનાળાની ઋતુમાં કસરત કરો અને વધારે પરસેવો થાય તો પણ કસરત કરવાનું ચાલુ રાખવું. જો કે વૃદ્ધાવસ્થામાં શરીરને સક્રિય રાખવાનો સૌથી સરળ ઉપાય ફરવા જવાનો છે. જો તમને એકલા ફરવા જવાનો કંટાળો આવતો હોય તો તમારી ઉંમરની ત્રણ-ચાર વ્યક્તિઓનું એક જૂથ બનાવી ફરવા જાવ. તમારો સમય કેવી રીતે પસાર થઈ ગયો તેની તમને ખબર પણ નહીં રહે. હા, કસરત કરવાની શરૂ કરતાં પહેલાં ડૉક્ટરની સલાહ લેવાનું રખે ભૂલતાં. ફરવા જવાનું અંતર વધારે હોય તો અઠવાડિયામાં બે દિવસ જ જવું. ('દિવ્ય ભાસ્કર'માંથી) ☐

જાણીતાં ધાન્યમાં રહેલાં પોષક તત્ત્વો

ખાદ્ય પદાર્થ ૧૦૦ ગ્રામ	શક્તિ કિ.કે	કાર્બોહાઈડ્રેટ ગ્રામ	પ્રોટીન ગ્રામ	ચરબી ગ્રામ	રેસા ગ્રામ	કેલ્શિયમ મિ.ગ્રા.	લોહ મિ.
બાજરી	૩૬૧	૬૭.૫	૧૧.૬	૫	૧.૨	૪૨	[illegible]
જવ	૩૩૬	૬૯.૬	૧૧.૫	૧.૩	૩.૯	૨૬	૧.
જુવાર	૩૪૯	૭૨.૬	૧૦.૪	૧.૯	૧.૬	૨૫	૪.
મકાઈસૂકી	૩૪૨	૬૬.૨	૧૧.૧	૩.૬	૨.૭	૧૦	૨.
રાગી	૩૨૮	૭૨	૭.૩	૧.૩	૩.૬	૩૪૪	૩.
ચોખા, હાથછડ	૩૪૬	૭૬.૭	૭.૫	૧	૦.૬	૧૦	૩.
ચોખા, મિલ	૩૪૫	૭૮.૨	૬.૮	૦.૫	૦.૨	૧૦	૦.
સામો	૩૦૭	૬૫.૦	૬.૨	૨.૨	૯.૮	૨૦	૫
કોદરી	૩૦૯	૬૫.૯	૮.૩	૧.૪	૯	૨૭	૦.
ઘઉં	૩૪૬	૭૧.૨	૧૧.૮	૧.૫	૧.૨	૪૧	૫.
મેંદો	૩૪૮	૭૩.૯	૧૧	૦.૯	૦.૩	૨૩	૨.
ઘઉંના અંકુર	૩૯૭	૫૩.૩	૨૯.૨	૭.૪	૧.૪	૪૦	૬

પાલકની ભાજી

પાલકને પહોળાં, લીલા રંગનાં પાન હોય છે. લીલાં પાંદડાંવાળાં શાકભાજીમાં તે ઘણું ઊંચું સ્થાન ધરાવે છે. તેનું પોષણમૂલ્ય ઊંચું છે. પાલક ઠંડા, સાધારણ ભેજવાળા વાતાવરણમાં ઊગે છે. પાલકમાં જીવનાવશ્યક ઍમિનો અમ્લ (ઈસેન્શલ ઍમિનો ઍસિડ્ઝ), લોહતત્ત્વ, પ્રજીવક 'એ' અને ફૉલિક ઍસિડ આવેલાં છે.

દર ૧૦૦ ગ્રામ વજને કૅલ્શિયમ : ૭૩ મિલિગ્રામ, ફૉસ્ફરસ : ૨૧ મિલિગ્રામ, લોહતત્ત્વ : ૧૦.૯ મિલિગ્રામ, કૅરોટીન (વિટામીન એ) : ૫૫૮૦ માઈક્રોગ્રામ, થાયામિન : ૦.૦૩ મિલિગ્રામ, રાઈબોફ્લેવિન : ૦.૨૬ મિલિગ્રામ, પ્રજીવક સી : ૨૮ મિલિગ્રામ. આમ, સો ગ્રામ પાલકની ભાજી ખાવાથી ૨૬ કિલો કૅલરી પ્રાપ્ત થાય છે.

કૅન્સરનું નિવારણ કરવા માટે ઉપયોગી લીલાં પાંદડાંવાળાં

શાકભાજીમાં પાલક મોખરે છે. પાલકથી તાવની અસર ઘટે છે અને ઠંડક જણાય છે. પાલકનાં પાન મૂત્રવર્ધક પણ છે. કબજિયાતનાં દર્દીઓ માટે પાલકનું નિયમિત સેવન ઉત્તમ છે.

પાલકમાં લોહતત્ત્વનું પ્રમાણ સારું એવું હોય છે. એનાથી લોહમાંના રક્તકણોનું બંધારણ ઘડાય છે, આથી પાલક પાંડુરોગના નિવારણ અને સારવાર માટે ખાસ ઉપયોગી છે. પ્રજીવક 'એ'ની ઊંચી માત્રા હોવાથી રતાંધળાપણું નિવારવા માટે તે ઘણી ઉપયોગી છે. પાલકનો રસ દાંતનાં અવાળાંને મજબૂત બનાવે છે અને દાંતનો સડો અટકાવવા માટે પણ મદદરૂપ થાય છે. પાલકની ભાજીમાં ફૉલિક ઍસિડ હોવાથી સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓ માટે તે ઉત્તમ ખોરાકની ગરજ સારે છે. પાલકનો તાજો રસ અને નાળિયેરનું પાણી દિવસમાં એક કે બે વખત નિયમિત લેવાથી બંનેમાં રહેલા નાઈટ્રેટ અને પોટેશ્યમ તત્ત્વોને કારણે પેશાબની છૂટ થાય છે. મૂત્રપિંડો અને મૂત્રાશયના ચેપમાં તે સલામતીપૂર્વક વાપરી શકાય છે. પાલકમાં ઑક્ઝેલિક ઍસિડ હોય છે જે પાણીમાં અદ્રાવ્ય હોય છે. આથી સંધિવા અને યકૃતના રોગીઓ માટે તે હાનિકારક છે. □

('આપણું સ્વાસ્થ્ય'માંથી ટૂંકાવીને) - *ડૉ. એચ. કે. બખ્રુ*

મૂત્રનળીનું સંકોચન એક કષ્ટદાયક બીમારી

આ બીમારી ખૂબ કષ્ટદાયક છે, અને પેશાબની નળી સાંકડી થઈ જવાને લીધે દર્દીને પેશાબ કરતી વખતે દિવસે તારા દેખાઈ જાય છે. પેશાબમાં ખૂબ જ બળતરા થાય, પેશાબ કરતી વખતે દુઃખાવો થાય, ખૂબ જોર કરવું પડે તેમ છતાં પેશાબ તો ટીપું જ પડે. ખૂબ જ વારે પેશાબની એક ધાર થાય. પેશાબ પૂરેપૂરો ઊતરે નહીં. તમને 'ડાયાબિટીસ' તો નથી ને ? ચેક અપ કરાવ્યો ? કોઈ સારા ડૉક્ટરને બતાવો... વગેરે... વગેરે... વણમાગી સલાહથી દર્દી હારીથાકી 'યુરોલૉજિસ્ટ' પાસે જાય છે. તે ભારેમાં ભારે પેશાબ છૂટથી થવાની દવા લખી આપે. દર્દી એનો પૂરેપૂરો કોર્સ કરે છે અને અંતે 'આ દવા રોજ લેવી. જેથી કરીને તમને પેશાબ છૂટથી થશે.' આ દવા સળંગ ચાલુ રાખવા છતાં પણ બે-ત્રણ મહિને અચાનક જ પેશાબ બંધ થઈ જાય. પેઢામાં અતિશય દુઃખાવો થાય. દર્દીને કોઈ જ ચેન ન પડે અને ત્યારે ડૉક્ટરો સલાહ આપે છે - પેશાબની નળી પહોળી કરવાની. આ પ્રકારની બીમારીમાં કેટલીક વખત અજાણતાં પણ પેશાબ થઈ જાય છે. આ બીમારીને અંગ્રેજીમાં 'યુરેથ્રલ સ્ટ્રીક્ચર' કહેવાય છે.

આ બીમારીનાં મુખ્ય કારણોમાં - (૧) જાતીય બીમારી, (૨) પ્રોસ્ટેટનું ઑપરેશન કરાવ્યા પછીની સ્થિતિ, (૩) કોઈ આકસ્મિક ઈજા થાય તો, (૪) પેશાબની રૂકાવટની બીમારી. પેશાબ કરવા માટે વપરાતાં કૅથેટરનો ઉપયોગ કરવાથી લાંબા ગાળે ચેપ લાગવાની શક્યતા રહે છે. ('સંદેશ'માંથી) □

શબ્દ-સંબંધ

મેં મારાં દુઃખ-દર્દ તમને નહીં,
કલમને કહ્યાં હતાં,
જો એણે તમારા સુધી
પહોંચાડ્યાં નહીં
તો હું તમને દોષ નથી દેતો.
મેં મારાં દુઃખ-દર્દ તમને નહીં
કાગળને કહ્યાં હતાં,
જો તમે મારા પ્રત્યે સહાનુભૂતિ
ન દર્શાવી
તો હું તમને દોષ નથી દેતો.
મેં મારાં દુઃખ-દર્દ તમને નહીં,
કાળી રાતોને કહ્યાં હતાં,
મૂંગા તારાઓને કહ્યાં હતાં,
સૂના આકાશને કહ્યાં હતાં.
જો એમનો પ્રતિધ્વનિ
તમારા અંતરમાંથી નહીં ઊઠે
તો હું તમને દોષ નથી દેતો.
મને ખબર હતી
કે એક દિવસ
મારી વેદનાનો સાથ મારાથી
છૂટશે
પણ મારા શબ્દોથી
મારી વેદનાનો સંબંધ ક્યારેય નહીં
તૂટે.

- હરિવંશરાય બચ્ચન
- (અનુવાદઃ સુશી દલાલ)

સ્થાન સમર્પિત
સદ્ગત માતુશ્રી પૂ. હીરાલક્ષ્મી યશવંત પંડ્યાની
૩૧મી પુણ્યતિથિએ(૧૯.૯.૨૦૦૩)
સદ્ગત યશવંત પંડ્યા પરિવાર તરફથી
શ્રદ્ધાસુમન

'જ્ઞાનધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
જે ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવપાર.'

— શ્રીમદ્ રાજચંદ્ર



આરપાર !: (રેખાંકન : ઇન્દ્રદેવ આચાર્ય)

વકીલ હિલ લૅમન એક ગરીબ છોકરીનો કેસ ૨૫૦ ડૉલરની ફી નક્કી કરી લડવા તૈયાર થયો અને એ કેસમાં જો લિંકનની સહાય લેવામાં આવે તો તે જીતી જાય તેથી તે લિંકન પાસે ગયો. એ કેસ જીતી ગયો અને એણે મોટી ફી લીધી તે લિંકનને ન ગમ્યું. લિંકને એ મિત્ર પાસેથી પોતાના ભાગની ફી માગીને એ રકમ પેલી ગરીબ છોકરીને પાછી અપાવી. બીજા વકીલોએ આનો વિરોધ કર્યો તો લિંકને કહ્યું : 'એ પૈસા એક ગરીબ છોકરીના ગજવામાં આવે છે તેને હું એ રીતે લૂંટું એના કરતાં તો ભૂખે મરવાનું વધારે પસંદ કરું.'

•


કૅન્ડલ વૃક્ષ : પનામા વિસ્તારમાંના એક ઝાડનું ફળ કૅન્ડલ આકારનું હોય છે અને ચાર ફૂટ સુધીનું લાંબું થાય છે. આ ફળમાં એટલું બધું તેલ હોય છે જે મીણબત્તીની માફક સળગે છે. આ ફળમાં રહેલું તેલ સ્થાનિક લોકો માટે ઘણું ઉપયોગી થાય છે.

•

'પેરેગ્રીન ફાલ્કન' (ભેરી) વધુ ગતિ પ્રાપ્ત કરવા માટે પોતાની પાંખોનો ઉપયોગ કરે છે. આ બાજ પક્ષી હવામાંથી નીચે પોતાના શિકાર પર ત્રાટકે છે ત્યારે પાંખોને અડધી બંધ કરી કલાકે ૧૦૦ કિ.મી.ની ગતિ મેળવે છે અને ડ્રાઇવ મારે ત્યારે ૨૭૦ કિ.મી.ની ગતિ પ્રાપ્ત કરે છે.

•

ભારતનાં ત્રણસો જેટલાં રદ્દી કાગળનાં કારખાનાં માટે ગઈ સાલ ૧૦ લાખ ટન રદ્દી કાગળો અમેરિકા, હૉંગકૉંગ ને સિંગાપુરથી આયાત થયા હતા.



'કુમાર' અક્ષરાંકનમાં 'નાવ'
(વિષ્ણુકુમાર મહેતા - લીંબડી)

लालयेत् पञ्चवर्षाणि दशवर्षाणि ताडयेत् ।
प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रमिवाचरेत् ॥
(પહેલાં) પાંચ વર્ષ લાડ કરવા; (પછીનાં) દસ વર્ષ તાડન કરવું (વશમાં રાખવો); પણ સોળ વર્ષનો થાય એટલે પુત્રની સાથે મિત્ર જેવો વર્તાવ કરવો.

•

મુંબઈમાં શ્રી અજરામર સ્વામીની ૨૫૦મી જન્મજયંતીના અવસરે રક્તદાનની મહાશિબિરનું આયોજન કરીને ૭,૫૦૦ બૉટલ લોહી એકઠું કરાયું. અગાઉ સૌથી વધુ રક્તદાનનો વિશ્વવિક્રમ ૩,૧૫૫ બૉટલ લોહી એકઠું કરવાનો અમેરિકાના કોલમ્બિયામાં નોંધાયો હતો.

•

ઑસ્ટ્રેલિયાના મેલબૉર્ન શહેરમાં એક મહિલા રાત્રે મીણબત્તી સળગતી રાખીને સૂઈ ગઈ. મીણબત્તી નીચે પડતાં ઘરમાં આગ લાગી. ફ્લૅટના ત્રીજા માળે રહેતી આ મહિલાની પાળેલી બિલાડીએ પોતાની માલિકણને ઊંઘમાંથી જગાડી પરિણામે એ સ્ત્રીનું જીવન બચી ગયું અને નુકસાન થતું અટકી ગયું.

•

ગોળ સાથે ગંઠોડાનું ચૂર્ણ લઈ ઉપર ગરમ દૂધ પીવાથી સારી ઊંઘ આવે છે.

•

એક ગ્રામ રૂપામાંથી એક માઇલ લાંબો તાર નીકળે છે.

•

લીંબુના રસમાં પીસેલી હિંગને ગરમ કરી તેને રૂથી દુખતા દાંતના મૂળમાં લગાવવાથી દર્દ ઓછું થશે.

•

શિક્ષક : 'શું ખાવાથી પેટ ભરાતું નથી.'
વિદ્યાર્થી : 'બગાસાં.'
'છીંક અને ખાંસી કેમ નહીં ?'
'એથી તો પેટ ભરાતું હોય છે - વૈદ્યોનું.'

•

રોમન શહેનશાહ ઑગસ્ટસ પોતાની સ્ત્રીના હાથે શીવેલાં કપડાં પહેરતો હતો.

•

ફ્રાંસનો રાજા ૧૧મો પોતાનાં ફાટેલાં કપડાં સંધાવા દરજીની દુકાને જતો હતો.

•

ચીનની એક બૅંકમાં સાડા બાર લાખ રૂપિયાની એક ઢીંગલી સાચવી રાખવામાં આવેલી છે.

•

આફ્રિકાનો લિટલ પીટર નામનો ઠીંગુજી ૩ ફુટનો હતો તેને ૧૦ સ્ત્રી અને ૩૭ બાળકો હતાં. દુનિયામાં હાલ ત્રણ હજાર ઠીંગુજીઓ છે.



કલાકણિકા: મ્યૂઝીઅમ ઑફ એથ્નોલૉજી - લીપઝીગ - જર્મનીમાંની દક્ષિણ ભારતની પાંચ મસ્તકવાળા ગણેશજીની મૂર્તિ જે ૧૬૦ સેન્ટિમીટર ઊંચી છે.